# સહજાનંદ ચરિત્ર

# ક્રમિકા


[૧] સ્વામિનારાયણનું ભજન (૨) મહારાજનું વર્તન (૪) સત્સંગ-પ્રચાર (૪) નરકના કુંડ ખાલી કર્યા (૫)

[૨] મગનીરામમાંથી અદ્વૈતાનંદ (૬) રામચંદ્ર શેઠને નિશ્ચય (૧૦) સમાધિ પ્રકરણ (૧૧) લોજમાં અન્નકૂટ (૧૩) મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ (૧૩) હરબાઈ અને વાલબાઈને વિમુખ કરી (૧૬) બે સ્વરૂપે દર્શન (૧૭)

[૩] ફકીરને પરચો (૧૯) સદાવ્રતની પ્રવૃત્તિ (૨૦) દૂધ કરતાં મીઠી છાશ (૨૧) સુંદરજી સુતારની પરીક્ષા (૨૨) મૂળજી શેઠની રક્ષા (૨૪) લાલજી સુતારને દીક્ષા (૨૫)

[૪] કારિયાણી અને ગઢડામાં પધરામણી (૨૬)

[૫] કલ્પિત ભય અને વહેમમાંથી મુક્તિ (૨૭) વાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા (૨૯) સારા પદાર્થનો ત્યાગ (૩૦) વ્યસનમુક્તિની રીત (૩૦)

[૬] ભટ્ટજીની મૂંઝવણ ટાળી (૩૨) બાળહત્યા બંધ કરાવી (૩૩) સતીપ્રથાની નાબૂદી (૩૫) પરમહંસ દીક્ષા (૩૬)

[૭] મૂળજી ભક્તનો મહિમા (૩૮) અઢારને દીક્ષા (૩૯) હિંસામય યજ્ઞનું ખંડન (૪૦) બ્રહ્મચારીને સાથે બેસાર્યા (૪૧) પોતે પાળીને પછી પળાવ્યું (૪૨) સાધુઓની આકરી પરીક્ષા (૪૩) પઠાણને પ્રતીતિ (૪૬)

[૮] મૂંગાને મોઢે વેદ (૪૬) સંસ્કૃત ભણવાની આજ્ઞા (૪૭) જેતલપુરમાં અહિંસામય યજ્ઞ (૪૯) લોલંગરની ઉપાધિ (૫૧) જગજીવનનો અંત (૫૨)

[૯] સૌનું કલ્યાણ કરવું છે (૫૪) ડભાણનો યજ્ઞ (૫૫) 'અમારા પર દયા રાખજો' (૫૬) કૃપાસાધ્ય શ્રીજીમહારાજ (૫૭) સમદર્શી (૫૮)

[૧૦] ધર્મ-ભક્તિનાં દર્શન (૫૯) શોભારામ આંધળો થયો (૬૦) દીધું દૃષ્ટિનું દાન (૬૧)

[૧૧] જીવાખાચરની પરીક્ષા (૬૨) વાણી વિશુદ્ધ કરી (૬૪) માણકીના અસવાર (૬૫) દુષ્કાળની આગાહી (૬૮) મોક્ષની વિદ્યા (૬૯) ફટાણાં બંધ કરાવ્યાં (૭૧) ગુણાતીતનો મહિમા (૭૨) નવાબને નિશ્ચય (૭૪)

[૧૨] ઓગણોતેરાનો કાળ (૭૬) દુષ્કાળને વિદાય આપી (૭૭)

[૧૩] જાળિયામાં મંદવાડ ગ્રહણ (૭૮) કબૂતરના કબૂતર (૭૯)

[૧૪] ગરીબનવાજ (૮૧) ભગવાનની ગાદી (૮૨)

[૧૫] ધરમપુરમાં પધરામણી (૮૩) 'ચોખ્ખા કરવા છે' (૮૩) બાર સ્વરૂપે દર્શન (૮૪) સાધુએ વર્તવાની રીત (૮૫) અણછાજતા સ્વભાવ મૂકવા (૮૬)

**[૧૬]** લગ્નનાં બીભત્સ ગીતો બંધ કરાવ્યાં (૮૭) બાળકને રાજી કર્યો (૮૭)

**[૧૭]** વેદાંતાચાર્યનો પરાજય (૮૮) અમદાવાદમાં પુનઃ પ્રવેશ (૮૯) આણંદમાં અપમાન (૯૧)

**[૧૮]** સદ્‌ગુરુઓ કર્યા (૯૩) સાધુ-ધર્મ સમજાવ્યો (૯૬) શિશુવત્સલ પ્રભુ (૯૭)

**[૧૯]** છ હેતુઓ (૯૮) લોયામાં શાકોત્સવ (૯૯) ભાઈઓનું મિલન (૧૦૦) પંચાળામાં મંદવાડ (૧૦૨)

**[૨૦]** પોતાનું વૃત્તાંત (૧૦૪) નરનારાયણ દેવની સ્થાપના (૧૦૬) 'અમને કેવા કહેશો ?' (૧૦૮) વાંદરાએ માળા ફેરવી (૧૦૯) સહજાનંદરૂપી સૂર્ય (૧૧૦)

**[૨૧]** ભુજમાં મૂર્તિપ્રતિષ્ઠા (૧૧૧)

**[૨૨]** અમારા જડભરત (૧૧૨) ધર્મકુળની સાથે મિલન (૧૧૩) 'આ ગારો નહીં પણ ચંદન છે' (૧૧૩)

**[૨૩]** વરતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ પધરાવ્યા (૧૧૪) સુરતમાં પધરામણી (૧૧૪) બિશપ હેબર સાથે મુલાકાત (૧૧૭) દ્વારિકાની ગોમતી વરતાલમાં (૧૨૦) કાઠિયાવાડમાં મંદિરો (૧૨૨)

**[૨૪]** શૂદ્રોને દ્વીજપણું દીધું (૧૨૫) 'શિક્ષાપત્રી' લખી (૧૨૬) ધોલેરામાં મૂર્તિપ્રતિષ્ઠા (૧૨૮)

**[૨૫]** મહંતો નીમ્યા (૧૨૯) 'અમારું અક્ષરધામ' (૧૨૯) 'શિક્ષાપત્રી' લોપવી નહીં (૧૩૦)

**[૨૬]** સંતોને પગરખાં પહેરાવ્યાં (૧૩૧) જૂનાગઢ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા (૧૩૨)

**[૨૭]** ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા (૧૩૨) ભાવનગરમાં પધરામણી (૧૩૩) ગુણગ્રાહક થવું (૧૩૫)

**[૨૮]** પોતાની છાપ કરાવી (૧૩૬) ગવર્નર માલ્કમ સાથે મુલાકાત (૧૩૬) છેલ્લો મંદવાડ (૧૩૯) પ્રતિજ્ઞા લેવરાવી (૧૪૦) 'અમારે સાજા થાવું છે !' (૧૪૨) કાકાભાઈને દર્શન (૧૪૨) 'મીઠા વ્હાલા કેમ વિસરું ?' (૧૪૪) સ્વધામગમન (૧૪૫) 'હું તો તમારામાં અખંડ રહ્યો છું' (૧૪૬) શ્રીજીમહારાજનો પૃથ્વી પર નિવાસ (૧૪૭) ગ્રંથસૂચિ (૧૪૮)



## ગ્રંથ પ્રવેશ

ભારતભૂમિ પર સંવત ૧૮૩૭ની ચૈત્ર સુદ નોમને દિવસે ધર્મદેવ અને ભક્તિમાતાના ઘેર બાળક ઘનશ્યામનો જન્મ થયો. પૃથ્વી પર એકાંતિક ધર્મનું સ્થાપન કરવા, અનંત જીવોનો મોક્ષ કરવા અને પોતાના ભક્તોને સુખ આપવા કરુણા કરીને સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ પૃથ્વી પર પ્રગટ થયા. પોતાનાં માતા-પિતાને સુખ આપ્યું. બાળસખાઓ સાથે દિવ્ય ચરિત્રો કર્યાં. કાલિદત્ત જેવા અસુરનો નાશ કર્યો. આઠ વર્ષની ઉંમરે તેમને યજ્ઞોપવીત આપવામાં આવ્યું. સકળ શાસ્ત્રોનો અભ્યાસ ટૂંક સમયમાં કરી લીધો. દસ વર્ષની નાની વયે કાશીમાં પંડિતોની સભામાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ – એ પાંચ અનાદિ ભેદોનું પ્રસ્થાપન કર્યું. પોતાનાં માતા-પિતાના અંતકાળે પોતાનું સ્વરૂપ ઓળખાવી તેમને દિવ્યગતિ આપી અને આષાઢી સંવત ૧૮૪૯ના અષાઢ સુદ દશમે ગૃહત્યાગ કર્યો.

હિમાલયમાં ટાઢ, તડકો, વર્ષા, ભૂખ, તરસ વેઠીને, કૌપીનભર ઉઘાડે શરીરે અને ઉઘાડે પગે ચાલીને વિચરણ કર્યું. પુલહાશ્રમમાં ચાતુર્માસમાં આકરું તપ કરી, સૂર્યનારાયણને પ્રસન્ન કર્યા. ગોપાળ યોગી આગળ અષ્ટાંગ યોગ સિદ્ધ કરી, તેમને દિવ્ય ગતિ આપી. નવ લાખ યોગીઓનું કલ્યાણ કર્યું.

અનંત જીવોનું કલ્યાણ કરતાં, ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં તીર્થાટન કરતાં કાઠિયાવાડમાં લોજ ગામે આષાઢી સંવત ૧૮૫૬ની શ્રાવણ વદ છઠ્ઠને દિવસે આવી, મુક્તાનંદ સ્વામી ભેળા રામાનંદ સ્વામીના આશ્રમમાં રહ્યા. દસ મહિના પછી રામાનંદ સ્વામીનો મેળાપ પીપલાણામાં થયો. રામાનંદ સ્વામીને ગુરુ કર્યા. તેમણે આ.સં. ૧૮૫૭ની પ્રબોધિની (કાર્તિક સુદ) એકાદશીએ વૈષ્ણવી દીક્ષા દઈ, નીલકંઠને ‘સહજાનંદ’ નામ આપ્યું.

આ.સં. ૧૮૫૮ની કાર્તિક સુદ એકાદશીએ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ધર્મધુરા આપી. મહિના પછી રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા.[૧]

## [૧] 'સ્વામિનારાયણ'નું ભજન

સંવત ૧૮૫૮ના માગશર સુદ તેરશે રામાનંદ સ્વામીએ ફણેણીમાં દેહ-ત્યાગ કર્યો. ભક્તજનો શોકના સાગરમાં ડૂબી ગયા.

સહજાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીએ ભગવદ્‌ગીતાની કથા શરૂ કરાવી. દસ દિવસ કથા ચાલી. મહારાજ રોજ કથા દરમ્યાન નિરૂપણ કરે. વાતો કરે. અગિયારમે દિવસે પારાયણની પૂર્ણાહુતિ થઈ. દ્વાદશાહ વગેરે શ્રાદ્ધ વિધિપૂર્વક કર્યાં, વિપ્રોને દાન દીધાં, સૌને ભોજન કરાવ્યાં.

ચૌદમો દિવસ થયો. સંવત ૧૮૫૮ના માગશર વદ એકાદશીનો દિવસ થયો. સૌ ભક્તોએ સહજાનંદ સ્વામીને એક જુદા સિંહાસન પર આગ્રહ કરી બેસાર્યા, બાજુમાં મુક્તાનંદ સ્વામી અને સર્વે સંતો બેઠા. સામે સર્વ હરિભક્તો બેઠા અને દૂર સ્ત્રીઓ બેઠી.

ધર્મશાસ્ત્રોને આધારે ધર્મ-નિયમનો ઉપદેશ આપતાં સહજાનંદ સ્વામીએ કહ્યું :

''રામાનંદ સ્વામીએ મને તેમના સ્થાને બેસાર્યો છે. તેથી હવે હું તમારો ગુરુ છું. માટે હિતનાં વચનો કહું છું તે સૌ ધ્યાનથી સાંભળજો અને જીવનમાં ઉતારજો.

ત્યાગી સાધુઓએ સત્ય, દયા, તપ, પવિત્રતા, દેહદમન, અહિંસા, બ્રહ્મચર્ય, શાસ્ત્રોનું નિયમિત વાચન, સેવા, ત્યાગ, ઇન્દ્રિયો જીતવી, આત્મારૂપ રહેવું વગેરે સદ્‌ગુણો ધારણ કરવા.

ત્યાગી-ગૃહસ્થ સૌ હરિભક્તોએ પરમેશ્વરની ભક્તિ કરવી. મદ્યપાન ન કરવું. માંસાહાર ન કરવો. કોઈ જીવની હિંસા ન કરવી. આત્મઘાત ન કરવો. ચોરી ન કરવી. કોઈને માથે કલંક ન ચડાવવું. કોઈ દેવની નિંદા ન કરવી. વિમુખના મોઢેથી કથા ન સાંભળવી. અણખપતું ખાવું-પીવું નહીં.

---

૧. શ્રીજીમહારાજના જન્મથી ધર્મધુરા ધારણ સુધીનાં ચરિત્રોને અનુક્રમે 'ઘનશ્યામ ચરિત્ર' અને 'નીલકંઠ ચરિત્ર' પુસ્તકોમાં સમાવી લેવામાં આવ્યાં છે.

આ પ્રકરણમાં આ.સં. ૧૮૫૮ના પ્રસંગો છે.

ગૃહસ્થોએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સોળ સંસ્કારો પાળવા. પોતપોતાના ધર્મમાં રહેવું. વેદ, બ્રાહ્મણ, સાધુ, પતિવ્રતા અને વિદ્વાનને માન આપવું. ગાય, બ્રાહ્મણ અને ભગવાનના ભક્તને દુખવવા નહીં. દાન, ધર્મ અને નીતિ જીવનમાં રાખવાં. અહિંસા અને દયાપરાયણ રહેવું. આચાર, વિચાર અને ઉચ્ચાર – આ ત્રણે શુદ્ધ અને ધર્મમય રાખવા.''

આવો અનેક પ્રકારનો ઉપદેશ ધર્મશાસ્ત્રોને આધારે સહજાનંદ સ્વામીએ કર્યો. સૌની વૃત્તિ તેમનામાં ખેંચાઈ ગઈ. શોક ટળી ગયો. સૌએ તેમનું પૂજન કર્યું અને અનંત પ્રકારની ભેટ, સામગ્રીઓ તેમનાં ચરણોમાં મૂકી. આજથી સૌએ સહજાનંદ સ્વામી મહારાજને 'શ્રીજીમહારાજ' એવા હુલામણા નામથી સંબોધન કરવાનું શરૂ કર્યું.

આ દિવસે સહજાનંદ સ્વામીએ સૌને 'સ્વામિનારાયણ' નામનો મંત્ર આપ્યો અને તેનો મહિમા કહ્યો. આમ, ચૌદમાના દિવસથી 'સ્વામિનારાયણ' મંત્રની ધૂન્ય કરાવી પોતાના સ્વરૂપનું ભજન શરૂ કરાવ્યું.

શીતળદાસ નામે એક સંન્યાસી આ સભામાં બેઠો હતો. તે ભગવાનની શોધમાં નીકળ્યો હતો. કોઈકે તેને કહ્યું: 'રામાનંદ સ્વામી સમર્થ સદ્‌ગુરુ છે; તેમની પાસે જા. તેઓ તને પરમેશ્વરની પ્રાપ્તિ કરાવશે.'

તે ફરતો ફરતો ફણેણી આવ્યો. રામાનંદ સ્વામી ધામમાં પધાર્યા છે, તેવા સમાચાર તેને મળ્યા. તે હતાશ થઈ ગયો. પોતાના નસીબને કૂટવા લાગ્યો. તેણે પાછા ફરવાનો સંકલ્પ કર્યો.

મહારાજે કહ્યું: 'આજનો દિવસ રહી જાઓ. હું તમને રામાનંદ સ્વામીનાં દર્શન કરાવીશ. કાલે બપોર પછી જવું હોય તો જજો.'

શીતળદાસ રોકાયો.

એ જ દિવસે સહજાનંદ સ્વામીએ તેમને સ્વામિનારાયણ મંત્રનો જાપ કરવા કહ્યું. તે જાપ કરતાં શીતળદાસને સમાધિ થઈ. સમાધિમાં અક્ષરધામનું દિવ્ય સુખ માણ્યું. ધામમાં સિંહાસન પર મહારાજને બેઠેલા જોયા. રામાનંદ સ્વામી તેમને વંદન કરીને ઊભેલા દેખાયા.

રામાનંદ સ્વામીએ કહ્યું: 'આ સહજાનંદ સ્વામી અવતારના પણ અવતારી અને સર્વના કારણ છે.'

જાગીને શીતળદાસે સૌને સમાધિમાં થયેલાં દર્શન અને વાર્તાલાપની

વાત કરી. તે મહારાજનાં ચરણોમાં પડી ગયો ને કહ્યું કે 'મને સાધુ કરો.'

મહારાજે તેને દીક્ષા આપી અને 'વ્યાપકાનંદ' એવું નામ આપ્યું.

## મહારાજનું વર્તન

મહારાજ પોતે બહુ આકરું વર્તતા અને વર્તાવતા.

'સાધુ સર્વેને જમાડીને, પોતે જમીને, ચોકોપાણી કરીને કથા કરવા બેસે તે દિવસના બે વાગ્યા સુધી કરે. પછી વળી, પોતાની સ્નાનાદિક દૈહિક ક્રિયા કરીને સાંજે કોઈ સદાવ્રત લેવા સારુ આવ્યા હોય તેને જમાડીને કથાવાર્તા કરવા મંડે, તે રાત્રે બાર વાગ્યા સુધી કરે. પછી સૂઈ જાય. ને વળી રાત્રિના બે વાગ્યે ઊઠે ને સર્વેને ઉઠાડીને ધ્યાનમાં બેસારે, ને પોતે સોટી લઈને ફરે. તે જે નિદ્રાએ કરીને ઝોલાં ખાય તેને તડાક લઈને સોટી મારે અને ધ્યાન કરાવે. પછી ચાર વાગે એટલે નાહી-ધોઈને, પૂજા કરીને, તૈયાર થઈને, ભિક્ષા માગીને, રોટલા કરીને તીર્થવાસીને જમાડે. પછી પૂર્વે કહ્યું એવી રીતે સૌને ભજનમાં બેસારે. એમ નિત્ય કરતા. ને જે ભેળા રહે તેને થાક તો ઊતરે જ નહીં. નિદ્રા તો પૂરી થાય જ નહીં.'[૨]

આ વસ્તુ મહારાજના દિવ્ય વ્યક્તિત્વ અને શક્તિનો ખ્યાલ આપે છે. મોટેરા સંતોને એકવીસ વર્ષનો યુવાન પોતાની આજ્ઞામાં વર્તાવે અને સૌ કોઈ તેમની પ્રતિભામાં આકર્ષાઈને તે પ્રમાણે વર્તે, તે કાંઈ નાનીસૂની વાત નથી.

## સત્સંગ-પ્રચાર

મહારાજે સોરઠમાં વિચરણ શરૂ કર્યું. મહારાજ ધોરાજીમાં માવજી ભક્તને ત્યાં જઈ રહ્યા. તેના આંગણામાં મહારાજ સભા કરી સૌને ઉપદેશ આપતા. જુદા જુદા ધર્મના અનુયાયીઓને પોતપોતાના ઇષ્ટદેવ અને તેમના ધામનાં દર્શન કરાવીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. અસુરો અને નાસ્તિકોને નરક કુંડની યાતના બતાવીને તથા યમદૂતોના હાથે માર ખવરાવીને સદાચારી કર્યા.

મહારાજ ત્યાંથી સંતોનું મંડળ લઈને પીપલાણા નરસિંહ મહેતાના ઘરે પધાર્યા. મહારાજ ત્યાં રહ્યા. સંત-હરિભક્તોને પંક્તિ કરી જમાડતા.

---

૨. સંતોની નોંધમાંથી.

એક દિવસ સાંજે પીપલાણા ગામ બહાર સંધાઈનો વડ હતો ત્યાં મહારાજ પધાર્યા. એ વડમાં હજારો ભૂત રહે. મહારાજે એ વડ નીચે સભા કરી, 'સ્વામિનારાયણ મંત્રની ધૂન્ય કરાવી. 'સ્વામિનારાયણ' શબ્દ કાને પડવાથી બધાં ભૂતની મુક્તિ થઈ. બધાં ભૂતને ભૂતયોનિમાંથી મુક્તિ આપી, દિવ્ય દેહ આપી, બદરિકાશ્રમમાં મોકલી દીધાં.

બીજે દિવસે પીપલાણાના હરિભક્તોએ સંધાઈના વડે હિંડોળો બાંધીને મહારાજને ઝુલાવ્યા.

સૌ હરિભક્તોને રામાનંદ સ્વામીનો વિરહ સાલતો. મુક્તાનંદ સ્વામીને બોલાવીને કહ્યું: 'મુક્તાનંદ સ્વામી! તમો ભુજ પધારો. ત્યાંના હરિભક્તોને રામાનંદ સ્વામી વિષે બહુ હેત હતું. માટે તમો ત્યાં જઈને સૌને ધીરજ આપો.'

આથી, મુક્તાનંદ સ્વામી સંતોનું મંડળ લઈને કચ્છ ગયા.

## નરકના કુંડ ખાલી કર્યા

મહારાજ અગતરાઈથી કાલવાણી ગયા. ભીમભાઈ પણ કાલવાણી મહારાજનાં દર્શને ગયા. પ્રણામ કરીને મહારાજ પાસે બેઠા. પછી તેમણે મહારાજને કહ્યું:

'મહારાજ! આ લોકમાં એવી રાજનીતિ છે કે જ્યારે રાજાને ત્યાં પુત્રજન્મ થાય કે નવો રાજા ગાદીએ બેસે ત્યારે સજા પામેલા સર્વ બંદીવાન ગુનેગારોને છોડી મૂકે છે. આપને પણ હમણાં થોડા કાળ પહેલાં જ પટ્ટાભિષેક કરી ગાદી આપી છે. તો પછી હવે નરકના કુંડમાં પડેલા જીવોને શા માટે બંદીવાન રહી પીડા ખમવી પડે? આપ ધર્મની ગાદી પર બિરાજ્યા તેથી સૌ લોકો રાજી થયા છે. માટે નરકને પામેલા જીવોને, કોઈ સંતને મોકલીને બંદીખાનામાંથી છોડાવો એવી પ્રાર્થના છે.'

ભીમભાઈની પ્રાર્થના સાંભળી મહારાજ રાજી થયા. મહારાજે સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી: 'યમલોકમાં જાઓ. 'સ્વામિનારાયણ' નામ કહી ભૂત-યોનિ પામેલા સૌ જીવોનો મોક્ષ કરી ભૂમાપુરુષના લોકમાં મોકલી આપો.'

મહારાજની આજ્ઞાથી સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાં બેઠા. તેઓ સમાધિમાં દિવ્યદેહ ધારણ કરી યમલોકમાં ગયા. નરકના કુંડોમાં પીડાતાં પ્રાણીઓને જોઈ તેમને દયા આવી. તેમણે 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચાર્યું.

નરકના કુંડમાં સબડતા સર્વ ભૂત-પ્રેતના દેહ પડી ગયા. સૌને ચતુર્ભુજરૂપ દિવ્ય દેહ પ્રાપ્ત થયો અને વિમાનમાં બેસીને ભૂમાપુરુષના લોકમાં ગયા.

સ્વરૂપાનંદ સ્વામીએ સમાધિમાંથી જાગીને બધી વાત કરી, ત્યારે મહારાજે કહ્યું: 'અમારે આ ટાણે અનંત જીવોનું કલ્યાણ કરવું છે. પાપી કે પુણ્યશાળી, જે કોઈ અમારા કે અમારા સાધુ કે હરિભક્તના સંબંધમાં આવે તેનું પણ સંકલ્પમાત્રે કલ્યાણ કરવું છે.'

ભીમભાઈ તો મહારાજની આવી વિશાળ કલ્યાણભાવના જોઈ દિંગ થઈ ગયા.

મહારાજ ત્યાંથી નીકળી પોષી પૂનમે માંગરોળ પધાર્યા. માંગરોળમાં પોષી પૂનમનો ઉત્સવ કરી પોષ મહિનો ત્યાં ગાળ્યો.

માણાવદરના નવાબ ગજેફરખાને મહારાજને માણાવદર પધારવા આમંત્રણ આપ્યું.

મહા મહિનો બેઠો એટલે મહારાજ માંગરોળથી નીકળી માણાવદર પધાર્યા. મહારાજ મયારામ ભટ્ટ અને ગોવિંદરામ ભટ્ટને ત્યાં ઊતર્યા.

અહીં મહારાજે ક્ષારવતી નદીને આરે રંગે રમીને પ્રથમ વસંત પંચમીનો ઉત્સવ ઊજવ્યો. પછી મહારાજ માંગરોળ પાછા પધાર્યા. ત્યાં હુતાશની, રામનવમી અને ભીમ એકાદશીનો સમૈયો કર્યો. અહીં એક જૂની અવાવરું વાવ હતી, તેને મહારાજે ગળાવવાનું, સાફ કરાવવાનું પૂર્તકર્મ કર્યું.

## [૨] મગનીરામમાંથી અદ્વૈતાનંદ

દક્ષિણ દેશનો એક દ્રાવિડ બ્રાહ્મણ હતો. મુમુક્ષુ, તપસ્વી હતો. નીકળ્યો હતો ભગવાનની શોધમાં. શાસ્ત્રનો ભણેલ અને ભગવાન મેળવવાની તીવ્ર ઇચ્છાવાળો આ બ્રાહ્મણ હતો. તેનું નામ હતું મગનીરામ.

પ્રભુની શોધ કરતો કરતો બંગાળ પહોંચ્યો. ત્યાં પીપા નામના રાજાએ શારદાદેવી પ્રસન્ન કરી હતી અને શારદાદેવીની પ્રસન્નતાથી તેને ભગવાન મળેલા. આવું મગનીરામે સાંભળ્યું. તેથી શારદાદેવીને સાધ્ય કરી હોય એવા ગુરુની શોધમાં નીકળ્યો.

એક ગામે એક એવો વિપ્ર મળ્યો. એને શારદાદેવી પ્રસન્ન કરવાનાં

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૫૯ના પ્રસંગો છે.

સાધનો પૂછ્યાં. આ ગુરુ પણ દ્રાવિડ દેશનો હતો. તેને એક સોળ વર્ષની કન્યા હતી. તેથી 'સારા જમાઈ મળશે', એમ જાણી ગુરુએ હોંશે-હોંશે દેવી પ્રસન્ન કરવાનાં સાધન બતાવ્યાં.

મગનીરામને શારદા, સરસ્વતી દેવી પ્રસન્ન થઈ. કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ. પછી તેણે ગુરુ પાસે રજા માગી. ત્યારે ગુરુ કહે: 'તું મારો શિષ્ય છો, પણ મારી આજ્ઞા છે કે મારી આ સોળ વર્ષની રૂપાળી કન્યા સાથે પરણ.'

મગનીરામે કહ્યું: 'મારે તો આજીવન બ્રહ્મચારી રહેવું છે અને ગુરુ-પુત્રી તો મારે બહેન સમાન છે. માટે હું તેને નહીં પરણું.' એમ કહી તે જગન્નાથપુરી ચાલ્યો ગયો.

જગન્નાથપુરીમાં તેને થયું કે 'લાવ મારી સિદ્ધિઓ વાપરું. રાજા, મહારાજાઓ, જોગી અને મહંતોને વશ કરી સુખેથી ફક્કડરામની જેમ ફરું.'

આથી, તેણે વિકરાળ બાવાનો વેષ ધારણ કર્યો. કંઠે મોટા મણકાની માળા, માથે મોટી જટા, મોટી કાતરવાળી મૂછો, લાંબી દાઢી, મોટી મોટી રાતી આંખો, કપાળમાં સિંદૂરનો ચાંદલો, કાનમાં સોનાની કડી, કાંડામાં કડાં, એક હાથમાં ચીપિયો અને બગલમાં પવનપાવડી. કછોટો મારી ટૂંકી ધોતી, લંગોટા જેવી પહેરે. પાલખીમાં બેસી ફરે. સાથે તેના જેવા શિષ્યોની જમાત. આગળ ઊંટ પર એક બાવો ભગવું નિશાન લઈ બેસે.

એક ગામથી બીજે ગામ મગનીરામ ફરવા લાગ્યો. રાજા, મહારાજાઓ તથા જોગી, મહંતોને પોતાની સિદ્ધાઈ અને જંત્ર-મંત્રનું જોર બતાવી તેમની પાસેથી બે હજાર, પાંચ હજાર સોનામહોરોનો દંડ લે.

મગનીરામ ફરતો ફરતો પોરબંદર આવ્યો. ત્યાંના મઠધારી ગુંસાઈજીને ચીપિયાનો માર માર્યો. મંત્રનું જોર બતાવી દંડરૂપે મહોરો લીધી. ત્યારે ગુંસાઈજીએ કહ્યું: 'આજે માંગરોળ બંદરે જીવનમુક્તા સ્વામિનારાયણ બિરાજે છે. સૌ તેમને ભગવાન તરીકે પૂજે છે. તેઓ બહુ સમર્થ અને ઐશ્વર્યવાળા છે. અમારા જેવા હજારને ડાંભો છો, તેના કરતાં સ્વામિનારાયણ જેવા એક મણિધરને જીતી આવો તો સાચા સિદ્ધિવાળા ગણાશો. જો હિંમત હોય તો તેમને મળજો. તે તો તમારા જેવાને વશ કરીને ચેલા બનાવે છે.'

મગનીરામ ધૂંધવાયો. તેના ક્રોધરૂપી અગ્નિમાં જાણે તેલ પડ્યું! તે તો ધૂંઆપૂંઆ થતો માંગરોળને પાદર આવ્યો. માંગરોળના રાજાને ત્યાં એક

ચેલાને મોકલીને કહેવરાવ્યું: 'રૂપિયા પાંચ હજાર આપો, નહીં તો આખા શહેર પર પથરાનો વરસાદ કરીશ અને એક જ મંત્રથી આખા શહેરને બાળી ભસ્મ કરી નાંખીશ.'

આ સાંભળી રાજા ગજેફરખાને કહ્યું: 'બાવાજી! પાંચ તો શું! દસ હજાર રૂપિયા આપું; પણ જો અમારા ભગવાન સ્વામિનારાયણને તારી સિદ્ધિથી જીતી લે તો.'

પેલા ચેલાએ ખાલી હાથે પાછા આવીને મગનીરામને બધી વાત કરી. ગુસ્સા અને ગર્વથી આંધળો થઈ મગનીરામ દસ-વીસ ચેલાઓને લઈ મહારાજ પાસે આવ્યો.

મગનીરામ ચીપિયો પછાડી ગર્જ્યો: 'અરે ઓ જીવનમુક્તા! પાખંડ કેમ ચલાવો છો? સાચા હો તો મને તમારી સિદ્ધાઈ બતાવો.'

'અમે સિદ્ધાઈ કરતા નથી. અમે તો જીવોને ઉપદેશ આપી ધર્મને માર્ગે વાળીએ છીએ. જીવનું કલ્યાણ થાય તે માટે જ્ઞાન આપીએ છીએ અને ભજન કરાવીએ છીએ.' મહારાજે કહ્યું.

આ સાંભળી મગનીરામને થયું કે આ તો સામાન્ય સાધુ જેવા લાગે છે. આથી, તેણે ડારો દેતાં કહ્યું: 'તમે મારું નામ સાંભળ્યું છે? હું સિદ્ધિવાળો મગનીરામ છું. મને મોટા મોટા સિદ્ધો અને મહારાજાઓ નમે છે. મારણ, મોહન, વશીકરણ, સ્તંભન એવી અનેક વિદ્યા હું જાણું છું. મેં શારદાદેવી પ્રસન્ન કરી છે. મારી ફૂંકથી પર્વત ફાટે છે, મેઘ વરસે છે, પાણી પર આગ લગાડી શકું છું. માટે દસ હજાર રૂપિયા આપો, નહીં તો આખું શહેર સમુદ્રમાં ડુબાડી દઈશ.'

મહારાજે ઠંડે કલેજે જવાબ આપ્યો: 'અમારી પાસે રૂપિયા નથી. તમારે અન્ન જોઈતું હોય તો જમાડીએ. તમારે તમારી દેવીને મોકલવી હોય તો મોકલો. મંત્ર-જંત્ર અજમાવવા હોય તો અજમાવી જુઓ. અમે ડરતા નથી.'

'બતાવી દઉં છું,' એમ કહી, ચીપિયો પછાડી મગનીરામ પોતાને ઉતારે ગયો. સ્નાન કરી દેવીની પૂજા કરવા બેઠો. ઘણા મંત્રો અજમાવ્યા પણ એકેય મંત્ર સફળ થયો નહીં. છેવટે આવાહ્‌ન કરીને દેવીને બોલાવી.

ત્યારે દેવીએ કહ્યું: 'તું શા માટે ઘેરથી નીકળ્યો હતો? તારે ભગવાન જોઈતા હતા ને? વળી, કન્યા મળતી હતી છતાં શા સારુ બ્રહ્મચારી રહ્યો!

ભગવાન જોઈતા હતા માટે.'

એમ ઘણો ઉપદેશ દઈ દેવીએ અંતે કહ્યું: 'સ્વામિનારાયણ તો કોઈથી જીતી શકાય તેવા નથી. માટે દીનતા ધરી તેમનો આશ્રિત થા. ત્યાગી થઈને તેમને જ્ઞાન, સેવા અને ભક્તિથી રાજી કરી લે.'

મગનીરામનાં અંતરચક્ષુ ખૂલી ગયાં. તેને આજ સુધી કરેલા જુલમો માટે પસ્તાવો થવા લાગ્યો. તેનું મન મહારાજના આશ્રિત થવા થનગનવા લાગ્યું. તેને રાત આખી ઊંઘ પણ આવી નહીં.

સવાર પડ્યું. નાહી-ધોઈ પવિત્ર થઈ મગનીરામ મહારાજના ઉતારે આવ્યો. આવીને આગલી રાતના રસોઈનાં એઠાં વાસણ પડ્યાં હતાં તે ઊટકવા લાગ્યો.

થોડી વારે સંતો ત્યાંથી નીકળ્યા. તેમને નમ્ર થઈને પ્રણામ કર્યા. પછી તે મહારાજ પાસે ગયો. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી મહારાજનાં ચરણોમાં પડી ગયો. તેણે દીન થઈ મહારાજની માફી માગી. આગલી રાતે દેવીએ દર્શન દઈ કરેલી બધી જ વાત મહારાજને કરી અને કહ્યું: 'મહારાજ! આપ તો સર્વ અવતારના અવતારી છો. મારો અપરાધ માફ કરો, મને ક્ષમા કરી સ્વીકારો. મને આપનો આશ્રિત સાધુ બનાવો.'

'અમારા સાધુઓ નિર્માનીપણે રહે છે. તમે બાવાના મંડળધારી અભિમાની છો. માટે એ બેનો મેળ ખાય નહીં.'

'મહારાજ! આપ કહેશો તેમ કરીશ. મેં આજથી મારું બધું જ માન મૂકી દીધું છે.'

'એમ?' મહારાજે કહ્યું: 'તો તમો તમારી આ લાંબી દાઢી, મૂછ અને મોટી જટા ઉતરાવી નાંખો, કારણ કે રાજાને મૂછ વહાલી હોય, તેમ બાવાને જટા વહાલી હોય! તેનો ત્યાગ કરો. એ જટા ને મૂછ પર પગ મૂકીને અમારા સંતો ચાલશે. તમારે છે કબૂલ?'

'મહારાજ! મારા એવાં ભાગ્ય ક્યાંથી?' એમ કહી મગનીરામે જટા, દાઢી, મૂછ મૂંડાવી નાખી. સંતોના ચાલવાના માર્ગમાં નાખી દીધી અને મહારાજ પાસે સાધુ થવા મગનીરામ ગયો.

ત્યારે કોઈક હરિભક્તે કહ્યું: 'મહારાજ! આ બાવાથી માન મૂકવું ઘણું કઠણ. એ તો ધૂતવા માટે ઢોંગ કરતો હશે.'

આથી, છેલ્લી પરીક્ષા કરવા મહારાજે કહ્યું: 'મગનીરામ! તમે માન મૂક્યું છે તેની ખાતરી સૌને ત્યારે થાય, જ્યારે આ સંતોના જોડાની ગાંસડી માથે મૂકીને સંતોની સભાની પાંચ પ્રદક્ષિણા ફરો. તો જ તમને આજ સુધી કરેલાં પાપમાંથી મુક્તિ મળે.'

મગનીરામ તો આ સાંભળી હરખાઈ ગયો. તેણે જોડાની ગાંસડી માથે લઈ સંતોની પાંચ પ્રદક્ષિણા કરી.

આ જોઈ તેના કેટલાક શિષ્યો બોલી ઊઠ્યા: 'આ શું કરો છો મગનીરામ? શું તમારી બુદ્ધિ ફરી ગઈ છે?'

મગનીરામ કહે: 'હરિશ્ચંદ્ર શ્વપચને ઘરે વેચાયા હતા, યાદ છે? માટે આ તો મારા જીવના મોક્ષને અર્થે કરું છું.' એમ કહી સૌને વાર્યા.

પછી તેણે મહારાજને ફરીથી વિનંતી કરી કે 'મને સાધુ બનાવો.'

તે વખતે મહારાજે 'સંસાર-સુખ મૂકવું પડશે,' તે સંબંધી ઘણો ઉપદેશ આપ્યો. અંતે મગનીરામને સાધુ બનાવ્યો અને 'અદ્વૈતાનંદ' એવું નામ આપ્યું. જોકે સાધુ-હરિભક્તો સૌ તેમને 'દેવીવાળા મગનીરામ'ના નામે ઓળખતા.

## રામચંદ્ર શેઠને નિશ્ચય

માંગરોળમાં રામાનંદ સ્વામી સદાવ્રત ચલાવતા. તેથી મહારાજે વિચાર્યું કે આપણે અહીં ફરીથી સૌને સદાવ્રત આપવું ચાલુ કરીએ, જેથી દ્વારકાની જાત્રાએ જતા-આવતા યાત્રિકોને લાભ મળે. આમ ધારી, મહારાજે આત્મારામ નામના વૈરાગીની જગ્યાએ તેની રજાથી સદાવ્રત આપવું શરૂ કર્યું, પણ પાછળથી કેટલાક લોકોએ ઉપાધિ શરૂ કરી. માટે ત્યાં સદાવ્રત આપવું બંધ કર્યું.

મહારાજ માંગરોળમાં એક દિવસ દૂધ તળાવડીએ નાહવા ગયા. સાથે હરિભક્તો અને રામચંદ્ર શેઠ પણ હતા. સૌ મહારાજની સાથે નારાયણ ધૂન્ય કરતા નાહતા હતા. ત્યાં શેઠને વિચાર થયો કે 'આંહી પાણી સારું છે, પણ કપડાં ધોવા માટે એક પથ્થર નથી.' તેમણે આમતેમ જોયું, તો પચાસ-સાઈઠ ડગલાં દૂર એક સરસ મોટો લીસો હજાર મણનો પથ્થર દેખાયો.

તેમણે મહારાજને કહ્યું: 'તમો તો પરમેશ્વર છો. કૃષ્ણાવતારે ગોવર્ધન તોળ્યો હતો ને? પેલો દેખાય છે એ પથ્થર એક આંગળીએ ઉપાડી આંહીં

આરે મૂકી દો, તો સૌ તમને પરમેશ્વર જાણશે.'

મહારાજે કહ્યું: 'તમો જઈને એ પથ્થરને હાથ લગાડો. તમારા જેવા અમારા સંબંધવાળા ભક્તથી પથ્થર ઊડીને આંહી આવશે.'

રામચંદ્ર શેઠે જઈને પથ્થરને હાથ અડાડ્યો. પથ્થર ઊડીને પાણીમાં તળાવને આરે જઈ પડ્યો. સૌ જોઈ રહ્યા. સૌએ પથ્થર પર કપડાં ધોયાં. નાહી, કપડાં પહેરીને મહારાજ સૌની સાથે ચાલ્યા.

તે વખતે મહારાજે શેઠને કહ્યું: 'માત્ર પથ્થર ઉપાડવાથી ભગવાન કહેવાતું નથી. સમાધિ કરાવવી, ભગવાનનું ધામ બતાવવું, ગમે તેવા જીવનું અંતઃકરણ ફેરવી મોક્ષ કરવો, ગમે તેવા દુર્જનને પણ તેના દોષમાંથી મુક્ત કરી ભગવાનનું ભજન કરતા કરી મૂકવા, એ જ ભગવાનનું કર્તવ્ય છે. માટે ચમત્કાર કે શક્તિ બતાવે તો જ ભગવાન, એવા સંકલ્પો ન કરવા.'

## સમાધિ પ્રકરણ

માંગરોળમાં અને કાલવાણીમાં મહારાજે કેટલાય લોકોને સમાધિ કરાવી. કોઈને દૃષ્ટિ દ્વારે, તો કોઈને સ્પર્શથી સમાધિ કરાવતા. મહારાજના પ્રતાપથી તેમની સોટી, પુષ્પ, હાર, વસ્ત્ર કે અલંકારના સ્પર્શથી પણ લોકોને સમાધિ થઈ જતી. મનુષ્યોને, ચકલાંને, કબૂતરને, મોરને, વાંદરાને અને જળમાં માછલાંને પણ સમાધિ થઈ જતી. મહારાજનો શબ્દ સાંભળવાથી, દર્શનથી, સ્પર્શથી, તેમની ચાખડીઓના અવાજથી કે તેમના ચિંતનથી પણ સમાધિ થઈ જતી. કેટલીક વાર તો મહારાજની કૃપાથી તેમના આશ્રિત સાધુ, ગૃહસ્થ કે બાઈ હરિભક્તો પણ લોકોને સમાધિ કરાવતાં.

સમાધિમાં કેટલાક યોગની ક્રિયાઓ કરતા, તો કેટલાક યોગનાં ચોર્યાશી આસનો કરતા. કેટલાકને યમપુરીમાં નરકની યાતના જોવા મળતી, તો કો'કને જમનો માર પણ ખાવા મળતો.

જુદા જુદા ધર્મના મુમુક્ષુઓને પોતપોતાના ઈષ્ટદેવનાં અને તેમના ધામનાં દર્શન થતાં. સમાધિમાં રામભક્તને રામનાં, વૈષ્ણવોને રાધાકૃષ્ણનાં, મુસલમાનોને પયગંબરનાં, જૈનોને તીર્થંકરનાં, શિવભક્તોને શંકરનાં, દેવીભક્તોને દેવીનાં અને કેટલાકને અક્ષરધામમાં મહારાજનાં દર્શન થતાં. કોઈ કોઈ મુમુક્ષુને તો ચોવીસે અવતારો મહારાજની મૂર્તિમાં છે, તેવાં દર્શન થતાં.



કોઈને કલાક તો કોઈને બે કલાક સમાધિ રહેતી. કોઈને એક દિવસ તો કોઈને બે-ચાર દિવસ સુધી સમાધિ રહેતી. કેટલાકને તો મહિનો, બે મહિના અને છ મહિના સુધી સમાધિ રહેતી.

શબ ગોઠવ્યાં હોય તેમ સમાધિવાળાઓને એકબીજા પર રાખી મૂકવામાં આવતા. કોઈનું સગુંવહાલું બોલાવવા આવે કે કામ પડે ત્યારે બૂમ પાડીને મહારાજ તેને સમાધિમાંથી જગાડતા.

## લોજમાં અન્નકૂટ

લોજના હરિભક્તોએ આવી મહારાજને વિનંતી કરી: ‘મહારાજ ! આપ ગાદીએ બિરાજ્યા ત્યારપછી લોજ પધાર્યા નથી. માટે આ વખતે અન્નકૂટનો સમૈયો લોજ કરવા પધારો.’

તેમની વિનંતી અને ભાવ નિહાળી મહારાજે હા પાડી.

મહારાજ કાલવાણીથી લોજ પધાર્યા. દિવાળી, અન્નકૂટનો ઉત્સવ ધામધૂમથી લોજમાં કર્યો.

તે વખતે એક વાણિયા હરિભક્ત દીવબંદરથી આવ્યા. તે રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમને મનમાં થયું કે ‘મહારાજ કેવાક મહાન હશે ?’

ત્યાં સભામાં મહારાજે એક પાંચ વર્ષના બાળકને ઊભો કરી કહ્યું: ‘આ શેઠના મનની વાત કર.’

બાળક તો તરત જ શેઠના મનની વાત કહેવા લાગ્યો. શેઠ અચરજ પામી ગયા. શેઠને મહારાજના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. તેઓ બે-ચાર દિવસ રહી પોતાને ગામ પાછા ગયા, પણ પછી ઘરે મન લાગ્યું નહીં. આથી, ત્રણ-ચાર વર્ષ પછી સંસારનો ત્યાગ કરી મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમને પરમહંસની દીક્ષા આપી ‘પ્રભાનંદ’ નામ પાડ્યું.

લોજમાં હરિભક્તોને અનેરો આનંદ આપી પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરવા મહારાજ કાલવાણી પધાર્યા.

## મુક્તાનંદ સ્વામીને પ્રતીતિ

‘મહારાજ સૌને સમાધિ કરાવે છે અને દર્શનમાત્રે અનંત ભક્તોના નાડી-પ્રાણ ખેંચાઈ જાય છે’ – તેવી વાત કચ્છમાં મુક્તાનંદ સ્વામીને કાને

સાંભળવામાં આવી હતી. તેમને સમાધિની વાતમાં પ્રતીતિ આવી નહીં. તેમને સત્સંગ વિશે અતિશય લાગણી. તેથી તેમને મનમાં મંથન થવા લાગ્યું. તેમને સમાધિની વાત અશક્ય લાગી. સમાધિની વાત કરનારાની સમજણ કાચી છે – એમ લાગ્યું. આટલાં વર્ષોથી હું સત્સંગમાં છું, પણ મેં આવી કોઈ વાત સાંભળી નથી. આવી સત્સંગ પ્રત્યેની આત્મબુદ્ધિથી પ્રેરાઈને તેઓ જ્યારે મહારાજ મેઘપુર આવ્યા ત્યારે મહારાજને એકાંતમાં ઓરડીમાં લઈ જઈ ઠપકો આપવા લાગ્યા :

*'મહારાજ દિયો પાખંડ મેલી, સત્સંગમાં ન થાવું ફેલી;*
*સમાધિ કાંઈ નથી સોયલી, મોટા યોગીને પણ દોયલી.*
*તે તો જેને તેને કેમ થાય, બીજા માને અમે ન મનાય;'*[૩]

એમ ઘણો ઠપકો આપ્યો.

ત્યારે મહારાજે કહ્યું : 'સહુ હરિભક્તો ભેગા મળીને રામાનંદ સ્વામીનું ભજન કરે છે. તે કરતાં કરતાં કેટલાકનાં નાડી-પ્રાણ તણાઈ જાય છે અને સમાધિ થઈ જાય છે.'

પછી મહારાજે મુક્તાનંદ સ્વામીના શિષ્ય સંતદાસને બોલાવ્યા. તેમની સામે દૃષ્ટિ કરી. તરત તેનાં નાડી-પ્રાણ ખેંચાઈ ગયા. તેમને સમાધિ થઈ ગઈ.

ત્યારે મહારાજે કહ્યું : 'મુક્તાનંદ સ્વામી ! તમો નાડીપરીક્ષા જાણો છો. માટે સંતદાસની હાથ-પગની નાડી જુઓ. ઊઠી શકે તો ઉઠાડી જુઓ.'

મુક્તાનંદ સ્વામીએ ઘણી રીતે નાડીપરીક્ષા કરી જોઈ, પણ સંતદાસ તો શબવત્ થઈ ગયા હતા.

થોડી વારે સંતદાસજી સમાધિમાંથી જાગ્યા. મહારાજે સંતદાસજીને કહ્યું : 'સમાધિમાં જે દર્શન થયાં હોય તેની વાત કરો.'

સંતદાસજીએ કહ્યું : 'સમાધિમાં અક્ષરધામમાં ગયો હતો. ત્યાં દિવ્ય સિંહાસન પર મહારાજને બિરાજમાન જોયા અને ત્યાં સેવામાં ઊભેલા ગુરુ રામાનંદ સ્વામીને સ્તુતિ કરતા જોયા. અનંત મુક્તોને મહારાજની એક પગે ઊભા રહી સ્તુતિ કરતા જોયા. પછી રામાનંદ સ્વામીએ મને કહ્યું કે મુક્તાનંદ સ્વામી કેમ માનતા નથી ? સાચી વાત ખોટી નહીં ઠરે. અંતે સૌને સાચી સમજાશે.'

---

૩. 'ભક્તચિંતામણિ'; પ્રકરણ ૪૯.

મુક્તાનંદ સ્વામીએ આ બધું સાંભળ્યું પણ સંતોષ થયો નહીં. મનમાં શાંતિ વળી નહીં.

પછી મહારાજ અને સંતો કાલવાણી ગયા. કાલવાણીમાં મહારાજ સંતો-હરિભક્તો સાથે દૂર નાહવા ગયા. મુક્તાનંદ સ્વામી પર્વતભાઈની સાથે ખાખરાના વનમાં નજીકમાં દિશાએ ગયા.

દિશાએ જઈને આવતા હતા, ત્યાં રામાનંદ સ્વામીનાં સાક્ષાત્ દર્શન થયાં. મુક્તાનંદ સ્વામીએ તુંબડું બાજુએ મૂકી દીધું. રામાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કર્યા. આંખમાં આંસુ આવી ગયાં. સજળ નેત્રે તેમણે બધી વાત રામાનંદ સ્વામીને કરી. પછી રામાનંદ સ્વામીએ તેમને આશ્વાસન આપ્યું અને યાદ કરાવતાં કહ્યું: 'મેં નહોતું કહ્યું કે હું તો ડુગડુગીનો વગાડનારો છું, ખેલના ભજવનારા તો હજી હવે આવશે! તે આ વર્ણી છે. અને મેં તો રૂની ગંજીમાંથી એક પૂણી કાંતી છે, હજી આખી ગંજી કાંતવાની બાકી છે. તેના કાંતનાર આ મહારાજ છે. તે આપણા સૌના ઈષ્ટદેવ છે.'

એમ કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીનો સંશય ટળી ગયો. અંતરમાં આનંદના ફુવારા છૂટ્યા. હૈયું હાથ ન રહ્યું. તેમણે તત્કાળ જ,

*ભ્રમણા ભાંગી રે હો હૈયાની, વાત કેને નથી એ કહ્યાની,*
*વીતી હોય તે રે હો જાણે.*

એ કીર્તન બનાવ્યું અને હસતા મુખે ગાતાં આવ્યા.

એટલે પર્વતભાઈએ તેમના મુખ પર આનંદ જોઈને પૂછ્યું: 'સ્વામી! કાંઈ લાધ્યું? આટલા આનંદમાં કેમ જણાઓ છો?'

ત્યારે મુક્તાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીનાં થયેલાં દર્શન સંબંધી વાત કરી. પછી તો નાહી-ધોઈને ત્યાં વનમાંથી ફૂલો લઈ માળા કરી, ઉતારે આવ્યા. ઉપર લટકાવી રાખેલ રામાનંદ સ્વામીનો ગાદી, તકિયો ઉતરાવ્યો. રામાનંદ સ્વામીની પાદુકા ઉતારી, મહારાજ નાહીને ઉતારામાં દાખલ થયા ત્યારે પરાણે રામાનંદ સ્વામીની પાદુકા પહેરાવી અને મહારાજે ઘણી ના કહી છતાં ઉપાડીને રામાનંદ સ્વામીના આસને બેસાર્યા. ચંદન ચર્ચી, ફૂલની માળા પહેરાવી અને આરતી બનાવી – *'પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે, કાળ કર્મથી છૂટી, કુટુંબ સહિત તરશે...'* ગાતાં ગાતાં મહારાજની આરતી ઉતારી. પછી પોતાને થયેલ રામાનંદ સ્વામીનાં સાક્ષાત્ દર્શનની વાત સભામાં

કરી. મહારાજને સાષ્ટાંગ દંડવત્ કર્યા. મહારાજ પણ મુક્તાનંદ સ્વામી પર અતિશય પ્રસન્ન થયા.

આ.સં. ૧૮૫૯ના કાર્તિક સુદ દશમીનો એ દિવસ હતો. પછી તો મુક્તાનંદ સ્વામીના વચને અને સ્પર્શે પણ કેટલાય જીવોને સમાધિ થતી. મુક્તાનંદ સ્વામીની ભ્રાંતિ ટળી ગઈ અને તેમને મહારાજનું સ્વરૂપ ઓળખાયું.

## હરબાઈ અને વાલબાઈને વિમુખ કરી

લોજમાંથી મહારાજે ગામોગામ પત્ર લખાવ્યા હતા. તેથી ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડના હજારો હરિભક્તો પ્રબોધિની એકાદશીનો ઉત્સવ કરવા કાલવાણી આવ્યા.

એકાદશીને દિવસે સવારે નદીએ સ્નાન કરી આવી પૂજા કરી, મહારાજ સભા ભરીને બેઠા. આજુબાજુ મોટેરા સાધુઓ માટે ગાદી-તકિયા નંખાવ્યાં. તેવામાં વાલબાઈ અને હરબાઈ આવ્યાં અને સીધાં જ જઈને ગાદી-તકિયે ચડી બેઠાં. આજુબાજુ તેમનાં બાઈ-ભાઈ શિષ્યો પણ વીંટળાઈને બેસી ગયાં.

વાલબાઈ કણબી હતાં અને હરબાઈ કુંભાર હતાં. બંને આત્માનંદ સ્વામીની શિષ્યાઓ હતાં. બંને બહુ જ્ઞાની પરંતુ અભિમાની હતાં, પણ રામાનંદ સ્વામીએ તેમને નિભાવી રાખેલાં.

મહારાજની સભામાં પુરુષો અને સાધુઓની વચ્ચે ગાદી-તકિયે આ બંને બાઈઓ ચડી બેઠી, તેથી સાધુઓ સૌ ઊઠીને ચાલી ગયા. આથી, મહારાજે તેમને વિવેકપૂર્વક કહ્યું: 'તમે આમ કેમ વર્તો છો? ત્યાગી-સ્ત્રીનો વેષ રાખીને પુરુષનો પ્રસંગ કેમ રાખો છો? આમ, સાધુને ઉપવાસ પડે તે રીતે ત્યાગી સાધુ હોય ત્યાં કેમ આવો છો? માટે જો સત્સંગમાં રહેવું હોય તો સત્સંગની રીત પ્રમાણે રહો. પુરુષને ઉપદેશ કરો નહીં.'

આ સાંભળી તે બંને છેડાઈ ગઈ. તેમણે કહ્યું: 'અમે તો જીવનમુક્તા છીએ. અમને પુરુષના પ્રસંગથી કાંઈ થવાનું નથી. અમારી દૃષ્ટિમાં તો સ્ત્રી-પુરુષ એવો ભેદ જ નથી. સૌ હાડ-માંસનાં પ્રાણી છે. અમે બાળપણથી બ્રહ્મચારિણી છીએ. યુવાનીમાં પણ અમને કામ વ્યાપ્યો નથી, તો હવે ઘડપણમાં શું થવાનું છે? વળી, આત્માનંદ સ્વામીએ અને રામાનંદ સ્વામીએ અમને કોઈ દિવસ નથી વાર્યા, તો આજકાલના આવેલા તમે અમને કોણ

કહેનાર? માટે અમે તમારું માનશું નહીં અને ઝાઝું કહેશો તો અમે અમારા આ બધા શિષ્યોને લઈને ચાલી જઈશું અને જુદો પંથ ચલાવીશું.'

આથી, ત્યાગી સાધુ અને ત્યાગી બાઈના ધર્મની વાત કરતાં મહારાજે કહ્યું :

*'જેવો પુરુષને નારીનો સંગ, તેવો પ્રમદાને પુરુષ પ્રસંગ;*
*એ તો છે ઘૃત અગ્નિ સમાન, એમાં કરવું નહીં અભિમાન.*
*લીધી હોય જો ઈંદ્રિયો જીતી, તો યે સૌને શીખવવા સુરીતિ,*
*મોટા મુક્ત રહે તેથી દૂર, એવી રીત ચલાવવા જરૂર.'*[૪]

મહારાજે ઘણો ઉપદેશ દીધો. સ્ત્રી અને પુરુષની મર્યાદા ન જાળવવાથી કેવું અધઃપતન થાય છે તેનાં ઘણાં દૃષ્ટાંતો શાસ્ત્રોમાંથી આપ્યાં, પણ તેઓ માન્યાં નહીં. આથી, મુક્તાનંદ સ્વામી અને મહારાજ શો નિર્ણય લેવો તે નક્કી કરવા એકાંતમાં બેઠા.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું: 'મહારાજ! આ હરબાઈ, વાલબાઈ અને ત્રીજો રઘુનાથદાસ એ ત્રણે બહુ અભિમાની છે. રામાનંદ સ્વામી પાસે પણ આ બંને બાઈઓ આવી જ રીતે છકમાં વર્તતી, પણ રામાનંદ સ્વામી કચવાતે મને ચલાવી લેતા. હવે જો આમને ચલાવી લઈશું તો કેટલાય ભોળા મુમુક્ષુઓને ભમાવી દેશે. મોક્ષના માર્ગમાંથી પાડી દેશે. માટે ફરી એક વાર સમજાવી જોઈએ. છતાંય ન માને તો તેમને વિમુખ કરી નાંખવી.'

આથી, મહારાજે સભામાં આવી, ફરી એક વાર શાંતિથી સમજાવી, પણ બંનેએ હઠ પકડી રાખી. ત્યાંથી ઊભાં થયાં નહીં. છેવટે મહારાજે સભામાં હરબાઈ અને વાલબાઈને વિમુખ જાહેર કરી. આથી, બંને રિસાઈને સભામાંથી ચાલી નીકળી. સાથે તેમનાં બાઈ-ભાઈ શિષ્યો પણ સભા છોડી ચાલી નીસર્યાં.

તેમણે ત્રંબા ગામમાં જઈને પોતાનો અલગ પંથ સ્થાપ્યો, પણ ઝાઝાં વરસ ચાલ્યો નહીં. આમ, અધર્મસર્ગ જડમૂળથી ઊખડી ગયો અને સંપ્રદાયને ઊજળા પંથનું બિરુદ મળ્યું.

## બે સ્વરૂપે દર્શન

કાલવાણીમાં એકાદશી અને કાર્તિકી પૂનમ કરી. ત્યાં આખા ગામના નારાયણ દવે તથા તેમના દીકરા નરસિંહ દવેએ પ્રાર્થના કરી કહ્યું : 'મહારાજ!

---

૪. શ્રીહરિલીલામૃત : ૫-૧૨-૨૩.

આપ અમારે ગામ પધારો.'

તે જ વખતે પીપલાણાના નરસિંહ મહેતાએ પણ વિનંતી કરી: 'મહારાજ ! આપ અમારે ગામ પધારો.'

મહારાજે બંનેને કહ્યું: 'હા, અમે આવીશું.' તેઓ પગે લાગી પોતાને ગામ સૌને ખબર દેવા ગયા.

મહારાજ અગતરાઈ ગયા. એક દિવસ અગતરાઈ રહી ત્યાંથી નીકળ્યા, આખા અને પીપલાણાના રસ્તા જ્યાં જુદા પડે છે તે ઠેકાણે પહોંચ્યા. ત્યાં બંને ગામની મંડળીઓ મહારાજનું સામૈયું કરવા આવેલી. તેમણે ઢોલ, ત્રાંસાં, તાલ, મૃદંગ વગાડી ઉત્સવ કર્યો. ગુલાલ છાંટ્યો. મહારાજને હારતોરા ધરાવ્યા. પછી બંને ગામની મંડળીઓ મહારાજ પાસે જઈને ઊભી રહી.

આખાની મંડળી કહે: 'મહારાજ ! અમે રસોઈનાં આંધણ મૂકી દીધાં છે. માટે અમારે ગામ પધારો.'

ત્યારે પીપલાણાની મંડળી કહે: 'ના મહારાજ ! અમારે ત્યાં પધારો. અમે પણ રસોઈનાં આંધણ મૂકી દીધાં છે.'

બંને મંડળીનો અતિશય ભાવ. હૈયે હરખ ન માય. આથી, મહારાજ 'શું કરવું ?' તે નક્કી કરવા મુક્તાનંદ સ્વામી અને મયારામ ભટ્ટ સાથે ખાનગીમાં બેઠા. ત્યારે મુક્તાનંદ સ્વામી અને મયારામ ભટ્ટે કહ્યું: 'મહારાજ ! તમે તો અનંત રૂપ ધારી શકો છો. માટે કોઈને નારાજ ન કરશો. બંને કાર્ય થાય તેમ કરો.'

મહારાજ કહે: 'ભલે.'

પછી મહારાજે પીપલાણાના હરિભક્તો આગળ આવીને કહ્યું: 'તમે ગામમાં જાઓ. અમે થોડી વારમાં આવીએ છીએ.'

આ સાંભળી પીપલાણાના હરિભક્તો હરખાતાં હરખાતાં ગામ તરફ વળ્યા. મહારાજ ત્રણસો સાધુ-હરિભક્તોનો સંઘ લઈ આખાના હરિભક્તો સાથે ચાલ્યા. મહારાજે યોગકળા ધારણ કરી. પોતાનું અને ત્રણસોએ સાધુ-હરિભક્તોનું બીજું રૂપ ધારણ કરી પીપલાણા પણ થોડી વાર પછી પહોંચી ગયા. આમ, એક સાથે આખા અને પીપલાણામાં બિરાજ્યા. તેમની રસોઈ જમ્યા. સેવા અંગીકાર કરી.

સાંજે કાંઈક કામ પ્રસંગે પીપલાણાના બે-ચાર ભક્તો આખા આવ્યા

અને જોયું તો મહારાજ આખામાં પણ બિરાજે. તેમણે કહ્યું: 'મહારાજ અને સંત-હરિભક્તો અમારે ત્યાં પણ બિરાજે છે!' આથી, આખાના હરિભક્તો ઓઝત નદીને પેલે પાર પીપલાણા દર્શને ગયા. આમ, સવાર-સાંજ કુતૂહલથી હરિભક્તો આખાથી પીપલાણા અને પીપલાણાથી આખા, એમ બેય ઠેકાણે મહારાજ અને સંત-હરિભક્તોનાં દર્શને જાય અને આશ્ચર્ય પામે. આવી રીતે બે સ્વરૂપે મહારાજે થોડા દિવસ દર્શન આપ્યાં.

પછી મહારાજે કહ્યું: 'અમારે ઓઝત નદીને કાંઠે વિષ્ણુયાગ કરવો છે. હવે ત્યાં રહીશું.' એમ કહી બંને ગામમાંથી નીસર્યા. ઓઝતને કાંઠે બેય સ્વરૂપો એકબીજામાં સમાઈને એક થઈ ગયાં.

મહારાજે અહીં લગભગ છ મહિના રહી રોજ બ્રાહ્મણોને બ્રહ્મભોજન કરાવ્યું. મહાન વિષ્ણુયાગ કર્યો. કેટલાયને સત્સંગી કર્યા. છેવટે જેઠ સુદ દશમને દિવસે વિષ્ણુયાગની પૂર્ણાહુતિ કરી.

પછી ઓઝતને કાંઠેથી પડાવ ઉપાડી મહારાજ મેઘપુર પધાર્યા.

## [૩] ફકીરને પરચો

મહારાજ મેઘપુરમાં હતા ત્યારે ત્યાં એક ફકીર આવ્યો. તેણે મહારાજનાં ઐશ્વર્ય, પ્રતાપ અને સમાધિની વાતો સાંભળી. તેને થયું કે 'સ્વામિનારાયણને સૌ અલ્લા, ખુદાતાલા કહે છે, પણ જો કાંઈક પરચો બતાવે તો હું તેને અલ્લા જાણું ને હું તેમની બંદગી કરું.'

આમ સંકલ્પ કરી મહારાજનાં દર્શને ગયો. એટલે અંતર્યામી મહારાજે કરસનજી ભાટને પોતાની પાસે બોલાવીને ઊભા રાખ્યા અને કહ્યું: 'તમે કુરાન બોલો.'

ભાટે કહ્યું: 'મહારાજ! કુરાન શું કહેવાય એ મને ખબર નથી.'

મહારાજ કહે: 'તમે મૂર્તિ ધારીને જે અંતરમાં સૂઝે તે બોલવા લાગો અને ફકીર બાબા! તમે તમારા થેલામાંથી કુરાનનું પુસ્તક કાઢો અને આ ભાટ જે બોલે તે અંદર સરખાવતા જજો, ખોટું બોલે તો તરત કહી દેજો. મનમાં કંઈ રાખશો નહીં.' એમ કહી મહારાજે ભાટ સામે દૃષ્ટિ કરી.

કરસનજી ભાટ આંખો મીંચીને કુરાનની કલમો બોલવા લાગ્યો. બધી

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૦ની સાલના પ્રસંગો છે.

કલમો કુરાનમાં લખ્યા મુજબ અક્ષરે અક્ષર સાચી !

ફકીર તો ચકિત થઈ ગયો અને બોલ્યો: 'મહારાજ ! આ કરસનજી કુરાન નથી બોલતો પણ તમે બોલો છો.' એમ કહી તે તો મહારાજનાં ચરણો આગળ નમાઝ પઢવા લાગ્યો. તેને મહારાજ 'ભગવાન છે' તેવી પ્રતીતિ થઈ ગઈ. તેણે મહારાજને હાથે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર નહીં કરવાના નિયમ લીધા.

## સદાવ્રતની પ્રવૃત્તિ

મેઘપુરમાં મહારાજ બે માસ રહ્યા. અહીં દેવપોઢી એકાદશીનો ઉત્સવ મહારાજે કર્યો. દ્વારકા જતા કેટલાય સાધુ, સંન્યાસીઓ, બાવાઓ અને મુમુક્ષુ ગૃહસ્થો આ જ રસ્તેથી પસાર થાય. તેથી મહારાજે મેઘપુરમાં સદાવ્રત બાંધ્યું. માણાવદર, સરધાર, ફણેણી, અગતરાઈ અને લોજમાં પણ સદાવ્રત ચાલતાં કર્યાં. રોજ કેટલાય મુમુક્ષુઓ સદાવ્રત લેવા આવતા, પ્રસાદીનું અન્ન મેળવી કૃતાર્થ થતા. સદાવ્રત લેવા આવનાર સૌ કોઈ પૂછતા: 'આ કોનું સદાવ્રત ચાલે છે?' જ્યારે તેમને ખબર પડતી કે 'સ્વામિનારાયણ ભગવાનનું છે', ત્યારે કેટલાય મુમુક્ષુઓ કુતૂહલતાથી પ્રેરાઈને મહારાજનાં દર્શને આવતા અને મહારાજમાં ખેંચાઈને સત્સંગી બની જતા. કેટલાય સાધુ, બાવાઓ, વૈરાગીઓ અને તેમના શિષ્યો આ રીતે મહારાજમાં ખેંચાઈ ગયા હતા. તેમાંના કેટલાકને તો મહારાજનું નામ સાંભળતાં જ સમાધિ થતી. તેઓ મહારાજની આગળ ત્યાગી થઈને રહી જતા.

આથી, કેટલાક કહેવા લાગ્યા: 'આ જીવનમુક્તા આગળ ઇંદ્રજાળનો ગુટકો છે. તેથી સૌને ભરમાવે છે. આપણા શિષ્યોને ભોળવી, ભરમાવીને અને ભૂરકી નાંખીને પોતાના કરી લે છે. માટે જ્યાં એમનાં સદાવ્રત દેખાય, ત્યાં સદાવ્રત તોડી પાડવું. બધું અન્ન લૂંટી લેવું. તેમના સાધુઓની કંઠી, જનોઈ, પૂજા તોડી-ફોડીને ફેંકી દેવી.' આ પ્રમાણેનો ત્રાસ શરૂ કરી દીધો. સદાવ્રતમાં આપણા સાધુઓને મારપીટ કરવી શરૂ કરી.

મહારાજને આ વાતની ખબર પડી. તેમણે ધીરજ અને મક્કમતાથી સદાવ્રત આપવાનું ચાલુ રાખવા માટેના પત્રો સાધુઓ પર લખ્યા.

તેમણે સાધુઓને લખ્યું કે –

'મારે, ગાળ દે, અપમાન કરે, લૂંટે કે ઉપવાસ કરાવે, તોય સદાવ્રત ચાલુ રાખવું. સાચા સાધુને આ બધું સહન કરતાં શીખવું જોઈએ. આપણે અનંત મુમુક્ષુઓનું કલ્યાણ કરવું છે. માટે આપણે તેને ક્ષમા આપવી. ઉદાસ થવું નહીં. ધીરજ રાખવી અને પ્રભુસ્મરણ કરતાં કરતાં સદાવ્રત ચાલુ રાખવું.'

આમ, પત્ર દ્વારા સાધુઓને બળ આપ્યું.

પછી જન્માષ્ટમી માણાવદરમાં કરી, મહારાજ ભાડેર પધાર્યા. ભાડેરમાં રાજકુમાર વાઘજીભાઈ અને પાતલભાઈને ત્યાં રહી કપિલા છઠ, દશેરા અને અન્નકૂટના ઉત્સવો મહારાજે કર્યા.

## દૂધ કરતાં મીઠી છાશ

ભાડેર નાનકડું ગામ. મહારાજે ગામમાં પધરામણી કરી. ગામમાં પાતલભાઈ નામના અતિશય પ્રેમી હરિભક્ત રહે. તેનો અને તેની પત્નીનો મહારાજને વિશે બહુ ભાવ. તેમને થયું: 'મહારાજ અહીં આપણા ગામમાં પધાર્યા, મોટા મોટા કાઠી, ગરાશિયાને ઘેર ઊતર્યા છે. આપણાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે મહારાજ આપણે ત્યાં પધારે !'

ત્યાં તો બીજે દિવસે મહારાજ દિવસ ચડતાં પાતલભાઈને ઘેર જઈ પહોંચ્યા. અંધારિયું ઘર અને ઓશરીમાં આછું અજવાળું. મહારાજને જોઈ પાતલભાઈ હરખઘેલા થઈ ગયા. ખાટલો ઢાળી, ગોદડું પાથરી મહારાજને બેસાર્યા. પાતલભાઈનાં પત્ની રસોડામાંથી દૂધનું બોઘરણું લઈને મહારાજ પાસે ઓશરીમાં આવ્યાં. પવાલામાં દૂધ કાઢીને તેમણે મહારાજ સામે ધર્યું. પીતાં પીતાં મહારાજ કહે: 'આ દૂધ બહુ ગળ્યું છે. માંહી સાકર નાખી છે ? કે પછી પારઠ ભેંસનું દૂધ છે ? અમને ફરી પવાલું ભરી આપો.'

'ના રે મા'રાજ ! આ તો આપણી ઘરની ભેંસનું દૂધ છે.' કહેતાં પાતલભાઈનાં પત્નીએ ફરીથી પવાલું ભરી દીધું. મહારાજે ત્રણ વાર માગીને દૂધ પીધું. બોઘરણું ખાલી થઈ ગયું.

પાતલભાઈનાં પત્ની બીજા હરિભક્તો માટે અંદર છાશ લેવા ગયાં. છાશનું બોઘરણું ઉઘાડીને જોયું તો તે બોઘરણામાં દૂધ હતું. તેમને ખબર પડી કે મહારાજને ભૂલથી છાશ પાઈ દીધી છે અને દૂધ અહીં એમનું એમ પડ્યું છે. તેમને બહુ દુઃખ થયું, તેઓ પસ્તાવો કરવા લાગ્યાં. તેમણે રોતાં રોતાં

મહારાજની માફી માગી: 'અરે! મેં ગાંડીએ ભૂલથી આપને છાશ પાઈ દીધી છે. દૂધ તો અંદર રહી ગયું છે. મહારાજ! મારો અપરાધ માફ કરો.'

મહારાજ હસતાં હસતાં બોલ્યા: 'દુઃખ ન લગાડશો, એ તો દૂધ જ હતું. તમે આવાં અતિશય હેત અને ભાવથી છાશ પાઈ, પણ અમને તો એ દૂધ કરતાં પણ વધુ ગળી લાગી.' એમ આશ્વાસન આપી તેમને રાજી કરીને, મહારાજ ત્યાંથી મોડ ગામમાં પ્રબોધિની એકાદશી કરી અલૈયા પધાર્યા.

અલૈયાથી નીકળી, ગોંડલ થઈ મહારાજ બંધિયા પધાર્યા. બંધિયામાં મહારાજ મૂળુભાઈને ઘેર ઊતર્યા. એકાદ દિવસ રહ્યા. બીજે દિવસે સવારે ત્યાં ભુજના સુંદરજી સુતાર મહારાજનાં દર્શને આવ્યા.

## સુંદરજી સુતારની પરીક્ષા

સુંદરજી સુતાર પોતાના રાજાના દીકરાને પરણાવવા જાનને લઈને નીકળ્યા હતા. ગોંડલ આવ્યા ત્યાં તેમને ખબર પડી કે મહારાજ બંધિયા બિરાજે છે. તેથી જાનના માણસોને ગોંડલ રોકી કહ્યું: 'હું બંધિયે જરા કામ છે, માટે હમણાં જઈને આવું છું.'

સુંદરજી સુતાર મારતે ઘોડે બંધિયે મહારાજ પાસે મૂળુભાઈના ઘેર આવ્યા. માથેથી સાફો ઉતારી, નીચા નમી, ઘૂંટણભેર મહારાજને પગે લાગ્યા.

મહારાજે પૂછ્યું: 'કોણ આવ્યું?'

સુંદરજીભાઈ કહે: 'મહારાજ! આપનો દાસ આવ્યો.'

મહારાજે પરીક્ષા કરવા ધાર્યું, તેથી સામું પૂછ્યું: 'દાસનું લક્ષણ શું?'

સુંદરજીભાઈ કહે: 'કહે તેમ કરે તે દાસ.'

મહારાજ કહે: 'એમ? તો હમણાં ને હમણાં માથું અને મૂછ મૂંડાવીને સાધુ થાવ અને જાવ કાશીએ.'

સુંદરજીભાઈ પણ ખરા શૂરવીર ભક્ત. તેમણે તરત જ વાળંદ બોલાવી માથું અને મૂછ મૂંડાવી નાખ્યાં. સાધુનો વેશ ધારણ કર્યો, ને મહારાજને પગે લાગ્યા. મહારાજ બાજુમાં બેઠેલા ડોસાભાઈને કહે: 'તમને યાદ છે રામાનંદ સ્વામીએ તમને એક વાર કાશીની યાત્રાએ જવા કહ્યું હતું? માટે હમણાં ને હમણાં તમે અડવાણે પગે ચાલતાં, સાથે કંઈ પણ લીધા વગર, પહેર્યે લૂગડે સુંદરજીભાઈ સાથે કાશીની જાત્રાએ જાઓ.'

ડોસાભાઈ તરત જ પગે લાગી, હસતે મુખે સુંદરજીભાઈને સાથે લઈ કાશીની વાટે ચાલ્યા. લગભગ બે ગાઉ ચાલ્યા હશે.

આ બાજુ મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું: 'અમે કેવાં કામ કર્યાં? દીવાનને સાધુ કર્યા.'

મુક્તાનંદ સ્વામી કહે: 'મહારાજ! આખા કચ્છ દેશમાં ઉપાધિ થશે. આપણે ઊતરવાનું અને નિર્વિઘ્ન રહી સત્સંગ કરાવવાનું એક જ સ્થાન હતું. તે બેસવાની ડાળી કપાઈ ગઈ.'

મહારાજ કહે: 'એમ? તો બોલાવો પાછા. ઘોડે બેસાડી માણસ મોકલો અને આપણો સંદેશો કહી પાછા બોલાવો.'

મારતે ઘોડે સેવક કાશીની વાટે ગયો. બે ગાઉ દૂર બંને મળી ગયા. તેમને ઊભા રાખીને સેવકે કહ્યું: 'મહારાજે આજ્ઞા કરી છે કે હમણાં ને હમણાં પાછા ચાલો.' સુંદરજીભાઈ અને ડોસાભાઈ પાછા આવ્યા.

સુંદરજીભાઈ મહારાજને ઘૂંટણભેર નમીને પગે લાગ્યા.

મહારાજ કહે: 'કોણ આવ્યું?'

સુંદરજીભાઈ કહે: 'આપનો દાસ.'

ફરીથી મહારાજે પૂછ્યું: 'દાસનું લક્ષણ શું?'

સુંદરજીભાઈએ ફરીથી તે જ જવાબ આપ્યો: 'કહે તેમ કરે તે દાસ.'

મહારાજ કહે: 'એમ? તો આ સાધુનો વેશ ઉતારી હવે પાછાં તમારા ગૃહસ્થનાં મૂળ કપડાં પહેરી લો.'

સુંદરજીભાઈએ પાછાં ગૃહસ્થનાં કપડાં પહેરી લીધાં. મહારાજે રાજી થઈને તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

પછી તેમણે મહારાજની રજા લીધી. તેમણે જતાં જતાં મહારાજને કહ્યું: 'મહારાજ! આવી પરીક્ષા મારી ભલે લીધી, બીજા કોઈની લેશો નહીં.'

આમ, મનમાં સહજ અહંકાર વ્યાપ્યો. મહારાજ કાંઈ બોલ્યા નહીં. તેમણે હસતાં હસતાં સુંદરજીભાઈને રજા આપી.

સાંજે સુંદરજીભાઈ ગોંડલ પાછા ગયા. સૌ જાનૈયાઓએ માથું-મૂછ મૂંડાવેલા સુંદરજીભાઈને જોઈને પૂછ્યું: 'જાન લઈ જવાના શુભ પ્રસંગે આ શાનું મૂંડાવ્યું? અપશુકન કરવાં?'

તેમણે કહ્યું: 'અહીં બંધિયે મારા કુળદેવતા છે. કુંવરનું લગ્ન નિર્વિઘ્ને

પતે તે માટે અને પાપ નામે પિતરાઈ મરી ગયેલો તેનું સૂતક ઉતરાવવા માટે મેં માનતા રાખેલી. તેથી આ મૂંડાવ્યું છે.'

સૌ કહે : 'તો તો બહુ સારું.'

આમ, સુંદરજીભાઈએ સૌને યુક્તિથી સમજાવ્યા.

## મૂળજી શેઠની રક્ષા

મહારાજ ફરતાં ફરતાં કારિયાણી આવ્યા. ત્યાં મેમકાના મૂળજી શેઠ આવ્યા.

'મહારાજ ! મારે ગામ મેમકા આપ પધારો.' મૂળજી શેઠે પ્રાર્થના કરી.

ભક્તો સૌ બોલી ઊઠ્યા : 'મહારાજ ! મેમકા જશો નહીં. ત્યાં તો મૂળજી શેઠ, હંસરાજ સુથાર, શ્યામો અગોલો અને શ્યામો કણસાગરો સિવાય આખું ગામ તમારું દ્વેષી છે. કંઈક ઉપાધિ થશે.'

મહારાજે મૂળજી શેઠનો ભાવ જોયો. તેમના પ્રેમને વશ થઈ મહારાજે કહ્યું : 'તમે જાઓ અને તૈયારી કરો. અમે મેમકા આવીશું.'

મહારાજે સૌ સખાઓને તૈયાર કર્યા અને મેમકા પધાર્યા. મૂળજી શેઠે પોતાની બધી સંપત્તિ વાપરી મહારાજનું સ્વાગત કર્યું. મહારાજને સારામાં સારી રીતે રાખ્યા. મહારાજ ત્રણ દિવસ મેમકા રહ્યા.

જતી વખતે મહારાજે કહ્યું : 'શેઠ ! તમે ચારેય આ ગામ છોડીને ચાલ્યા જાઓ. વીસ દિવસમાં બધી જ ઘરવખરી લઈને અહીંનું ઘર વેચીને અહીંથી ચાલી નીકળજો. મારા પગ પકડીને તમે પ્રતિજ્ઞા લો કે અમે અહીંથી ગામ છોડીને ચાલી જઈશું.'

ચારેય ભક્તોએ મહારાજનો ચરણસ્પર્શ કરીને પ્રતિજ્ઞા લીધી.

હંસરાજ ખોલડિયાદમાં અને અગોલો તથા કણસાગરો ચાણપુર ચાલ્યા ગયા. પંદર દિવસમાં ઘર ખાલી કરીને બધો સામાન લઈને મૂળજી શેઠ પણ લીંબડી પહોંચી ગયા.

એકવીસમે દિવસ ગાયકવાડનું લશ્કર લઈ બાબાજી એ ગામ આવ્યો. વઢવાણના તાબાનું ગામ જાણીને આખું ગામ લૂંટ્યું. કેટલાંય ઘર બાળી નાખ્યાં. મહારાજે અંતર્યામીપણે ચારેયની રક્ષા કરી.

મહારાજ ફરતાં ફરતાં ભાદરા પધાર્યા.

## લાલજી સુતારને દીક્ષા

એક દિવસે સાંજે વશરામ સુથાર પોતાને ખેતર ગયા. ત્યાં તેઓ ખોદતા હતા એવામાં ખેતરમાં છીંડા આગળ તરાડમાંથી લાખો કીડીઓ નીકળી. આ જોઈને તેમના મનમાં વિચાર આવ્યો: ‘અહો! આ બાપડા પ્રલયના જીવોને અત્યારે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ તથા તેમનું ધામ અહીં બિરાજતા હોવા છતાં શી રીતે જોગ થાય? તેમનું કલ્યાણ પણ કેમ થાય? જો મારી પાસે સામર્થી હોય તો હમણાં ને હમણાં આ બધી કીડીઓને દિવ્ય લોકમાં મોકલી દઉં.’

આવો વિચાર મનમાં આવ્યો, ત્યાં તો હજારો દૈવી વિમાનો આવ્યાં. તેમાં બધી જ કીડીઓ દેહ મૂકીને, દિવ્ય દેહ ધારણ કરીને, દિવ્ય લોકમાં ચાલી જતી તેમને દેખાઈ. વશરામભાઈને આશ્ચર્ય થયું.

તેઓ ખેતરેથી મહારાજ પાસે ગયા. તેમણે બધી વાત મહારાજને કહી. પછી તેમણે મહારાજને પૂછ્યું: ‘મહારાજ! કીડીઓનું એવું તે કયું મોટું કર્મ કે તેમને દિવ્ય લોકની પ્રાપ્તિ થઈ?’

મહારાજે કહ્યું: ‘એમાં કાંઈ નવાઈ નથી. અક્ષર અને પુરુષોત્તમના પ્રગટ સ્વરૂપનો આ પ્રતાપ છે. આજે તો તમે ‘કીડીઓ અક્ષરધામમાં જાઓ,’ એવો સંકલ્પ કર્યો હોત તો અક્ષરધામમાં જાત, એવું અક્ષર-પુરુષોત્તમનાં પ્રગટ સ્વરૂપોની ઉપાસનાનું બળ છે. અરે! તમે સંકલ્પ કર્યો હોત કે આખા બ્રહ્માંડના જીવોનું કલ્યાણ થાઓ તો તે પણ થઈ જાત.’

ભાદરા થોડા દિવસ રહી વસંતપંચમીનો ઉત્સવ ધામધૂમથી કર્યો. ત્યાંથી મહારાજ શેખપાટ પધાર્યા, ત્યાં લાલજી સુથારને ઘેર રહ્યા.

પછી મહારાજે કહ્યું: ‘અમારે કચ્છ જવું છે. કોઈ ભોમિયો, તમારી જેવો મળશે?’

ત્યારે લાલજી સુથારે કહ્યું: ‘મહારાજ! હું જ આવું તો?’ એમ કહી ભાત, પાણીની બતક અને કોરી (પૈસા) લઈને લાલજી સુથાર મહારાજ સાથે કચ્છની વાટે ચાલ્યા.

વાટમાં મહારાજે લાલજી પાસેથી યાચકને અન્ન, ચોરોને કોરી (પૈસા), મહાપુરુષને પાણી અપાવી દીધાં. લાલજીને તરસ લાગી ત્યારે રણમાં

સમુદ્રની ખારા પાણીની ખાડીમાંથી મીઠું પાણી પાયું. અંતે આધોઈમાં 'અમારે માટે ભિક્ષા લઈ આવો,'

એમ કહી ગૃહસ્થનો વેશ ઉતરાવી ત્યાગી સાધુ બનાવ્યા અને લાલજીને 'નિષ્કુળાનંદ' નામ આપ્યું. તેમની પાસે તેમના જ સાસરેથી ભિક્ષા મંગાવી મહારાજ રોટલો જમ્યા.

આધોઈ, ધમકડા, કંથકોટ, અંજારમાં વિચરણ કરી, મહારાજ ભુજ પધાર્યા.

## [૪] કારિયાણી અને ગઢડામાં પધરામણી

ફરતાં ફરતાં બંધિયાથી મહારાજ સરધાર આવ્યા. અહીં જન્માષ્ટમી, દશેરા અને અન્નકૂટના ઉત્સવો કર્યા.

આ.સં. ૧૮૬૧ના કાર્તિક સુદ પૂનમને દિવસે મહારાજ સરધારથી નીકળી કારિયાણી પધાર્યા. મહારાજ માંચા ભક્તને ત્યાં રહ્યા. માંચા ભક્ત રામાનંદ સ્વામીના શિષ્ય હતા. તેમનું વર્તન પહેલેથી જ અતિશય શુદ્ધ હતું. તેમના અને વસ્તાખાચરના દરબારમાં રહીને મહારાજે કારિયાણીમાં પૂર્તકર્મ કરાવવું શરૂ કર્યું. મહારાજ સૌ સંતો-હરિભક્તો પાસે ગામ બહાર મોટું તળાવ ખોદાવતા. અહીં વીરદાસ ભગતના દીકરાના ફૂલેકામાં મહારાજ ફર્યા અને ઘેર-ઘેર પધરામણી કરી.

કારિયાણી આવીને ગઢડાના એભલખાચરે મહારાજને વિનંતી કરી: 'મહારાજ ! કૃપા કરી આપ ગઢપુર પધારો. અમારો દરબાર પાવન કરો.'

એભલખાચરની સાથે આખું કુટુંબ આવેલું. સૌએ ભેગા મળી મહારાજને ગઢડા પધારવા પ્રાર્થના કરી. આથી, સંવત ૧૮૬૧ના મહા સુદ એકાદશીને દિવસે સવારે, ધર્મધુરા ધારણ કર્યા બાદ સૌ પ્રથમ વાર ગઢડામાં પોતાનું માનીને રહ્યા. મહારાજે કહ્યું: 'આ ગઢડું મારું છે ને હું ગઢડાનો છું.'

ત્યારે એભલખાચરે કહ્યું: 'મહારાજ ! આપ અમારા જીવનપ્રાણ છો. માટે અમને અને ગઢડાને મેલીને ક્યાંય જતા નહીં.'

મહારાજે બહુ રાજી થઈ તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

મહારાજ શરૂઆતમાં ગઢડામાં જીવાખાચરના દરબારમાં રહેતા. અહીં હુતાશની અને રામનવમીનો સમૈયો મહારાજે કર્યો.

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૧ની સાલના પ્રસંગો છે.

## [૫] કલ્પિત ભય અને વહેમમાંથી મુક્તિ

કલ્પિત અને મલિન ઉપાસનાનો આ યુગ હતો. લોકો મેલીવિદ્યા સાથે દોરા-ધાગા કરનારા લોકોની નાગચૂડમાં ફસાયેલા હતા. વહેમ, શુકન, અપશુકન અને દેવી-તત્ત્વોના ભયના વાતાવરણમાં લોકો રહેતા હતા. માંદા પડ્યે, રોગનો ઉપાય કરવાને બદલે દોરા-ધાગા કરાવતા. જંતર-મંતર અને મૂઠ મારવાને નામે અમુક લોકો ચરી ખાતા. લોકો સદા વહેમ અને ભયથી ખુવાર થતા.

મહારાજે આ પરિસ્થિતિનો અંત આણવાનું વિચાર્યું. તેમણે પોતાના આશ્રિતજનોમાં નીતિધર્મ અને ભગવાનના આશરાનું બળ પ્રેર્યું. કલ્પિત દેવ-દેવીઓની બીક અને જંતર-મંતર અને દોરા-ધાગાનો ભય દૂર કરવા મહારાજે એક પત્ર લખી ગામોગામ સત્સંગીજનો માટે ફેરવ્યો. પત્રમાં લખ્યું :

'અનિર્દેશથી લિખાવિતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજના સર્વે બાઈ-ભાઈ નારાયણ વાંચજો.


'બીજું લખવા કારણ એ છે જે, જે મનુષ્યને જેવું પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસારે તેને દેહને સુખ-દુઃખ થાય છે તથા જન્મ-મરણ થાય છે. પણ જીવના પ્રારબ્ધકર્મને ઉલ્લંઘન કરીને તો દેવ-દેવિયું છે તે કોઈ પણ જીવને સુખ-દુઃખ દેવાને અર્થે અને મારવા-જિવાડવાને અર્થે સમર્થ થતાં નથી.

'માટે પ્રારબ્ધકર્મ ને કાળ તેને ખોટાં કરી નાખવાં, મૂઆને જીવતા કરવા, જીવતાને મારી નાંખવા, તેને વિશે તો એક પરમેશ્વર નારાયણ માત્ર સમર્થ છે; પણ બીજાં કોઈ દેવ-દેવી સમર્થ નથી. આપણે તો સર્વ ભગવાનના ભક્ત છીએ, ને શૂરવીર છીએ. માટે હરિભક્તને તો કોઈ રીતનો મનમાં ભય રાખવો ઘટે નહીં. મંત્ર-જંત્ર, ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોય તો પૃથ્વીમાં કોઈક તો (અમર) દેખવામાં આવત, પણ એવો કોઈ દીઠામાં આવતો નથી.

'અને જો બહુ મંત્ર-જંત્ર કોઈ ઉપર ચાલતા હોય તો ઘણાક શત્રુ જેની ઉપર હોય એવા મોટા મોટા જે રાજાઓ તે જીવતા શી રીતે રહે? અને જો જંત્રે-મંત્રે જ કરીને સિદ્ધિ થતી હોય, તો લાખો રૂપિયા ખર્ચીને

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૨ની સાલના પ્રસંગો છે.



રાજાઓ લશ્કર રાખે છે, તથા આયુધ સામગ્રી રાખે છે, એવડું શા માટે કરે? એક ભારે મંત્રશાસ્ત્રી રાખે ને મંત્ર-જંત્રની સિદ્ધિએ કરીને સર્વ પ્રતિપક્ષીને મારી નંખાવે.

'પણ એમ તો કોઈ ઠેકાણે દેખ્યામાં આવતું નથી... માટે પરબ્રહ્મ પુરુષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહીને નિર્ભય થકા નારાયણનું ભજન કરજો. આ પત્ર... તમે એકાગ્ર મન કરીને ધારજો તથા વિચારજો.'

આમ, પરમેશ્વરના આશરાનું અને વિશુદ્ધ ધાર્મિક જીવનનું બળ ધારણ કરવાનું સૌને શીખવ્યું. સૌને નિર્ભીક બનાવ્યા. તેથી જ મહારાજના આશ્રિતો કાળ-કર્મ, દોરા-ધાગા, શુકન-અપશુકન, કલ્પિત દેવ-દેવીઓ, વીર, પીર કે એવી કોઈ વસ્તુથી આજે પણ ડરતા નથી. તેમને સર્વોપરી પ્રાપ્તિની ખુમારી રહે છે.

ગઢડાથી નીકળી ફરતાં ફરતાં મહારાજ ઉત્તર ગુજરાતમાં દંઢાવ્ય દેશમાં આવ્યા. અડાલજની વાવમાં નાહ્યા. સિદ્ધપુરમાં છ દિવસ રહ્યા. તેમાં ત્રણ દિવસ સમૈયો કર્યો. જુદા જુદા દેશના બ્રાહ્મણ રસોઈયાઓ પાસે ભાતભાતનાં પકવાન કરાવી મહારાજે બ્રાહ્મણોને જમાડ્યા. દંઢાવ્ય દેશમાં વિચરણ કરી મહારાજ પુનઃ ગઢડે પધાર્યા.

## વાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા

જીવુબા તથા લાડુબાને મહારાજે કહ્યું હતું કે 'હું મારા સંત સમાજ સાથે હવે ગઢડામાં જ રહીશ.' આથી, તેમણે નિયમ લીધેલો કે રોજ મહારાજને થાળ જમાડીને પછી જ જમવું.

એક દિવસ મહારાજે દેશમાં ફરવા જવા માટે રજા માગી. પછી પાંચુબા, જીવુબા, લાડુબા અને નાનબાઈએ કહ્યું: 'આપે અખંડ અહીં રહીશ એવું કહ્યું છે. માટે અહીંથી ક્યાંય બીજે જવાની વાત ન કરશો.'

મહારાજે કહ્યું: 'તમારાથી વેગળો નહીં થાઉં.' ધીરજ આપી મહારાજે પોતાનું બિરુદ પૂરું કરવાનો નિશ્ચય કર્યો.

મહારાજની ઇચ્છાથી સવારના પહોરમાં એક પરદેશી સલાટ બે શ્યામ મૂર્તિઓ વેચવા લઈને આવ્યા. મહારાજે કહ્યું: 'આ અમારું સ્વરૂપ! 'વાસુદેવ નારાયણ' એવું નામ ધારણ કરી અમે અહીં બિરાજશું.'

એમ કહી મહારાજે મોટી મૂર્તિ ઉત્તરાદા બારના ઓરડામાં સંવત ૧૮૬૨ના ફાગણ વદ ત્રીજને શુક્રવારે મોટો ઉત્સવ કરી, શિવરામ ભટ્ટ આગળ વિધિ કરાવીને પધરાવી. મૂર્તિપ્રતિષ્ઠા કરીને મહારાજે કહ્યું: 'આ મૂર્તિમાં હું અખંડ રહ્યો છું. આ મૂર્તિમાં રહીને હું તમારું સર્વ કાંઈ ગ્રહણ કરીશ.'

આ મૂર્તિઓની નિત્યપૂજા, થાળ વગેરે કરવાનું મહારાજે બેચર ભટ્ટને સોંપ્યું. હવે જીવુબા તથા લાડુબાને મહારાજને રોકવાનું બહાનું રહ્યું નહીં. મહારાજને વિચરણ કરવાની છૂટ મળી.

## સારા પદાર્થનો ત્યાગ

ગઢડામાં કાઠી દરબારોએ એક સરસ ઘોડો શ્રીજીમહારાજને ભેટ આપ્યો. મહારાજે કેટલાક દિવસ વાપર્યો.

એક દિવસ કેટલાક દરબારોએ કહ્યું: 'મહારાજ ! આ તો રોઝો ઘોડો છે. આખા કાઠિયાવાડમાં આની એકેય જોડ મળે તેમ નથી.'

મહારાજે કહ્યું: 'એમ ! આ તો ઉત્તમ ઘોડો કહેવાય.'

મહારાજે આ વાત ધ્યાનમાં રાખી લીધી.

સાંજે ઘોડા ઉપર બેસીને સ્નાન કરવા ગયા. સૌને ખૂબ આનંદ કરાવ્યો. દરબારોને રમાડ્યા. ત્યાં એક યાચક બ્રાહ્મણ ઊભો હતો. તેને વ્યાવહારિક પ્રસંગ ઉકેલવા દ્રવ્યની જરૂર હતી. મહારાજે અંતર્યામીપણે તેનું દુઃખ જાણી લીધું. મહારાજ ઘોડાની લગામ પકડી બ્રાહ્મણ પાસે ગયા. બ્રાહ્મણના હાથમાં ઘોડાની લગામ સોંપી દીધી અને 'શ્રીકૃષ્ણાર્પણ' બોલી દીધું.

'હં.... હં... હં...' દરબારોમાંથી શ્વાસ નીકળી ગયો. મહારાજ કહે: 'બહુ સારું પદાર્થ બંધન કરે. ઉત્તમ પદાર્થ આપણે ન જોઈએ.'

અશ્વપ્રિય દરબારોને બહુ દુઃખ થયું. તેમને તો સુંદર ઘોડો પુત્ર જેવો પ્યારો લાગે. તેથી દરબારોએ બે દિવસ શોક પાળ્યો, પણ ધીમે ધીમે વાત સમજાઈ. તેમને જીવનમાં એક નવો મંત્ર મળ્યો.

## વ્યસનમુક્તિની રીત

સ્વામિનારાયણ સંપ્રદાયની છાપ ઊજળા પંથ તરીકે પડી હતી. સાધુઓ અને સત્સંગીઓના વર્તન સમાજમાં અનોખી ભાત પાડતા. તેમણે લોકોનાં

જીવનમાંથી દુર્ગુણો, દુરાચરણો અને વ્યસનો, લોકોને પ્રેમથી વશ કરીને અને નવા વાતાવરણમાં મૂકી દઈને છોડાવ્યાં. ફરજ પાડ્યા વગર કે દબાણ કર્યા વગર તેમણે સહજ રીતે લોકોને નિર્વ્યસની કર્યા.

ખંભાળાના ગરાશિયા મૂળુખાચર મહારાજનાં દર્શને આવ્યા. તેમને મહારાજને વિશે ભાવ થયો. મહારાજે તેમને સત્સંગી થવા કહ્યું. તેમણે કહ્યું: 'મહારાજ! મારે અફીણ અને હોકાનું વ્યસન છે, મારાથી વ્યસન છૂટે નહીં. તેથી હું સત્સંગી થઈશ નહીં.'

મહારાજ કહે: 'તમે મૂકવાનો પ્રયત્ન કરજો. ન મુકાય તો કાંઈ નહીં, પણ વર્તમાન ધરાવી સત્સંગી થાઓ. કાંઈ નહીં તોય પાંચ વર્તમાન પાળજો.'

મૂળુખાચરને હિંમત આવી. તેમણે કહ્યું: 'હા, મહારાજ! મને સત્સંગી કરો.' મહારાજે તેને વર્તમાન ધરાવી સત્સંગી કર્યો.

મૂળુખાચર ગઢડે મહારાજ પાસે રહ્યા. સવાર, બપોર, સાંજ કથામાંથી નવરા પડે એટલે હોકો પી આવે.

થોડા દિવસ થયા. મહારાજ કહે: 'મૂળુખાચર! ચાલો સંઘ સાથે વરતાલ સમૈયો કરવા. તમને ગુજરાતની મહેમાનગતિ ચખાડીએ.'

મૂળુખાચર તરત સંઘની સાથે ચાલ્યા. વચ્ચે વચ્ચે વિરામ કરવા ગામ આવે એટલે સંઘ ગામને ચોરે કે પાદરે રોકાતો. મૂળુખાચર તરત જ હોકો કાઢી, પેટાવીને બે ઘૂંટ ભરી લે.

ગામ આખું સંઘને જોવા આવે, પણ મૂળુની સામે આંગળી ચીંધી લોકો તરત ટીકા કરે: 'આ બધા સ્વામિનારાયણિયા છે, પણ પેલો હોકો ગગડાવે છે ઈ સ્વામિનારાયણિયો નથી લાગતો.'

આવી ટકોર સાંભળીને તેને રીસ ચડી. તેણે હોકાનો કર્યો ઘા! ભાંગીને ભુક્કો થઈ ગયો. 'આજથી હોકો હરામ!' કહી તેમણે હોકો છોડ્યો.

હવે મૂળુખાચર છાનામાના તમાકુ ને અફીણ ખાઈ લેતા.

આખો સંઘ વરતાલ પહોંચ્યો. ગુજરાતના હરિભક્તોએ સર્વ સત્સંગી ભેળો સંઘને ઉતારો આપ્યો. મૂળુખાચર ઉતારે તમાકુ ને અફીણ ખાઈ લે. સૌ સત્સંગીએ જોયું.

પછી સભામાં મહારાજે ગુજરાત અને કાઠિયાવાડના સત્સંગીઓને એકબીજાની ઓળખાણ કરાવી. તેથી સૌ એકબીજાને ભેટ્યા, પણ 'આ તમાકુ

ને અફીણ ખાનારો સત્સંગી નથી લાગતો' એમ બોલતાં હરિભક્તો તેને ભેટતા નહીં. મૂળુખાચરે ત્યાં જ નિશ્ચય કરી, તમાકુ ને અફીણ ખાવાં છોડી દીધાં.

બે-ચાર દિવસે મહારાજને ખબર પડી કે મૂળુખાચરે હોકો, તમાકુ, અફીણ છોડી દીધાં છે, તેઓ નિર્વ્યસની થયા છે.

મહારાજે તેમને બોલાવીને પૂછ્યું: 'તમે કોની શિખામણથી વ્યસનો છોડ્યાં ?'

મૂળુખાચરે કહ્યું: 'મહારાજ ! કુસંગીની ટકોરથી મેં હોકો છોડ્યો અને સત્સંગીની ટકોરથી મેં તમાકુ ને અફીણ છોડ્યાં.'

એમ કહી તેમણે ઉમેર્યું: 'મહારાજ ! આ સમૈયે મને લાવી, આપે મારા પર મહેર કરી છે. મને વ્યસનની ગુલામીમાંથી છોડાવી, મારું જીવતર સુધાર્યું છે.' આટલું કહી મૂળુભા મહારાજનાં ચરણોમાં પડી ગયા.

વરતાલથી નીકળી મહારાજ બુધેજ પધાર્યા. બુધેજમાં મોટું હરિસરોવર ખોદાવી પૂર્તકર્મ કર્યું. પછી કુંડળ-કારિયાણી થઈ ગઢડા પધાર્યા.

## [૬] ભટ્ટજીની મૂંઝવણ ટાળી

જન્માષ્ટમીનો સમૈયો આવી રહ્યો હતો. મહારાજે આ સમૈયો અગતરાઈમાં કરવાનું નક્કી કર્યું. તે ઠરાવ મુજબ મહારાજ ગઢડાથી નીકળી અગતરાઈ પધાર્યા. પર્વતભાઈને ઘેર મહારાજ ઊતર્યા. પર્વતભાઈએ કોઠાર ખુલ્લા મૂકી દીધા. મહારાજે અહીં કાઠી દરબારોને ગોળ-ચોખામાં છૂટી ધારે ઘી પીરસ્યું. પર્વતભાઈ રાજી થઈ નાચ્યા. દરબારોને પર્વતભાઈનો મહિમા સમજાયો. અહીં જન્માષ્ટમીનો ઉત્સવ કરી મહારાજ કેટલોક વખત રહ્યા.

અગતરાઈથી મહારાજે ગઢડે પાછા જવાનું નક્કી કર્યું. મહારાજ જમીને પરવાર્યા. ત્યાં મયારામ ભટ્ટ મહારાજને પગે લાગવા આવ્યા. મહારાજે કહ્યું: 'ભટ્ટજી ! ચાલો ગઢડે. અન્નકૂટનો ઉત્સવ તમને કરાવીએ.'

ભટ્ટજી ખચકાતા હતા. મહારાજે પૂછ્યું: 'કેમ ખચકાવ છો ?'

મયારામ ભટ્ટે કહ્યું: 'મહારાજ ! આ વર્ષે માંડ બાજરાનો પાક સારો થયો છે અને તે વાઢવાનો બાકી છે. જો આપની ભેળો હું આવું તો પાક બગડી જાય કે ચોર લણી જાય.'

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૩ની સાલના પ્રસંગો છે.

મહારાજ કહે: 'એમાં શું? અમે તમને બાજરો લણવામાં મદદ કરીએ તો?'

'તો તો જરૂર આવું. મારેય ઘણા વખતથી ગઢડે અન્નકૂટનો સમૈયો કરવાનો સંકલ્પ છે.'

મહારાજે તરત જ પર્વતભાઈને કહીને બધા હરિભક્તોને ત્યાંથી દાતરડાં મંગાવ્યાં. ભરબપોરે મહારાજ પચાસ માણસોનો સંઘ લઈ માણાવદર ભટ્ટજીને ખેતરે ગયા. મહારાજ પોતે પણ સંતો તથા હરિભક્તો સાથે બાજરો લણવા લાગ્યા. ભાદરાથી આવેલા મૂળજી શર્મા પણ સાથે હતા. સૂરજ આથમતાં મોર બધો પાક લણાઈ ગયો. મોટા ચોફાળમાં બાંધી, ગાડામાં નાખી, બધો બાજરો ભટ્ટજીને ઘેર ઠાલવી દીધો.


બીજે દિવસે સવારે ભટ્ટજી પણ મહારાજની સાથે ચાલી નીકળ્યા.

## બાળહત્યા બંધ કરાવી

અજ્ઞાન, અંધશ્રદ્ધા અને આર્થિક મુશ્કેલીઓના એ જમાનામાં કેટલાય કુરિવાજો પ્રચલિત હતા. મહારાજે તેની સામે લડત આદરી. એવો એક નીંદનીય કુરિવાજ હતો – દીકરીને જન્મતાંવેંત જ દૂધપીતી કરવાનો.

અમુક ક્ષત્રિયોમાં દીકરીનાં લગ્નમાં પુષ્કળ ખર્ચ થતું. જમીન અને દ્રવ્ય પુષ્કળ પ્રમાણમાં આપવું પડતું. તેથી દીકરીનો જન્મ થાય એટલે તેને દૂધથી ભરેલા વાસણમાં ઊંધે માથે ડુબાડીને મારી નાંખવાનો રિવાજ હતો. આ રિવાજ 'દીકરીને દૂધપીતી કરવી,' એ નામે પ્રચલિત હતો. મહારાજે પોતાના આશ્રિત બધા જ ક્ષત્રિય હરિભક્તોમાં આ પ્રથા બંધ કરાવી. સમગ્ર ક્ષત્રિય સમાજ ખળભળી ઊઠ્યો.

મહારાજ બંધિયામાં બિરાજતા હતા. કેટલાક ક્ષત્રિયો દર્શને આવ્યા. તેઓના મનમાં કેટલાક પ્રશ્નો હતા. મહારાજે સમાજના વહેણ વિરુદ્ધ જઈ બંધ કરાવેલ 'દૂધપીતી' રિવાજ સંબંધી કેટલીક ફરિયાદ હતી. મહારાજે અંતર્યામીપણે તેમના મનની મૂંઝવણ જાણી લીધી. મહારાજે તેમને ઉપદેશ દેતાં કહ્યું: 'દીકરીને દૂધપીતી કરવાથી ત્રણ પ્રકારની હત્યા કર્યાનું પાપ લાગે છે. એક તો નિર્દોષ કુટુંબીજનની હત્યા કરવાનું પાપ, બીજું બાળહત્યાનું પાપ અને ત્રીજું નિઃસહાય અબળાહત્યા(સ્ત્રીહત્યા)નું પાપ લાગે છે. માટે આવું



અપકૃત્ય કરીને પાપમાં ન પડવું.'

ક્ષત્રિયોએ કહ્યું: 'મહારાજ! શું કરીએ? દીકરીને પરણાવવા પાછળ પુષ્કળ ખર્ચ થાય છે. અમારી એટલી પહોંચ હોતી નથી. અમે આટલા બધા પૈસા ક્યાંથી કાઢીએ? આથી, અમારે દીકરીને દૂધપીતી કર્યા વિના છૂટકો નથી.'

મહારાજે કહ્યું: 'પણ તમારે આ પાપ ન કરવું. તમારે લગ્ન ખર્ચનું નાણું જોઈતું હશે તો અમે આખા સત્સંગમાંથી ખર્ચ પૂરતું નાણું ભેગું કરીને પૂરું પાડશું પણ કોઈ રીતે આવી બાળહત્યા કરવી નહીં.'

મહારાજના આ શબ્દો અને મહારાજે આપેલી ધીરજ આગળ ક્ષત્રિયોની કોઈ દલીલ ઊભી રહી નહીં. તેથી એક ક્ષત્રિયે લોકલાજ આગળ ધરીને કહ્યું: 'અમારી જાતમાં જુવાન છોકરાઓ વ્યસની અને દુરાચારી હોય છે. માટે કોઈ પૈસા આપે તોય અમારી કન્યાઓને જેની તેની સાથે વરાવીને આબરૂનું લિલામ કરવા માગતા નથી.'

મહારાજે ઢોલિયા પર હાથ પછાડી સત્તાવાહી સૂરમાં ભવિષ્યવાણી ઉચ્ચારતાં કહ્યું: 'અમે તમારી જવાબદારી લઈએ છીએ તો શું તમારી દીકરીઓ માટે સારા છોકરા પૂરા નહીં પાડી શકીએ? ભગવાન પર ચિંતા નાખી દો, તો ભગવાન તમારી સંભાળ લેશે. અમારી આ આજ્ઞા નહીં પાળો તો તમારે તમારી દીકરીઓને જંગલીઓને વેરે આપવી પડશે. હવે એવું રાજ આવી રહ્યું છે કે કાયદો અને સત્તા વડે તમારો લૂંટફાટનો ધંધો છોડાવશે. આ બધા કુરિવાજો મુકાવશે. તે વખતે પરવશ થઈને મૂકવું પડશે અને હાથમાં માળા લેવાનો વારો આવશે; પણ પછી કાંઈ નહીં વળે. માટે અમારી આજ્ઞા પાળી રાજીપો લઈ લો. માળા લઈને ભગવાનનું ભજન કરો. ભગવાન તમારી સહાય કરશે.'

ક્ષત્રિયોની અંતરની આંખ ઊઘડી ગઈ. તેમને મહારાજના શબ્દોમાં શ્રદ્ધા બેઠી. તેમણે આજ્ઞા માથે ઉઠાવવાનું વચન આપ્યું. ખરેખર! બન્યું હતું પણ એવું જ; અંગ્રેજ સત્તા સુરતથી આગળ ગુજરાત અને કાઠિયાવાડમાં વધવાના પ્રયાસ કરી રહી હતી.

## સતીપ્રથાની નાબૂદી

આ જમાનામાં સતી થવાનો ચાલ પ્રચલિત હતો. બંગાળ, બિહાર તરફ સતીપ્રથા ખૂબ પ્રબળ હતી. કાઠિયાવાડમાં પણ કેટલાક રજપૂતોમાં સતીપ્રથા

ચાલુ હતી. મહારાજે તેમની સાથે હેત કરીને, વશ કરીને તેમના સમાજ-જીવનમાં પ્રવેશ કર્યો. તેમણે સમાજ-સુધારણાના કાર્યનો એક અગત્યનો તબક્કો શરૂ કર્યો.

મહારાજે નિરક્ષર અને અબળા સ્ત્રીઓ પર ઠોકી બેસાડવામાં આવેલી આ ત્રાસદાયક પ્રથા સામે જેહાદ જગાડી. તેમણે તેમના ઉપદેશમાં 'પતિના મૃત્યુ પછી સ્ત્રીએ સતી થવું' એ પ્રથાનું ખંડન શરૂ કર્યું. એટલું જ નહીં, પરંતુ પોતાના આશ્રિત ક્ષત્રિય વર્ગમાં આ પ્રથા તદ્દન નાબૂદ કરી.

પરિણામે, સમાજમાંથી સતી થવાનો ચાલ ધીરે ધીરે ચાલ્યો ગયો. તેમણે આ કાર્ય બળજબરી કે ધાકધમકીથી નહીં; પરંતુ પ્રેમ, સમજાવટ ને તર્કયુક્ત દલીલોથી કર્યું. તેમણે આ પ્રથા વિરુદ્ધ ધાર્મિક પ્રમાણો અને ટેકો આપીને પ્રજામત જગાડ્યો. લોકોના અંતરમાં 'સતીપ્રથા ગેરવાજબી અને ક્રૂર પ્રથા છે' તેવું ભાન કરાવ્યું. મહારાજ તેમના ઉપદેશમાં કહેતા:

'સ્ત્રીએ સતી થવું એ આત્મહત્યા કરવા જેવું પાપ છે. અમારો મત તો એ છે કે તીર્થના માહાત્મ્યે કરીને, પતિના માહાત્મ્યે કરીને કે લાજશરમે પણ સતી થવા રૂપ આત્મહત્યા કરવી નહીં. તેમજ કોઈ પણ સ્ત્રીને પુરુષોએ સતી થવા પ્રેરવી નહીં. સ્ત્રીને સતી થવાની ફરજ પાડવી, એ સ્ત્રીહત્યા કરવા બરોબર છે. માટે સમજુ, શાણી સ્ત્રીઓએ તો પોતાનો ધણી મરી જાય તો નાસીપાસ થયા વગર પરમેશ્વરને પતિભાવે સેવવા. એક પરમેશ્વરને વિષે પતિવ્રતાની દૃઢ ટેક રાખી, પોતાના ભાઈ, પુત્ર, પિતા કે સસરાની આજ્ઞામાં રહી ભગવાનનું ભજન કરવું. આત્મહત્યાથી જીવની અવગતિ થાય છે. માટે દુર્લભ મનુષ્ય દેહ મળ્યો છે, ત્યારે મોક્ષનું સાધન સિદ્ધ કરી લેવું.'

આમ, સતી થવાનો ચાલ સમાજમાંથી દૂર કર્યો. એટલું જ નહીં, વિધવા સ્ત્રીઓને 'રાંડ' કહી સંબોધવામાં આવતી, તે પ્રથાને દૂર કરી. ભક્તિમય જીવન જીવતી વિધવા સ્ત્રીઓને 'સાંખ્યયોગી બાઈઓ' એવું આદરપૂર્ણ બિરુદ આપ્યું.

## પરમહંસ દીક્ષા

મહારાજે ધોરાજીમાં ફાગણ સુદ પૂનમનો ઉત્સવ લાલ વડે કર્યો.

રામાનંદ સ્વામી ધામમાં ગયા ત્યારથી મહારાજ સફેદ ધોતિયું, ઉપર ભગવું ગાતરિયું અને અલફી ટોપી જ પહેરતા. તેમને ધર્મધુરા આપી તે વખતે

પાઘ પહેરાવેલી, પણ ત્યારપછી મહારાજે ભારે વસ્ત્રાભૂષણો ધારણ કરેલાં નહીં.

ધોરાજીમાં પૂનમને દિવસે મહારાજને સુરતના પ્રેમી હરિભક્તોએ અતિશય આગ્રહથી પહેલ-વહેલી વાર જરિયાની જામો, સુરવાળ, આભૂષણો વગેરે પહેરાવીને માથે મુગટ ધરાવ્યો. પછી મહારાજને હિંડોળે ઝુલાવ્યા. મહારાજે બીજે દિવસે ચોરાશી કરી. બ્રાહ્મણોને જમાડી દાન દીધાં.

મહારાજ ત્યાંથી નીકળી જૂનાગઢ પધાર્યા. જૂનાગઢમાં ચૈત્ર સુદ હરિ-નવમીનો ઉત્સવ ઊજવ્યો.

સોરઠના હરિભક્તોને સુખ આપી મહારાજ વિચરણ કરતાં કાલવાણી પધાર્યા. અહીં દેશ-દેશથી આવેલા સંતોને સમાચાર પૂછ્યા. સંતોએ સદાવ્રતોમાં થતી લૂંટફાટ અને દ્વેષી લોકોના ત્રાસની વાત મહારાજને કરી.

સંતોએ કહ્યું : 'મહારાજ ! અમને ગાળ દે, મારે, લૂંટે, કંઠી-જનોઈ-પૂજા તોડી નાખે, એ બધું સહન કરીએ છીએ; પણ દ્વેષીઓ તેમની સેવિકાઓને અમારી સામે મોકલે છે.'

પછી કયા સંતોને કેવો માર પડ્યો તેની સૌએ વાત કરી. મહારાજને બહુ દુઃખ થયું.

સાધુઓને ગાળ, અપમાન, તિરસ્કાર કે મારપીટનું દુઃખ જણાતું ન હતું. એ બધું તેઓ સહન કરતા, પરંતુ દ્વેષીઓ જાણીબૂઝીને સાધુ સામે સ્ત્રીઓ મોકલીને તથા તેમની કંઠી-પૂજા ઝૂંટવી લઈને સાધુઓને ઉપવાસ કરાવતા.

મહારાજથી સાધુઓનું આ દુઃખ ખમાયું નહીં. તેમણે કહ્યું : 'ચાલો, આજે તમને એવો વેશ આપું કે જેથી તમને કોઈ ઓળખી શકે નહીં.'

અહીં મહારાજે એકી સાથે પાંચસો સંતોને શિખાસૂત્રનો ત્યાગ કરાવ્યો. સંન્યાસીના ધર્મો ધારણ કરાવ્યા. માનસી મૂર્તિપૂજાનો વિધિ આપ્યો. સૌને સંન્યાસીની દીક્ષા આપી અલફી પહેરાવી. સાધુઓને ભાગવતી દીક્ષા તથા કંઠી, પૂજા વગેરે આપવાનું બંધ કર્યું. મહારાજે પરમહંસોને અલક્ષ્યપણે વિચરવાની આજ્ઞા કરી.

ફક્ત પચ્ચીસ જ વર્ષની ઉંમરના આ યુવાન ધર્મસ્થાપકમાં એવું તે શું અનોખું આકર્ષણ હતું કે જેને લીધે મોટેરા સંતો, જેઓ વર્ષોથી વર્ણાશ્રમધર્મો પાળતા હતા અને સાધુ તરીકે રહેતા હતા તેઓ, શિખાસૂત્રનો ત્યાગ કરી પરમહંસ સંન્યાસી બન્યા ! વિશ્વના ધાર્મિક ઇતિહાસમાં આ એક

તદ્દન અનોખો અને અદ્વિતીય પ્રસંગ હતો. કોઈએ વિરોધ કર્યો નહીં અને મહારાજના એક જ વચને પરમહંસ બન્યા, તે મહારાજના દિવ્ય અને આકર્ષક વ્યક્તિત્વનું સૂચક છે.

હવે બીજા સંન્યાસીઓની જેમ આપણા સાધુ ઓળખાય તેવા ન રહ્યા.

મહારાજ આટલેથી અટક્યા નહીં. 'રાતું લૂંગડું દેખાય તો ઉપવાસ કરવો', 'પગ લાંબા કરી સૂવું નહીં', 'શિયાળામાં વહેલી સવારે માટલાના ટાઢા પાણીએ નાહવું', 'ધ્યાન કરતાં સર્પ કે વીંછી કરડે તોય હલવું નહીં...' વગેરે આકરાં પ્રકરણો ફેરવી, પરમહંસોની કસોટી કરવાની શરૂ કરી; પરંતુ આ બધી કસોટીઓ હસતે મુખે શિરે ચઢાવી પરમહંસો તેમાં પાર ઊતર્યા.

## [૭] મૂળજી ભક્તનો મહિમા

ફરતાં ફરતાં મહારાજ ભાદરા પધાર્યા. અહીં મહારાજે રોજ હરિભક્તોને ત્યાં જમવા જવાના વારા રાખ્યા હતા. મહારાજે એક દિવસ વશરામભાઈને પૂછ્યું: 'આજે અમારે જમવાના કેને ઘેર વારા છે?'

વશરામભાઈએ કહ્યું: 'મહારાજ! આજ તો મૂળજી શર્માને ઘેર જમવા જવાનું છે.'

ત્યારે મહારાજ કહે: 'ચાલો ત્યારે, આપણે મૂળજીને ત્યાં જઈએ.' એમ કહી વહેલા મૂળજી ભક્તને ઘેર ગયા.

મૂળજી ભક્ત ખેતરે ગયેલા. આથી, તેમનાં માતુશ્રી સાકરબાએ સાંગામાચી પર ગોદડું નાંખી મહારાજને બેસાર્યા. બાજુમાં વશરામભાઈ, ડોસાભાઈ, રત્નાભાઈ વગેરે હરિભક્તો બેસી ગયા. પછી મહારાજે સાકરબાને પૂછ્યું: 'મા! તમારા મૂળજી અમને કોઈ દી યાદ કરે છે?'

સાકરબા કહે: 'મહારાજ! એ તો હરતાં ફરતાં રાત-દી તમને જ યાદ કરે છે. તમને ઘડી પણ વિસારતા નથી. આપને જનોઈ દેવાઈ ત્યારે મને તેમણે કહ્યું હતું કે મા! આજે જનોઈનાં ગીત ગાઓ. તમે ઘરનો ત્યાગ કરી વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે પણ તેમણે મને કહ્યું હતું કે આજે અક્ષરધામના ધણી ગૃહત્યાગ કરી વનમાં જવા નીસર્યા છે. આમ, બાળક હતો ત્યારથી મૂળજી તમને સંભારે છે.'

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૪ની સાલના પ્રસંગો છે.

આ સાંભળી મહારાજે કહ્યું :

“આ મૂળજી તો અમારે રહેવાનું ધામ, અનાદિ અક્ષરબ્રહ્મ છે. સાકરબા ! એ તો તમારા ગર્ભમાં હતા ત્યારે, તે પહેલાં અને આજે પણ અમારી મૂર્તિ અખંડ દેખતા અને દેખે છે. અમારે અને એમને અનાદિનું હેત છે. અમો પણ જન્મ્યા ત્યારથી મૂળજીને અખંડ સંભારીએ છીએ, તે અમારી સાથે બંધાયા છે, અમે એમની સાથે સતત બંધાઈ રહ્યા છીએ.

અનંત બ્રહ્માંડોને મૂળજી ધરી રહ્યા છે. મૂળજી તો મૂળ માયા, મૂળ પુરુષ, તે સર્વથી પર છે, તે તમારે ઘેર પુત્રરૂપે પ્રગટ થયા છે.

મૂળજી તો અનાદિ અક્ષરબ્રહ્મ છે. અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે, સચ્ચિદાનંદરૂપ છે. મૂળજીના સંબંધથી જે જીવ શુદ્ધ બ્રહ્મરૂપ થાય છે ત્યારે જ તે આત્યંતિક મુક્તિને પામે છે.

ધામરૂપ મૂળજી નિર્ગુણ અને ગુણાતીત છે. જ્યોતિરૂપ છે. અમારી મૂર્તિ અને અનંત મુક્તોને ધરી રહ્યા છે. છતાં અમારી સમીપે અખંડ અમારી સેવામાં મૂર્તિમાન સ્વરૂપે સદા રહે છે. મૂળજી પણ કર્તા થકા અકર્તા કહેતાં સર્વથી અલિપ્ત છે.

અક્ષરનો યથાર્થ મહિમા સમજાશે અને પ્રગટ અક્ષરબ્રહ્મને સંગે તે રૂપ થવાશે ત્યારે અમારો મહિમા સમજી શકાશે. અક્ષરરૂપ થાય તેને જ અક્ષરથી પર એવા પુરુષોત્તમનો મહિમા જેમ છે તેમ સમજાય છે.”

આવો મહિમા સાંભળી સાકરબાએ કહ્યું : ‘મહારાજ ! મારો તો સ્ત્રીનો દેહ, તે ઝાઝું સમજાય નહીં, પરંતુ આપ કહો છો તેમજ છે.”

ત્યાં મૂળજી ભક્ત આવ્યા. મહારાજ તેમની સાથે જમવા બેઠા. મૂળજીને પ્રસાદી આપી.

મહારાજ ભાદરામાં એક માસ રહ્યા, હરિભક્તોને ખૂબ સુખ આપ્યું. પોતાનું ધામ જે અક્ષરબ્રહ્મ તે આ મૂળજી શર્મા છે, તેમ સમજાવ્યું.

પછી કાર્તિક સુદ ત્રીજે અહીંથી નીકળી ફરતાં ફરતાં કચ્છ પધાર્યા.

## અઢારને દીક્ષા

મહારાજને સુંદરજી સુતારના શબ્દો યાદ હતા. ગર્વગંજન મહારાજના મનમાં કંઈક જુદું જ હતું.

મહારાજે ભાદરાથી નીકળતાં પહેલાં એક પત્ર સુરાખાચર, અલૈયા-ખાચર, અમરો પટગર... આદિ અઢાર સુખી કુટુંબના ગામધણીઓ અને રાજ-દરબારોને સંબોધીને લખ્યો. તેમાં લખ્યું કે – 'તમો આ પત્ર વાંચી, તત્કાળ ઘરનો ત્યાગ કરી, જેતલપુર જઈ, ત્યાં રામદાસ સ્વામી આગળ દીક્ષા લઈ, કાશી જઈ આવી, ભુજ અમારી પાસે આવજો.'

આ પત્ર ખેપિયા દ્વારા અઢારે ભક્તોને ઘેર ફેરવ્યો.

બધા ભક્તો મહારાજની આજ્ઞા મુજબ ઘરબાર છોડી નીકળી પડ્યા. રામદાસ સ્વામી પાસે આવ્યા. રામદાસ સ્વામીને સ્વપ્નમાં દર્શન દઈને મહારાજે તેમને આજ્ઞા કરી કે આ નવા પરમહંસોની મંડળી લઈ તમે સીધા ભુજ આવો.

મહારાજ ભાદરાથી નીકળી ભુજ પધાર્યા. થોડે દિવસે નવા પરમહંસોની મંડળી રામદાસ સ્વામી સાથે ભુજ આવી. મહારાજ દંડવત્ કરતાં તેમને સામા તેડવા ગયા. મહારાજે દરેકનો પરિચય સુંદરજી સુતારને કરાવી કહ્યું: 'આ દરેક પાંચ, પચીસ કે પચાસ ગામના ધણી છે. કેવળ અમારો પત્ર વાંચીને ઝોળિયા પારેવાંની જેમ પડતું મૂકી, સાધુ થઈને આવ્યા છે.'

આ જોઈ સુંદરજી સુતારની આંખમાં પાણી આવી ગયાં. તેમનો ગર્વ ઓગળી ગયો. તેઓ મરમમાં જ સમજી ગયા. તેમણે મહારાજને બંધિયામાં કહેલા શબ્દો બદલ માફી માગી. મહારાજે સૌને આજ્ઞા કરી, ત્યાગીનો વેશ મુકાવી ફરી પાછો ગૃહસ્થનો વેશ ધારણ કરાવ્યો, પરંતુ કડુ ગામના કલ્યાણભાઈ જેમનું નામ પત્રમાં નહોતું, છતાં 'આદિ' શબ્દમાં પોતાનો સમાવેશ ગણી સાધુ થયા હતા, તેવા 'અદ્ભુતાનંદ સ્વામી' તેમણે સાધુ રહેવાનું જ પસંદ કર્યું.

મહારાજ ભુજમાં ખૂબ સુખ આપી કચ્છમાં વિચર્યા. માંડવીમાં મહારાજે ખૈયા ખત્રીના પ્રશ્નોના ઉત્તર દઈ, ખૈયા ખત્રીને જીતી પોતાનો આશ્રિત બનાવ્યો.

## હિંસામય યજ્ઞનું ખંડન

ભુજમાં જગજીવન મહેતા નામનો દીવાન રહેતો. તે ભુજના રાજા દેવજીના આઠ દીવાનમાંનો એક દીવાન હતો. તેણે શતચંડી યજ્ઞ કરાવ્યો. આ યજ્ઞ હિંસામય હતો. તેમાં 'દેવી પ્રસન્ન થાય એ હેતુથી ઘેટાં-બકરાંનો ભોગ યજ્ઞમાં આપવો' એવું તેણે નક્કી કરેલું. વેદિયા બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરીને આહુતિઓ આપતા હતા. કુંડમાં અગ્નિની જ્વાળાઓ ભડભડ બળતી

હતી. બકરાંઓને કપાળમાં કુંકુમના ચાંદલા ને ગળામાં હાર પહેરાવી, યજ્ઞમાં હોમવા માટે તૈયાર કર્યાં હતાં. તેણે મહારાજને પોતાના યજ્ઞમાં પધારવા આમંત્રણ આપ્યું.

મહારાજને આ વાતની ખબર પડી. તેમને નિર્દોષ પ્રાણીઓની દયા આવી. તેમને વૈદિક યજ્ઞો અને વેદના સિદ્ધાંતોનો હ્રાસ થતો હોય તેવું લાગ્યું. વેદનું સાચું રહસ્ય સમજાય, અહિંસામય યજ્ઞોનું ફરીથી પૃથ્વી પર સ્થાપન થાય અને નિર્દોષ પ્રાણીઓની રક્ષા થાય, એવા હેતુથી મહારાજ જગજીવનના યજ્ઞમંડપમાં આવ્યા. મહારાજે સાધુનાં અને બ્રાહ્મણોનાં લક્ષણોની અને ધર્મોની વાત કરી પછી વેદોના મંત્રોને આધારે અહિંસામય યજ્ઞોનું પ્રતિપાદન કર્યું.

મહારાજે કહ્યું: 'અજેન યજેત્ । એટલે 'બકરાં હોમીને યજ્ઞ કરવો' એમ નહીં, પરંતુ 'અજ' એટલે ચાર-પાંચ વર્ષની જૂની, ન ઊગે તેવી, ડાંગર હોમી યજ્ઞ કરવો. માટે સુપાત્ર બ્રાહ્મણોએ ધર્મની મર્યાદામાં રહીને, ડાંગર, તલ, જવ, ઘૃત, શ્રીફળ વગેરે હુતદ્રવ્યોથી સાત્ત્વિક યજ્ઞો કરવા, એવો વેદોનો સનાતન સિદ્ધાંત છે. યજ્ઞમાં પ્રાણીની હિંસા કરવાથી કોઈ દેવ-દેવી પ્રસન્ન થતાં નથી.'

આવો ઘણો ઉપદેશ શાસ્ત્રોને આધારે મહારાજે કર્યો. જગજીવને ઘણી દલીલ કરી, પણ તેની એકેય દલીલ મહારાજની શાસ્ત્રોક્ત વાત આગળ ટકી શકી નહીં. ત્યાં શાસ્ત્રાર્થમાં મહારાજનો વિજય થયો. અહિંસામય યજ્ઞો સાચા ઠર્યા, પણ આસુરી બુદ્ધિવાળો જગજીવન માન્યો નહીં. આથી, મહારાજ ત્યાંથી ચાલી નીસર્યા.

## બ્રહ્મચારીને સાથે બેસાર્યા

મહારાજ કચ્છમાં વાંઢિયા ગામ જતા હતા. મહારાજની સાથે મુકુંદ બ્રહ્મચારી. ત્યાં રસ્તામાં ચોર મળ્યા. મહારાજે બ્રહ્મચારી આગળનું બધું ભાતું ચોરને આપી દીધું. ચોરને બીજું કાંઈ તેમની પાસેથી મળ્યું નહીં, તેથી ભાતું લઈને ચાલ્યા ગયા.

મહારાજ અને બ્રહ્મચારી થોડું ચાલ્યા. પછી મહારાજ કહે: 'બ્રહ્મચારી! મને ભૂખ લાગી છે. સુખડી હોય તો આપો ને, ભૂખ્યે પેટે ચલાશે નહીં.'

એટલે બ્રહ્મચારીએ કહ્યું: 'ચોરને જોઈતું નહોતું તોય ભાતું અપાવી દીધું અને હવે ખાવાનું માગો છો?'

આ સાંભળી મહારાજે કહ્યું: 'તો તો, ભૂખ્યે પેટે અમારાથી ચલાશે નહીં.' મહારાજ ઊભા રહ્યા.

ત્યાં એક કણબી પટેલ ખાલી ગાડું લઈને નીકળ્યો. બ્રહ્મચારીએ પાસે જઈને પટેલને સમજાવીને ગાડું ઊભું રખાવ્યું. તેમાં મહારાજને બેસાર્યા. પછી મહારાજે બ્રહ્મચારીને પણ પોતાની સાથે જ ગાડામાં બેસવા આગ્રહ કર્યો, પણ સેવકધર્મ પાળતા બ્રહ્મચારી ગાડામાં બેઠા નહીં અને ગાડાની પાછળ ચાલવા માંડ્યા. ગાડે બે બળદ જૂતેલા, તેથી ગાડું ઉતાવળું ચાલે ને બ્રહ્મચારી પાછળ રહી જાય. આથી, મહારાજે આખા બ્રહ્માંડનો ભાર ગાડામાં મૂક્યો. તેથી બળદ ઊભા રહી ગયા. પટેલે ઘણી મહેનત કરી પણ બળદ ચાલે નહીં. પટેલ મૂંઝાયા.

મહારાજ કહે: 'પટેલ! આ પાછળ દાઢીવાળો બાવો (બ્રહ્મચારી) ચાલ્યો આવે છે તે બહુ કામણ-ટુમણવાળો છે. તેણે ગાડું ઊભું રાખ્યું છે. માટે એને ગાડામાં બેસારશો તો ગાડું તરત ચાલશે. ન બેસે તો પરાણે બાવડું ઝાલીને બેસાડજો.'

પટેલે બ્રહ્મચારીને સમજાવી પરાણે ગાડામાં બેસાર્યા. ગાડું ચાલતું થયું.

વાંઢિયે ધર્મશાળા આગળ મહારાજ ઊતરી ગયા અને પટેલના ઘરની સુખડી જમ્યા. આવી ગમ્મત મહારાજ ઘણી વાર કરતા.

## પોતે પાળીને પછી પળાવ્યું

મહારાજ જે આજ્ઞા પોતે પરમહંસોને કરતા, તે પ્રમાણે ઘણી વાર સૌ પ્રથમ પોતે જ વર્તતા. તેઓ પોતાના વર્તન દ્વારા સૌને પાઠ આપતા.

મહારાજે તેરા ગામમાં પરમહંસોને આજ્ઞા કરી કે 'આજથી સહુ પરમહંસોને ભિક્ષામાં ઉપલા ત્રણ વર્ણોને ત્યાંથી રાંધેલું અન્ન મળે તો તે જ લેવું. રોટલા, ખીચડી વગેરે જે મળ્યું હોય તે ભેગું કરી, એક કપડામાં નાખીને કપડા સોતું પાણીમાં ઝબોળવું. કૂતરું પણ ન સૂંઘે તેવું સ્વાદ વગરનું થાય, પછી તેનો એક ગોળો દરેક પરમહંસે ખાવો.'

આ સાંભળી કેટલાક પરમહંસોને આશંકા થઈ. તેમને થયું કે ગમે તેના હાથનું રાંધેલું અન્ન કેમ ખવાય? તેમાંય ગોવિંદ સ્વામી તો આવી ભિક્ષા માગવા જરાય તૈયાર નહોતા. ઊલટાનો તેમનો તો આવી ભિક્ષા માગવા સામે વિરોધ હતો. જ્યારે મહારાજની ઇચ્છા હતી કે પરમહંસને દીક્ષા લીધા પછી

વર્ણ કે આશ્રમનું માન રહેવું જોઈએ નહીં. આનો તેમણે તોડ શોધી કાઢ્યો.

તે દિવસે સવારે મહારાજ પોતે કેટલાક પરમહંસો સાથે ભિક્ષા માગવા નીકળ્યા. બપોરના બાર સુધીમાં જે કાંઈ રાંધેલું અન્ન મળ્યું તે ભિક્ષામાં લીધું. પછી સૌ પરમહંસોની સાથે કૂવાને કાંઠે ગયા. કપડાની ઝોળી ભિક્ષા સાથે ત્રણ વાર સારી પેઠે પાણીમાં ઝબકોળી. પછી સૌ પ્રથમ એક ગોળો પોતે જમ્યા અને સૌને પણ એક એક ગોળો આપ્યો. ગોવિંદ સ્વામી આ જોઈ અવાક્ બની ગયા. પોતાના ઈષ્ટદેવને પહેલ કરતાં જોઈ સૌનો ગર્વ ગળી ગયો. સૌએ મહારાજની આજ્ઞા સહર્ષ સ્વીકારી લીધી. આમ, નવું પ્રકરણ મહારાજે પોતાનાથી જ શરૂ કરાવ્યું.

## સાધુઓની આકરી પરીક્ષા

કેટલાક સાધુઓને મહારાજે મુક્તાનંદ સ્વામી સાથે ગુજરાત ભણી સત્સંગ કરવા મોકલ્યા. તેઓ ફરતાં ફરતાં અમદાવાદ ગયા. ત્યાં દરિયાખાનના ઘુમ્મટમાં રહેતા. તેઓ શહેરમાં ભિક્ષા માગવા જતા ત્યારે કેટલાક દ્વેષીઓ ભિક્ષાની ઝોળીમાં મરેલા ઉંદર, ગરોળી, કાંદા, લસણ અને ઘરનો કચરો પણ નાંખતા. આથી, મળેલી ભિક્ષા ફેંકી દેવી પડતી, ઉપવાસ થતા. કેટલીક વાર પાશેર ભાર કે તેથી પણ ઓછી ભિક્ષા દરેકને ભાગે આવતી. જે કાંઈ ભિક્ષા મળી હોય, તેને સાફ કરીને, જોઈને, પાણીમાં ધોઈને ગોળો વાળી સાધુઓ જમી જતા.

એક વખત સાધુઓને ભિક્ષામાં કાંઈક વાસી અને બગડી ગયેલું અન્ન આવી ગયું. આથી, સાધુઓના પગમાં વાઢિયા (ચીરા) પડી ગયા, તળિયે ફોલ્લા ઊપસી આવ્યા.

પરંતુ મહારાજને પરમહંસો સાથે એટલો આત્મીયભાવ હતો કે આ પ્રસંગ બન્યો તે વખતે મહારાજને પણ દૂર ભુજમાં પગે ફોલ્લીઓ નીકળી આવી. કેવો શિષ્યો સાથે એકાત્મભાવ !

લગભગ દોઢસો સાધુઓનું એક મંડળ જામનગર ગયું હતું. તેઓ શહેરની બહાર નદી કાંઠે ઊતર્યા હતા. તેમને જુવાર, બાજરી, મકાઈનો લોટ, ચોખાની કણકી તથા કોદરા ભિક્ષામાં મળતાં. આ બધું સાફ કરી, ભેગું કરી, કપડામાં નાખી, પાણીમાં પલાળીને ગોળો વાળી, દરેક પરમહંસ એક-એક ગોળો ખાતા. ક્યારેક અડધો પાશેર તો ક્યારેક ફક્ત એક કોળિયો અન્ન જ

ખાવા મળતું. આથી, સાધુઓએ પોતાની આ મુશ્કેલી મહારાજને હરિભક્ત દ્વારા કહેવરાવી.

થોડા દિવસે હરિભક્ત સાથે મહારાજે ઉત્તર મોકલ્યો :

‘‘પૂર્વે કોઈ એક સદ્‌ગુરુ રહેતા હતા. તેમને ગામમાંથી એક માણસ રોજ શેર ચોખા આપી જતો. તે જમીને સદ્‌ગુરુ પોતાનું ગુજરાન કરતા. એવામાં એક મુમુક્ષુ તેમની પાસે શિષ્ય થવા આવ્યો. ત્યારે ગુરુએ કહ્યું: ‘જો મને રોજ શેર ચોખા મળે છે તેનો ભાત રાંધી ખાઉં છું. તેમાં મારું માંડ પૂરું થાય છે. અહીં ભિક્ષાની હાડમારી છે.’ ત્યારે મુમુક્ષુએ કહ્યું : ‘ગુરુજી ! મારી ચિંતા ન કરો. તમે ભાતનું ઓસામણ કાઢો છો તે પીને હું રહીશ.’ એમ કહી મુમુક્ષુ ગુરુની સેવામાં રહ્યો.

થોડે વખતે બીજો મુમુક્ષુ આવ્યો અને ગુરુ પાસે શિષ્ય થઈને રહેવાની ઇચ્છા બતાવી. ત્યારે ગુરુએ પોતાનું અને શિષ્યનું કેવી રીતે ગુજરાન થાય છે તે જણાવ્યું. ત્યારે બીજા મુમુક્ષુએ કહ્યું : ‘ગુરુજી ! ચિંતા ન કરશો. તમે ચોખા રાંધતાં પહેલાં તેને ધુઓ છો, તે ધોવરામણ પીને હું આપની સેવામાં રહીશ.’ એમ કહી તે પણ ગુરુની સેવામાં રહ્યો અને ધોવરામણ પીને ગુરુને સેવતો.

ત્યાં ત્રીજો મુમુક્ષુ આવ્યો. તેણે પણ ગુરુની સેવામાં રહી સમાગમ કરવાની ઇચ્છા બતાવી. ત્યારે ગુરુએ પોતાનું અને પોતાની સાથે રહેતા બે શિષ્યોનું ગુજરાન કેવી રીતે થાય છે તે કહ્યું. ત્યારે ત્રીજો મુમુક્ષુ કહે : ‘ગુરુદેવ ! આપ જમીને ચળું કરો છો, તે એઠું પાણી અને નીચે પડેલ એઠાં અન્નના દાણા ખાઈને હું આપની સેવામાં રહીશ. આપ મારી ચિંતા ન કરતા, મારે તો સત્સંગ કરવો છે.’

આમ, ત્રણ મુમુક્ષુઓ પૂર્વે સદ્‌ગુરુ આગળ આવી રીતે રહેતા હતા. આની તુલનામાં તમારું દુઃખ કાંઈ નથી. માટે ખપ હોય તો દુઃખ જણાય નહીં, ને ભગવાનનું ભજન થાય.’’

આવા મતલબનો પત્ર વાંચી સાધુઓ સહુ કેફમાં આવી ગયા. તેમને તેમનું દુઃખ વીસરાઈ ગયું. તેઓને વર્તવાનું બળ મળી ગયું. પછી તો તૈલંગ દેશથી આવી થયેલા એક સાધુ તો નદી કાંઠે કાછિયાઓ મૂળા તથા શાકભાજી ધોવા આવે અને નકામાં પાન મૂકી જાય, તે ખાઈને રહેતા. તો કેટલાક સાધુઓ લીલી શેવાળ ખાઈને રહેતા. આમ ને આમ ચાર-પાંચ દિવસ થઈ ગયા.

ત્યાં પાંચમે દિવસે જામનગરના રાજા અચાનક ત્યાંથી નીકળ્યા. તેમણે થોડે દૂરથી સાધુઓનાં કૃશ શરીર જોયાં. તેમને લીલી શેવાળ વીણી ખાતા જોયા. તેમને દયા આવી. રાજાએ નોકર દ્વારા જાણ્યું કે આ સ્વામિનારાયણના સાધુ છે. તેથી તેને વધુ માન ઊપજ્યું. તેમણે પોતાના નોકરને મોકલી કહેવરાવ્યું કે 'સાધુઓને કહો કે અમારા મહેલમાં આવીને રહે. બધું સીધું-સામાન પૂરું પાડીશું. માટે મહેલમાં રહી સુખેથી ભજન કરે.'

મંડળના સદ્ગુરુએ કહ્યું: 'અમારાથી સન્માન થાય ત્યાં જવાય નહીં. ત્યાં રહેવાય નહીં. સાહ્યબી અમને શોભે નહીં. માટે અમારાથી નહીં અવાય.'

ત્યારે રાજાના નોકરે કહ્યું: 'આમાં રાજધણીનું અપમાન કર્યું કહેવાશે.'

ત્યારે સદ્ગુરુએ કહ્યું: 'અમે અપમાન કરવા નથી માગતા. અમારો એવો આશય નથી, પણ આ તો અમને ભગવાન સ્વામિનારાયણનો આપેલો નિયમ તૂટે નહીં તેથી કહીએ છીએ; અને કદાચ રાજાને અપમાન લાગે અને આ જગ્યા છોડી જવા કહેશે, તો અમે બીજે કોઈ ગામ જઈ સુખેથી ભજન કરીશું.'

આ સાંભળી નોકર અચરજ પામી ગયો. તેણે બધી વાત રાજાને ધીરજથી સમજાવીને કહી. રાજાને વધારે ગુણ આવ્યો. પછી રાજાએ જુદી જુદી દુકાનો અને ઘરમાં પોતાના તરફથી સીધું રખાવ્યું અને તેમના મારફત સારી ભિક્ષા સાધુઓને અપાવી. આવું ઉપરાઉપરી બે દિવસ બન્યું.

આથી, મંડળના સદ્ગુરુએ કહ્યું: 'જ્યાં સારું પદાર્થ નિત્ય મળે ત્યાં રહેવાય નહીં. સારું પદાર્થ બંધનકારી છે, માટે ચાલો.'

ત્રીજે દિવસે સાધુનું મંડળ ત્યાંથી ચાલી નીકળ્યું.

તેવું જ પ્રકરણ મહારાજે 'રોજ પાંચ મુમુક્ષુઓને વાતો કરી, વર્તમાન ધરાવી સત્સંગી કર્યા પછી જ જમવું' તેવી આજ્ઞાનું ચલાવ્યું હતું. સાધુઓ કોશ કે હળ ચલાવતા ખેડૂત સાથે, આ છેડેથી બીજા છેડા સુધી ચાલતા જાય અને વાતો કરતા જાય. આવો દાખડો કરવા છતાંય કેટલીક વાર પૂરા પાંચ સત્સંગી ન થતા. સાધુઓને ઉપવાસ પડતા.

મહારાજને આ વાતની ખબર પડી. પછી મહારાજે નિયમ આપ્યો કે સાંજ સુધી મુમુક્ષુને સત્સંગી કરવા પ્રયત્ન કરવો. જો પૂરા પાંચ મુમુક્ષુ ન મળે તો સૂર્યાસ્ત પછી ઝાડને વર્તમાન ધરાવીને પછી જળ લેવું.

મહારાજ કચ્છમાંથી નીકળી ફરતાં ફરતાં ઝીંઝાવદર પધાર્યા.

## પઠાણને પ્રતીતિ

જૂનાગઢ લશ્કરમાં નોકરી કરતો એક પઠાણ ઝીંઝાવદરને પાદરેથી જતો હતો. ત્યાં તેના અંતઃકરણમાં શાંતિ થઈ ગઈ, તેના સંકલ્પો વિરામ પામી ગયા. તેને ચારેકોર તેજના પૂંજ દેખાવા લાગ્યા. તેને થયું : ચોક્કસ, આ ગામમાં કોઈ ઓલિયા ફકીર રહેતા લાગે છે.

આમ વિચારી તે સડક ઉપરથી ગામમાં પેઠો. તેણે સામેથી ચાલ્યા આવતા અલૈયાખાચરને પૂછ્યું : 'આ ગામમાં કોઈ ઓલિયો ફકીર છે ?'

અલૈયાખાચરે કહ્યું : 'ચાલ બતાવું.' એમ કહી તેમણે ગામના ચોરામાં બેઠેલા રામજી મંદિરનો બાવો બતાવ્યો. પઠાણે હુક્કો પીતા બાવાને જોયો, પણ તેને પ્રતીતિ ન થઈ.

પછી અલૈયાખાચર પઠાણને મહારાજ પાસે લઈ ગયા. મહારાજનાં દર્શન કર્યાં અને તેને પ્રતીતિ થઈ ગઈ. તેણે ઘૂંટણભેર પડીને મહારાજ સામે નમાજ પઢી. મહારાજે તેને સમાધિ કરાવી. સમાધિમાં તેને પયગંબરોનાં દર્શન થયાં. તેણે મહારાજને 'ખુદાતાલા' કહી સ્તુતિ કરી. 'મને આપની હજૂરની સેવામાં રાખો,' એવી તેણે માગણી કરી.

મહારાજે તેને કહ્યું : 'તું ઘેર જજે ને મૂર્તિ અંતરમાં રાખજે. અમે તારું કલ્યાણ કરીશું. તને અંતકાળે તેડવા આવીશું.'

પઠાણ નમસ્કાર કરીને ત્યાંથી ચાલ્યો ગયો.

મહારાજ ત્યાંથી નીકળી કારિયાણી વાટે ચાલ્યા.

## [૮] મૂંગાને મોઢે વેદ

મહારાજ ૧૮૬૧ની સાલથી જ્યારે કારિયાણી આવતા ત્યારે તળાવ, રામકુંડ અને ભીમકુંડ ગળાવવાનું પૂર્તકર્મ કરાવતા. તે ત્રણ તૈયાર થઈ જતાં ૧૮૬૫ની સાલમાં મહારાજે કારિયાણીમાં ભાદરવો-આસો માસમાં મહારુદ્ર તથા વિષ્ણુયાગ કરાવી, તેની પૂર્ણાહુતિ આસો વદ તેરસે કરી. ચાલીસ દિવસ સુધી હજારો બ્રાહ્મણો, સંતો અને હરિભક્તોને જમાડ્યા. બ્રાહ્મણોને દક્ષિણા આપી.

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૫ની સાલના પ્રસંગો છે.

મહારાજ ગઢડાથી ચરોતરમાં સત્સંગ કરાવવા નીકળ્યા. કેટલાંય ગામ ફરતાં ફરતાં વરતાલ થઈને મહારાજ ઉમરેઠ આવ્યા. જાગનાથ મહાદેવની જગ્યામાં ઊતર્યા. બધા બ્રાહ્મણો ઉત્સુકતાથી મહારાજનાં દર્શને આવ્યા.

મહારાજનાં દર્શન કરી તેમને થયું: 'આપણે મહારાજના ભગવાન-પણાની પરીક્ષા કરવી જોઈએ.' તેઓ મહારાજને પગે લાગ્યા. પછી બ્રાહ્મણો બોલ્યા: 'અમે શંકરાચાર્યના અનુયાયી કહેવાઈએ. જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્યે પાડાની પાસે વેદ બોલાવ્યા હતા. એવું ચરિત્ર તમે કરી બતાવો, તો અમે તમને પરમેશ્વર માનીએ.'

મહારાજ કહે: 'પાડા જેવો જડ અને મૂર્ખ, જન્મથી પશુ જેવો મૂંગો કોઈ બ્રાહ્મણ અમારી પાસે લાવો, તો તેની પાસે વેદની ઋચાઓ બોલાવું.'

બ્રાહ્મણો એક જન્મથી જ મૂંગા અને અભણ જડ જેવા બ્રાહ્મણના છોકરા હરિશંકરને લઈ આવ્યા. તેમણે હરિશંકરને મહારાજની સામે બેસાર્યો. મહારાજે તેની સામે દૃષ્ટિ કરી, ધાણી ફૂટે તેમ હરિશંકર સ્પષ્ટ ઉચ્ચાર સાથે સુંદર રાગમાં ચારેય વેદના મંત્રો ગાવા લાગ્યો. બ્રાહ્મણોને નિશ્ચય થઈ ગયો.

બધા બ્રાહ્મણો મહારાજના આશ્રિત થયા, પણ સેંકડો બ્રાહ્મણોને વર્તમાન ક્યારે ધરાવવાં? રોજ બ્રાહ્મણોની ભીડ જામે. આથી, મહારાજે પાણીનો ઘડો મંગાવ્યો અને ગામમાં ફરીને પાણી ઉડાડ્યું અને કહ્યું: 'જેના ઘર પર આ જળ પડે તે ઘરના બધા વર્તમાન ધરાવ્યાં સમજજો.'

આમ, ઉમરેઠમાં સત્સંગ કરાવી, મહારાજ પાછા વરતાલ ગયા.

## સંસ્કૃત ભણવાની આજ્ઞા

મહારાજના પરમહંસોમાંથી કેટલાક કવિઓ હતા. તેઓ સુંદર કાવ્યો, કીર્તનો, છંદો રચતા, પરંતુ એક ખોટ વર્તાતી હતી.

એક વાર આત્માનંદ નામના સાધુ મહારાજની આજ્ઞાથી ગામડે ઉપદેશ દેવા ગયા. તેઓ ઓછું ભણેલા, પરંતુ વર્તમાનમાં અને સાધુતામાં ઉત્તમ હતા. મહારાજની આજ્ઞા પાળવામાં હંમેશાં તત્પર રહેતા. તેથી આત્માનંદ 'વચનની મૂર્તિ' કહેવાતા.

તેઓ ફરતાં ફરતાં જામનગર પહોંચ્યા. તેમણે નગરજનોને ઉપદેશ આપવો શરૂ કર્યો. તે જમાનામાં જામનગર 'છોટી કાશી' ગણાતું. ત્યાં કેટલાક

ભણેલા વિદ્વાન બ્રાહ્મણો અને શાસ્ત્રીઓને ખબર પડી કે સ્વામિનારાયણના સાધુ ઉપદેશ દેવા આવ્યા છે. તેઓ શાસ્ત્રચર્ચા કરવા આત્માનંદ સ્વામી પાસે આવ્યા. તેમણે આત્માનંદ સ્વામીને પૂછ્યું: 'તમારું સ્વરૂપ શું?'

આત્માનંદે ઉત્તર દીધો: 'ગુરુનું વચન.'

શાસ્ત્રીઓને થયું કે આત્માનંદ પ્રશ્ન નથી સમજ્યા લાગતા. તેમણે ટકોર કરી ફરીથી પૂછ્યું: 'તમારું સ્વરૂપ શું?'

આત્માનંદે કહ્યું: 'સર્વ શાસ્ત્રોનો સાર ગુરુવચન છે.'

આથી, વિદ્વાન બ્રાહ્મણો અને શાસ્ત્રીઓએ 'આ તો મૂર્ખ અને જડ જેવો છે,' કહી ઉપહાસ કર્યો અને અપમાન કર્યું.

મહારાજ જેતલપુર યજ્ઞ કરવા નિમિત્તે પધાર્યા ત્યારે આ વાતની તેમને ખબર પડી. તેમને આ પરિસ્થિતિ ઊણપભરી લાગી. તેમણે તરત જ આ ખોટ પૂરવાનો નિરધાર કરી લીધો. તેમણે નાના-મોટા કેટલાય સાધુઓને પ્રાકૃત અને સંસ્કૃત ભણવાની અને વિદ્વત્તા પ્રાપ્ત કરવાની આજ્ઞા કરી. મુક્તાનંદ સ્વામીને પણ એકાવન વર્ષની ઉંમરે સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, નિષ્કામાનંદ બ્રહ્મચારી વગેરે સદ્ગુરુઓને સંસ્કૃતમાં, શાસ્ત્રજ્ઞાનમાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરવા પ્રેર્યા. કેટલાય સાધુઓને સંસ્કૃતનો અભ્યાસ કરવા સુરત રાખ્યા. ભણીને આવનાર સાધુઓને મહારાજ સન્માન આપતા. તેમનો સભામાં જાહેર સત્કાર કરતા, ભણનારા સાધુઓને પ્રોત્સાહન આપતા. તેમના ભણતરની ચકાસણી કરતા અને તેમને ચીજ-વસ્તુઓની પ્રસાદી આપી ઉત્તેજન આપતા.

આના ફળરૂપે ગીતા, ઉપનિષદો, વેદાંતસૂત્રો, શ્રીમદ્ભાગવત અને શાંડિલ્યસૂત્રો પર પરમહંસોને હાથે મૌલિક ભાષ્યો રચાયાં. સત્સંગિજીવન, હરિવાક્યસુધાસિંધુ, સત્સંગિભૂષણ, શ્રીહરિલીલાકલ્પતરુ, શ્રીહરિદિગ્વિજય જેવા સંસ્કૃત મહાગ્રંથો રચાયા.

એવી જ બીજી ખોટ વર્તાતી હતી – સંગીતકારોની. આપણા પરમહંસો ભજન બનાવતા અને દેશી રાગ-ઢાળમાં ગાતા, પણ તેમાં સંગીતનું શાસ્ત્રીય તત્ત્વ નહોતું. તેથી મહારાજે પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે સંતોને સંગીત ભણવાની તથા તેના શાસ્ત્રીય જ્ઞાનમાં પારંગત થવાની આજ્ઞા કરી. કેટલાય પરમહંસોએ

ગાયનમાં તેમજ સિતાર, સરોદ, સારંગી, તબલાં વગેરેમાં પ્રભુત્વ મેળવ્યું. તેના પરિપાકરૂપે આજે આપણા સંપ્રદાયમાં વિવિધ રાગિણીઓમાં પરમહંસોએ તૈયાર કરેલાં હજારો પદો મોજૂદ છે. સૂર, રાગ, તાલ અને લયનો સુમેળ ધરાવતાં ભક્તિપદો પરમહંસોએ રચ્યાં અને મહારાજ આગળ ગાયાં. મહારાજના પરમહંસ-સંગીતકારો તે જમાનામાં ભારતના ઉત્તમ ગવૈયાઓ અને બજવૈયાઓ ગણાતા.

## જેતલપુરમાં અહિંસામય યજ્ઞ

જેતલપુરમાં મહાન યજ્ઞ કરવાનું નક્કી કર્યું હતું. તળાવની પાળે મહોલમાં મહારાજ ઊતર્યા હતા. અઢાર દિવસનો યજ્ઞ કરવાનું તથા બ્રાહ્મણોની ચોરાશી કરવાનું નક્કી કર્યું. મહારાજે ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડના બધા મળીને કુલ લાખ બ્રાહ્મણોની ચોરાશી જમાડવાનાં આમંત્રણ દીધાં. પાંચસો મણ ઘી વાપરવાનું નક્કી કર્યું. સો ગાડાં ભરીને ગોળ મંગાવ્યો. ઘેર ઘેર લોટ દળાવ્યો.

યજ્ઞ વખતે શાસ્ત્રાર્થ કરાવી, અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કર્યું. લોકોને ઉપદેશ આપી અહિંસામય યજ્ઞનો મહિમા સમજાવ્યો. વેદોના સાચા અર્થ કરી બતાવ્યા. અઢાર દિવસ સુધી સારા પવિત્ર બ્રાહ્મણો આગળ યજ્ઞ કરાવ્યો. દ્વેષી લોકોએ ઘણા પ્રકારનાં વિઘ્નો નાંખવા પ્રયત્નો કર્યા. તળાવમાં ઘીનાં કેટલાંય કુડલાં અને લાડવા નાખી દીધાં, પણ કોઈનું કાંઈ ચાલ્યું નહીં, નિર્વિઘ્ને યજ્ઞ પૂરો થયો. હજારો બ્રાહ્મણોને મહારાજે સોનામહોરો દક્ષિણામાં આપીને વિદાય કર્યા. દ્વેષીઓનો વિરોધ ચાલ્યો નહીં. યજ્ઞની સમાપ્તિ કરી મહારાજ અમદાવાદ પધાર્યા.

આ બાજુ યજ્ઞ પછી થોડા દિવસમાં જ અમદાવાદના સૂબાનો બાપ મરી ગયો. આ જાણી દ્વેષીઓએ સૂબાના કાન ભંભેર્યા: 'જુઓ, સહજાનંદ તો શૂદ્ર છે. એને યજ્ઞનો અધિકાર નથી. વળી, યજ્ઞમાં પશુબલિ નહીં આપીને આપના નગરની અધિષ્ઠાત્રી દેવીને કોપાયમાન કરી. આમ, જાણીબૂજીને તમારા પિતાને મારી નાખવા તેણે એવો અવૈદિક યજ્ઞ કર્યો હતો. સહજાનંદ બ્રાહ્મણોને ઉપદેશ દઈ તેમના ગુરુ થયા છે. માટે આવો અધર્મ ચાલવા દેશો તો પેશ્વાઈનો નાશ થશે.'

સૂબો ખૂબ રોષે ભરાયો. તેને વામમાર્ગીઓની વાત સાચી લાગી. તેણે મહારાજને મારી નાખવાનું તરકટ ઊભું કર્યું. તેણે મહારાજને ભદ્રમાં, પોતાના દરબારમાં એકલા પધારવાનું આમંત્રણ આપ્યું.

સૂબાએ એક ટાંકું તૈયાર કરાવ્યું. તેમાં કડકડતું તેલ ભર્યું. તેની ઉપર પાતળી લાકડાની ખપાટો ગોઠવી ઉપર સિંહાસન ગોઠવી અસલ દેખાવ કર્યો. મહારાજ સંતોને લઈ તેને દરબાર ગયા. ત્યાં દરવાને મહારાજ સિવાય કોઈને પણ અંદર જવાની ના પાડી; પરંતુ દંડી દેવાનંદ સ્વામી તો દરવાનને ધક્કો મારી, મહારાજ સાથે અંદર ગયા.

અંતર્યામી મહારાજ બધું જાણતા હતા. સૂબાએ મોઢા ઉપર ખોટો ભાવ



બતાવી મહારાજને સિંહાસન પર બેસવા કહ્યું, પણ મહારાજે તો, 'અમે સાધુ કહેવાઈએ, અમને રાજગાદી જેવાં ઊંચાં આસન ન જોઈએ,' કહી પોતાના હાથમાંની લાકડી સિંહાસન પર ટેકવીને દબાવી. મોટા ધબાકા સાથે ગાદી-તકિયો ટાંકામાં પડ્યાં. તેલના છાંટા બહાર ઊડ્યા. ધુમાડો નીકળવા લાગ્યો. સૂબાનું કપટ સમગ્ર દરબારીઓની સમક્ષ ખુલ્લું પડી ગયું.

પછી મહારાજે કહ્યું: 'ભગવાન આવો અન્યાય નહીં સાંખી લે.'

દેવાનંદ સ્વામી તો આ જોઈ શાપ દેવા તૈયાર થઈ ગયા. 'દટ્ટણ સો પટ્ટણ કર ડાલું!' એમ બોલવા જતા હતા, ત્યાં મહારાજે તેમને વાર્યા.

સૂબો પણ ધૂંધવાયો. ક્રોધે રાતોચોળ થયો. તે અભિમાનથી બોલ્યો: 'હમણાં ને હમણાં ઈડરિયે દરવાજેથી અમદાવાદ છોડીને ચાલ્યા જાઓ. મારા શહેરમાં ફરીથી ન આવશો.'

મહારાજે પૂછ્યું: 'ક્યાં સુધી ન આવું?'

વિવેકભ્રષ્ટ સૂબો બોલ્યો: 'જ્યાં સુધી અમદાવાદમાં પેશ્વાનું રાજ હોય ત્યાં સુધી નહીં આવતા.'

(ખરેખર! બન્યું પણ એવું જ. વિ.સં. ૧૮૭૪ની સાલમાં પેશ્વાઈનો અંત આવ્યો. અમદાવાદમાં મુલકી રાજ્યની સ્થાપના થઈ અને અમદાવાદ શહેર પર અંગ્રેજોનો કબજો આવ્યો.)

## લોલંગરની ઉપાધિ

કાઠી દરબારોએ કહ્યું: 'મહારાજ! આપ કહેતા હતા કે આપે જેતલપુરમાં બહુ મોટો યજ્ઞ કર્યો, પણ અમને તો કાંઈ એવો લાભ મળ્યો નહીં.'

મહારાજે કહ્યું: 'હવે આ વર્ષે આપણે ફરીથી મોટો યજ્ઞ કરીશું.'

એમ કહી મહારાજ પાંચસો કાઠી દરબારોનો અને ત્રણસો સંતોનો સંઘ લઈને કાઠિયાવાડથી નીકળ્યા. માર્ગમાં ખોખરા મહેમદાવાદ પધાર્યા. અહીં લોલંગર બાવાનું સ્થાન હતું. તે કેડે લોઢાની સાંકળ બાંધતો, તેથી લોહલંગર બાવા તરીકે ઓળખાતો. તેને દ્વેષીઓએ ખૂબ ભંભેરેલો. તેના બાવા- ચેલાઓએ સંતોને ભાળ્યા. જીવનમુક્તાના સાધુ નિઃશસ્ત્ર જાણી, તેના હજાર ચેલાઓ મહારાજના સાધુઓ પર તૂટી પડ્યા.

મહારાજે નાછૂટકે કાઠી દરબારોને સાધુઓની રક્ષા કરવા મોકલ્યા.



ભગુજીએ એક જ ઝાટકે બાવાના મુખિયાને હણી નાંખ્યો. દરબારોએ મામલો સંભાળી લીધો. સંતોને છોડાવ્યા. તેમની શસ્ત્રવિદ્યા આગળ કોઈ ટકી શક્યા નહીં. કેટલાય હણાયા, કેટલાય ઘાયલ થયા. બાકીના ભાગી છૂટ્યા. મહારાજે સંતોને પાટાપિંડી કરાવી સુરત મોકલ્યા. આ સ્થાન જોખમકારક ધારી મહારાજ થોડાક સંતો અને કાઠી દરબારોને લઈ વહેલાલ પધાર્યા.

## જગજીવનનો અંત

વહેલાલથી નીકળી મહારાજ કચ્છ ગયા. કચ્છમાં આધોઈ, ભચાઉ થઈને મહારાજ ભુજ પધાર્યા.

મહારાજ ભુજમાં સુંદરજી સુતારને ઘેર ઊતર્યા. મહારાજનો જમણા ચરણનો અંગૂઠો પાક્યો હતો. આખો પગ સૂજી ગયો. આખા પગમાં પીડા થાય.

સણકા મારે. આથી, મહારાજ મેડા ઉપર જ રહેતા. નીચે ઊતરતા જ નહીં.

આ વખતે સુંદરજી સુતારને પણ તાવ આવ્યો. આથી, દીવાન જગજીવન મહેતા સુંદરજી સુતારની ખબર કાઢવા આવ્યો. મહારાજે એક વખત તેને હિંસક યજ્ઞો બંધ કરવા માટે શાસ્ત્રાર્થ કરીને તેનો પરાભવ કર્યો હતો, ત્યારથી જગજીવનને મહારાજ પ્રત્યે ખૂબ દ્વેષ. તે મહારાજની નિંદા કરતો. મહારાજની હાંસી કરવા તેણે પોતાના બળદનું નામ 'સહજાનંદ' રાખેલું. તેમાંય તેની પત્ની પ્રભાવતી મહારાજની આશ્રિત થયેલી, તેથી તેનો દ્વેષ વધી ગયેલો.

જગજીવને સુંદરજીભાઈને ખબર પૂછીને પછી પૂછ્યું: 'હાલ સહજાનંદ ક્યાં છે ?'

સુંદરજી સહેજ ખચકાયા. ત્યાં તો મહારાજ નિસરણીના પગથિયે આવીને બોલ્યા: 'હું સહજાનંદ આ રહ્યો. અહીં જ છું. તમારી પાસે આવું છું.' એમ કહી મહારાજ નીચે ઊતર્યા.

જગજીવને કટાક્ષમાં પૂછ્યું: 'તમે પરમેશ્વર છો ?'

'હા, હું જ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પુરુષોત્તમ છું. શાસ્ત્રોમાં મારો મહિમા કહ્યો છે.'

મહારાજનો આવો ઉત્તર સાંભળી જગજીવન ખિજાઈને રાતોચોળ થઈ ગયો. તે પગ પછાડીને ઘરની બહાર નીકળી ગયો.

જગજીવને આરબોની બેરખ મોકલી અને કહ્યું: 'સહજાનંદને બાંધીને પકડી લાવો.'

મહારાજને આ વાતની ખબર પડી. આથી, મહારાજ ગંગારામ મલ્લને ત્યાં જઈને રહ્યા. આરબો મલ્લને ઘેર આવ્યા, પણ ગંગારામે પોતાના ભાઈને જમાદાર ફત્તેહમહંમદને સમાચાર આપવા મોકલ્યો. પોતાના હુકમ વગર જગજીવને આવું કરેલું સાંભળી ફત્તેહમહંમદે પોતાના સૈનિકોને મોકલીને જગજીવનના સિપાહીઓને ચાલ્યા જવાનું કહેવરાવ્યું. જગજીવન હાથ ઘસતો રહી ગયો.

કહે છે કે પછીથી ફત્તેહમહંમદને જગજીવન સાથે તકરાર થઈ. તેણે બજારમાં જ જગજીવનને ઊભો ને ઊભો વાઢી નાખ્યો. આસુરી જગજીવન પોતાના પાપે મરાયો. કચ્છમાં સત્સંગીઓને સાનુકૂળ વાતાવરણ મળ્યું.

## [૯] સૌનું કલ્યાણ કરવું છે

જો કે મહારાજે સંકલ્પ કર્યો હતો કે સર્વ ઊતરતી જાતિમાત્રનું કલ્યાણ કરવું છે. મારે સૌનો ઉદ્ધાર કરવો છે.

મહારાજે કર્યું પણ એમ જ. કણબી, કોળી, સઈ, સુતાર, લુહાર, કડિયા, મોચી, દેવીપૂજક (વાઘરી), હરિજન, ગોલા, ઘાંચી, કુંભાર, કંસારા, સોની, માળી, સલાટ, નાઈ, ભીલ, ભરવાડ, આહીર, મેર એવી અનંત ઉપેક્ષિત જાતિઓનો ઉદ્ધાર કર્યો. એટલું જ નહીં, પણ પોતાના આશ્રિત બ્રાહ્મણ, વાણિયા અને ક્ષત્રિયો જેવા ઉચ્ચ અને પવિત્ર સંસ્કાર તેમાં રેડ્યા. તેમનું જીવન વિશુદ્ધ બનાવ્યું. તેમનું વર્તન નિર્વ્યસની, નિર્ભય, નીતિમય, પવિત્ર અને ચારિત્ર્યશીલ કર્યું. કાદવમાંથી કમળની જેમ આવી જાતિઓમાંથી ઉત્તમ ભક્તો તૈયાર કર્યા. એટલું જ નહીં, પરંતુ ખોજા, વોરા, પઠાણ જેવા મુસલમાનો, પારસી અને અંગ્રેજ અમલદારોને પણ પોતાના આશ્રિત કરી તેમનાં જીવન શુદ્ધ કર્યાં. પવિત્ર ભક્તો બનાવ્યા.

એક વખત મહારાજ અક્ષર ઓરડીએ પધાર્યા. મહારાજ ઢોલિયે બિરાજ્યા પછી મૂળજી શેઠને પૂછ્યું: 'તમને ગણિત કેવુંક આવડે?'

મૂળજીભાઈ કહે: 'મહારાજ! આ લોકમાં કામમાં આવે એટલું તો આવડે જ.'

આથી, મહારાજે ફરી પૂછ્યું: 'તમને ક્યાં સુધી ગણતાં આવડે?'

મૂળજી શેઠ કહે: 'મહારાજ! એકડો લખીએ અને તેની પર સત્તર મીંડાં ચઢાવીએ ત્યાં સુધી ગણતાં આવડે છે.'

આ સાંભળી મહારાજે કહ્યું: 'અમારે તો તેના કરતાં પણ વધુ અનંત જીવોનું આ ટાણે કલ્યાણ કરવું છે. પૃથ્વી પરના મુમુક્ષુમાત્રનું કલ્યાણ કરવું છે. અમારા સાધુના કે અમારા હરિભક્તના સંબંધમાં આવે, તેનું પાણી પીએ કે તેને પાણી પાય, તેને જમાડે કે તેનું જમે, તેનો વાયરો ખાય, તે સૌનું અમારે કલ્યાણ કરવું છે. તે સૌને આ સત્સંગમાં જન્મ અપાવી, તેમનું આત્યંતિક કલ્યાણ કરવું છે.'

મહારાજની આવી સર્વજનહિતાય, બહુજનસુખાય ભાવના જોઈ સૌ

---

આ પ્રકરણમાં આ. સં. ૧૮૬૬ની સાલના પ્રસંગો છે.

સાધુ તથા હરિભક્તો આશ્ચર્યચકિત થઈ ગયા. સૌને મહારાજનો પૃથ્વી પર પ્રગટ થવાનો હેતુ આપમેળે સમજાઈ ગયો.

### ડભાણનો યજ્ઞ

ડભાણ ખેડા જિલ્લામાં. ખેડા જિલ્લામાં અંગ્રેજોની સત્તા આવી ગઈ હતી. તેથી મહારાજે અંગ્રેજ સત્તાધીશોને યજ્ઞ માટે પુછાવ્યું. તેમણે રાજી થઈ યજ્ઞ કરવાની રજા આપી, બનતી બધી મદદ કરવાની ખાતરી આપી.

ડભાણમાં મહારાજે અઢાર દિવસનો મહારુદ્ર યજ્ઞ કર્યો. લાખો બ્રાહ્મણોને જમાડ્યા. કેટલાક દ્વેષીઓએ ઘીના કૂપો તળાવમાં ઠાલવી દીધા. પછી બુમરાણ મચાવ્યું: 'ઘી ખૂટ્યું, ઘી ખૂટ્યું.'

મહારાજે કોઠારમાં જઈ ઘીના કૂપાઓ સામે દૃષ્ટિ કરી કહ્યું: 'આમાંથી ઘી કાઢતા રહેજો. નહીં ખૂટે.'

મહારાજે કાઠી દરબારોને ચારેકોર ગોઠવી દીધા. કોઠાર, યજ્ઞમંડપ વગેરે સ્થાનોમાં સત્સંગી બ્રાહ્મણો જોઈએ તેટલું ઘી કાઢતા જાય, પણ ખૂટે જ નહીં. તેઓ અચરજ પામે અને મહારાજનો મહિમા જાણે.

આ યજ્ઞ દરમ્યાન જોબન પગી મહારાજની ઘોડી ચોરવા આવ્યો, પણ ઘોડીએ ઘોડીએ પોતાની મૂર્તિનાં દર્શન દઈ, તેના સંકલ્પો કહી મહારાજે જોબન પગીને સત્સંગી બનાવ્યો.

યજ્ઞ નિર્વિઘ્ને પૂરો થયો. પોષી પૂનમને દિવસે યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે મહારાજે ભાદરાના મૂળજી શર્માને દીક્ષા આપી 'ગુણાતીતાનંદ' નામ આપ્યું.

ગુણાતીતાનંદ સ્વામીને દીક્ષા આપીને પછી સભામાં 'આ નાના સાધુ અમારે રહેવાનું ધામ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ છે, તેઓ અમારી મૂર્તિ અખંડ દેખે છે ને તેઓ અમારા ઉત્તમ ભક્ત છે,' – એવો ઘણો મહિમા કહ્યો.

પછી વેજા રાવળે મહારાજ આગળ રાગ-રાગિણીમાં પદો ગાયાં.

યજ્ઞ પૂરો થયા પછી મહારાજ કેસરિયા ઘોડા પર બેસી, સોનેરી વસ્ત્રો અને સોનાનાં આભૂષણો ધારણ કરી ગામમાં ફુલેકે ફર્યા.

*'વર નિર્ગુણ રે, થયાં બ્રહ્મરૂપ;*
*આવે છે અનુપ, સુરમુનિ ભૂપ.*

*શોભે લાલ સુરવાળ, જરી જામા શાલ;*
*કંઠે મોતી માળ, ભરેલા ભવાની રે...'*

આ પદ તે વખતે નિષ્કુળાનંદ સ્વામીએ બનાવી ગવરાવ્યું.

## 'અમારા પર દયા રાખજો'

ડભાણના યજ્ઞ પછી મહારાજ ફરી કચ્છ પધાર્યા. મહારાજ ભુજમાં બિરાજતા હતા. ફૂલદોલનો સમૈયો કર્યો. આસપાસથી ઘણા હરિભક્તો ત્યાં આવ્યા હતા. અંતે જવાને દિવસે મહારાજને હાર-તોરા ચઢાવી પૂજા કરી. વિદાય લેતાં કહ્યું: 'મહારાજ ! અમારા પર દયા રાખજો.'

મહારાજે આશીર્વાદ આપતાં સામું કહ્યું: 'તમે પણ મારા પર દયા રાખજો.'

હરિભક્તો પગે લાગીને ઘેર જવા ચાલ્યા. ચાલતાં ચાલતાં વિચાર આવ્યો: 'મહારાજે આપણને 'અમારા પર દયા રાખજો' એમ કેમ કહ્યું હશે ?'

બધાએ એકબીજાને આનો અર્થ પૂછ્યો, પરંતુ મરમ સમજાયો નહીં. તેથી તેઓ પાદરથી પાછા ફર્યા.

મહારાજ પાસે પગે લાગીને ઊભા રહ્યા અને પૂછ્યું: 'મહારાજ ! આપે અમને કહ્યું કે અમારા પર દયા રાખજો; આનો શો અર્થ ?'

મહારાજે સ્મિત કરતાં કહ્યું: 'આ સાડા ત્રણ હાથનો તમારો સૌનો દેહ છે. તેમાં હૃદયાકાશ છે. ત્યાં જીવમાં સાક્ષીરૂપે હું રહ્યો છું. માટે તમારું અંતર ચોખ્ખું રાખજો. હૃદયમાં જગતનો બડવાળ પેસવા દેશો નહીં. તમારી સર્વ ક્રિયાઓ હું અંદર રહીને જોઉં છું. માટે અણીશુદ્ધ વર્તજો. આ હૃદય શુદ્ધ હશે તો હું અંદર સુખેથી રહી શકીશ. માટે સારા સંકલ્પો, સારી વાણી અને સારું આચરણ કરવાની દયા હંમેશાં મારા પર રાખજો.'

હરિભક્તોને આજ નવો પાઠ મળ્યો. તેજીને ટકોર બસ હોય. તેમણે 'આચાર, ઉચ્ચાર અને વિચાર સારાં રાખીશું, આપની આજ્ઞા પ્રમાણે વર્તીશું,' એવી મહારાજને ખાતરી આપી.

મહારાજ તેમના પર પ્રસન્ન થયા. તેઓ મહારાજને પગે લાગી મનમાં આજ્ઞા પ્રમાણે વર્તવાની ગાંઠ વાળી ઘેર જવા નીકળ્યા. આમ, મહારાજ કેવળ ટકોર કરીને હરિભક્તોનાં વાણી-વર્તન વિશુદ્ધ કરી નાંખતા.

## કૃપાસાધ્ય શ્રીજીમહારાજ

અંજારમાં હરભમજી સુથાર અને બીજા કેટલાક હરિભક્તો અઠ્ઠાવીસ ગાઉ ચાલીને મહારાજ પાસે આવ્યા. ઘણી અગવડ વેઠીને સૌ આવ્યા હતા. મહારાજને પગે લાગ્યા અને 'જય સ્વામિનારાયણ' કહ્યા.

મહારાજે તેમની સામું જોયું નહીં, મોઢું ફેરવી ગયા. સામા 'જય સ્વામિનારાયણ' પણ કહ્યા નહીં. હંમેશની ટેવ મુજબ હરિભક્તોના ખબર-અંતર પણ પૂછ્યા નહીં.

હરિભક્તોને થયું: 'આટલે દૂરથી કેટલી બધી અગવડ વેઠીને પંદર દિવસે માંડ મહારાજ પાસે પહોંચ્યા. મહારાજે ખબર પણ પૂછ્યા નહીં. ઊલટાનું મોઢું ફેરવી ગયા !'

હરિભક્તોએ કહ્યું: 'મહારાજ ! દયા રાખો. અમારા દાખડા સામું જુઓ.'

મહારાજે કહ્યું: 'તમારો શું દાખડો છે ? કાંઈ નહીં. પ્રકૃતિપુરુષ અને આઠ આવરણથી પર અક્ષરધામ છે. ત્યાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મેલીએ તો વાયુને લહેરકે ઘસાતો અહીં આવતાં રજ ભેળો રજ થઈ જાય, આટલે દૂરથી કેવળ કરુણાએ કરીને તમારું કલ્યાણ કરવા હું અહીં આવ્યો છું. તમારા જેવો થઈ ગયો છું. તમારી સેવા અંગીકાર કરું છું. મોટા ઋષિમુનિઓ જેમણે હજારો અને લાખો વર્ષ તપ કર્યાં, તોય તેમના ધ્યાનમાં હું ન આવ્યો અને તમને નયનગોચર થયો છું. શું આ કાંઈ ઓછી કૃપા છે ?'

આ શબ્દો સાંભળી હરિભક્તોને પોતાની અગવડો ભુલાઈ ગઈ, પોતાની ભૂલ સમજાઈ, તેમની અંતરની આંખ ઊઘડી ગઈ, મહારાજનો યથાર્થ મહિમા સમજાયો.

પછી સભામાં મહારાજે કહ્યું: 'તમારાં એવાં શું સાધન છે કે અમે રીઝી જઈએ અને આ પૃથ્વી પર આવીએ ? આજે તો અમે કેવળ દયાએ કરીને આ પૃથ્વી પર પધાર્યા છીએ. પૂર્વે અવતારાદિક થયા તેમણે તેમના યોગમાં જે જે મુમુક્ષુ જીવો આવ્યા તેમનું કલ્યાણ કર્યું છે. આજે તો અમે દૈવી કે આસુરી, મુમુક્ષુ કે સામાન્ય જીવ એવો ભેદ પાડ્યો જ નથી. સૌનું કલ્યાણ કર્યું છે. કોઈના જીવ સામું કે સ્વભાવ સામું જોયું નથી. કેવળ દયાએ કરીને દર્શન, સ્પર્શ, પ્રસાદી, વાતો, મળવું વગેરે અનંત સુખ હું આપું છું. આમ, હું તમને

કૃપાસાધ્ય થયો છું. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ હોય ત્યારે સાધનાનું કે ક્રિયાનું બળ લેવું નહીં.'

હરિભક્તો અને સાધુઓ સર્વે સમજી ગયા. તેમને પ્રાપ્તિની મહત્તા સમજાઈ ગઈ. તેમણે કહ્યું: 'ખરું છે મહારાજ! આ વારે તો આપે અતિશય મહેર કરી છે. અતિ અપાર પ્રેમ બતાવ્યો છે. અમને સર્વોપરી પ્રાપ્તિ થઈ છે. હવે આપની આજ્ઞા પાળીને આપને પ્રસન્ન કરવા સિવાય કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. માટે હે મહારાજ! અમે જીવો અલ્પજ્ઞ છીએ. અમારી ભૂલો સામે જોશો નહીં. આપને રાજી કરતાં આવડે એવું બળ આપજો.'

## સમદર્શી

શ્રીજીમહારાજ સાચા અર્થમાં સમદર્શી હતા. તેમણે કોઈ ભેદભાવ રાખ્યો નહોતો. તેઓ તો દેવીપૂજક સગરામના કૂબે પણ પધારતા અને રાજ-મહેલમાં પણ જતા.

લોયામાં મહારાજ સભા કરી બેઠા હતા. કથાવાર્તા ચાલુ હતી. તેવામાં ગંગાબાઈ આવી. ગંગા જાતે હરિજન. તેને મહારાજનો મહિમા કોઈ સત્સંગીએ કહેલો, તેથી છેક ચૂડાથી ચાલતી તે લોયા આવી.

સભામાં ચૂડાની પણ બે-ત્રણ બાઈઓ બેઠી હતી. મહારાજે કહ્યું: 'આ ગંગાને તમારી બાજુ એક ખૂણે બેસવા દ્યો.' પણ બાઈઓ બબડવા લાગી. મોઢાં મચકોડવાં લાગી. કેટલીકે મોઢું ફેરવી લીધું. એટલે મહારાજે સુરા-ખાચરનાં પત્નીને પૂછ્યું: 'તમારા તબેલામાં કે ગમાણમાં ઢોર મરી જાય છે ત્યારે તેને કોણ તાણી જાય છે?'

તેમણે કહ્યું: 'મહારાજ! એ તો હરિજન લઈ જાય છે.'

મહારાજે ફરીથી કહ્યું: 'એટલે તબેલામાં કે ગમાણમાં કે ઘરમાં ગાય, ઘોડું, કૂતરું... કોઈ ઢોર મરી ગયું હોય ત્યારે તમે હરિજનને અંદર આવવા દો છો ને? તો પછી અહીં કેમ બડબડાટ કરો છો? વળી, આ ગંગા તો મુમુક્ષુ છે, તે પૂર્વજન્મમાં ઉચ્ચ કુળની હતી, પણ તેને ઉચ્ચ નાતનું અભિમાન હતું, તેથી કોઈ ઊતરતા વર્ણના ભક્તોને આદર આપતી નહોતી. તેમનો તિરસ્કાર કરતી. તેથી આ જન્મે હરિજન થઈ છે. તમે આવો ભેદભાવ રાખશો તો તમારે પણ આવું થવું પડશે. વર્ણ અને આશ્રમનું માન રાખે તેનામાં સાધુતાના

ગુણ આવતા નથી. માટે વર્ણાશ્રમનું માન આવવા દેવું નહીં.'

સૌને સાચી વાત સમજાઈ ગઈ. સૌની સૂગ ટળી ગઈ. ગંગાને તરત જગ્યા કરી આપી. આજે સૌને જીવનમાં એક નવો બોધપાઠ મળ્યો.

## [૧૦] ધર્મ-ભક્તિનાં દર્શન

ચાતુર્માસના દિવસો હતા. ગઢડામાં વાસુદેવ નારાયણનો ઓરડો અને દાદાખાચરના ઓરડાની વચ્ચે કરો (ગોખ) હતો. ત્યાં વચલે બારણે બેસીને મહારાજ કથા કરતા. વાસુદેવ નારાયણના ઓરડા તરફ બાઈઓ બેસતી.

એક દિવસ મહારાજના આસન તરફથી પ્રકાશનો પૂંજ નીકળ્યો. પુરુષોની સભા તરફ શ્વેત શીતળ તેજ ખૂબ જણાયું. તેમાં અંતરિક્ષમાં પુરુષોને ધર્મદેવની મૂર્તિ દેખાણી.

આ બાજુ બાઈઓની સભા તરફ રતાશ પડતું શીતળ તેજ ખૂબ જણાયું. તેમાં અંતરિક્ષમાં બાઈઓને ભક્તિદેવીની મૂર્તિ દેખાણી. પછી બધું તેજ મહારાજમાં સમાઈ ગયું.

સૌને અચરજ થયું. તેમણે મહારાજને પોતાને થયેલાં દર્શનની વાત કરી. મહારાજે કહ્યું: 'ગોદોહન પણ ક્યાંય ન રહેનારો હું અહીંયાં આવીને વસ્યો છું. તમે મને વશ કર્યો છે. તેથી તમને અમારાં માતા-પિતા જે ભક્તિ અને ધર્મ તેમની મૂર્તિ દેખાણી. હવે અમારી સાથે તેઓ પણ અહીં વાસ કરીને રહેશે.'

આ બાજુ એવું બન્યું કે મહારાજના એક કોઠારી હસનભાઈ લાઠી ગામે ગયેલા. ત્યાં એક સલાટ છવ્વીસ મૂર્તિઓ ત્રણ ગાડામાં ભરીને લઈ જતો હતો. આ મૂર્તિઓ જોઈ તેમણે સલાટને કહ્યું: 'તું ગઢપુર ચાલ. અમારા મહારાજને ગમે તો આ મૂર્તિઓ અમે રાખીશું.' એમ કહીને તેને ગઢડે લઈ આવ્યા.

મહારાજે મૂર્તિઓ જોઈ. તેમને ગમી. સલાટને પૈસા ચૂકવી વિદાય કર્યો. તેમાંથી બે મૂર્તિઓ, જેવાં ધર્મ અને ભક્તિનાં સ્વરૂપ હતાં તે જ ઘાટમાં ઘડાયેલી હતી.

મહારાજે બે ઓરડાની વચ્ચેનો ગોખ પુરાવીને તેમાં ધર્મ-ભક્તિની મૂર્તિઓ વિધિપૂર્વક પધરાવી.

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૭ની સાલના પ્રસંગો છે.

## શોભારામ આંધળો થયો

મહારાજ અને તેમના પરમહંસોને વિષે વિરોધીઓની દ્વેષબુદ્ધિ હજુ શમી ન હતી. મહારાજ વિષે કેટલીય અફવાઓ અને ગમે તેમ વાતો દ્વેષીઓ કરતા. કેટલાક કહેતા કે અમે શાસ્ત્રે કરીને 'સ્વામિનારાયણ ભગવાન નથી' તેમ સાબિત કરી દઈએ. તો કોઈક કહેતા કે સ્વામિનારાયણ સંપ્રદાય એ વેદો પર આધારિત હિંદુ સંપ્રદાય નથી; પણ કોઈની દલીલ આપણા પરમહંસોની વિદ્વત્તા આગળ ચાલતી નહીં. પરમહંસો સાથેની શાસ્ત્રચર્ચામાં મુમુક્ષુઓને સાચી વાત સમજાઈ જતી, પણ આસુરી બુદ્ધિવાળા દ્વેષીઓ તો દ્વેષ જ કરતા.

એવો એક બ્રાહ્મણ વીસનગરમાં રહેતો. તેનું નામ શોભારામ. તે વિદ્વાન પણ મહારાજનો અને આપણા સંપ્રદાયનો દ્રોહ કરે.

એક વખત વીસનગરમાં તેના ઘરે સ્વામિનારાયણ સંપ્રદાયનું ખંડન કરતો હતો, તેવામાં આપણા સત્સંગી બળદેવભાઈ જઈ ચડ્યા. બળદેવે કહ્યું: 'શોભારામ! આજે તો સ્વામિનારાયણ ભગવાન છે. તેઓનું ઐશ્વર્ય અને સામર્થ્ય અપાર છે. તેઓ સમાધિ કરાવે છે. ઘેર ઘેર પરચા આપે છે. શુદ્ધ વૈષ્ણવ સંપ્રદાય ચલાવે છે. માટે દ્રોહ ત્યજી દઈને, તેમના આશ્રિત થઈ જાઓ. તમારો મોક્ષ કરી લ્યો.'

પણ શોભારામ તેની વિદ્વત્તાના અભિમાનમાં ગર્જ્યો: 'તારા સ્વામિનારાયણ ભગવાન સાચા હોય તો, આટઆટલો દ્રોહ કરવા છતાં મને સાજો-તાજો કેમ રહેવા દે છે? તારા ભગવાન સાચા હોય તો મને આંધળો ન કરી નાખે?'

બળદેવે કહ્યું: 'શોભારામ! આ શું બોલો છો? ભગવાન તો સત્ય-સંકલ્પ છે. હાથે કરીને અંધાપો શીદને માંગો છો? કંઈ સારું માંગતા નથી આવડતું કે પછી તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ છે?'

શોભારામનો ક્રોધ બમણો થઈ ગયો. તેણે ત્રાડ નાખી કહ્યું: 'હા, હા, હું છાતી ઠોકીને માગું છું, જો તારો સ્વામિનારાયણ ભગવાન સાચો હોય, તો હું આઠ દહાડામાં આંધળો થઈ જાઉં.' ભ્રષ્ટબુદ્ધિ શોભારામે અયોગ્ય ઇચ્છા કરી.

બન્યું પણ એમ જ. તે ફક્ત ચાર દિવસમાં જ આંધળો થઈ ગયો!

મહારાજ ફરતાં ફરતાં વીસનગર પધાર્યા. તેમને સત્સંગી પાસેથી

શોભારામ આંધળો થયાની વાત મળી. કરુણામૂર્તિ મહારાજના હૃદયમાં દયા આવી. મહારાજે કહ્યું: 'એમ? મારે લીધે એ આંધળો થયો છે? ચાલો, આપણે જાતે જઈને એને દર્શન આપીએ, તેને ક્ષમા આપી, દૃષ્ટિ આપીએ. તમે શોભારામને કહેવરાવો કે મહારાજ તારે ત્યાં આવે છે.'

પણ વિનાશકાલે વિપરીતબુદ્ધિઃ। ભ્રષ્ટબુદ્ધિ શોભારામે હરિભક્તોને કહી દીધું: 'હું તમારા ભગવાનને નહીં મળું.' તેણે દરવાજે બે નોકરને ઊભા રાખ્યા. તેણે મહારાજને મળવાની ના કહી. મહારાજ ખિન્ન હૃદયે તેના દરવાજેથી પાછા વળ્યા. શોભારામે પોતાનું જીવન અનંત અંધકારમાં ધકેલી દીધું અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન ગુમાવ્યું.

## દીધું દૃષ્ટિનું દાન

મહારાજ લીમલીમાં મૂળજી શેઠને ત્યાં પધાર્યા. મહારાજને ફળિયામાં ઢોલિયા પર પધરાવ્યા. મહારાજ બેઠાં બેઠાં સંતો તથા હરિભક્તોના ખબર પૂછતા હતા. ત્યાં એક આંધળી સ્ત્રી દીવાલને સહારે હાથ દેતી દેતી મૂળજીભાઈના ઘરમાં પ્રવેશતી હતી. સૌનું ધ્યાન મહારાજ તરફ.

મહારાજે દૂરથી આ જોયું. મહારાજે તેમની આગળ બેઠેલા મૂળજી શેઠને, બાઈ તરફ આંગળી ચીંધી પૂછ્યું: 'આ કોણ બાઈ છે? બીચારી એકલી મથે છે.'

મૂળજી શેઠે સંકોચાતાં કહ્યું: 'મહારાજ! એ તો મારાં ઘરવાળાં છે.'

મહારાજ કહે: 'એમ? આંધળાનો અવતાર બહુ ભૂંડો. એમાંય બાઈ માણસને અંધાપો એટલે દુઃખનો પાર નહીં. ઘરકામ કરવું, ચૂલો ચેતાવવો, જીવ-જંતુથી દૂર રહેવું, બધું બહુ સાચવવું પડે. કો'ક હંમેશાં મદદમાં જોઈએ, ખરું ને?'

મૂળજી શેઠે કહ્યું: 'હા મહારાજ! શું થાય? પ્રારબ્ધમાં લખ્યું હોય તે તો ભોગવવું જ પડે ને? આ જગતમાં કેટલાય આંધળા આમ જ પરવશપણે આવરદા કાઢતા હશે! અંધાપામાંય કામકાજ તો કરવું જ પડે ને? નહીં તો ચાલે કેમ?'

મહારાજ બોલ્યા: 'આ તમારાં ઘરવાળાં દેખતાં હોય તો કેટલું સારું થાય!'

મૂળજી શેઠ કહે: 'એ તો સારું જ કહેવાય ને!'

એવામાં મૂળજીભાઈનાં ઘરવાળાંએ અંદરથી માણસ મોકલી મૂળજીભાઈને ઘરમાં બોલાવ્યા અને કહ્યું: 'મહારાજે બહુ મહેર કરી! જુઓને, આ હવે મને બધું દેખાય છે. હું દેખતી થઈ ગઈ છું. આ મહારાજે કેવાં સુંદર શ્વેત સુરવાળ અને શ્વેત પાઘ ધારણ કર્યાં છે. તમેય હવે આ મેલાં કપડાં બદલી, સારાં કપડાં પહેરી લ્યો. મહારાજને વધામણી આપો કે તમારી દયાથી હું દેખતી થઈ ગઈ છું.'

આ જોઈ મૂળજી શેઠના આનંદનો પાર ન રહ્યો. તરત જ નવાં કપડાં પહેરી તેઓ મહારાજ પાસે ગયા. પગે લાગીને બોલ્યા: 'મહારાજ! આપે બહુ મહેર કરી. આપની દયાથી મારાં ઘરવાળાં દેખતાં થઈ ગયાં છે. આપે એનું જીવન ઉજાળ્યું. કેટલા વખતથી તેની ઇચ્છા હતી કે તેને આપનાં પ્રત્યક્ષ દર્શનનો આનંદ મળે. આપ તો સત્યસંકલ્પ છો.'

મહારાજ તેમને ઘેર કેટલોક વખત રહ્યા. મૂળજી શેઠ અને તેમનાં ઘરવાળાંએ ખૂબ પ્રેમથી મહારાજને રાખ્યા અને સુખ લીધું.

પાછળથી મૂળજી શેઠ બધું ત્યાગ કરી, કાયમને માટે મહારાજના કારભારી તરીકે મહારાજની સાથે જ રહ્યા.

## [૧૧] જીવાખાચરની પરીક્ષા

શ્રાવણ પૂરો થવા આવ્યો, પણ સારંગપુરમાં વર્ષા થઈ ન હતી. ઢોર માટે ચાર પણ ખૂટી પડી. સૌએ આવી મહારાજને પ્રાર્થના કરી: 'મહારાજ! વરસાદ વિના સૌ પ્રાણી પીડા પામે છે. માટે દયા કરીને ઇન્દ્રને કહો, જેથી વર્ષા થાય.'

મહારાજે ચોકમાં ઢોલિયો ઢળાવી સભા કરી. સૌ આગળ પોતાનું ધ્યાન કરાવી, ધૂન્ય કરાવી; પણ આકાશમાં વાદળું દેખાય નહીં.

રાતે મહારાજે પલંગમાં સૂતાં સૂતાં ઇન્દ્રને કહ્યું. આથી, ઇન્દ્રે વીજળીના કડાકા સાથે મુશળધાર વર્ષા કરી. એટલી જોરથી વર્ષા કરી કે જીવાખાચરનું ઘર પડવા માંડ્યું.

મહારાજ કહેવા લાગ્યા: 'અમે કહેતા હતા, અમને તમારે ઘેર લઈ

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૮ની સાલના પ્રસંગો છે.

જાઓ નહીં, તોય લાવ્યા. હવે ઘર પડ્યું. અમને ક્યાં રાખશો?'

જીવાખાચર કહે: 'મહારાજ! નવી ડેલીમાં પાકું ઘર નવું જ ચણાવ્યું છે, ત્યાં ચાલો.'

મહારાજને ગરમ ધાબળો ઓઢાડી મુકુંદવર્ણી અને જીવાખાચર નવા ઘરમાં લઈ ગયા. મહારાજે પરીક્ષા કરવા તે વખતે કહ્યું: 'અત્યારે અમને ખૂબ ભૂખ લાગી છે. ઊની ઊની રસોઈ જમાડો.'

જીવાખાચરે જોયું તો છાણાં, લાકડાં, ચૂલો બધું જ પલળી ગયેલું, છતાં કોઠી ભાંગીને નવા ચૂલા કર્યા. નવો પલંગ તોડી, તેનાં લાકડાં વાપરી, દેવતા સળગાવી, રસોઈ કરીને મહારાજને જમાડ્યા. મહારાજ જમીને સૂતા.

ત્યાં અર્ધરાત્રિએ બૂમ પડી: 'બચાવો! કોઈ બચાવો! મારું ઘર પડી રહ્યું છે. મોભ હેઠો ઊતરી ગયો છે. છોકરાં અને ઢોરને બચાવો!'

વરસાદ અને વીજળીના અવાજમાં કોઈને સંભળાયું નહીં. સૌ ઘસઘસાટ ઊંઘે. મહારાજ હળવેકથી ડેલી ખોલી, પલળતાં બહાર ગયા. લાખા પટેલ અને દેવા પટેલના ઘરનો મોભ ઊંચો કરીને પોતાને ખભે લઈ લીધો. તેનાં ઢોર અને બૈરાં-છોકરાં બહાર નીકળી ગયાં. સૌ મોતમાંથી ઊગરી ગયાં. મહારાજ પાછા આવીને પોઢી ગયા.

સવાર સુધીમાં ગામ આખામાં ઘૂંટણ સુધીનાં પાણી ભરાઈ ગયાં. મહારાજ નાહવા બેઠા. મુકુંદવર્ણીએ નવરાવતાં જોયું તો મહારાજને ખભે કાપો પડી ગયેલો. તેમણે મહારાજને આનું કારણ પૂછ્યું. મહારાજે મધરાતે બનેલી વાત કહી. મહારાજ નિત્યક્રિયામાંથી પરવાર્યા ત્યાં સુધીમાં વરસાદ બંધ પડ્યો. ગામમાંથી પાણી ઓછાં થયાં. મહારાજ કહે: 'કાલ રાતના સંતો ભૂખ્યા છે. અમારે ગામનો ભાવ જોવો છે. માટે ચાલો, આજે ઝોળી માગવા અમે જાઈશું. ઝોળી માંગી સૌ સંતોને જમાડીએ.'

જીવાખાચરે ઘણી ના કહી પણ મહારાજ ઝોળી લઈ ભિક્ષા માગવા નીકળ્યા. આથી, ગામધણી જીવાખાચર પણ મહારાજ ભેળા ઝોળીનો બીજો છેડો પકડી 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો!'ની આહ્લેક લગાવતાં ઝોળી માગવા નીકળ્યા. લાડુ, સુખડી, રોટલા વગેરેથી ઝોળી ભરાઈ ગઈ. મહારાજે ગામના ચોરા ઉપર, સૌ સંતોને ઊભાં ઊભાં હાથમાં રોટલા, સુખડી, દહીં વગેરે પીરસ્યું. સૌ સંતોએ ઊભાં ઊભાં હાથમાં લઈને ભોજન કર્યું.

## વાણી વિશુદ્ધ કરી

બીજે દિવસે સવારે મહારાજ રાઠોડ ધાધલને ઘેર ગયા. ત્યાં તેમનાં ઘરવાળાં રાણબાઈ વલોણું કરતાં થાકી ગયેલાં, તે બે ઘડી થાક ખાતાં હતાં. આ દૃશ્ય મહારાજે જોયું. રાણબાઈ પોરો ખાઈ ફરીથી વલોણું કરવા ગયાં.

મહારાજે પૂછ્યું: 'કેમ વલોણું પડતું મૂક્યું?'

રાણબાઈ કહે: 'હું એકલી છું. બે સામસામા વલોણું કરનાર હોય તો આ ઘડીએ થઈ જાય.'

મહારાજ કહે: 'એમ?'

મહારાજ પોતે ઊભા થયા. રાણબાઈની સાથે મહારાજ પણ વલોણું ખેંચવા લાગ્યા. ઘડીકમાં માખણ ઉપર આવ્યું. રાણબાઈએ મહારાજને માખણ અને મિસરી ઘોળીને આપ્યાં અને કહ્યું: 'લ્યો મહારાજ! આ આપની સેવાનો ભાગ.' મહારાજ પ્રેમથી માખણ અને મિસરી જમ્યા.

મહારાજ જીવાખાચરના દરબારમાં સંતો તથા હરિભક્તોની સભા કરીને બેઠા. ત્યાં એક જોગી તદ્દન દિગંબર અવસ્થામાં આવ્યા. નગ્ન, માથે જટા, હાથમાં ત્રિશૂળ, અને શાંત પણ સહેજ ઉગ્ર મુખ. આવા જોગીને જોઈ સુરાખાચરના મોઢામાંથી નીકળી ગયું: 'ગધેડીનો બાવો! વસ્ત્ર વગર નાગો ફરે છે.' બાવો કંઈ બોલ્યો નહીં. મહારાજને પગે લાગી પાછો ફર્યો.

મહારાજે કહ્યું: 'સુરાખાચર! તમે અપશબ્દ કેમ બોલ્યા?'

સુરાખાચર કહે: 'મહારાજ! એ તો અમારી કાઠીની રીત કહેવાય. નિંદા, સ્તુતિ જે કાંઈ બોલવું હોય તે ગધેડી શબ્દથી શરૂ કરીને કહેવાય. કાઠીમાત્ર 'ગધેડી' શબ્દ બોલવા શીખે ત્યારે જ બધું ભણી પરવાર્યા કહેવાય.'

મહારાજ કહે: 'તમને ખબર છે? એ બાવામાં સાક્ષાત્ શિવજી બિરાજતા હતા. માટે આજથી નિયમ લ્યો. કોઈ સત્સંગીએ ઊતરતી વાણી, અપશબ્દ કે ગાળ ન બોલવી. વિવેકયુક્ત સારી વાણી બોલવી. જે મોઢાથી ભગવાનનું નામ લઈએ તેમાં કુત્સિત શબ્દો ન શોભે. તમે પૂંછડા સોતી ગધેડી મોઢામાં રાખી માટે પ્રાયશ્ચિત્તરૂપે એકાવન માળા ફેરવજો.'

સુરાખાચરે મહારાજના પગે પડી માફી માગી. સૌ હરિભક્તોએ સારી વાણી વાપરવાનો નિયમ લીધો.

પછી સુરાખાચર ઘોડી લઈ સીમમાં ચારેકોર ફરી વળ્યા. બાવો દેખાયો નહીં. તેમણે ઊંચે જોયું તો આકાશમાર્ગે બાવો અદૃશ્ય થતો હતો.

## માણકીના અસવાર

ગામોગામ વિચરતા મહારાજ માટે શ્રેષ્ઠ ઘોડીની જરૂર હતી. મહારાજે સાંભળ્યું કે મીણાપરમાં માણકીની વછેરી છે.

આ અરસામાં, મહારાજ લોયામાં બિરાજતા હતા ત્યારે ગામ ચૂડાના ભીમ પંડ્યા તથા તેના ભાઈ જીવરામ લોયા આવ્યા. તેમણે સાંભળ્યું હતું કે સ્વામિનારાયણ ભગવાન છે. એટલે મનમાં સંકલ્પ કરીને આવ્યા હતા કે જો ભગવાન હોય તો બંને ચરણમાં સોળ ચિહ્નો હોવાં જોઈએ.

તે લોયા આવ્યા ત્યારે મહારાજ સભામાં બિરાજમાન થયા હતા અને વાતો કરતા હતા. ભીમ પંડ્યાનો સંકલ્પ જાણી મહારાજે પોતાનાં બંને ચરણ પ્રસાર્યાં. ભીમ પંડ્યાને આથી, મહારાજનાં ચરણારવિંદમાં ચિહ્નો જોવાની તક મળી. તે સામે જ બેઠા અને ધીરે રહીને મહારાજનાં બંને ચરણારવિંદમાં ઊપસી આવેલાં સોળ ચિહ્નો તેણે જોઈ લીધાં. તેના મનમાં નિશ્ચય થયો કે મહારાજ ભગવાન છે. તેણે તથા જીવરામે તરત જ મહારાજ પાસે વર્તમાન ધરાવ્યાં અને કંઠી પહેરી.

પછી ચૂડા પાછા જવા નીકળ્યા. રસ્તામાં મીણાપર ગામ આવ્યું, એટલે તેણે તે ગામના ગરાસિયાને રૂપિયા ધીર્યા હતા તે યાદ આવ્યું. તે રકમ વ્યાજ સાથે મળીને રૂપિયા ત્રણેક હજારની થતી હતી. ગરાસિયાની ડેલીએ આવ્યા એટલે ગરાસિયાને થયું કે નક્કી રકમની ઉઘરાણી કરવા આવ્યા લાગે છે. એટલે તેણે કહ્યું : 'થોડી મુદત આપો. તમારી બધી રકમ સામટી આપી દઈશ.'

પણ ભીમ પંડ્યા અને જીવરામ મક્કમ હતા. તેણે કહ્યું : 'બાપુ ! આમ મુદતમાં ને મુદતમાં કેટલાં વરસ વીતી ગયાં ! માટે આ વખત તો રકમ લઈને જ જવું છે.'

એટલામાં ભીમ પંડ્યાની નજર સામે બાંધેલી વછેરી ઉપર પડી. તેણે વિચાર કર્યો : વછેરી જાતવંત છે. જો બાપુ તે આપી દે, તો મહારાજને અર્પણ કરી દઈએ. તેણે તરત જ કહ્યું : 'બાપુ ! રૂપિયા ન હોય તો કાંઈ નહીં, પણ પેલી વછેરી બાંધી છે તે આપી દ્યો. રકમ ચૂકતે મળ્યાની સહી કરી દઉં !'

આ સાંભળી બાપુને જાણે વીજળી પડી હોય તેવો આઘાત લાગ્યો. બે ઘડી તો વિચારમાં પડી ગયા, પણ પછી મનમાં થયું: જો વછેરી નહીં આપું તો બ્રાહ્મણો ત્રાગું કરશે અને જો તેમનો દેહ પડી જશે તો મને બે બ્રહ્મહત્યા લાગશે. તેણે કહ્યું: 'પંડ્યા! આ વછેરી તો જીવસાટાની છે. દેવાંશી છે. પણ તમેય દેવપુરુષ છો. જો દેવું વળી જતું હોય અને તમે રાજી થતા હો, તો ભલે વછેરી છોડી જાઓ.'

પછી બાપુએ વછેરીનું પૂજન કર્યું. તેના કપાળે ચાંદલો કર્યો. ભીમ પંડ્યા તથા જીવરામ પંડ્યાના કપાળે પણ ચાંદલા કર્યા અને પછી વછેરી તેમને સોંપી દીધી. તે વખતે તેમની આંખમાં આંસુ હતાં. ભીમ પંડ્યાએ ખાતું ફાડી નાખ્યું અને બાપુને ઋણમુક્ત કર્યા.

બંને ભાઈઓ ત્યાંથી નીકળ્યા અને તેમણે લોયાની વાટ પકડી.

મહારાજ લોયામાં સભા કરીને બિરાજમાન થયા હતા. તે વખતે તેમણે સુરાખાચરને કહ્યું: 'સુરાખાચર! કંકુ, હાર વગેરે તૈયાર કરો. અમારો અશ્વ આવે છે, તેનું પૂજન કરવું છે.'


એટલામાં ભીમ પંડ્યા અને જીવરામ પંડ્યા વછેરી લઈને દરબારમાં આવ્યા. મહારાજ તેમને જોઈને બોલ્યા: 'સુરાખાચર! આ ભીમ પંડ્યા અમારો અશ્વ લઈ આવ્યા.'

સુરાખાચર તથા કાઠી દરબારો વછેરી જોઈને એકદમ ઊભા થઈ ગયા. સુરાખાચરે નખશિખ વછેરીને નીરખી લીધી. કેશવાળી ઉપર હાથ ફેરવ્યો, કાનસોરી જોઈ, પગના ડાબલા જોયા.

તેણે તરત જ કહ્યું: 'મહારાજ! આ માણકી છે, પણ માણકીની જાતમાંય આ તો ઉત્તમ જાત છે. આવું જાનવર હજુ સુધી દીઠું નથી. મીણાપરના ગરાસિયા પાસે આવી એક જાતવંત વછેરી છે એવું સાંભળ્યું હતું, પણ તે ગમે એટલી રકમ આપતાંય આપતો નથી.'

ભીમ પંડ્યાએ કહ્યું: 'બાપુ! તે ગરાસિયાની જ આ વછેરી છે.'

મહારાજે કહ્યું: 'પંડ્યા! અમારી સેવા કરવા માટે જ આ માણકીએ જન્મ લીધો છે. તમે આજે અમારી બહુ સેવા કરી.' એમ કહીને મહારાજે ભીમ પંડ્યાની છાતીમાં પોતાનાં બંને ચરણારવિંદ આપ્યાં. જીવરામને પણ એ રીતે રાજી કર્યા.



બંને ભાઈઓ મહારાજના આશીર્વાદ લઈ ઘેર ગયા.[૫]

## દુષ્કાળની આગાહી

કાનમ દેશમાં ફરીને મહારાજ વરતાલમાં થોડો વખત રહ્યા. પછી ચરોતરમાં વિચરણ કરી, ડડુસર, આંતરોલી, વડનગર, વીસનગર, ઊંઝા, ડાંગરવા, નાદરિયે થઈ મહારાજ મોટેરામાં આવ્યા. મોટેરામાં અમદાવાદના હરિભક્તોએ આવીને પ્રાર્થના કરી: 'મહારાજ! આપ શ્રીપુર (અમદાવાદ) પધારો. અમારાં ઘર પાવન કરો. અમનેય સૌના જેવું સુખ આપો.'

મહારાજે કહ્યું: 'આટલાં વરસ ધીરજ ધરી છે, તો થોડાં વરસ વધુ ધીરજ ધરો. અમદાવાદમાં સૂબો ક્લેશ કરે તેવો છે. અમે આવીએ તો ઉપાધિ કરે. માટે ધીરજ રાખો. થોડાં વર્ષોમાં સારું રાજ આવશે.'

---

૫. આ ઉપરાંત, માણકી ઘોડીના સંદર્ભમાં એક બીજી કથા પણ પ્રસિદ્ધ થયેલી છે. તે આ મુજબ છે:

મહારાજે સાંભળ્યું હતું કે મીણાપરમાં માણકીની વછેરી છે. મહારાજ કાયાજી દરબાર તથા સુરાખાચર સાથે મીણાપર પધાર્યા. અહીં દરબારોને આગલે દિવસે ખબર પડ્યા હતા કે કાયાજી બાપુ સ્વામિનારાયણ ભગવાનને લઈને માણકી લેવા મીણાપર પધારે છે; તેથી દરબારો સૌ મીણાપરથી બીજે ગામ જવા નીકળી ગયા.

મહારાજ મીણાપર પધાર્યા, પરંતુ કોઈ પુરુષવર્ગ ત્યાં હતો નહીં. કાયાજી દરબારે પૂછ્યું, ત્યારે બૈરાંઓએ કહ્યું: 'આદમી તો ગામતરે ગયા છે. પણ તમારે કામ શું છે?' ત્યારે કાયાજી દરબારે કહ્યું: 'અમારે માણકી આ અમારા સ્વામિનારાયણ ભગવાનને આપવી છે.'

તે સાંભળી મનુભા દરબારનાં ઘરનાંએ કહ્યું: 'એમાં આદમીનું શું કામ છે? લ્યો, અમે આપીએ,' એમ કહી તેની દસ વરસની દીકરીને કહ્યું: 'બેટા! માણકી છોડીને લાવો.' તે દીકરી માણકી છોડીને લાવી. કંકાવટી પણ લાવી. મહારાજના કપાળમાં ચાંલ્લો કર્યો. માણકીને પણ ચાંલ્લો કર્યો. પછી તેણે માણકીની સરક મહારાજના હાથમાં સોંપી. મહારાજે કહ્યું: 'દીકરી! તમારું નામ શું?'

તેણે કહ્યું: 'મોંઘીબા!'

એ સાંભળી મહારાજે કહ્યું: 'મોંઘીબા! તમે બહુ મોંઘા થશો.' એમ આશીર્વાદ આપી મહારાજ માણકી લઈને નીકળ્યા. પાછળથી મોંઘીબાનાં લગ્ન ગોંડળ નરેશ સંગ્રામજી બાપુ સાથે થયાં અને મહારાજના આશીર્વાદથી બહુ મોટાં રાજરાણી થયાં.

જો કે ઇતિહાસની દૃષ્ટિથી ઉપરોક્ત વિગતો સંશયપ્રેરક છે. છતાં પરંપરાગત રીતે સાંભળવા મળતી હોવાથી અત્રે મૂકી છે.

ધીરજ દઈ મહારાજ વરતાલની વાટે ચાલ્યા.

આ વર્ષ દરમ્યાન મહારાજ જ્યાં જ્યાં ગયા ત્યાં હરિભક્તોને ભાવિ દુષ્કાળની આગાહી કરતા ગયા અને કહેતા ગયા: 'બે વરસ ચાલે એટલા દાણા ભરી રાખજો. અન્ન વેડફતા નહીં. નાણું ન હોય તો ઉછીનું નાણું લઈને ઘરમાં કોઠીઓ દાણાની ભરી રાખજો. આગળ ઉપર કપરો કાળ આવશે. દુષ્કાળમાં ધીરજ ધરી ભજન કરજો, પરમેશ્વરને સંભારજો. હરિભક્તને કોઈ જાતનું વિઘ્ન નહીં આવે.'

વરતાલમાં થોડો વખત રહી, લીંબાસી, ભેંસજાળ થઈ મહારાજ લોયા, નાગડકા પધાર્યા. નાગડકામાં સુરાખાચરના દરબારમાં વસંતોત્સવ કર્યો. પછી ભાવિ દુષ્કાળની આગાહીરૂપે અને હરિભક્તોના સંરક્ષણરૂપે મહારાજે નાગડકામાં રુદ્રાક્ષની માળા મંગાવી એક પારો પોતે ગળે પહેર્યો. પછી સભામાં બેઠેલા દરેક સંત, બ્રહ્મચારી, હરિભક્તને રુદ્રાક્ષનો એક એક પારો બંધાવ્યો.

પછી મહારાજે કહ્યું: 'મહાદેવજી રુદ્ર કહેવાય. રુદ્ર કુશળ કાળ પાડશે. માટે આ પારો હરિભક્તોનાં યોગ-ક્ષેમનું વહન કરવા સૌને બંધાવ્યો છે. મહાદેવજી – રુદ્રને રાજી કરવા આ પારો બંધાવ્યો છે, જેથી હરિભક્તોને ઝાઝું દુઃખ નહીં પડે.'

## મોક્ષની વિદ્યા

નિત્યાનંદ સ્વામી સંસ્કૃત ભણીને નાગડકા મહારાજ પાસે આવ્યા. મહારાજે તેમની પાસે ભાગવતની કથા કરાવી.

પરંતુ મહારાજને મતે તો મોક્ષને અર્થે જે વિદ્યા કામ આવી તે જ સાચી. સંતોને સંસ્કૃત ભણવાની આજ્ઞા કરી, પરંતુ પંડિતાઈ કરતાં પણ વધુ મહત્ત્વ તેઓ સાધુતાને અને શુદ્ધ વર્તનને આપતા.

મહારાજે એક વખત ગુણાતીતાનંદ સ્વામીને બુરાનપુર સત્સંગ કરાવવા જવા માટે આજ્ઞા કરી. ત્યારે કોઈકે કહ્યું: 'મહારાજ! બુરાનપુર તો પરદેશ કહેવાય. ત્યાં ભણેલા સંતનું કામ. આ સાધુ તો ભણેલા નથી. કથાવાર્તા કરતાં પ્રશ્નોત્તર થશે તો મૂંઝાઈ જશે.'

ત્યારે મહારાજે કહ્યું: 'ભલે એ સાધુ ભણેલા ન હોય. તેમનું વર્તન શુદ્ધ છે. તેઓ સ્ત્રી અને ધનથી લોભાઈ જાય તેમ નથી. માટે તેમનું વર્તન

વાતું કરશે.'

બીજા એક સંત હતા. તેમનું નામ નૃસિંહાનંદ. સવારે ઊઠીને મહારાજ આગળ દીવો બળતો હોય તેને અજવાળે વાંચવા બેસતા. વાંચતી વખતે પાનું એમ ને એમ હાથમાં રહી જતું. તેમની વૃત્તિ મહારાજની મૂર્તિમાં સ્થિર થઈ જતી. તેથી મહારાજ કેટલીક વાર તેમને ઠપકો આપતા.

એવી જ રીતે એક દિવસ વહેલી સવારે નૃસિંહાનંદની વૃત્તિ મહારાજમાં સ્થિર થઈ ગઈ. સગડીની ઝાળ લાગી અને હાથમાં રાખેલું ભાગવતનું પાનું બળી ગયું. મહારાજે તેમની ચકાસણી કરતાં 'ફેલી થઈ ગયા છો ?' એમ કહી ઠપકો આપ્યો.

નૃસિંહાનંદ રોઈ પડ્યા. તેમણે કહ્યું: 'મહારાજ ! હું ફેલ નથી કરતો, પણ આપની મૂર્તિ સામું જોઉં છું ને વૃત્તિ સ્થિર થઈ જાય છે.'

આ ઉત્તરથી મહારાજ ઘણા રાજી થયા. મહારાજે કહ્યું: 'હવે તમે ભણવું રહેવા દ્યો. તમે બધું ભણી ચૂક્યા. ભણી-ગણીને પણ જે સિદ્ધ કરવાનું છે તે તમે કરી શક્યા છો.'

વિદ્યા ગમે તેટલી સંપાદન કરી હોય, પણ તે મોક્ષના કામમાં આવવી જોઈએ – એવો મહારાજનો દૃઢ આગ્રહ.

મહારાજે દીનાનાથ ભટ્ટને પૂછ્યું: 'તમને કેટલા શ્લોક મોઢે આવડે છે ?'

દીનાનાથ ભટ્ટ કહે: 'મહારાજ ! ઘણાં શાસ્ત્રો ભણ્યો છું. આખું ભાગવત મોઢે છે, રોજ ભાગવતના અઢાર હજાર શ્લોક બોલી જાઉં છું.'

'અહોહો ! આટલું બધું ? પણ ભટ્ટજી ! આખા ભાગવતમાંથી તમારા મોક્ષનો એક શ્લોક તમે નક્કી કરી રાખ્યો છે ?' મહારાજે પૂછ્યું.

'ના મહારાજ ! એનો તો મેં વિચાર નથી કર્યો.' ભટ્ટજી બોલ્યા.

મહારાજે ફરી પૂછ્યું: 'કહો ભટ્ટજી ! કયો શ્લોક જીવને મોક્ષનું દ્વાર બતાવે છે ?'

દીનાનાથ ભટ્ટ વિચારમાં પડી ગયા. તેમને કપાળે પરસેવો છૂટ્યો. પાઘડી ઉતારી માથું ખંજવાળવા લાગ્યા.

મહારાજ તેમની મૂંઝવણ સમજી ગયા. મહારાજે ભાગવતનો સ્કંધ કહ્યો, પણ ભટ્ટજીને કંઈ સૂઝ્યું નહીં. પછી મહારાજે અધ્યાય કહ્યો તો પણ ભટ્ટજીને કંઈ સૂઝ્યું નહીં. છેવટે મહારાજે શ્લોક કહ્યો:

*'પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ।*
*સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતામ્॥'*[૬]

ભટ્ટજીનાં અંતરચક્ષુ ખૂલી ગયાં.

આમ, મહારાજે કેવળ વિદ્વત્તા નહીં, પરંતુ તેની સાધુતા, સદ્વર્તન અને મોક્ષપ્રાપ્તિના ઉપાય પર વિશેષ ભાર મૂક્યો છે.

## ફટાણાં બંધ કરાવ્યાં

મહારાજે ભાવિ દુષ્કાળની શાંતિ માટે અને હરિભક્તોની કાળ થકી રક્ષા થાય તેવા હેતુથી, નાગડકામાં નિત્યાનંદ સ્વામી પાસે ભાગવતની કથા કરાવી. તે કથા પૂરી થઈ ત્યારે પાછળથી આવેલા બધા સંતોને પણ રુદ્રાક્ષનો એક એક પારો બંધાવ્યો.

ત્યાંથી સારંગપુર પધારી, મહારાજે ગામોગામથી સાધુ તથા હરિભક્તોને બોલાવી ફૂલદોલનો ઉત્સવ કરવાનું નક્કી કર્યું. ગામોગામથી હરિભક્તો આવ્યા. સારંગપુરમાં હોળીને દિવસે રાતે ગામ બહાર હોળી પ્રગટાવી હતી, ત્યાં મહારાજ પધાર્યા. હોળીમાં દૂધની ધારા મહારાજે હોમી. પાંચ પ્રદક્ષિણા કરી હોળીનું પૂજન કર્યું. નાળિયેર હોમ્યું.

પછી મહારાજે માણકી પર બેસીને ત્યાં હોળી પાસે આખા સંઘને નિયમ આપ્યો : 'હોળીકા તો સતીદેવી કહેવાય. માટે આજથી સૌ નિયમ લ્યો કે કોઈએ હોળીના ઉત્સવમાં અપશબ્દ ન બોલવા. બીભત્સ રિવાજો ન રાખવા. હોળીમાં ગવાતાં ફટાણાં ન ગાવાં. છાતી ન કૂટવી. આવી રીત મૂકી દેવી. આપણને, ભગવાનના ભક્તને એ ન છાજે. ને સત્સંગીઓને હવેથી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સંતોનાં રચેલાં 'હોરીનાં પદો' ગાવાં.

એમ ઉપદેશ દઈ ગામમાં પાછા આવતાં મહારાજે મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિ સંતોને હિંડોળાનાં, ફૂલદોલનાં અને હોરીનાં પદો રચવાની આજ્ઞા કરી. અંતઃશત્રુઓ પર પ્રહાર કરતાં હોરીનાં પદો રચાવ્યાં. આમ, તેમણે સમાજનાં દૂષણો દૂર કર્યાં. સાથે સાથે સારી ટેવો અને પ્રથાઓ પાડી. ધર્મ, નીતિ અને ભક્તિને લોકજીવનમાં વણી લીધી.

---

૬. જેવો આ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

ધુળેટીને દિવસે મહારાજ સખા સંગે હોળી રમ્યા. સૌનાં વસ્ત્રો ઉપર મહારાજે ગુલાલ છાંટ્યો. સૌને રંગથી રસબસ કરી દીધા. પછી મહારાજ ગામ બહાર નારાયણ કુંડે નાહવા પધાર્યા.

નાહીને ગામમાં પાછા આવતા હતા ત્યાં ગઢડાથી ગુણાતીતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી આવ્યા અને મહારાજને પગે લાગ્યા. મહારાજે તેમને પૂછ્યું: 'કહો સંતો! અમારા સારુ શું ભેટ લાવ્યા છો?' એમ કહી તેમના ફૂલના હાર અને તોરા અંગીકાર કર્યા.

## ગુણાતીતનો મહિમા

રાતે રાઠોડ ધાધલને ઘેર મહારાજ સંતો સાથે રાસ રમ્યા. તે વખતે રાસ રમતાં રમતાં મહારાજ પોતે કબીરનાં પદો બોલવા લાગ્યા:

*'જોગિયા ટાળત જનમ કેરા ફાંસલા,*
*પ્રેમના પ્યાલા જોગિયા, જુગ જુગ જીવો સો જોગિયા.'*

એમ બોલતા જાય અને ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં પોતાની છડી અડાડતા જાય. પછી બીજું પદ બોલ્યા: *'સદ્‌ગુરુ ખેલે વસંત.'*

એમ ગાઈને ફરીથી ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં હાથમાં પકડેલી છડી અડાડી. એમ ત્રણ વખત ગાઈને છડી અડાડી.


પછી ગાવું મૂકી મહારાજ ઊભા રહ્યા અને પૂછ્યું: 'એવા સદ્‌ગુરુ કોણ?'

ત્યારે આનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી બોલ્યા: 'મહારાજ! એવા સદ્‌ગુરુ તો આપ.'

ત્યારે મહારાજે કહ્યું: 'એ તો સદ્‌ગુરુનો મહિમા કહ્યો છે. અમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છીએ. માટે એવા સદ્‌ગુરુ તો આ અક્ષરબ્રહ્મનો અવતાર ગુણાતીતાનંદ સ્વામી છે. કબીરજી તો અક્ષરબ્રહ્મને 'સદ્‌ગુરુ સાહેબ' કહેતા. તે અક્ષરબ્રહ્મ આ ગુણાતીત છે. તે સાકારરૂપે અખંડ અમારી સેવામાં છે, અને ધામરૂપે પુરુષોત્તમને અને અનંત મુક્તોને ધારી રહ્યા છે.'

એમ ગુણાતીતાનંદ સ્વામીનો ઘણો મહિમા કહ્યો, પરંતુ ગુણાતીતાનંદ સ્વામી સૌથી નાના અને તાજા સાધુ થયેલા, તેથી કેટલાયને આ મહિમાની ગમ પડી નહીં.

એમ મોડી રાત સુધી રાસ રમીને મહારાજે સંતોને સુખ આપ્યું.



અહીં ઉત્તર ગુજરાતનાં બાઈ-હરિભક્તોએ મહારાજ પાસે ફગવા માગ્યા: 'હે મહારાજ! આપની માયામાં અમે બંધાઈએ નહીં, અમને કામ-ક્રોધાદિ વ્યાપે નહીં. આપનું સ્વરૂપ નિર્દોષ ભાસે અને કોઈનો અભાવ-અવગુણ આવે નહીં તેવું આપો.'

મહારાજે પણ રાજી થઈ એવા દિવ્ય ફગવા (આશીર્વાદ) આપ્યા.

બીજે દિવસે સંતોએ મહારાજનું પૂજન કર્યું. પછી મહારાજ પલંગ પર પોઢ્યા, ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ મહારાજના પગ ચાંપવા હાથ લાંબો કર્યો, પણ મહારાજે પગ ચાદરની અંદર ખેંચી લીધા. આ જોઈ મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું: 'મહારાજ! આપનાં આ ચરણો માટે અમે ઘરબારનો ત્યાગ કર્યો. કષ્ટો સહન કર્યાં, વનમાં રહ્યા, ટાઢ-તડકો અને ગાળ-અપમાન સહન કર્યાં, તપ કર્યાં. એ બધું આપનાં આ ચરણો માટે કર્યું છે.'

ત્યારે મહારાજ કહે: 'એક ભિખારીએ શેઠના આંગણાનું વાસીદું વાળ્યું. એક પૈસાનું કામ કર્યું તેના બદલામાં અધમણ સોનું માગ્યું. એવું તમે કર્યું છે. આ ચરણો માટે મોટા મોટા મુનિઓએ હજારો વર્ષ તપ કર્યાં અને હાડ-માંસ ગાળી નાંખ્યાં તોય નથી મળ્યાં. તો તમને શું મળવાનાં!'


મહાનુભાવાનંદ સ્વામીએ નમ્ર થઈ દીનવચને કહ્યું: 'મહારાજ! આપ સર્વાવતારી છો. અમે ઋષિમુનિ કે તપસ્વી નથી. અમારાં તપ તેમની આગળ કાંઈ જ નથી, પણ આપનાં ચરણારવિંદમાંથી ઇન્દ્ર-બ્રહ્માદિક પણ જો અમારું મન ચળાવવા આવે તો પણ અમે આપનાં ચરણ છોડીએ તેમ નથી.'

આ સાંભળી મહારાજે રાજી થઈ ચરણ પસાર્યાં. મહાનુભાવાનંદને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

## નવાબને નિશ્ચય

જૂનાગઢમાં કેટલાક નાગરોને સ્વામિનારાયણનો વિરોધ. તેમને ખબર પડી કે હરિભક્તો મહારાજને જૂનાગઢમાં ધામધૂમથી પધરાવવાના છે. તેથી નાગરોએ ત્યાંના નવાબનો દીવાન જે નાગર હતો, તેની સાથે કહેવરાવ્યું: 'સ્વામિનારાયણ ભગવાન છે. તે ઘણા માણસ લઈને ગામમાં આવશે. યુદ્ધ કરીને તમારું રાજ્ય જીતી લેશે. માટે ગામમાં પેસવા દેશો નહીં.'

પણ નવાબ મુમુક્ષુ હતો. તેણે કહ્યું: 'આ ખુદાનું રાજ્ય છે અને



સ્વામિનારાયણ ખુદા હોય તો ભલે રાજ્ય લઈ લે, પણ ગામમાં તો આવવા જ દેવા.' એમ કહી દૂત મોકલી ગામમાં પધારવાની સંમતિ કહેવરાવી.

જૂનાગઢમાં મહારાજની દબદબાપૂર્વકની સવારી હરિભક્તોએ કાઢી. મહારાજને હાથી પર પધરાવ્યા.

સવારી નવાબની કચેરી પાસે પહોંચી. ત્યાં તો એક પગીનો છોકરો દોડતો, હાથમાં કાકડી લઈને મહારાજ પાસે પહોંચ્યો. તેણે મહારાજ સામે હાથ ઊંચા કરી કાકડી ધરી. મહારાજે નીચા નમીને તેના હાથમાંથી કાકડી લઈ લીધી. મહારાજ તો છોકરાના પ્રેમને વશ થઈ ગયા. તેમણે તો ચાલુ સવારીએ કાકડી ખાવા માંડી. આખું ગામ સવારીમાં મહારાજનાં દર્શન કરવા ઊમટેલું. સવારી નવાબની કચેરી આગળથી પસાર થઈ.

નવાબનો દીવાન બહુ દ્વેષી હતો. નવાબને મહારાજનો અભાવ આવે તે હેતુથી તેણે નવાબને કહ્યું: 'જુઓને, ભગવાન કહેવાય છે પણ છે કાંઈ વિવેક ? જાણે કાકડી જોઈ જ ન હોય તેમ સવારીમાં હાથીએ બેઠાં બેઠાં કાકડી ભચડે છે.'

નવાબ મુમુક્ષુ અને બુદ્ધિશાળી હતો. તેણે તરત કહ્યું: 'સ્વામિનારાયણ ચોક્કસ ખુદા કે ખુદાના આશક ઓલિયા પુરુષ હોવા જોઈએ. નહીં તો આવી સવારીમાં લોક જોવા ઊમટ્યું હોય ત્યારે કાકડી ખાવાની કોઈની હિંમત જ ચાલે નહીં.'

દીવાનની કારી ચાલી નહીં. નવાબને મહારાજમાં ખુદાનાં દર્શન થયાં. નવાબને નિશ્ચય થઈ ગયો.

## [૧૨] ઓગણોતેરાનો કાળ

મહારાજ ત્યાંથી પંચાળા ગયા. 'દુષ્કાળ પડશે, માટે દાણા ભરી રાખો,' એમ ઝીણાભાઈને કહીને સો કળશી જુવાર કોઠીઓમાં ભરાવી રાખી.

આ.સં. ૧૮૬૯ની સાલ બેઠી. મહારુદ્ર મહારાજ પાસે બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યા. મહારુદ્રે કહ્યું: 'પૃથ્વીમાં પાપ બહુ વધ્યાં છે. દ્વેષીઓએ આપના સંતોને અને હરિભક્તોને દુઃખ દીધું છે. તેથી કાળ પાડીશ. આપના હરિભક્તોને નહીં અડું. આપ ગુપ્તવાસમાં રહેજો.' આટલું કહી મહારુદ્ર

આ પ્રકરણમાં આ.સં. ૧૮૬૯ની સાલના પ્રસંગો છે.

અદૃશ્ય થઈ ગયા.

ચોમાસાના ચારે મહિના વરસાદ વરસ્યો નહીં. દાદાખાચરના દરબારમાં ત્રણે ઓરડાને 'ગુજરાત', 'કાઠિયાવાડ' અને 'કચ્છ' નામ આપેલાં, તેમાં મહારાજ ગુપ્તપણે રહેતા. સંતોને સહુને કચ્છમાં અને ગુજરાતમાં મોકલી દીધેલા. કોઈ સાધુ કે હરિભક્ત ગઢડા આવીને પૂછે તો દાદાખાચર કહેતા: 'આજે મહારાજ કચ્છમાં છે' કે 'આજે મહારાજ ગુજરાતમાં છે.' એમ 'નરો વા કુંજરો વા' રાખતા.

ખરેખરો કાળ પડ્યો. કેટલાંય ગામો ઉજ્જડ થઈ ગયાં. કેટલાયનાં ઘરો ખાલી થઈ ગયાં. કેટલાંય માનવીઓ અને ઢોરો મર્યાં. મહારાજે કેટલાય કાઠી દરબારોને ગુજરાતના હરિભક્તોને ત્યાં મોકલ્યા.

એક દિવસ ગઢડાથી મહારાજ વર્ણી સાથે છાનામાના નીકળી જઈ મેથાણ ચાલ્યા ગયા. ત્યાં દેવશંકર, કાકુજી અને પૂજાભાઈને ત્યાં વારાફરતી મહારાજ છાના રહેતા.

લાડુબા, જીવુબાને મહારાજ ચાલી ગયાં તેથી ખૂબ દુ:ખ થયું. તેમણે નાજા જોગિયાને મહારાજની ભાળ કાઢવા મોકલ્યા. ત્યાં મેથાણ ગામને પાદર એક ખવાસની છોકરીને પૂછ્યું. તેણે પૂજાભાઈનું ઘર બતાવ્યું. નાજા જોગિયાએ જીવુબા તથા લાડુબાને થયેલા વિરહની વાત કરી. આથી, મહારાજે પૂજાભાઈ અને તેમનાં પત્ની જીજીબાની રજા લીધી અને કહ્યું: 'અમે હવે કાલે ગઢપુર જઈશું.'

એ જ રાત્રે જીજીબાને લક્ષ્મીજીએ દર્શન દઈ કહ્યું: 'હવે ચિંતા ન કરશો. હું હરિભક્તો માટે સારો કાળ કરીશ.'

તેમણે બધી વાત મહારાજને કહી, મહારાજ તેમને આશીર્વાદ દઈ ગઢડે પાછા ગયા.

## દુષ્કાળને વિદાય આપી

ઓગણોતેરાના દુષ્કાળ નિમિત્તે મહારાજે સંતોને રસકસનાં વર્તમાન દીધાં હતાં અને ગળામાં રુદ્રાક્ષનો મણકો પહેરાવ્યો હતો. સંતો ખટરસ (છ પ્રકારના રસ) વગરનું જમતા. એમ કરતાં વરસ થઈ ગયું. આથી, મહારાજે ગઢડામાં હુતાશનીનો સમૈયો કરવા સંતોનાં બધાં મંડળો અને દેશદેશથી

હરિભક્તોને બોલાવવાનો સંકલ્પ કર્યો. મહારાજે ગામોગામ પત્ર લખ્યા. મહારાજ કુંડળ સુધી સૌને સામા લેવા ગયા.

કુંડળમાં મામૈયા પટગરના દરબારમાં મહારાજ ઊતર્યા. ત્યાં સંતોનાં મંડળો આવ્યાં. સંતોનાં શરીર સુકાઈ ગયાં હતાં. શરીરનાં પાંસળાં દેખાતાં હતાં. કેટલાક સંતો તો રસકસ વગરનું ખાવાથી રતાંધળા થઈ ગયા હતા. તેમાંય આટલાં વર્તમાન ઉપરાંત આવા કૃશ દેહ જોઈ હરિભક્તોની આંખોમાં પાણી આવી ગયાં. તેમણે હવે સંતોને આવાં વર્તમાન મુકાવી દેવા મહારાજને પ્રાર્થના કરી.

ત્યાં મામૈયા પટગરનાં માતુશ્રી રાઈબાઈએ મહારાજને કહ્યું: 'આવો તપસ્વી જેવો વેશ શું રાખ્યો છે? આ જટા અને માથાના વાળ ઉતરાવી નાખો. આપ પણ બધી વસ્તુઓ અંગીકાર કરો અને સંતોને ખટરસનાં વર્તમાન મુકાવી દો. અમારે ત્યાં સંતોનાં પાત્ર છલકાવો. આપ પ્રફુલ્લિતપણું દેખાડો. તમે અને સંતો બધું ગ્રહણ કરશો તો દેશકાળ સારા થશે. વરસાદ સારો થશે અને પૃથ્વી લીલી થશે. નહીં તો પૃથ્વીમાંથી રસકસ ઊડી જશે.'

મહારાજ રાઈબાઈની નિર્દોષ, ભક્તિયુક્ત વાણી સાંભળી રાજી થયા. મહારાજે કેશ ઉતરાવી નાંખ્યા. સંતોને ખટરસનાં વર્તમાન મુકાવી દીધાં. સંતોને તુલસીની કંઠી આપી વૈષ્ણવી વેષ ધારણ કરાવ્યો. આમ, દુષ્કાળને કાઢી સુકાળ કર્યો. દેશકાળ સારા થયા. હરિભક્તો સૌ રાજી થયા.

કુંડળમાં ખૂબ સુખ આપી, મહારાજ કારિયાણી થઈ ગઢડે આવ્યા.

ગઢડે હુતાશનીનો સમૈયો કર્યો. ગઢડે રહીને ઘણો વખત સુખ આપ્યું. જન્માષ્ટમી કરી મહારાજ ફરી વિચરણ કરવા નીકળ્યા.

## [૧૩] જાળિયામાં મંદવાડ ગ્રહણ

સોરઠમાં ફરતાં ફરતાં પંચાળા, માણાવદર થઈ મહારાજ આસો માસમાં વરજાંગ પધાર્યા. જાળિયામાં મહારાજે હીરા ઠક્કરને કહ્યું: 'મારે શરીરે કસર છે. માટે કોઈક એકાંતવાળું ઘર હોય તો બતાવો. અમે આરામ કરીએ.'

હીરા ઠક્કરે પોતાનું ઘર મહારાજને ખાલી કરી દીધું, મહારાજે ઉદાસી ગ્રહણ કરી. મંદવાડ ગ્રહણ કર્યો. શરીરમાં તાવ આવ્યો. ધાણી ફૂટે તેવું

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૦ની સાલના પ્રસંગો છે.

શરીર ધગધગે.

જોતજોતાંમાં ખબર ચારેકોર પહોંચી ગયા. સૌ સંતો ખબર કાઢવા આવવા લાગ્યા. મહારાજ કશું ખાય-પીએ નહીં. તેર ઉપવાસ થયા. ઉઠાય, બેસાય કે ચલાય પણ નહીં.

સૌએ ફરીથી કહ્યું: 'આપ કહો એમ કરીએ પણ આપ મંદવાડ મૂકી દો.'

ત્યારે મોડી રાતે મહારાજ કહે: 'પેંડા, બરફી ને જલેબી લાવો તો તે ખાઈને મંદવાડ મૂકી દઈએ.'

તરત જ રાતના હીરો ઠક્કર અને જગો બાબરિયો ભાયાવદર જઈને જલેબી તૈયાર કરાવી, ઊની ઊની જલેબી લઈને મારતે ઘોડે આવ્યા. જલેબી મહારાજને જમાડી. મહારાજે બે-ત્રણ જલેબી ખાધી. જમ્યા પછી મહારાજ કહે: 'અમને ટાઢે પાણીએ નવરાવો. એટલું બધું નવરાવો કે પાણીનો રેલો અહીંથી છેક વેણુ નદીમાં જાય. તો અમે સાજા થઈશું.'

બધી બાઈઓ બેડાં લઈ નદીમાંથી પાણી સારીસારીને લાવવા માંડી. નાજા ભક્ત અને ભગુજી મહારાજને નવરાવે. પછી ભગુજીને થયું કે બહુ ટાઢે પાણીએ ના'શે તો શરદી થઈ જશે. આથી, પાટલા નીચે થાળી મૂકી, તેમાં મહારાજને નવરાવતાં પાણી એકઠું થયું, તે પાણી હરિભક્તને મોકલી વેણુ નદીમાં નંખાવ્યું.

મહારાજે અંતર્યામીપણે પૂછ્યું: 'રેલો વેણુ નદીમાં પહોંચ્યો ?'

'હા, મહારાજ !'

મહારાજ કહે: 'હવે રાખો. અમે સાજા થઈ ગયા. માટે હવે આંબલીના કાતરા અને ચીભડાં લાવો, અમે જમીએ.' કોરાં વસ્ત્ર પહેરીને મહારાજ થોડા કાતરા અને ચીભડાં જમ્યા.

જાળિયાથી ગઢડા પધાર્યા અને અન્નકૂટનો ઉત્સવ કર્યો.

## કબૂતરના કબૂતર

મહારાજનો પૃથ્વી પર પ્રગટ થવાનો એક હેતુ તો પોતાના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય સૌને કરાવી આત્યંતિક કલ્યાણ કરવાનો હતો. તેથી મહારાજ પરભાવમાં ઘણી વાતો પોતાના સર્વોપરીપણાની કરતા.

મહારાજ લોયા, નાગડકા અને પંચાળામાં લગભગ આઠેક મહિના

પરમહંસોને પોતાની પાસે રાખી પોતાની દિવ્ય સ્વરૂપનિષ્ઠાની વાત કરી. 'અક્ષરધામ એ સર્વ ધામોથી પર છે. તેમાં માયાનો ભાવ નથી. સ્ત્રી-પુરુષનો ભાવ નથી. સર્વથી પર અમારું અક્ષરબ્રહ્મ છે. તેથી પણ પર હું છું. પણ તમને સૌને સુખ મળે એટલા માટે મનુષ્ય જેવો હું થયો છું. મારો અવતાર તો અવિદ્યાનો નાશ કરવા અને સૌને એકાંતિકી સ્થિતિ પમાડી, આત્યંતિક કલ્યાણ કરવા થયો છે.'

આવી કેટલીય વાતો મહારાજે કરી. સર્વોપરીપણું સમજાય તેવાં કેટલાંય ચરિત્રો કર્યાં. પોતાનાં કેટલાંય ચરિત્રો પરમહંસોને કહ્યાં. આમ, લગભગ આઠ મહિના ઉપદેશ કર્યો. પછી એક દિવસ સૌ પરમહંસોને જુદાં જુદાં મંડળો પ્રમાણે ગામડે ફરવા જવા અને 'સ્વામિનારાયણ ભગવાન છે' એ વાત કરવા જવા આજ્ઞા કરી.

'ભલે મહારાજ !' કહી ભોળા પરમહંસો ગામડે ફરવા ગયા.

કેટલાક મહિના પછી બધાં મંડળો ગઢડે મહારાજ પાસે પધાર્યાં. મહારાજે સૌની ખબર પૂછી. પછી પૂછ્યું : 'ગામડે શું વાતો કરી ? અમને કેવા કહ્યા ?'

ત્યારે કેટલાક પરમહંસોએ મહારાજને સર્વોપરી અવતારી કહ્યા હતા – તેની વાત કરી. જ્યારે કેટલાકે કહ્યું : 'મહારાજ ! અમે આપને અવતાર જેવા કહ્યા છે.'

આ સાંભળી મહારાજે મરમમાં સ્મિત કરતાં કહ્યું : 'બહુ સારું કર્યું !'

પછી દૃષ્ટાંત આપતાં મહારાજ બોલ્યા : 'સાવ કબૂતરના કબૂતર રહ્યા. જમવામાં દૂધપાક, માલપૂઆ, પૂરી, શાક, કઠોળ, કઢી, ભાત અને સાથે મૂળા ખાધા હોય પછી જ્યારે પણ ઓડકાર આવે ત્યારે બધી વસ્તુનો સ્વાદ દબાઈ જાય અને મૂળાનો ઓડકાર આવ્યા વિના રહેતો નથી. તેમ મેં તમને અમારા સ્વરૂપની આટલી આટલી વાતો કરી છતાંય તમને ગમ પડી નહીં ? સાવ કબૂતરના કબૂતર રહ્યા. જો મારો સર્વોપરીપણાનો મહિમા સમજાયો હોય તો કહ્યા વગર કેમ રહેવાય ?' આમ ટકોર કરી.

જે પરમહંસોએ મહારાજને અવતારાદિક જેવા કહ્યા હતા, તેમને પોતાની ભૂલ સમજાઈ. જેમણે મહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી તરીકે ઓળખ્યા હતા, તેમને બહુ આનંદ થયો. આમાં સૌને લોકની અને શાસ્ત્રની તંતી છોડી દેવાની ટકોર હતી. આ પ્રસંગે કેટલાય પરમહંસોની આંખ ઉઘાડી દીધી.

[૧૪] ## ગરીબનવાજ

દંઢાવ્ય દેશમાં મહારાજ અડાલજ અને વડુ થઈને કરજીસણ પધાર્યા. અહીં એક માસ રહ્યા. આ વર્ષે પણ કાઠિયાવાડમાં વરસાદ થોડો ઓછો થયેલો, તેથી મહારાજે કરજીસણમાં સંતો અને હરિભક્તોને બોલાવી જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. અર્ધરાત્રી સુધી ઝાંઝ-મૃદંગ વગાડીને સૌએ ઉત્સવ કર્યો. હરિભક્તોએ પંચામૃતથી મહારાજનાં ચરણારવિંદ ધોયાં અને નવાં વસ્ત્રો ધારણ કરાવ્યાં. પછી વડની ડાળીએ હિંડોળો બાંધીને મહારાજને ઝુલાવ્યા. અમાસ સુધી હરિભક્તોને અને સંતોને સુખ આપી વિદાય કર્યા. પછી કરજીસણ, મેઊ અને લાંઘણોજમાં થોડો વખત રહ્યા.

લાંઘણોજમાં બે સત્સંગી બાઈઓ રહે. એક હતી ગરીબ, તેનું નામ ભાવસાર સોનબાઈ. બીજી શ્રીમંત, તે જાતે નાગર બ્રાહ્મણ. તેનું નામ ગંગાબા. સોનબાઈએ મહારાજને અને સંતોને ઘેર જમવા આમંત્રણ આપ્યું. ગંગાબાને આ વાતની ખબર પડી. તે સીધી સોનબાઈ પાસે ગઈ. તેણે કહ્યું: ‘તારી પાસે ઊંચી જાતનાં દાળ-ચોખા નથી. તારાં દાળ-ચોખા હલકાં છે. માટે તું સાધુઓને રસોઈ કરીને જમાડ અને મહારાજ માટે સારાં દાળ-ચોખામાંથી બનાવેલો થાળ તૈયાર કરી હું જમાડવા આવીશ.’

ગરીબ સોનબાઈને મનમાં બહુ ઓછું આવ્યું, પરંતુ તેણે દુઃખી હૃદયે હા પાડી. તેને મનમાં થયું: ‘મારાં દાળ-ચોખા હલકાં છે, મહારાજના કામમાં મારું સીધું ન આવ્યું.’

બપોર ટાણું થયું. મહારાજ ચાખડિયે ચડીને સોનબાઈને ઘેર જમવા પધાર્યા. તેમણે સોનબાઈ સામું જોયું. તેનું મોં ઝાંખું પડી ગયેલું, આંખમાં ઝળઝળિયાં હતાં. મહારાજે તેના દુઃખનું કારણ પૂછ્યું. સોનબાઈએ રોતાં-રોતાં બધી જ હકીકત મહારાજને કહી. મહારાજે કહ્યું: ‘તમારા ઘરમાં જે રસોઈ તૈયાર હોય તે લાવો. અમે તમારું જ અન્ન જમીશું.’

સોનબાઈએ રાજી થઈને પાટલો નાખ્યો અને મહારાજને જમવા બેસાડ્યા. મહારાજ લગભગ જમી રહ્યા ત્યાં ગંગાબા થાળી પીરસી, બ્રાહ્મણ આગળ ઊંચકાવી લઈને ઘરમાં પ્રવેશ્યાં. તેમને જોઈને મહારાજે ટકોર કરતાં

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૧ની સાલના પ્રસંગો છે.

કહ્યું : 'હું તો જમ્યો. અમને સોનબાઈની રસોઈ બહુ ભાવી. હવે આ થાળ તમે અને સોનબાઈ જમી લો.'

ગંગાબાને અંતર્દૃષ્ટિ થઈ, પોતાની ભૂલ સમજાઈ. સોનબાઈનો ભાવ ઓળખાયો.

## ભગવાનની ગાદી

સાંજનું ટાણું હતું. દાદાખાચરના દરબારમાં ઉગમણા બારના મોટીબાના ઓરડામાં મહારાજ સભા કરીને ઢોલિયે બિરાજમાન હતા. તેવામાં એક બ્રાહ્મણ જ્યોતિષી આવ્યો. જ્યોતિષી સામુદ્રિક શાસ્ત્ર, ગણિત અને ખગોળનો વિદ્વાન. મહારાજે તેને દૂરથી જોયો. બોલાવીને પાસે બેસાર્યો.

તેણે ઝીણી આંખો કરી મહારાજનાં નેણ, નાક, આંખો, કપાળ, ટીબકડી વગેરે નીરખી નીરખીને જોયું. પછી તે બોલ્યો : 'તમે ભગવાન થઈને કેમ બેઠા ?'

મહારાજ રમૂજમાં બોલ્યા : 'વિપ્ર ! અમે જે દિવસે ઘેરથી નીકળ્યા તે દિવસથી ભારે ભારે રાજપાટ જોયાં, પણ કોઈ ઠેકાણે એકેય ગાદી ખાલી દેખી નહીં. અમે ઉત્તર, પૂર્વ અને દક્ષિણમાં ફરતાં ફરતાં પશ્ચિમમાં અહીં કાઠિયાવાડમાં આવ્યા. પછી જોયું તો એક ભગવાનની ગાદી ખાલી છે; તેથી અમે એ ગાદી પર ચડી બેઠા છીએ !'

એમ કહી મરક મરક હસતાં મહારાજે પોતાનાં ચરણારવિંદ લાંબા કર્યાં. બ્રાહ્મણને તેમાં સોળ ચિહ્નો દેખાયાં. તેને થયું : 'આ તો કેવળ ભગવાનનાં ચરણોમાં જ હોય છે.' તે તો ટાઢો હિમ જેવો થઈ ગયો.

ત્યાં મહારાજે તેની સામે દૃષ્ટિ કરી. તેને ચરણારવિંદમાંથી તેજનો સમૂહ નીકળતો દેખાયો. અનંત બ્રહ્માંડોને લીન કરી નાંખે તેવું તેજ હતું. તેને સમાધિ થઈ, સમાધિમાં અક્ષરધામ દેખાયું. દિવ્ય સિંહાસન પર મહારાજને બેઠેલા જોયા. બધાએ પોતાના ઈષ્ટદેવ અને મુક્તોને મહારાજની સેવામાં જોયા.

બ્રાહ્મણને તેના ઈષ્ટદેવે કહ્યું : 'શ્રીજીમહારાજ તો સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ પુરુષોત્તમ નારાયણ છે. માટે તું એમનો આશરો કરી તેમનું ભજન કર. તો તને અક્ષરધામની પ્રાપ્તિ થશે.'

થોડી વારે બ્રાહ્મણ સમાધિમાંથી જાગ્યો. તે મહારાજનાં ચરણોમાં પડી

ગયો. તેણે કહ્યું: 'મહારાજ ! મારો અપરાધ માફ કરો. મને ક્ષમા આપો. મને આપના સ્વરૂપનું ભાન નહોતું. હવે મને આપનું સ્વરૂપ ઓળખાયું છે. મને આપનો આશ્રિત બનાવો, મારું કલ્યાણ કરો.'

મહારાજે બ્રાહ્મણને માફી આપી આશીર્વાદ આપ્યા. વર્તમાન ધરાવી સત્સંગી બનાવ્યો.

## [૧૫] ધરમપુરમાં પધરામણી

મહારાજ ગઢડામાં બિરાજતા હતા. મહારાજે ધરમપુરનાં રાજમાતા કુશળકુંવરબાનો સંકલ્પ જાણીને 'અમે થોડા દિવસમાં વરતાલ થઈને ધરમપુર પધારીશું' એવો પત્ર લખાવ્યો.

પછી ગઢડાથી નીકળી માર્ગમાં સીંજીવાડા, બુધેજ અને મહેળાવ થઈને વરતાલ પધાર્યા.

વરતાલમાં સમૈયો કરી ત્યાંથી ફરતાં ફરતાં ધરમપુર પધાર્યા.

મહારાણી કુશળકુંવરબાના આનંદનો પાર ન રહ્યો. તેઓ તેમના પૌત્ર કુંવર વિજયદેવને લઈને ગામની ભાગોળે મહારાજને લેવા સામે ગયાં. મહારાજને સોનેરી વસ્ત્રો અને સોનાના શણગાર પહેરાવ્યા. હાથી પર સોનાની અંબાડીમાં મહારાજને બેસારીને વાજતે-ગાજતે ગામમાંથી નગરયાત્રા કાઢી. મહારાજને પોતાના દરબારમાં પધરાવ્યા. પછી કહ્યું: 'હે મહારાજ ! આ સમગ્ર રાજ્ય આપને ચરણે ધરું છું.'

મહારાજે કહ્યું: 'હું રાજને ઈચ્છતો નથી. ગધેડાનો ભાર ગધેડા ઉપાડે. માટે અમે રાજ ચલાવવા નથી આવ્યા. અમારી આંગળીને ઈશારે અનંત કોટિ બ્રહ્માંડ અને તેનાં રાજ ચાલે છે. અમે તો છેક અક્ષરધામમાંથી કેવળ જીવોનો મોક્ષ કરવા અહીં પધાર્યા છીએ.'

### 'ચોખ્ખા કરવા છે'

એક વાર કુશળકુંવરબા હાથથી જાતે કમોદ ફોલીને લાવ્યાં અને મહારાજ પાસે મોકલાવ્યાં. મહારાજે પોટલી ખોલાવી, સફેદ દૂધ જેવા અને સુગંધી અણીશુદ્ધ ચોખાની એક ચપટી હાથમાં લઈને સૌને બતાવી.

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૨ની સાલના પ્રસંગો છે.

પછી પૂછ્યું : 'આ શું છે ?'

સૌએ કહ્યું : 'મહારાજ ! ચોખા છે.'

મહારાજે ત્રણ વખત પૂછ્યું : 'આ શું છે ?'

સૌએ કહ્યું : 'મહારાજ ! આ ચોખા છે.'

મહારાજે ત્રણે વખત હા ભણી : 'હા, આ ચોખા છે.'

આથી, મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : 'મહારાજ ! આપે ત્રણ વખત ચોખા બતાવી પૂછ્યું – 'આ શું છે !' આનું રહસ્ય શું છે ?'

મહારાજે કહ્યું : 'આ ચોખા જેમ ઊજળા દૂધ જેવા અને અણીશુદ્ધ આખા છે. તેવા મારે સૌને 'ચોખ્ખા' કરવા છે. જેમ દરેક દાણો અખંડ અને અણીશુદ્ધ છે, તેવા મારે સૌને કરવા છે.'

સૌ હરિભક્તોને મરમ સમજાયો.

ધામધૂમથી મહારાજને વાંસદામાં પણ ત્રણ દિવસ પધરાવ્યા. વાંસદામાં રાજી થઈને મહારાજે ચાલીસ જોડ ચરણારવિંદ પાડી દીધાં.

કુશળકુંવરબાએ કેટલાક દિવસ સુધી મહારાજને પોતાને ત્યાં રાખ્યા. ભાતભાતનાં ભોજન જમાડ્યાં. તેમના અંગેઅંગને ધારીધારીને અંતરમાં ઉતાર્યા. મહારાજ તેમને આશીર્વાદ દઈને ત્યાંથી ગઢપુર જવા પાછા ચાલ્યા.

## બાર સ્વરૂપે દર્શન

ગઢડાથી શ્રીજીમહારાજ વરતાલ ફૂલદોલનો સમૈયો કરવા પધાર્યા. મહારાજે પત્ર લખાવી દેશદેશના હરિભક્તો તથા સંતોનાં બધાં મંડળોને વરતાલ આવવા આમંત્રણ મોકલ્યું. મહારાજ સૌ સાથે રંગે રમવાના હતા. સૌ આ લાભ લેવા, દિવ્ય લીલાંના દર્શન કરવા માટે વરતાલ આવ્યા.

ગુજરાતના હરિભક્તોએ જ્ઞાનબાગમાં બે મોટા કુંડ રંગના તૈયાર કરી ભરાવ્યા. ગુલાલના દસ-દસ ફૂટ ઊંચા ઢગ કરાવ્યા. હજારો પિચકારીઓના ઢગલા કર્યા. મહારાજ આવી તૈયારી જોઈ બહુ રાજી થયા.

શ્વેત વસ્ત્રો ધારણ કરી મહારાજ બધા જ સંતો અને હરિભક્તો સાથે જ્ઞાનબાગમાં પધાર્યા. મહારાજે સૌ પ્રથમ રંગની પિચકારી ભરીને સૌ ઉપર છાંટી. દરેક સંત અને હરિભક્તનાં મોઢાં મહારાજે ગુલાલથી રંગી દીધાં. હરિભક્ત સૌએ મહારાજને વારંવાર રંગ્યા. રંગક્રીડા ઘણો સમય ચાલી. પછી

ધારુ તળાવમાં સ્નાન કરી, મહારાજ ભોજન લઈ, આરામ કરવા પધાર્યા.

જ્ઞાનબાગમાં બે આંબા બાજુબાજુમાં હતા, બંને આંબા મુક્ત હતા. તેની સામસામી બે ડાળીઓને આધારે મોભ બાંધી નિષ્કુળાનંદ સ્વામીએ હિંડોળો બાંધ્યો. આ બાર બારણાંનો હિંડોળો સુંદર કારીગરીવાળો નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલો. તેમાં ઘૂઘરીઓ, મોતી, નંગ વગેરે જડીને તેની શોભા વધારી હતી.

સાંજે આ હિંડોળામાં મહારાજને બિરાજવા બોલાવ્યા. સારો જરિયાની પોષાક મહારાજને પહેરાવ્યો. ધરમપુરમાં કુશળકુંવરબાએ ભેટ મૂકેલા હીરાનો મુગટ તથા સોનાનાં આભૂષણો મહારાજને પહેરાવ્યાં. મહારાજ હિંડોળે ચડી ઊભા રહ્યા. મુક્તાનંદ સ્વામી હીરની દોરીથી ઝુલાવવા લાગ્યા.

પણ કૌતુક થયું ! મહારાજ બાર સ્વરૂપો ધારણ કરી હિંડોળાના બારેય દરવાજે ઊભા રહ્યા. ચારે બાજુથી હરિભક્તો હાર લાંબા કરે તે મહારાજ સોટીથી લઈ લે. આ લીલાનાં શીઘ્ર પદો પરમહંસોએ બનાવી ગાયાં. પછી બધાં સ્વરૂપો, મહારાજના મૂળ સ્વરૂપમાં સમાઈ ગયાં.

હિંડોળેથી મહારાજને ઉતારી સૌ સંતો અને હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું. ભેટ મૂકી આરતી કરી. સૌ દિવ્યલીલા નિહાળી ધન્ય બન્યા !

## સાધુએ વર્તવાની રીત

મહારાજ ફરતાં ફરતાં ગઢડે પધાર્યા. અહીંથી મહારાજે જેઠ સુદ દશમે પરમહંસોને ઉદ્દેશીને પત્ર લખી ફેરવ્યો : 'નિર્માન, નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ વર્તમાન દૃઢપણે પાળવાં. અષ્ટ પ્રકારે સ્ત્રી-પ્રસંગનો ત્યાગ રાખવો. ગામ બહાર વગડામાં રહેવું. દિવસે ગામના ચોરામાં કે ગૃહસ્થ-સત્સંગીને ઘેર રહેવું. દ્રવ્ય અને ધાતુ માત્રનો ત્યાગ કરવો. જરિયાની વસ્ત્ર, મોતી, માણેક, પરવાળાં, હીરા આદિકનો ત્યાગ કરવો. ગ્રામ્યવાર્તા ન કરવી. ગૃહસ્થોના ગરાસ કે સમૃદ્ધિની વાતો ન કરવી. પોતાના જન્મસ્થાન કે વતન કે જ્ઞાતિ સંબંધીઓની વાતો ન કરવી. કુસંગી સંબંધી વાત ન કરવી. ગ્રામ્યકથા કરે કે આવી કોઈ વાત કરે તો તેને વારવા. એકાદશી, વ્રતો અને ઉત્સવો કરવા. દ્રવ્ય રાખનારને કાઢી મૂકવો. નાના પરમહંસોએ મોટા પરમહંસોની મર્યાદા રાખવી, વિવેકયુક્ત રીતે વર્તવું, મોટા પરમહંસોને

નાનાએ ઊઠીને આસન આપવું અને આગળ બેસારવા. તેમને જમાડીને જમવું. તેમને પહેલાં પાણી પાઈને પછી પાણી પીવું. ઉઠાડતી વખતે ‘સ્વામિનારાયણ’ કહીને ઉઠાડવા. આ બધી મર્યાદા પાળવી. તેને તોડવી નહીં.’

આવા પ્રકારનો ઉપદેશ આપતો પત્ર મહારાજે પરમહંસો પર લખી મોકલ્યો. પરમહંસોને વર્તવાની આકરી રીત બતાવી.

## અણછાજતા સ્વભાવ મૂકવા

મહારાજ નાગડકામાં હરિભક્તો અને સંતો સાથે બિરાજતા હતા. મહારાજ અને હરિભક્તો ઘોડી ચડી વિચરણ કરતા. એમાં એક ઘોડાનું વછેરું હતું. જો કોઈ તેની પાસે જાય તો તેને લાત મારવાની ટેવ.

મહારાજને વાતની ખબર પડી. મહારાજનો આગ્રહ રહેતો કે પોતાના સંબંધમાં આવનારના સ્વભાવ અને ખરાબ ટેવો મુકાવી વર્તનશુદ્ધિ કરવી. પછી એ મનુષ્ય હોય કે પ્રાણી; કોઈના પણ અણછાજતા સ્વભાવ મહારાજ રહેવા દેતા નહીં. આથી, મહારાજે વછેરાની આ ટેવ મુકાવવાનો સંકલ્પ કર્યો.

બીજે દિવસે સવારથી મહારાજ લાકડી લઈને ઘોડાસરમાં દૂર એક બાજોઠ પર વછેરા પાછળ બેસી ગયા. લાકડી વછેરાના પગે અડાડી. તરત જ તેણે પગ તોળી લાત મારી. બે મિનિટ પછી ફરીથી બીજા પગે લાકડી અડાડી. ફરીથી તેણે પગ તોળી લાત મારી. આમ, બે-બે મિનિટે મહારાજ વછેરાને પગે લાકડી અડાડે. વછેરું પણ લાત મારે. ધીરે ધીરે ટેવ ઓછી થઈ, પણ પૂરેપૂરી મુકાઈ નહોતી.

એમ કરતાં કરતાં બપોરે બાર વાગ્યા. જમવાનો વખત થયો. સુરાખાચર અને મૂળજી બ્રહ્મચારી મહારાજને જમવા બોલાવવા આવ્યા. મહારાજે સુરાખાચરને કહ્યું: ‘તમે આ વછેરાને લાકડી અડાડવાનું ચાલુ રાખો તો જમવા આવીશ. હવે બે-ત્રણ વાર અડાડીએ ત્યારે એક વાર લાત મારે છે. અડધી ટેવ ગઈ છે, પૂરી ગઈ નથી. આજે આ ટેવ પૂરેપૂરી મુકાવવી છે.’

સુરાખાચર કબૂલ થયા.

મહારાજ જમવા પધાર્યા. જમીને કથા કરી. પાછા આવ્યા. સુરાખાચર પાસેથી લાકડી લઈ અડાડવાનું ચાલુ રાખ્યું. સાંજ થતાં વછેરું થાકીને સાવ ટેવ ભૂલી ગયું. પછી તો છોકરાં આવીને અડે તોય લાત મારે નહીં. ત્યારે

મહારાજે સૌ ભક્તોને ટકોર કરી: 'આવા કોઈ સ્વભાવ હોય તો મૂકી દેવા. નહીં તો ભગવાન મુકાવશે.' સૌને આ ટકોર પૂરતી હતી.

## [૧૬] લગ્નનાં બીભત્સ ગીતો બંધ કરાવ્યાં

ગઢડામાં મહારાજને કાને લગ્નમાં ગવાતાં બીભત્સ ગીતો સાંભળવામાં આવ્યાં. આથી, મહારાજ ગઢડાથી નીકળી એક સેવકને લઈને સુખપુર આવ્યા. અહીં પણ મહારાજના કાને લગ્નનાં ગીતો સાંભળવામાં આવ્યાં. સ્ત્રીઓ ગીતો ગાતી હતી. આ ગીતો બીભત્સ હતાં. તેમાં ગાળ-ગલીચ અને અપશબ્દો વપરાતા. મહારાજ ઉદાસ થઈ ગયા. મહારાજ તરત ત્યાંથી ઊઠીને નીકળ્યા.

હરિભક્તોને મહારાજની ઉદાસીનું કારણ સમજાઈ ગયું. પ્રેમથી જોડાયેલા હરિભક્તોને મહારાજના વિશુદ્ધ વર્તન માટેનો આગ્રહ સમજાઈ ગયો. તેઓ તરત મહારાજની પાછળ ગયા. મહારાજને પગે લાગી તેઓએ માફી માગી અને બીભત્સ ગીતો ન ગાવાનું વચન આપ્યું. તેમણે સ્ત્રીઓને કહેવરાવી બીભત્સ ગીતો ગાવાનું બંધ કરાવ્યું. મહારાજે આજે સત્સંગીઓમાં નવો સુધારો દાખલ કર્યો.

આ જ ગામમાંથી મહારાજે આ.સં. ૧૮૭૩ના મહા સુદ પૂનમે ગામોગામ પ્રત્યે પોતાના આશ્રિતો ઉપર પત્ર ફેરવ્યો. આ પત્ર દ્વારા તેમણે લગ્નનાં બીભત્સ ગીતો ગાવાની મનાઈ ફરમાવી. તેને બદલે લગ્નપ્રસંગે રાધા અને રુક્મિણી-વિવાહનાં ધોળ (પદો) ગાવાની આજ્ઞા કરી. એટલું જ નહીં, પણ લગ્નપ્રસંગોમાં પણ વાતાવરણ ભક્તિમય રહે તે હેતુથી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરેને રાધા-વિવાહ અને રુક્મિણી-વિવાહનાં પદો (ધોળ) રચવાની આજ્ઞા કરી.

## બાળકને રાજી કર્યો

ગઢડામાં સભા ભરીને મહારાજ બેઠા હતા. કથા શરૂ થવાની તૈયારીમાં હતી. મહારાજ સિંહાસન પર બિરાજ્યા હતા. ત્યાં એક સાત વર્ષનો બાળક મહારાજને પગે લાગવા જતો હતો. તેવામાં દૂર હરિભક્તોની બેઠક પાછળથી એક કાળોતરો નાગ નીકળ્યો. કોઈને આ વાતની જાણ નહીં. મહારાજે દૂરથી

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૩ની સાલના પ્રસંગો છે.

આ જોયું. તેઓ નાગ તરફ દોડ્યા. તેવામાં પેલો બાળક તેમની અડફેટમાં આવ્યો. બાળક પડી ગયો. મહારાજને આમ દોડતા જોઈને સૌ હરિભક્તોએ પાછળ નજર કરી. જોયું તો કાળો નાગ. ભગુજી તથા મૂળજી મહારાજની આગળ પહોંચી ગયા. નાગને પકડીને માટલામાં નાખી દૂર ફેંકવા ચાલી ગયા.

મહારાજ પાછા આવીને સિંહાસને બિરાજ્યા. તેમને બાળક ભુલાયો નહોતો. તેમણે યાદ કરીને બાળકને પોતાની પાસે બોલાવ્યો. પોતાના ખોળામાં થોડી વાર બેસાર્યો. વહાલ કર્યું. પછી બે પાકી કેરીની પ્રસાદી આપી રાજી કર્યો. બાળક રાજી થઈ મહારાજને દંડવત્ પ્રણામ કરીને પાછો ગયો.

## [૧૭] વેદાંતાચાર્યનો પરાજય

મહારાજે અન્નકૂટનો ઉત્સવ વરતાલ કરવાનો સંકલ્પ કર્યો. તેઓ સંત-હરિભક્તોનો સમાજ લઈ ગઢડેથી ફરતાં ફરતાં વરતાલ આવ્યા. ધનતેરસ, કાળીચૌદશ, અન્નકૂટ વરતાલમાં કરીને મહારાજ ફરતાં ફરતાં પાછા ગઢડા ગયા. અહીં પ્રબોધિની એકાદશી કરી.

થોડો વખત ગઢડા રહી મહારાજ ફરી વિચરણ કરવા નીકળ્યા અને વરતાલ પધાર્યા. સાથે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિ ભણેલા વિદ્વાન સંતોને લીધા.

તે વખતે એક વેદાંતાચાર્ય ગુજરાતમાં આવેલા. તે દક્ષિણી બ્રાહ્મણ. ભણેલો વિદ્વાન, પણ બહુ અભિમાની. તે ઘણુંખરું અમદાવાદ અને વડોદરે આવીને રહેતો. મહારાજે વિદ્વાન બ્રાહ્મણ જાણી તેને વરતાલ બોલાવ્યો. નારાયણગિરિજીના મઠમાં સારો ઉતારો આપ્યો. સારાં સીધાં આપ્યાં. પછી વરતાલમાં મહારાજના અધ્યક્ષપણા નીચે શાસ્ત્રાર્થ કરાવ્યો.

મહારાજે પોતે જ વેદાંતાચાર્યને શ્રુતિ-વેદાંતનાં બાર વાક્યોના અર્થ કરવા કહ્યું. વેદાંતાચાર્યે ઘણા ઉત્તરો આપવા પ્રયત્ન કર્યા પણ મહારાજની દલીલો આગળ તેની એકે દલીલ ટકી શકી નહીં. પછી મહારાજે પોતે બારેય મહાવાક્યોના ઉત્તર કર્યા. વેદાંતાચાર્ય તો છક્ક થઈ ગયો. તેનો ગર્વ ગળી ગયો. છતાં વિદ્વાન બ્રાહ્મણ જાણી મહારાજે તેને બસો રૂપિયા અને વસ્ત્રો આપી રાજી કર્યો.

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૪ની સાલના પ્રસંગો છે.

વેદાંતાચાર્ય પોતાની હાર થઈ તેથી ક્રોધે ભરાયો હતો. તે નડિયાદ જઈ મહારાજનું અને સંપ્રદાયનું વાંકું બોલવા લાગ્યો. નિંદા કરવા લાગ્યો, આથી, મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું: 'તમો વેદાંતાચાર્યને જઈને કહો– 'નિંદા શા માટે કરે છે ? ફરી શાસ્ત્રાર્થ કરવો હોય તો આવી જાય.'

નિત્યાનંદ સ્વામીને નડિયાદમાં આવેલા સાંભળી વેદાંતાચાર્ય રાતોરાત ભાગી ગયો.

## અમદાવાદમાં પુનઃ પ્રવેશ

આ.સં. ૧૮૭૪ની સાલમાં અમદાવાદ અને વીસળનગર(વીસનગર)માંથી પેશ્વાઈ સત્તાનો અંત આવ્યો. શહેરનો મુલકી કબજો અંગ્રેજોએ લીધો. અમદાવાદમાં અંગ્રેજોનું રાજ્ય સ્થપાયું અને કલેક્ટર તરીકે એન્ડ્ર્યુઝ ડનલોપની નિમણૂક થઈ. અમદાવાદમાં કલેક્ટર તરીકે આવતાં પહેલાં ડનલોપ સાહેબે સ્વામિનારાયણ ભગવાનનો મહિમા અને તેમનું કાર્ય સત્સંગીઓ થકી સાંભળ્યું હતું. વળી, જ્યાં જ્યાં મહારાજે કામ કર્યું હતું, ત્યાં ત્યાં કાયદો અને વ્યવસ્થા સારાં હતાં. સત્સંગીઓનાં વર્તન સારાં હતાં. સત્સંગીઓ રાજ્યના કાયદા પાળતા. ચોર, લૂંટારું અને બીજાં અસામાજિક તત્ત્વો ન હતાં. આ બધી વસ્તુઓનો ડનલોપ સાહેબને સારી રીતે ખ્યાલ હતો.

આથી, કલેક્ટર એન્ડ્ર્યુઝ ડનલોપે અમદાવાદમાં એક સત્સંગીને પૂછ્યું: 'અહીંયાં સ્વામિનારાયણનું સ્થાનક ક્યાં છે ? અહીં સ્વામિનારાયણ કેમ નથી આવતા ?'

પેલા સત્સંગીએ પેશ્વાએ કરેલી ઉપાધિ અને બંધી સંબંધી બધી વાત કરી.

આ જાણી ડનલોપ સાહેબે કહ્યું: 'તમે સ્વામિનારાયણને કહો કે હવે અહીં પેશ્વાનું રાજ નથી. તમે સુખેથી અહીં પધારો અને ધર્મપ્રચારનું કાર્ય કરો. મારા વતી તમે જઈને સ્વામિનારાયણને અમદાવાદ પધારવાનું આમંત્રણ આપો.'

મહારાજને સંદેશો મળ્યો. મહારાજ સંતો અને સશસ્ત્ર કાઠી દરબારોના સંઘને લઈને અમદાવાદની વાટે ચાલ્યા.

મહારાજ જેતલપુરને પાદર આવી ઊતર્યા. કોઈ દ્વેષીએ જઈને ડનલોપ સાહેબના કાન ભંભેર્યા: 'સ્વામિનારાયણ તો સશસ્ત્ર લડવૈયાઓની ફોજ

લઈને અમદાવાદ પર ચડાઈ કરી, અમદાવાદ જીતી લેવા આવ્યા છે. ખોટું કહેતો હોઉં તો તમે જાતે જ જઈને જેતલપુરને પાદર ખાતરી કરી આવો.'

પણ ડનલોપ સાહેબ પર આવા શબ્દોની અસર થઈ નહીં. તેમને મહારાજની લોકોત્તર મહત્તાનો ખ્યાલ હતો. છતાં તેઓ છ અંગરક્ષક લઈ ચંડોળા તળાવે મહારાજને લેવા સામા ગયા.

અહીં જેતલપુરને પાદર મહારાજ રોકાયા હતા. તે દરમ્યાન મહારાજે આધારાનંદ સ્વામીને પાસે બોલાવી એક પ્રસંગ કહ્યો. તે પ્રસંગનું રંગબેરંગી ચિત્ર તેમની પાસે તૈયાર કરાવ્યું. તે ચિત્રના નાયકના મુખના હાવભાવ અને અણસાર મહારાજે કહ્યા તેવા સ્વામીએ તૈયાર કર્યા. ચિત્ર તૈયાર થઈ ગયું, એટલે મહારાજે તેમને કહ્યું: 'આ ચિત્ર કાલે સવારે લઈ લેજો.'

બીજે દિવસે સવારે મહારાજ સંઘને લઈને અમદાવાદ શહેરમાં પ્રવેશ્યા. ચંડોળા તળાવ પાસે ડનલોપ સાહેબ રાહ જોઈ ઊભા હતા. દૂરથી ધૂળની ડમરીઓ અને ખભા ઉપર અણિયાળા ભાલા ચમકતા જોઈ, તેને મનમાં સહેજ શંકા થઈ આવી, પણ મહારાજનું સૌમ્ય મુખારવિંદ અને ભક્તોનાં મોઢાં પરનો નિર્દોષ ભાવ જોઈ શંકા દૂર થઈ ગઈ.

મહારાજ તેમની પાસે આવ્યા, ઘોડીએથી ઊતરી તેમને મળ્યા. ડનલોપ સાહેબે ટોપી ઉતારી સલામ કરી. તેમણે પોતાની બીક વ્યક્ત કરતાં કહ્યું: 'મને તો બે ઘડી એમ થયું કે વિરોધીઓ કહેતા હતા તેમ ચડાઈ કરવા જ સશસ્ત્ર દળ લઈ આવ્યા લાગો છો, પણ આપ અને આપના ભક્તોનાં નિર્દોષ મુખ જોઈ મારી શંકાનું સમાધાન થઈ ગયું.'

મહારાજે પ્રત્યુત્તરમાં કહ્યું: 'અમે તો સૌનું કલ્યાણ કરવા અને માળા ફેરવાવવા, ભજન કરાવવા આ પૃથ્વી પર આવ્યા છીએ. અમારે વળી લડાઈ શાની? અમારે વળી કોઈ સાથે વેર પણ શાનું? આ બધા ભક્તો જાતે ક્ષત્રિય દરબારો છે. તેથી ક્ષાત્રધર્મ પ્રમાણે શસ્ત્રો રાખે છે. તેમનાં શસ્ત્રો જોઈ અસુરો સહેજ ચેતીને ચાલે છે અને અમારા નિર્દોષ સંતોને ત્રાસ આપતાં થોડા ડરે છે, પરંતુ શસ્ત્રોનો ઉપયોગ તો કોઈ કરતું જ નથી.'

મહારાજ ડનલોપ સાહેબ સાથે સંઘને લઈ કાંકરિયે તળાવ આવ્યા. ત્યાં ડેરા-તંબુ તાણી મહારાજ ડનલોપ સાહેબ સાથે બેઠા. ડનલોપ સાહેબના સહ-અધિકારી એરણ સાહેબ પણ સાથે હતા. તેઓ વારંવાર મહારાજના મુખ

સામું જુએ. મહારાજ મરક મરક હસે. તેમનાથી રહેવાયું નહીં. તેમણે કહ્યું: 'સ્વામિનારાયણ! મને લાગે છે કે મેં ક્યાંક આપનાં દર્શન કર્યાં છે!'

મહારાજે તરત જ આધારાનંદ સ્વામી પાસેથી ચિત્ર મંગાવી તેમની સામે ધર્યું.

'વિકરાળ વાઘ સાહેબ ઉપર કૂદી રહ્યો છે અને મહારાજ આડો હાથ ધરી વાઘને પાછો જવા ઈશારો કરી રહ્યા છે,' – આ ચિત્ર જોઈ સાહેબને – 'શિકાર કરતી વખતે થયેલી સરતચૂક અને મહારાજે દિવ્યદેહે પધારી વાઘના મોમાંથી તેમની રક્ષા કરી હતી' – તે પ્રસંગ યાદ આવ્યો.

તેઓ મહારાજના પગમાં પડી ગયા. પોતાનું યુવાનીમાં કેવું મુખ થઈ ગયું હતું તે પણ યાદ આવ્યું. તેમણે ત્રણ વાર ટોપી ઉતારી, વાંકા વળી મહારાજને સલામ કરી.

તેમણે કહ્યું: 'મહારાજ! હવે આપ સુખેથી અમદાવાદમાં પધારો. આપના ધર્મનો પ્રચાર કરો. જે મદદ જોઈએ તે માગી લેજો. કાંઈ પણ અડચણ પડે તો અમને કહેજો. અમે આપને બધી સહાય કરીશું. આપ અમારી રક્ષા કરતા રહેજો. અમારા પર મહેર રાખજો, અમારું કલ્યાણ કરજો.'

મહારાજે તેમને આશીર્વાદ આપ્યા.

હવે અમદાવાદમાં મહારાજ નિર્વિઘ્ને સત્સંગ-પ્રચારનું કાર્ય કરવા લાગ્યા. સત્સંગીઓને અઢળક સુખ દેવા લાગ્યા. ઘણાં વર્ષોની ખોટ ખૂબ સુખ દઈને પૂરી દીધી.

## આણંદમાં અપમાન

ગઢડાથી ઉમરેઠ, ભાલેજ થઈ મહારાજ વરતાલ પધાર્યા. અહીં આણંદના કેટલાક પ્રેમી હરિભક્તોએ આવીને મહારાજને પ્રાર્થના કરી: 'મહારાજ! આપ કૃપા કરીને આણંદ પધારો. અમારાં ઘર પાવન કરો.'

મહારાજે કહ્યું: 'આણંદમાં દ્વેષી લોકો બહુ છે માટે ભવિષ્યમાં ક્યારેક આવીશું.'

પરંતુ આ ઉત્તર સાંભળી હરિભક્તો દુઃખી થયા. તેમની આંખોમાં આંસુ આવ્યાં. તેમણે મહારાજને ફરીથી ગદ્ગદ થઈને વિનંતી કરી. મહારાજે તેમનો ભાવ જોઈને 'હા' પાડી.

મહારાજ શૂરવીર કાઠી દરબારો, સંતોનો સંઘ લઈ આણંદ જવા નીકળ્યા. આણંદમાં હરિભક્તોએ રસોઈ કરાવી. મહારાજ કાઠી દરબારો અને સંતોનો સંઘ લઈ આણંદ શહેરમાં પ્રવેશ્યા. હરિભક્તોએ સામૈયું કર્યું, પરંતુ 'મહારાજ આણંદમાં પધાર્યા છે' તેવી ખબર પડતાં મતપંથીઓ રોષે ભરાયા. તેમને તેમની દાળ-રોટી હાથમાંથી ચાલી જતી લાગી. આવા મતપંથીઓએ કેટલાક માણસોને ઉશ્કેર્યા અને ભરચૌટામાં અપમાન કરવા ભેગા કર્યા.

મહારાજે પહેલેથી જ સૌને કહી દીધું હતું કે ક્ષમા અને ધીરજ ધારજો; ગાળ, અપમાન અને તિરસ્કાર સહન કરજો.

ચૌટામાં સંઘ આવ્યો ત્યારે અસુરોએ ગાળો અને અપશબ્દો સંભળાવ્યા, પણ સૌ શાંત રહ્યા. પછી તો છાણ, ધૂળ, ઢેફાં, કાંકરા વગેરે જે હાથ આવ્યું તે ફેંકવા લાગ્યા. ભગુજી, દાદાખાચર અને નાજા જોગિયાનો હાથ તલવાર પર ગયો. ત્યાં મહારાજે વાર્યા અને સહન કરવા કહ્યું.

મહારાજ અને આખો સંઘ ગામ બહાર ગુંસાઈની જગ્યાએ વડ નીચે ઊભો રહ્યો. મહારાજ જમ્યા વગર બાકરોલ થઈ વરતાલ પાછા ગયા.

સાંજે સભામાં મહારાજે કહ્યું : 'આપણે કેવી જીત કરી ?'



બ્રહ્મમુનિ કહે: 'જાણે ઈડરિયો ગઢ જીતીને આવ્યા હોય એવું પરાક્રમ કર્યું છે!'

દરબારો કહે: 'શું જીત કરી? ધૂળ અને ઢેફાં ખાધાં. અમને શૂરવીરોને ઈંટોનાં રોડાં ખવરાવ્યાં. આ વાત કોઈ જાણશે તો અમને નોકરીમાં નહીં રાખે.'

મહારાજ કહે: 'આપણે સહન કર્યું અને સામા નથી થયા તેથી આપણી શોભા વધી છે. નહીં તો ધિંગાણું મચી જાત. કાવાદાવા થાત.'

આ બનાવની અસર આણંદ શહેરના આગેવાન લોકો ઉપર બહુ થઈ. તેમને થયું: 'આવા નિર્મત્સર સંતને અને મહારાજને નગરજનોએ દુઃખવ્યા એ ખોટું કર્યું.' આમ વિચારી શહેરના આગળ પડતા લોકોએ વરતાલ આવી મહારાજની માફી માગી. ફરીથી આવું નહીં થવા દઈએ તેવી ખાતરી આપી, આણંદનું દ્વાર કાયમને માટે ખોલી આપ્યું.

## [૧૮] સદ્‌ગુરુઓ કર્યા

વડોદરા છોટી કાશી કહેવાતું. ત્યાં સંસ્કૃત ભણેલા વિદ્વાન શાસ્ત્રીઓ રહે. તેમાં વરતાલમાં હારી ગયેલા વેદાંતાચાર્યને સ્વામિનારાયણ સંપ્રદાય અને મહારાજને વિશે બહુ દ્વેષ. પોતાની ભ્રષ્ટબુદ્ધિને લીધે, 'શ્રીજીમહારાજ ભગવાન નથી. વરતાલમાં હું તેમને મળ્યો છું, તેમનામાં કાંઈ નથી. કલ્પિત દેવ છે. કેવળ ભોળાજનોને ભરમાવે છે. હું શાસ્ત્રોને આધારે પુરવાર કરી દઉં. તેમનો સંપ્રદાય પણ ખોટો પાડી દઉં!' એવું તે કહેવા લાગ્યો.

આવી વાત તેણે બધે ફેલાવી. વડોદરાના સત્સંગીઓને દુઃખ થયું. તેમણે મહારાજને પત્ર લખ્યો: 'હે મહારાજ! આ વેદાંતાચાર્ય આપનો બહુ દ્વેષ કરે છે. આપને પાખંડી કહે છે. એને જીતી શકે તેવા કોઈ વિદ્વાન સાધુને મોકલો. અહીંના રાજા સયાજીરાવ બહુ શાણા અને ન્યાયી છે. તેઓ શાસ્ત્રાર્થને આધારે નિર્ણય કરશે. માટે આપ આટલી વિનંતી માન્ય રાખશો.' આવો પત્ર મહારાજને મળ્યો.

મહારાજ હસ્યા. પછી કહે: 'મુક્તાનંદ સ્વામી! આપ ભણેલા અને સાધુતાવાળા નિર્માની સંત છો. આપ વડોદરા જાવ અને વેદાંતાચાર્યનો પરાભવ કરો.'

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૫ની સાલના પ્રસંગો છે.

મુક્તાનંદ સ્વામી કહે: 'મહારાજ ! મારા જેવા સામાન્ય સાધુથી એ કામ કેવી રીતે થશે ? વળી, આંટીઘૂંટીવાળા પ્રશ્નોના ઉત્તર મારાથી કેમ દેવાશે ?'

મહારાજ કહે: 'તમે તેની ચિંતા ન કરશો. અમને સંભારીને ઉત્તર આપજો. બધું સ્ફૂરવા માંડશે. તમારી સાધુતા વાત કરશે.'

મુક્તાનંદ સ્વામી વડોદરે ગયા. ચાતુર્માસના દિવસો હતા. મુક્તાનંદ સ્વામી સભા જીતવા રાજદરબારમાં જતા હતા. કેટલાક ઉપાધિ કરવા માર્ગમાં તૈયાર ઊભા હતા, પણ મુક્તાનંદ સ્વામી તો *'વહાલા રૂમઝુમ કરતા કા'ન મારે ઘેર આવો ને...'* એ પદ ગાતાં, સૌને નીચા લળીલળીને પ્રણામ કરતાં ચાલ્યા. મુક્તાનંદ સ્વામીની નિર્માનીતા, મુખ પરની સાધુતા, વળી નીચા વળીને નમન, આ બધું જોઈ વિરોધ કરનારની વૃત્તિઓ શમી ગઈ. કોઈને ઉપાધિ કરવાનું કે તાડન કરવાનું સૂઝ્યું નહીં.

ચર્ચાસભામાં મુક્તાનંદ સ્વામીએ વેદાંતાચાર્યને વરતાલની ચર્ચાની યાદ અપાવી અને એ જ પ્રશ્નો ફરીથી પૂછ્યા. વેદાંતાચાર્યને પરસેવો વળી ગયો. એણે પોતે ઉપજાવી કાઢેલી વાતોની જાતે કબૂલાત કરી લીધી.

વેદાંતાચાર્યનો પરાભવ થયો. સયાજીરાવ મહારાજાએ એને ઠપકો દઈ દેશપાર કર્યો. મુક્તાનંદ સ્વામીનો 'જય' થયો. મહારાજાએ કેટલાક દિવસ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કર્યો.

વડોદરાના હરિભક્તોને મુક્તાનંદ સ્વામીની થયેલી જીતના સમાચાર ગઢડે મહારાજને લખી મોકલ્યા. મહારાજે પત્ર સભામાં વંચાવ્યો. સૌ સાધુ તથા હરિભક્તો રાજી થયા. મહારાજે મુક્તાનંદ સ્વામીની બહુ પ્રશંસા કરી.

પરંતુ બે અદેખા સાધુઓ આકુળ-વ્યાકુળ થઈ ગયા. હર્યાનંદ અને નિર્વિકલ્પાનંદ બોલવા લાગ્યા: 'એક સભા જીતી તેમાં શો મોટો વાઘ માર્યો ? એ તો અમને મોકલ્યા હોત તો અમે પણ હરાવી દેત. વાઘ તો બકરીને મારી જ શકે ને ! પણ વાઘ વાઘને મારે તો સાચો કહેવાય. તેમાં વેદાંતાચાર્ય તો સામાન્ય શાસ્ત્રી હતો. તેને હરાવ્યો તેમાં શું મોટું કામ કર્યું ?'

આ સાંભળી મહારાજ એકદમ ઉદાસ થઈ ગયા. તેમણે કહ્યું: 'જુઓ, આ બંને માનની મૂર્તિઓ છે. આવું અભિમાન રાખે તે સત્સંગમાં ન ટકી શકે.'

મહારાજને મનમાં થયું: 'સંતો કેટલાક સ્વચ્છંદી થઈ ગયા છે. બરોબરિયાપણું રાખે છે. મોટાનું માન રાખતા નથી. કોઈનો અંકુશ રહ્યો નથી.

માટે આવા સત્સંગમાં રહેવું નથી. અહીંથી ચાલી જઈ એકલા વનમાં વિચરવું.'

મહારાજે ઉદાસી ગ્રહણ કરી. મુખ ઝાંખું થઈ ગયું. કાંઈ ખાય-પીએ નહીં. આઠે પહોર અક્ષર ઓરડીમાં એકાંતમાં રહે. આથી, મોટીબાએ કહ્યું: 'મહારાજ! ઉદાસ કેમ રહો છો. અમારી ભૂલ થઈ હોય, આજ્ઞા લોપી હોય તો પ્રાયશ્ચિત્ત આપો; પણ ખાઓ-પીઓ અને પ્રફુલ્લિત રહો.'

મહારાજ કહે: 'અમારે વનમાં ચાલ્યા જવું છે. અમારે અહીં રહેવું નથી.'

બ્રહ્માનંદ સ્વામી, સુરાખાચર વગેરેએ મહારાજને હસાવવાના પ્રયત્ન કર્યા. હંમેશાં હસી પડનાર મહારાજ કેમેય હસ્યા નહીં. મહારાજે કહ્યું: 'વનમાં વસવા સિવાય અમારે તમારી કોઈ વાત સાંભળવી નથી.'

ત્યારે સૌએ કહ્યું: 'મહારાજ! અમે તમને વનમાં જવા નહીં દઈએ. વનમાં જવાની રજા પણ નહીં આપીએ. અમે અપજશના પાત્ર થઈએ. આપને ઇચ્છા હોય ત્યાં સમૈયા ભરો. દેશદેશના હરિભક્તોને બોલાવી આપનો પ્રસ્તાવ મૂકો. સમગ્ર સત્સંગ રજા આપે તો આપ જઈ શકો છો.'

મહારાજે તેમની વિનંતી માન્ય રાખી. પત્ર ફેરવીને ઉત્તર ગુજરાતમાં આદરજ ગામે સાધુનાં બધાં જ મંડળો અને દેશદેશના હરિભક્તોને બોલાવ્યા. અન્નકૂટનો ઉત્સવ કરીને બીજે દિવસે મહારાજે સભામાં પ્રસ્તાવ મૂક્યો: 'અમને અહીં આ લોકમાં ગમતું નથી. ચિત્ત ક્યાંય ચોંટતું નથી, માટે અમે હવે આપ સૌનો ત્યાગ કરી વનમાં વિચરવાનો નિર્ધાર કર્યો છે.'

આટલા શબ્દો સાંભળ્યા ત્યાં તો કેટલાય સાધુઓ અને હરિભક્તો મૂર્છા પામી ભોંય પર ઢળી પડ્યા. બાઈઓ અને ભાઈઓને આંખમાંથી આંસુડાંની ધાર વહેવા લાગી, સૌ કલ્પાંત કરવા લાગ્યાં.

પછી મોટેરા સૌએ કહ્યું: 'મહારાજ! આવી કાળજું કપાઈ જાય તેવી વાત ન કરશો. અમારી ભૂલ થઈ હોય તો આપ કહો તે પ્રાયશ્ચિત્ત કરીશું, આપ કહેશો તેમ વર્તીશું. આ બધા સાધુઓએ આપને અર્થે સંસાર છોડ્યો. બાઈઓએ લોકલાજ ને કુળ મરજાદ છોડી. હવે એ સૌને કોનો આશરો? અમે સૌ મુખમાં તરણું લઈને આપની માફી માગીએ છીએ કે અમારામાંથી કોઈથી પણ કાંઈ ગુનો થયો હોય તો અમને ક્ષમા કરો, છતાં આપ ચાલી જશો તો સૌ દેહ તજી દેશે અને મૃગલાં થઈ આપની પાછળ વનમાં ફરશે.'

મહારાજને દયા આવી. તેમણે કહ્યું: 'સત્સંગ બહુ વધ્યો છે. બહુ સાધુ

અને હરિભક્તો થયા. મારે કેટલી જવાબદારી અને ભાર માથે લઈને ફરવું? કોઈ સત્સંગની ફિકર કરતું નથી. સત્સંગનો ભાર ઉપાડવા કોઈ તૈયાર થતું નથી. ઊલટાનું કેટલાક સાધુ મોટાની મરજાદ રાખતા નથી. ઈર્ષ્યા કરે છે. બરોબરિયાપણું રાખી મોટાનું અપમાન કરે છે. માટે કોઈ સત્સંગનો ભાર માથે લે, સૌને યોગ્ય રીતે વર્તાવે, ઠપકો દેવો ઘટે ત્યાં ઠપકો દે અને સમગ્ર સત્સંગની સંભાળ રાખે, તેવા કોઈ તૈયાર થાવ. નહીં તો અમે આ ચાલ્યા.'

સૌએ કહ્યું: 'મહારાજ! આપ કહેશો તેની આજ્ઞામાં રહીશું. એ કહેશે તેમ કરીશું, પરંતુ આપ અમને છોડી જશો નહીં.' સૌએ ખાતરી આપી.

મહારાજે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને પરમ ચૈતન્યાનંદ સ્વામી – આ ચાર સંતોને પોતાની પાટ પર ગાદી-તકિયો નખાવી બેસાર્યા. તેમને સદ્‌ગુરુપદે નીમ્યા. સૌને આ ચાર સદ્‌ગુરુઓની આજ્ઞામાં રહેવા કહ્યું. આશાનું કિરણ ઉદય થયું. ફરીથી સૌનાં અંતરમાં આનંદની હેલી ચડી આવી. મહારાજ રાજી થયા. ઉદાસી મૂકી ફરીથી સુખ આપવા લાગ્યા.

અહીં આદરજમાં મહારાજે બધા પ્રકારની સૂચના સુથારને આપીને થોડાં પત્તર, તુંબડાં તૈયાર કરાવ્યાં. સૌ પ્રથમ મોટેરા કેટલાક સંતોને તે આપ્યાં. અહીંથી સાધુઓને પત્તર, તુંબડાં આપવાની શરૂઆત કરી.

આદરજથી નીકળી વડનગર, વીસનગર, અમદાવાદ, અસલાલી થઈ મહારાજ જેતલપુર પધાર્યા. અહીં ચાર સદ્‌ગુરુ ઉપરાંત બીજા મોટેરા આઠ સંતોને ગાદી-તકિયે બેસારી સદ્‌ગુરુ કર્યા. આમ, સમગ્ર સાધુઓની વહેંચણી મંડળો પાડી, આ બાર સદ્‌ગુરુઓના હાથ નીચે કરી દીધી. તેમની જવાબદારી વધી. હરિભક્તોની સારસંભાળ અને કથાવાર્તા કરી સુખ દેવાનું પણ આ સદ્‌ગુરુઓને માથે આવ્યું. સત્સંગ-સમાજ વ્યવસ્થિત થયો અને સત્સંગ-સમાજમાં નિયમન આવી ગયું.

## સાધુ-ધર્મ સમજાવ્યો

ચાતુર્માસના દિવસો હતા. હજારો હરિભક્તો ગઢડે મહારાજનાં દર્શન કરવા આવતા.

એક દિવસ લક્ષ્મીવાડીથી હરિભક્તોનો સંઘ સભા પૂરી થયા પછી

દાદાખાચરના દરબાર ભણી જતો હતો. સૌ બજારમાંથી પસાર થતા હતા. તેમાં એક પ્રતિષ્ઠિત સત્સંગીનો છોકરો પણ તેના પિતાની આંગળી ઝાલી જતો હતો. તેઓ જૈનના ઉપાશ્રય (અપાસરા) આગળથી નીકળ્યા. તે વખતે એક જૈન સાધુ અપાસરા બહાર ઓટલે બેસી સંઘ જોતા હતા.

પેલો છોકરો પણ પિતાની આંગળી ઝાલી ઉતાવળો ચાલે. તેને થૂંકવાની તલપ લાગી, છોકરે ઉતાવળમાં જોયા વગર થૂંકી દીધું. તે થૂંક સીધું જૈન સાધુના અંગ ઉપર પડ્યું. તેથી જૈન સાધુએ હો...હા કરી મૂકી: 'આ સ્વામિનારાયણના શિષ્યો મારા પર થૂંક્યા ! તેમણે મારું અપમાન કર્યું !'

આ જૈન સાધુના કેટલાક શિષ્યો બજારમાં આગેવાન વેપારી મહાજન હતા. તેથી પોતાના જૈન સાધુની ફરિયાદ સાંભળી તેમણે તરત જ ચપોચપ દુકાન બંધ કરી દીધી. બજાર બંધ પડી ગઈ.

મહારાજને આ વાતની ખબર પડી. પેલો છોકરો તો હેબતાઈ ગયેલો. તેને થયું: 'હવે સૌ મારા પર તૂટી પડશે;' પણ મહારાજે તેને કંઈ ઠપકો ન આપ્યો. હેતથી પાસે બોલાવીને 'ક્યાં થૂંકવું, ક્યાં ન થૂંકવું' વગેરે ચીવટ રાખવા સમજાવ્યું.

પછી તરત જ મહારાજ પોતે સામે ચાલીને પેલા જૈન સાધુ પાસે ગયા. બાળકથી થયેલી ભૂલનું તેને ભાન કરાવ્યું. મધુર વચનથી અને વિનયથી બાળકને ક્ષમા આપવા કહ્યું. તે જૈન સાધુને આદર-સન્માન આપ્યાં.

પેલા જૈન સાધુના મનનું સમાધાન થયું. તેને પોતાનો સાધુ-ધર્મ સમજાઈ ગયો. તેણે પોતાના આશ્રિતોને સમજાવ્યા. તરત જ હડતાલ ખૂલી ગઈ. બજાર ફરી પાછી કામકાજથી ધમધમવા લાગી.

કેટલી શ્રીજીમહારાજની નમ્રતા !

## શિશુવત્સલ પ્રભુ

આજે ગઢડામાં મહારાજ હજામત કરાવવાના હતા. એક કણબીનો છોકરો હતો. દસેક વર્ષની તેની ઉંમર. મહારાજ વિષે તેને બહુ હેત. તેણે હજામને કહી રાખ્યું: 'તમે વતું કરી લ્યો ને, એટલે મહારાજના કેશની થોડી પરસાદી મને આપજો. આપશો ને ?'

હજામે કહ્યું: 'હા ભઈલા ! તને પરસાદીના કેશ આપીશ.'

મહારાજ પધાર્યા. એક ગરમ આસનિયા પર વતું કરાવવા બેઠા. છોકરો એક ખૂણામાં ઊભો ઊભો દર્શન કરે. વતું થઈ રહ્યું. હજામ ભૂલી ગયો. સરતચૂકથી વાળ દીધા વગર બધા કેશ લઈ હજામ તો થેલો લઈને ચાલ્યો ગયો. છોકરો જોઈ રહ્યો. મહારાજ સામે બેઠા હતા એટલે કાંઈ બોલી શક્યો નહીં, પણ તેને બહુ ઓછું આવ્યું. તે ડૂસકે ડૂસકે રોવા લાગ્યો. મહારાજે પાછા વળીને જોયું તો ખૂણામાં ઊભો ઊભો છોકરો રડતો હતો.

મહારાજ છોકરા પાસે ગયા. તેને પડખામાં લીધો. તેને બરડે હાથ ફેરવી હેતપૂર્વક પૂછ્યું : 'બેટા ! કેમ રડે છે ?'

છોકરાએ બધી વાતનો ખુલાસો કર્યો. એટલે મહારાજ બોલ્યા : 'અરે ! એમાં શું થઈ ગયું ? લે, તને મારી શિખામાંથી વાળ આપું.' એમ કહી શિખામાંથી થોડાક વાળ જુદા તારવીને, કાતરથી કાપી આપ્યા.

છોકરો રાજી થઈ ગયો. તેણે શિખાના વાળ એક કપડામાં બાંધીને ગજવામાં મૂકી દીધા. મહારાજને દંડવત્ પ્રણામ કરી, પગે લાગી આનંદમાં ઘેર ગયો.

## [૧૯] છ હેતુઓ

મહારાજ કારિયાણી બિરાજતા હતા. ત્યારે વડોદરેથી ગોપાળાનંદ સ્વામી મહારાજનાં દર્શને આવ્યા. મહારાજ ઊભા થઈને તેમને ભેટ્યા. ઠંડાં પાણી પાયાં. પછી અક્ષર ઓરડીમાં લઈ ગયા. ત્યાં ગોપાળાનંદ સ્વામીને પોતાની પાસે બેસાર્યા અને બીજા સંતો તથા હરિભક્તોને બહાર જવાની આજ્ઞા કરી.

મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું : 'તમે પણ બહાર જાવ. દરવાજા પાછળ ચોકડીનું (પથ્થર ઘડવાનું) કામ કરો.' એમ કહી અક્ષર ઓરડીનો દરવાજો બંધ કરાવ્યો.

પછી મહારાજે પોતાના આ પૃથ્વી પર પ્રગટ થવાના છ હેતુઓ ગોપાળાનંદ સ્વામીને કહ્યા :

(૧) 'અમારી સર્વોપરી ઉપાસના અને સર્વોપરી જ્ઞાન, તેને આ પૃથ્વી પર પ્રવર્તાવવું.'

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૭ની સાલના પ્રસંગો છે.

(૨) 'પૂર્વે થઈ ગયેલા ભક્તોને અમારી ઉપાસના અને અમારા સ્વરૂપનો બોધ કરીને ઠેઠ અક્ષરધામમાં પહોંચાડવા.'

(૩) 'ભક્તિદેવી અને ધર્મદેવને અસુરોના ત્રાસમાંથી મુક્તિ અપાવી, અમારી મૂર્તિનું સુખ આપવું.'

(૪) 'ઘણા કાળથી લુપ્ત (ભુલાયેલો) થયેલો, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહાત્મ્યે યુક્ત ભક્તિવાળો એકાંતિક ધર્મ પ્રવર્તાવવો.'

(૫) 'અનંત કાળથી ભજન-ભક્તિ કરતા અનેક તપસ્વી-યોગીઓને દર્શન દઈ, તપનું-ભક્તિનું ફળ આપવું અને ભગવાનને વિશે પ્રીતિવાળા મુમુક્ષુઓના મનોરથ પૂર્ણ કરવા અને તેમને લાડ લડાવવાં.'

(૬) 'આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મના ધારક સાધુઓ, ઉપાસના માટે શિખરબદ્ધ મોટાં મંદિરો, અમારાં લીલા-ચરિત્ર, સ્વધર્મજ્ઞાને યુક્ત શાસ્ત્રો કરવાં; અને પરાત્પર વિહદ એવું જે અક્ષરધામ તેને પમાડવા અર્થે પરમ એકાંતિક સંતો દ્વારા આત્યંતિક કલ્યાણનો મોક્ષ માર્ગ આ બ્રહ્માંડમાં સદાય ઊભો રાખવો.'

આ છ હેતુઓ દરવાજાની તિરાડમાંથી નિષ્કુળાનંદ સ્વામીએ સાંભળ્યા.

પછી મહારાજે અહીં કારિયાણીમાં રહી દિવાળી કરી. મહારાજ રાતે સભા કરીને બેઠા હતા. ચારે બાજુ દીપમાળ પૂરી હતી.

તે વખતે દીવબંદરનાં અતિશય પ્રેમી હરિભક્ત પ્રેમીબાઈ મહારાજ માટે પાદુકા, છત્ર, ચમર, સોનેરી જરિયાની વસ્ત્રો, સોનાનાં આભૂષણો વગેરે લાવ્યાં. મહારાજે તેમના ભાવને વશ થઈ સામા જઈને ગ્રહણ કર્યાં. થોડી વાર ધારણ કર્યાં, પરંતુ મહારાજની એવી રુચિ કે સારું પદાર્થ પોતે રાખતા નહીં, કોઈને આપી દેતા. પછી મહારાજે વસ્ત્રાભૂષણો દીનાનાથ ભટ્ટને ભેટ આપી 'કૃષ્ણાર્પણ' કરી દીધું. તે વખતે સભામાં કોઈકે ઈર્ષ્યા કરી. આથી, મહારાજે માન, ઈર્ષ્યા અને મત્સરનું ખંડન કર્યું.

## લોયામાં શાકોત્સવ

મહારાજ કાર્તિક માસમાં લોયા પધાર્યા. અહીં સંઘા પટેલ તથા સુરાખાચરના દરબારમાં ઘણું રહેતા. લોયામાં બે લીંબડાની વચ્ચે બેસીને

વચનામૃતની કથા કરતા. મહારાજ બે માસ રહ્યા તે દરમિયાન ગામોગામથી સંતોને બોલાવી ઘણી વાર શાકોત્સવ કરાવ્યો હતો. એક બાજુ લીંબડાના ઝાડ નીચે પાંચ ચૂલો ખોદી હતી. ત્યાં સવારે મહારાજ પોતે મોટાં મોટાં પાંચ તપેલાંમાં સાઠ મણ રીંગણાંનું શાક, અઢાર મણ ઘીમાં વઘારીને કરતા અને જાતે પીરસતા.

મહારાજ વસંતપંચમીનો ઉત્સવ કરી રંગે રમ્યા. સાંજે કઠપૂતળાંનો ખેલ કરનારા નાયક આવ્યા. તેમણે વિનંતી કરી કે 'મહારાજ! અમને અહીં અમારી કળા આપને દેખાડી પાવન થવા દ્યો.'

પછી મહારાજે કહ્યું: 'તમારા કઠપૂતળાંના ખેલમાં રુક્મિણી-વિવાહનો વેશ ભજવો.'

પછી નાયકે પૂતળાંની દોરી આંગળીએ બાંધી, પૂતળાં નચાવવાં શરૂ કર્યાં, પણ પૂતળાં ચાલે જ નહીં. આથી, નાયકે પગે લાગી કહ્યું: 'મહારાજ! આપ તો ભગવાન છો. આ પૂતળાં છે, પણ અમારા સૌનાં નાડી-પ્રાણ આપના હાથમાં છે. જીવ-પ્રાણીમાત્ર આપના હાથે નાચતાં પૂતળાં જ છે. માટે દયા કરો.'

મહારાજે દૃષ્ટિ કરી. નાયકની આંગળીમાં ચેતન આવ્યું. મહારાજે પૂતળાંનો ખેલ જોયો. આ જોઈ બ્રહ્માનંદ સ્વામીએ, *'નેણ કટારી, નેણ કટારી, સલુણા શ્યામની રે'*નું પદ બનાવ્યું.

## ભાઈઓનું મિલન

મહારાજ લોયામાં બિરાજતા હતા, એ દરમ્યાન અયોધ્યા-છપૈયાની યાત્રાએ ગયેલા બે સંતોએ છપૈયાથી ઇચ્છારામભાઈને અહીં મહારાજના દર્શને મોકલ્યા હતા. અસલ મહારાજના જેવું જ મુખારવિંદ! શરીરે સહેજ નીચા, પાતળા, છતાં શરીરનું હલનચલન, વાણી બધી જ જાણે મહારાજના જેવી! બે સંતોએ આગળ જઈને મહારાજને ખબર આપી પણ મહારાજ કાંઈ બોલ્યા નહીં. મહારાજ તો સંઘા પટેલના ડેલામાંથી દરબારમાં આવ્યા જ નહીં. એટલે ઇચ્છારામભાઈને મહારાજ પાસે મુક્તાનંદ સ્વામી લઈ ગયા.

મહારાજનાં દર્શન કરતાં જ તેઓ સ્થિર થઈ ગયા! આજ મારા ઘનશ્યામ! તે બોલી ઊઠ્યા: 'ભૈયા!' તે દોડ્યા. એકદમ મહારાજનાં ચરણારવિંદમાં પડી ગયા, ચરણારવિંદ પકડી લીધા. 'ઘનશ્યામ ભૈયા! ભૈયા!

ભૈયા !' તેમની આંખોમાંથી ચોધાર આંસુ પડવાં લાગ્યાં.

મહારાજે પગ છોડાવીને પૂછ્યું : 'કોણ છે આ ?'

પરંતુ ઇચ્છારામભાઈ તો હજુ એ જ સ્થિતિમાં બેસીને બોલી રહ્યા હતા : 'ભૈયા ઘનશ્યામ ! ઘનશ્યામ ! હમારા સંગ છોડકે આપ ચલે ગયે.'

મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીએ ઇચ્છારામભાઈને ઊભા કર્યા. સૌની આંખો આ મંગલ મિલનનું દૃશ્ય જોઈ હર્ષનાં અશ્રુથી ભીંજાઈ ગઈ હતી. કોઈ બોલી શક્યું નહીં.

પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : 'મહારાજ ! આ આપના નાના ભાઈ ઇચ્છારામભાઈ આવ્યા છે. આપ આ ઓશરીમાં ઢોલિયો ઢાળ્યો છે ત્યાં બિરાજો.'

મહારાજ હજુ પણ મૌન જ હતા. મુક્તાનંદ સ્વામીએ તથા નિત્યાનંદ સ્વામીએ મહારાજનો હાથ પકડી તેમને ઢોલિયા ઉપર બેસાર્યા. ભાઈને પણ ત્યાં લઈ આવ્યા.

હજુ તેઓ તો રડતા જ હતા. નિત્યાનંદ સ્વામીએ કહ્યું : 'મહારાજ ! તમે ભગવાન છો, તે નમેરા થઈને સૌનો પ્રેમ વિસારીને ચાલી નીકળ્યા, પણ એ તો મનુષ્ય છે ને ! એને આટલાં વર્ષોના વિરહના અંતે આ મિલનથી તેમનું હૈયું ભરાઈ આવ્યું છે, આપ જરા મૌન તોડીને તેમની સાથે બોલો તો ખરા. આપ ક્યાં ત્યાગી છો ? આપ તો ભગવાન છો.'

'પણ અમારો સ્વભાવ ત્યાગીના જેવો છે. અમે જેનો ત્યાગ કરીએ તેને ફરી સંભારતા નથી.' મહારાજ ધીરગંભીર સ્વરે બોલ્યા.

સંતોના અતિ આગ્રહથી મહારાજ ઇચ્છારામભાઈને મળ્યા. ઇચ્છારામભાઈ મહારાજને ભેટી પડ્યા. આ શાંતિકર દિવ્ય આશ્લેષથી ઇચ્છારામભાઈના જાણે ત્રિવિધ તાપ ટળી ગયા.

પછી માયાજિતાનંદ સ્વામી સાથે છપૈયાથી અહીં કેવી રીતે પહોંચ્યા તે બધી વાતો ઇચ્છારામભાઈએ કરી.

બરાબર પાંચમે દિવસે ખબર આવ્યા કે રામપ્રતાપભાઈ આવે છે. રામપ્રતાપભાઈ પાછળ રહી ગયા હતા. લોયા એક ગાઉ દૂર હતું ત્યાંથી તેઓ અશ્વ ઉપરથી ઊતરીને ચાલવા લાગ્યા.

સુરાખાચર, અન્ય દરબારો તથા સંતવૃંદ રામપ્રતાપભાઈને વધાવવા

સામે લેવા માટે ગયા. ઢોલ, ત્રાંસાં, શરણાઈ વાગતાં હતાં. સંતમંડળ કીર્તન ગાતું હતું. રામપ્રતાપભાઈ વિચાર કરતા હતા કે ‘ભગવાન અમારા ઘેર પ્રગટ્યા અને અમે તેમને ઓળખી ન શક્યા, અને દૂર દેશાવરના આ ગુજરાતના હરિભક્તોએ તેમને ઓળખી લીધા !’

લોયામાં મહારાજના ઉતારે પહોંચ્યા ને મહારાજનાં દર્શન કરતાં જ, રામપ્રતાપભાઈ મહારાજને ભેટી પડ્યા. આટલાં વરસોના વિરહની વેદનાથી બળતા અંતરમાં, આ ગાઢ આશ્લેષથી પ્રેમનો અમીઝરો પ્રગટ્યો. રામ-પ્રતાપભાઈ મહારાજને પોતાના બાહુપાશમાંથી છોડતા ન હતા. ગાઢ મિલન હતું. આંખમાં આંસુ સાથે તેઓ કહેવા લાગ્યા : ‘ઘનશ્યામ ભૈયા ! સબકા પ્રેમ કો ઠુકરાકર ચલે ગયે ? કભી કિસીકો યાદ ભી નહીં કિયા ?’

મહારાજ શાંતિથી સાંભળી રહ્યા.

સંતો-હરિભક્તો દિગ્મૂઢ બની આ દિવ્ય પ્રેમની ભાવના નિહાળી રહ્યા. રામ-ભરતના મિલનનેય ભુલાવી દે તેવું એ દૃશ્ય સૌના અંતરમાં જડાઈ ગયું.

મહા સુદ પૂનમે ચંદ્રગ્રહણ હતું. ગ્રહણ છૂટ્યા પછી મહારાજ સંઘને લઈ ભદ્રા નદીમાં સ્નાન કરવા ગયા. બહુ જળક્રીડા કરી, પછી નદી કિનારે સભા કરીને બેઠા.

તેવામાં એક પૈસાપાત્ર અભિમાની બાઈએ મહારાજને સરસ શ્વેત અંગરખું અર્પણ કરી, પહેરવા માટે આગ્રહ કર્યો. તેનો આગ્રહ જોઈ મહારાજે પૂછ્યું : ‘કેટલો વખત પહેરું ?’

બાઈ કહે : ‘મહારાજ ! ફાટે નહીં ત્યાં સુધી રોજ આ અંગરખું જ પહેરજો.’

‘બહુ સારું, લાવો પહેરીએ,’ કહી મહારાજે અંગરખું પહેરીને, તાણીને કસો બાંધી. બાઈનું અભિમાન જોઈ, જોરથી અંગ મરોડ્યું, તણાઈને અંગરખું ફાટી ગયું. બાઈનો ગર્વ ગળી ગયો.

## પંચાળામાં મંદવાડ

મહા મહિનો ઊતરતાં મહારાજ ફરતાં ફરતાં ફૂલદોલનો ઉત્સવ કરવા પંચાળા પધાર્યા.

પંચાળામાં મહારાજે ઝીણાભાઈના દરબારમાં રહીને ભાતભાતનાં સુખ આપ્યાં. મહારાજ સંતોનો સંઘ લઈ ગોપી તળાવે ગયા. ત્યાંની માટી ચંદન

જેવી જોઈ, મહારાજે માટી ઉખેડાવી, એક એક ગોળી વાળી, દરેક સંતને આપી કહ્યું: 'હવેથી આપણા ઉદ્ધવ સંપ્રદાયના તિલક કરજો.'

કેટલાક સંતો પ્રસાદી સમજી માટીની ગોળી ખાઈ ગયા અને બીજે દિવસે સવારે બીજા કેટલાક સંતો ભાતભાતનાં તિલક કરી સભામાં આવ્યા.

મહારાજ આ જોઈ હસ્યા. પછી ગુણાતીતાનંદ સ્વામીને પાસે બોલાવી પોતે પોતાને હાથે ઊર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં કરીને, સ્વામીને સૌ સંતોની સન્મુખ ઊભા રાખીને બોલ્યા: 'આ અમારા તિલક.' એમ કહીને બોલ્યા: 'હું જેવો કોઈ ભગવાન નહીં અને આ જેવા કોઈ સાધુ નહીં.'

તે વખતે માંગરોળથી આણંદજી સંઘેડિયા કોથળા ભરીને પત્તર બનાવીને લાવ્યા હતા. તે જેની જેની પાસે પત્તર નહોતા અને જેના તૂટી ગયા હતા, તે સૌને પત્તર તથા તુંબડાં આપ્યાં.

ફાગણ વદ એકાદશીને દિવસે જાગરણ કરી, સૌને પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ્યો. પછી સૌને વિદાય કર્યા.

પહેલો ચૈત્ર માસ બેઠો.

'અમારા કુટુંબીજનોને કેમ અમારી પાસે બોલાવ્યા ? ત્યાગીએ કુટુંબીનો સંબંધ મૂક્યા પછી તેની લાળ રખાય નહીં. આ દેહ હવે ઝાઝું નભશે નહીં.' એમ ઉદાસી ગ્રહણ કરી, શરીરમાં મંદવાડ ગ્રહણ કર્યો. મહારાજ છાના રહેવા લાગ્યા. કોઈને મળતા નહીં.

સુરાખાચરને મહારાજના મંદવાડની ખબર પડી. તેઓ મારતે ઘોડે મહારાજને મળવા આવ્યા. તે વખતે મહારાજ ખોખરા તળાવે વતું કરાવતા હતા. સુરાખાચર ત્યાં દર્શને ગયા. મહારાજે દૂરથી જ જોઈને મળવાની ના કહી દીધી. સુરાખાચર ધ્રુસકે ધ્રુસકે રોઈ પડ્યા. તેમનો પ્રેમ જોઈ મહારાજની આંખમાંથી પણ આંસુ ટપકવાં લાગ્યાં. તે જે જગ્યાએ આ અશ્રુબિંદુઓ પડ્યાં, તે સ્થળ બિંદુસરોવર કહેવાય છે.

મહારાજ કોઈ ઉપાયે સાજા થાય નહીં. પછી મુક્તાનંદ સ્વામીએ પ્રાર્થના કરી: 'મહારાજ ! કોઈ બાવા-વૈરાગી પણ આ લોકમાં આવીને ઠેર ઠેર પોતાના મઠ બાંધીને, મૂકી જાય છે. હજી તો અમદાવાદમાં એક દેરું જ થયું છે. માટે આપ પુરુષોત્તમ નારાયણ પધાર્યા અને પાછળ કંઈ મૂકતા ન જાવ

તો તમારો આ લોકમાં ફેરો અફળ જાય.'

એટલું કહીને મુક્તાનંદ સ્વામીએ કહ્યું: 'અમે સૌએ એમ નિર્ણય કર્યો છે કે સંપ્રદાયનું મૂળ પૃથ્વીનું પીઠ રહે ત્યાં સુધી જળવાય તે માટે મોટાં શિખરબદ્ધ મંદિરો કરવાં; તેના વહીવટ માટે આચાર્ય કરવા અને સંપ્રદાયની પુષ્ટિ માટે સત્‌શાસ્ત્રો રચાવવાં.'

થોડી વારે મહારાજે ધીરેથી કહ્યું: 'તમે સૌએ મળીને સંકલ્પો કર્યા છે. તેનાથી સંપ્રદાયની પ્રથા બંધાશે, પરંતુ એટલું જાણજો કે અમારે તો સંબંધીઓમાં હેત નથી, દેહના સંબંધીઓને અમે સગાં માનતા જ નથી.'

ત્યારબાદ મહારાજ સાજા થયા અને ગઢપુર જવા નીકળ્યા.

## [૨૦] પોતાનું વૃત્તાંત

મહારાજનાં સમાજ-સુધારણા અને ધર્મ-સુધારણાનાં કાર્યોથી લોક-જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. મહારાજના સાધુ-પરમહંસોનાં પવિત્ર વર્તનથી સમાજને ધર્મનું સાચું તત્ત્વ સમજાયું. અહિંસામય યજ્ઞો કર્યા તેથી કેટલાક બ્રાહ્મણો પણ ખીજવાયા હતા. વળી, મહારાજ સમાજના નીચલા થરની સાથે રહી તેમનું જીવન સુધારતા, તેથી કેટલાક કહેવાતા ઉજળિયાત વર્ગના લોકો પણ સૂગ દાખવતા.

સમાજના આવા અસંતુષ્ટ વર્ગે મહારાજ વિષે કેટલીક ઉપજાવી કાઢેલી વાતો વહેતી મૂકી. મહારાજની લોકોત્તર મહત્તા ન ખમી શકવાથી, કેવળ વિરોધને ખાતર આવા બ્રાહ્મણો, વૈરાગીઓ અને બાવાઓએ પ્રચાર કરવા માંડ્યો: 'સ્વામિનારાયણ ભગવાન નથી. તે તો જાદુગર છે, તેમણે બાબરો ભૂત વશ કર્યો છે, તેથી ભોળા લોકો તેમની પાછળ ફરે છે. સ્વામિનારાયણ બ્રાહ્મણ નથી. તેમને યજ્ઞનો અધિકાર નથી. સ્વામિનારાયણ તો મોચી છે. તેથી જ કાઠી, કણબી, સુતાર, લુહાર, કોળી, મોચી વગેરેની સાથે ફરે છે.'

આવી કેટલીક ઉપજાવી કાઢેલી અઘટિત વાતો વહેતી થઈ. મહારાજ તો આવી અફવા કે પ્રચારની દરકાર કરતા નહીં, પરંતુ પરમહંસો માટે પ્રચારનું કાર્ય કેટલીક વખત વિકટ બની જતું.

આથી, પરમહંસો અને કેટલાક આગેવાન હરિભક્તોએ કહ્યું કે

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૮ની સાલના પ્રસંગો છે.

'મહારાજ! વડોદરાના શાસ્ત્રી શોભારામ તથા રાજકારભારી ચીમનરાવજી જનાર્દનનું બ્રાહ્મણો અને વિદ્વાનો પર બહુ વર્ચસ્વ છે. તો આપ અમારી વિનંતીથી તેમને પત્ર લખી આપનું વૃત્તાંત લખી જણાવો, જેથી તેઓ આવી અફવા દાબી દે અને સાચી વાત સૌને સમજાય.'

પરમહંસોના આગ્રહથી મહારાજે સંવત ૧૮૭૮ના પોષ સુદ બીજને બુધવારે એક પત્ર વડોદરાના શાસ્ત્રી શોભારામ અને ચીમનરાવજી જનાર્દન પર લખ્યો. તેમણે પત્રમાં લખ્યું :

''ગઢડેથી લિખાવિતં સ્વામીશ્રી સહજાનંદજીના જય સ્વામિનારાયણ વાંચશો. બીજું તમારું પતર (પત્ર) પરમહંસ ભેળું આવ્યું, તે પોતું (પહોંચ્યું). વાંચી સમાચાર જાણ્યા. તમે એમ લખ્યું જે, તમારા સત્સંગને વિષે અમારી પૂરી ગાંઠ પડી છે, પણ તમારા દક્ષિણી લોકમાં અમારી જ્ઞાતીની કોરનું તથા અમારા સંપ્રદાયની કોરનું પૂછવાનો બહુ આગ્રહ સંભળાય છે. બીજાને સંશય છે. તે સારુ તેના સંશયની નિવૃત્તિને અર્થે તમને અમે અમારા જન્મપ્રભૃતિ સંપ્રદાયની પરંપરા લખી જણાવીએ છીએ.

તે અમારી જન્મભૂમિ અયોધ્યાથી ઉત્તર દિશામાં સરવાર દેશ છે. તે દેશમાં મનોરમા નદી છે. તે નદીને વિષે મખૌટા નામે તીર્થ છે. તે તીર્થથી ઉત્તર દિશામાં એક મજલને છેટે છપિયા નામે ગામ છે. તે ગામ અમારા મામાના ગરાસનું છે. તે ગામને વિષે સરવરિયા બ્રાહ્મણ હરિપ્રસાદ પાંડે એવે નામે છે. તે બ્રાહ્મણ સામવેદી છે અને સાવર્ણ ગોત્રી છે અને કૌથુમી શાખા છે, ભાર્ગવ, વૈતહવ્ય, સાવેતસ એ નામે તેના ત્રણ પ્રવર છે. તે હરિપ્રસાદ બ્રાહ્મણના અમે પુત્ર છીએ અને તે અમારા પિતાના પિતાને સિરનેત રાજાએ ઈટાર ગામ આપ્યું'તું. તે માટે ઈટારના પાંડે એવી અમારી અટક છે.

...ઘર થકી તીર્થ કર્યાં સારુ ચાલી નીકળ્યા છીએ... ફરતાં ફરતાં દ્રાવિડ દેશમાં તોતાદ્રિને વિષે જીયર સ્વામી ત્રિદંડી સંન્યાસી મળ્યા. તેના શિષ્ય થઈને ચક્રાંકિત થયા અને ત્યાંથી ફરતાં ફરતાં પંચતીર્થી કરીને ગિરનાર આવ્યા. ત્યાં શ્રી રામાનંદ સ્વામી અમને મળ્યા... અને તે શ્રી રામાનંદ સ્વામીએ અમને નરનારાયણ દેવની ઉપાસનાનો વિધિ દેખાડ્યો ને પરમહંસ દીક્ષા દીધી.

...એવી રીતે શ્રી ગોપાળાનંદ સ્વામી[૭] જે તે પોતાના સંપ્રદાયનું

---

૭. આ ગોપાળાનંદ સ્વામી, આત્માનંદ સ્વામીના ગુરુ હતા.

રહસ્ય શ્રી આત્માનંદ સ્વામીને કહેતા હતા અને તે શ્રી આત્માનંદ સ્વામીને પોતાના ગુરુ જે ગોપાળાનંદ તે થકી આ ઉદ્ધવ આદિક ગુરુ સંપ્રદાયના રહસ્યને પામીને અમારા ગુરુ જે રામાનંદ સ્વામી તેને કહ્યું અને શ્રી રામાનંદ સ્વામીએ અમને કહ્યું. માટે આ રીતે અમારો ઉદ્ધવ સંપ્રદાય છે. અને જે રીતે ઉદ્ધવ દેહના વેષને રાખે છે તથા બ્રહ્મચર્યાદિક ધર્મને પાળે છે, તેવી જ રીતે અમે તથા અમારા સાધુ તે વર્તીએ છીએ. અમારા મોટા આચાર્ય જે ઉદ્ધવ તે ભક્તિદીક્ષાવાળા પરમહંસ છે... અને અમે જે ગૃહસ્થને જ્ઞાનનો ઉપદેશ કરીએ છીએ. તેને પંચ પદાર્થના ત્યાગના નિયમ લેવરાવીએ છીએ. મદ્ય, માંસ, પરસ્ત્રી, ચોરી અને વટલવું – એ પાંચનો ત્યાગ રખાવીને, અહિંસા ધર્મને વિષે રખાવીએ છીએ...

...બીજું પરમહંસની સંહિતારૂપ એવું જે શ્રીમદ્ભાગવત પુરાણ તથા શાંતિપર્વને વિષે જે મોક્ષધર્મ તથા ભગવદ્ગીતા એ ત્રણ ગ્રંથ અમારા સંપ્રદાયને વિષે ઈષ્ટ છે અને એ ત્રણ ગ્રંથમાં જેમ કહ્યું છે તેમ અમે તથા અમારા સાધુ તે વર્તીએ છીએ. બીજું, આવી રીતે આપણો શુદ્ધ સંપ્રદાય છે. તે વાતમાં આપણને કોઈ રીતે જો ન્યાયે કરીને પૂછશે તો ખોટા નહીં પડીએ.

...માટે તમને કોઈ શાસ્ત્રી તથા પુરાણી પૂછે તો આવી રીતે સ્પષ્ટ વાર્તા કરજો તથા આ કાગળ વાંચી સંભળાવજો. બીજું કાશીના શાસ્ત્રીને તથા જોશી ઝુમખરામને અમારા જય શ્રી સ્વામિનારાયણ કે'જો અને કાગળ વંચાવજો. સુજ્ઞેષુ કિં બહુના.''

## નરનારાયણ દેવની સ્થાપના

આ.સં. ૧૮૭૬ના કાર્તિક સુદમાં વરતાલ થઈ મહારાજ અમદાવાદ પધાર્યા હતા. તે વખતે કલેક્ટર ડનલોપ સાહેબે સામે ચાલીને કહ્યું: 'સ્વામિનારાયણ ભગવાન! આવા મોટા શહેરમાં આપનો મઠ કેમ નથી? આપ કૃપા કરીને અહીં આપનું સ્થાનક બાંધો. આપનો મઠ કે મંદિર બાંધો, જેથી આપના સાધુઓ અને સત્સંગીઓ સુખેથી ત્યાં આગળ રહી શકે, ઉત્સવ-સમૈયા કરી શકે. જોઈએ એટલી જમીન, આપ કહો તે સ્થળે અમદાવાદમાં હું આપું.'

મહારાજે નવાવાસમાં પાઠકવાડી નામની જગ્યા પસંદ કરી કહ્યું: 'આ

જગ્યા મળે તો આપણે અહીં મંદિર બાંધી, નરનારાયણ દેવની સ્થાપના કરીએ.' તે વખતે અંગ્રેજો નવ્વાણું વર્ષના પટે જગ્યા આપતા, પરંતુ ડનલોપ સાહેબે કાયમને માટે તાંબાપત્ર પર ખત કરી જગ્યા લખી આપી.

મહારાજે થોડો વખત ત્યાં સાધુઓને રહેવાની ધર્મશાળા બાંધી. ત્યાં એક શિખરનું દેરું બાંધી નરનારાયણ દેવ પધરાવવા છે એમ નિર્દેશ કરી, આનંદ સ્વામીને ત્યાં મંદિર બાંધવાની આજ્ઞા કરી.

મહારાજના સંકલ્પ મુજબ આનંદ સ્વામીએ પથ્થરનું પાકું, ત્રણ શિખરવાળું મંદિર બાંધીને તૈયાર કરાવ્યું. મંદિર તૈયાર થયું એટલે તેમણે મહારાજને પત્ર લખ્યો. મહારાજે પત્ર વાંચી ગામોગામ કંકોતરીઓ લખાવી. હરિભક્તોને અમદાવાદ બોલાવ્યા.

મહારાજ પોતે પણ ત્યાં મોટો સંઘ લઈને પધાર્યા. અમદાવાદ નગરમાં મહારાજની સવારી કાઢી સામૈયું કરવામાં આવ્યું. મહારાજે વેદોક્તવિધિથી નરનારાયણ દેવની સ્થાપના સંવત ૧૮૭૮ના ફાગણ સુદ ત્રીજને દિવસે ધામધૂમથી કરી.

આમ, સત્સંગના ઈતિહાસમાં પહેલું મંદિર અમદાવાદમાં થયું.

નરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ ગઈ. મહારાજે બ્રાહ્મણોની ચોરાશી જમાડવાનો સંકલ્પ કર્યો, પણ પૈસા પૂરતા હતા નહીં. મહારાજે કહ્યું: 'કોઈ સેવાભાવી હરિભક્ત હોય તો ચોરાશી જમાડી શકાય.'

આથી, કોઈક હરિભક્તે લાલદાસ ગોરાનું નામ સૂચવ્યું.

મહારાજે લાલદાસ શેઠને પાસે બોલાવી કહ્યું: 'આપણે દેવ પધરાવ્યા. હવે બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કરવા છે. ચોરાશી કરવી છે. પૈસાની સગવડ થશે ?'

લાલદાસ શેઠે કહ્યું: 'મહારાજ ! મારી પાસેથી પૈસા તો નીકળી શકશે, પણ હું મારી પત્નીને પૂછીને આપું.'

મહારાજ કહે: 'ભલે.'

લાલદાસ શેઠે ઘેર જઈ પત્નીને પૂછ્યું. તેની પત્નીએ કહ્યું: 'તમે શું સમજીને 'મારી સંમતિની જરૂર છે' એમ મહારાજને કહ્યું ? રૂપિયા તો ભગવાને આપ્યા છે, ભગવાનના છે. માટે ભગવાન માગે છે તો આપી દો.'

લાલદાસ શેઠે રાજી થઈને રૂપિયા સાત હજાર મહારાજનાં ચરણોમાં મૂક્યા. મહારાજે તાત્કાલિક બધી વ્યવસ્થા કરાવી. ઘેર-ઘેર નોતરાં મોકલ્યાં.

છેક જેતલપુર સુધી ઘોડા દોડાવી બ્રાહ્મણોને આમંત્ર્યા. વળી, પ્રતિષ્ઠા નિમિત્તે આવેલા ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છના હજારો હરિભક્તો તો ખરા જ.

ફાગણ સુદ પાંચમે કાંકરિયા તળાવના આરે બધી વ્યવસ્થા થઈ ગઈ. બ્રાહ્મણો આવવા લાગ્યા. ચૂરમાના લાડુ, દાળ, ભાત, શાક, વાલ, ભજિયાંની રસોઈ બ્રાહ્મણો જમ્યા. પછી હરિભક્તો જમ્યા. અંતે મહારાજ જમીને સભામાં પધાર્યા. સૌ હરિભક્તોએ મહારાજનું પૂજન કર્યું અને ભેટ ધરી.

પૂજન પૂરું થયું. કોઠારીઓ ભેટના રૂપિયા ગણવા બેઠા. ગણી રહ્યા ત્યારે જોયું તો સાત હજાર અને અર્ધો રૂપિયો ભેટમાં આવ્યા હતા.

મહારાજે ઠક્કરને કહ્યું: 'આમાંથી સાત હજાર રૂપિયા લાલદાસ ગોરાને આપી દો.'

મહારાજે આગ્રહ કરીને શેઠને પૈસા પાછા આપ્યા. સિલકમાં અર્ધો રૂપિયો જ રહ્યો.

લાધા ઠક્કરે કહ્યું: 'મહારાજ ! આ તો ભાતા વજે પણ ન વધ્યું.'

ત્યારે મહારાજે કહ્યું: 'હું ભેળો છું ત્યાં સુધી તમે ભાતાની શું કામ ચિંતા કરો છો ?'

આમ, ચોરાશી કરી પાંચમે સાંજે અમદાવાદથી નીકળીને મહારાજ જેતલપુર ગયા. અહીં મહારાજે સંકલ્પનો મંદવાડ ગ્રહણ કર્યો. શરીરમાં તાવ ભરાયો. ત્યાં રાત રહી, બીજે દિવસે થોડુંક જમીને મહારાજ ચાલ્યા.

ફાગણ સુદ આઠમે ગામ કોઠ્ય પાસે ગણેશ ધોળકા પહોંચ્યા. ત્યાં જમણી સૂંઢવાળા ગણપતિના મંદિરમાં ગણપતિની સૂંઢ પર હાથ ફેરવ્યો. પછી રાયણના ઝાડ નીચે ઢોલિયો ઢળાવીને ખુલ્લામાં કેટલોક વખત રહ્યા. મહારાજે પોતાની વૃત્તિઓ અંતરમાં પાછી ખેંચી લીધી. ઉદાસી ગ્રહણ કરી દેહમાં મંદવાડ ધારણ કર્યો. બધી પ્રવૃત્તિઓ મનથી ખોટી કરી નાખી. જાણે કાંકરિયે મેળો ભરાયો જ નહોતો. સર્વ પદાર્થની વિસ્મૃતિ કરી નાખી, ત્યારે સંકલ્પનો મંદવાડ ટળ્યો.

## 'અમને કેવા કહેશો ?'

સાંજનો પહોર હતો. ગઢડામાં મહારાજ વાસુદેવ નારાયણના ઓરડાની બહાર સભા કરીને બેઠા હતા. તે વખતે સભામાં ચર્ચા ચાલતી હતી:

'મહારાજને રાજારૂપ ભગવાન કહેવા કે સાધુરૂપ ભગવાન કહેવા?'

ત્યાં મહારાજ ઊભા થઈ ગયા. મહારાજે ચરિત્ર કર્યું. ઘરેણાં બધાં કાઢીને સાધુઓ તરફ ફેંકવા લાગ્યા અને પોતાનાં કપડાં દૂર બાઈઓ બેઠી હતી તે તરફ નાખવા લાગ્યા.

આ જોઈ બ્રહ્માનંદ સ્વામી બોલ્યા: 'મહારાજ! આપ બહુ કળિયા છો. સાધુને ઘરેણાં શું કામનાં? અને બાઈઓને આપનાં વસ્ત્રો શું કામનાં? આપે તો ખપે નહીં તેવી જ વસ્તુઓ અમારા ભણી નાખી.'

સૌ હસી પડ્યાં.

ત્યાં મહારાજે અડધાં રાજાનાં અને અડધાં સાધુનાં વસ્ત્રો ધારણ કર્યાં. જામા ઉપર ગાતરિયું ઓઢ્યું, એક હાથમાં માળા અને એક હાથમાં તલવાર લીધી. માથે પાઘ ધારણ કરી. પછી કહ્યું: 'બોલો, હવે અમને કેવા કહેશો? સાધુરૂપ કે રાજારૂપ?'

ત્યારે સૌ બોલ્યા: 'મહારાજ! આ તો બેમાંથી એકેય ન કહેવાય.'

ત્યારે મહારાજે કહ્યું: 'અમ જેવા તો અમે એક જ!'

સૌ સાનમાં સમજી ગયા. બધાને નિશ્ચય થઈ ગયો. અવતાર અને અવતારીનો ભેદ સમજાઈ ગયો.

## વાંદરાએ માળા ફેરવી

મહારાજ ગઢપુરથી વરતાલ રામનવમીનો સમૈયો કરવા પધાર્યા.

એક દિવસ સાંજે ધારુ તળાવને કાંઠે મહારાજ સભા કરીને બિરાજતા હતા. ત્યાં ઝાડ પર કૂદતો કૂદતો વાંદરો આવીને બેઠો. વાંદરા સામું જોઈ કાઠી દરબારોએ મરમ કર્યો: 'મહારાજ! રામચંદ્રની સેનામાં આવા જ વાંદરા હશે ને! આવા વાંદરા શું હથિયાર ધરીને લડ્યા હશે?'

મહારાજે કહ્યું: 'હા, આવા વાંદરાઓ જ ભગવાનને પ્રતાપે સામર્થી પામ્યા હતા. તેઓ યુદ્ધ લડ્યા હતા.'

દરબારોએ કહ્યું: 'એમ! તો આ વાંદરા આગળ કાંઈ દૈવી પ્રક્રિયા કરી બતાવો ને!'

મહારાજે વાંદરા સામે દૃષ્ટિ કરી. વાંદરો તરત જ કૂદીને સભામાં આવ્યો. મહારાજને પગે લાગી, સામે બેઠો. મહારાજે તેને માળા આપી.

સ્વસ્તિક આસન વાળી તેણે ‘સ્વામિનારાયણ’ મંત્ર ઉચ્ચારતાં માળા ફેરવી. પછી કેટલીક તુલસી-રામાયણની ચોપાઈઓ વાંદરો બોલ્યો.

આ જોઈ દરબારો બોલ્યા: ‘આ તો ખરું, પણ આટલું નાનું દેહ વાંદરાનું, તે તેણે કેવી રીતે ગંધમાદન જેવો મહાન પર્વત ઉપાડ્યો હશે ?’

ત્યાં તો મહારાજે વાંદરા સામું જોયું. સૌને દર્શન થયાં કે વાંદરાનું સ્વરૂપ વિશાળ થઈ ગયું. હાથમાં પર્વત ઉપાડીને આકાશમાં ઊડતો-ઊડતો વાંદરો અદૃશ્ય થઈ ગયો. સૌ જોઈ રહ્યા.

સમૈયા પછી મહારાજે વરતાલમાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. મહારાજે પોતાની મૂર્તિ સ્વહસ્તે પધરાવવાનું નક્કી કર્યું. ગુજરાતના હરિભક્તોએ લખણીમાં લક્ષ્મીના ઢગલા કર્યા.

## સહજાનંદરૂપી સૂર્ય

ફૂલદોલ પ્રસંગે પંચાળામાં મહારાજ સંતો સાથે જુદાં જુદાં સ્વરૂપ ધારણ કરી અદ્ભુત રાસ રમ્યા અને સંતોને અનહદ સુખ આપ્યું.

આ પ્રસંગે પંચાળામાં મહારાજે આખા ગામને ઘી, ગોળ, ચોખા જમાડી મોટો ઉત્સવ કર્યો. હજારો બ્રાહ્મણ, સંતો, હરિભક્તો અને આખું ગામ જમાડ્યું. સૌ ભોજન કરી તૃપ્ત થયા.

મહારાજે પૂછ્યું: ‘છે કોઈ જમવામાં બાકી ?’

ત્યારે રસોઈ અને જમાડવા સંબંધી દેખરેખ રાખનારા હરિભક્તોએ કહ્યું: ‘મહારાજ ! સૌ જમીને તૃપ્ત થયા છે. બધે ઉતારે ફરી-ફરીને પૂછી આવ્યા છીએ. કોઈ જમવામાં બાકી નથી.’

પરંતુ મહારાજની દૃષ્ટિમાંથી કેમ કોઈ રહી જાય ! દૂર નદીને પેલે પાર કેટલાક મેલાંઘેલાં કપડાંમાં ફરતા લોકો ભણી જોઈ પૂછ્યું: ‘પેલા કોણ છે ? તેમને જમાડ્યા ?’

કોઈ બોલ્યું: ‘મહારાજ ! એ તો વગડાના દેવીપૂજકો (વાઘરી) કહેવાય. એ તો દા’ડો ઊગે ને બકરાં, મરઘાં, સસલાં, હરણાં વગેરેને મારી ખાનારા જીવો છે. એ તો આમ જ રોજ ભટક્યા કરતા હોય છે. એવાને કોણ જમાડે ?’

મહારાજે તેમને ઠપકો આપીને કહ્યું: ‘સૂર્ય ઊગે છે તે સૌને માટે ઊગે છે, તે પાપી અને પુણ્યશાળી સૌને પ્રકાશ આપે છે. મેઘ વરસે છે

તે સૌનાં ખેતરમાં વરસે છે. પાપી કે પુણ્યશાળી, એવો વેરો આંતરો કર્યા વગર વરસે છે. તેમ આજ તો સહજાનંદરૂપી સૂરજ ઊગ્યો છે. આપણે સૌનું કલ્યાણ કરવું છે. માટે નદીને પેલે પાર જઈને તેમને પણ બોલાવો. આપણે તેમને જમાડીને તૃપ્ત કરીએ.'

બે હરિભક્તો સામે કાંઠે ગયા. દેવીપૂજકોને જમવા બોલાવી આવ્યા. મહારાજે જાતે પીરસ્યું. આગ્રહ કરીને સૌ વાઘરીઓને હેતપૂર્વક જમાડ્યા. તે સૌના હૃદયમાં મહારાજની મૂર્તિ વસી ગઈ. તેઓ તૃપ્ત થયા. ખૂબ રાજી થયા. અંતકાળે તેમને મહારાજ યાદ આવ્યા. તેમનું કલ્યાણ થયું.

## [૨૧] ભુજમાં મૂર્તિપ્રતિષ્ઠા

અમદાવાદમાં નરનારાયણ દેવની સ્થાપના કર્યા પછી મહારાજ ફરતાં-ફરતાં ગઢપુર આવેલા. ત્યારે કચ્છથી આવેલા હરિભક્તોના સંઘે મહારાજને પ્રાર્થના કરેલી કે 'મહારાજ! આપ કચ્છમાં આવું મોટું મંદિર કરો. અમે બનતી બધી મદદ કરીશું.'

તેમનો ઉત્સાહ જોઈ મહારાજે કહ્યુંઃ 'ભુજનગરમાં મંદિરનું બાંધકામ કરાવો, આ વૈષ્ણવાનંદ સ્વામીને મોકલીએ છીએ. તમને બધી જાતની મદદ કરશે.'

ભુજનગરમાં કચ્છી હરિભક્તોના ઉત્સાહથી જોતજોતાંમાં મંદિર તૈયાર થઈ ગયું. તેમણે મહારાજને વાત કરી. મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે મહારાજ તૈયાર થયા. ગુજરાત, કાઠિયાવાડના હરિભક્તોનો અને સંતોનો સંઘ લઈ મહારાજ કચ્છ જવા નીસર્યા. કેટલાય ઘોડેસવારો, પગપાળા સંતો, દોઢસો ગાડાંમાં હરિભક્તો અને પંદર-વીસ ગાડાં ભાતાંનાં ભરીને મહારાજ મૂર્તિ-પ્રતિષ્ઠા કરવા નીકળ્યા. કચ્છમાં હીરજીભાઈના ઘરે ઊતર્યા.

આ.સં. ૧૮૭૯ના વૈશાખ સુદ પાંચમને દિવસે ભુજનગરમાં નર-નારાયણ દેવની સ્થાપના મહારાજે કરી. કચ્છમાં જયજયકાર થઈ ગયો. પંદરેક દિવસ મહારાજ કચ્છમાં રહ્યા. ઘણાં વર્ષે મહારાજ કચ્છ પધાર્યા હતા, તેથી કચ્છી હરિભક્તોનો આનંદ મા'તો ન હતો. સૌને સુખ આપી હળવદ, ચોટિલા, નાગડકા, લોયા થઈ મહારાજ ગઢડે પધાર્યા.

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૭૯ની સાલના પ્રસંગો છે.

## [૨૨] અમારા જડભરત

મહારાજે ગઢડામાં જન્માષ્ટમી કરી. મોટો ઉત્સવ કર્યો, મુક્તાનંદ સ્વામીએ જન્મનાં પદો રચીને ગાયાં.

અહીં ગઢડામાં રહીને જ મહારાજે દિવાળી અને અન્નકૂટ કર્યો. ધન-તેરસથી અન્નકૂટના દિન સુધી રોજ રાતે અને વહેલી સવારે મહારાજ વાસુદેવ નારાયણના ઓરડા આગળ બિરાજતા. સંતો આસપાસ દીપમાળા પૂરતા. રંગોળી રચતા અને દિવાળીનાં પદો બનાવી ગાતા.

મહારાજ દૂધ દોહાતું હોય ત્યાં જઈ ઊભા રહેતા. ઓછું દોહ્યું હોય તો પોતે તાંબડી લઈ પૂરું દોહી લેતા. સાંજે લક્ષ્મીવાડીમાં ઘોડા ખેલવતા.

અન્નકૂટને દિવસે સાંજે જમવાની પંક્તિ થઈ ત્યારે મહારાજે કહ્યું: 'સૌ નાના સંતો પીરસે અને મોટેરા સંતો પ્રથમ પંગતમાં જમવા બેસે.' એમ કહી પોતે સૌને આગ્રહ કરી જલેબી પીરસી.

માગશર મહિનો હતો. ગઢડામાં એક હરિભક્તે જાડો ધાબળો મહારાજને ઓઢાડ્યો. ધાબળો જાડો અને બરછટ, શરીરે કરડે તેવો. શરીરે સહેજ જોરથી ઘસાય તો ચામડી લાલ થઈ જાય તેવો; પરંતુ પેલા હરિભક્તે ખૂબ ભાવથી ધાબળો ઓઢાડેલો, તેથી મહારાજ નિત્ય તે ધાબળો ઓઢીને કથા કરવા બેસતા.

આ જોઈ કેટલાક સંતોએ યુક્તિપૂર્વક મહારાજ આગળ ધાબળો માગી જોયો, પણ મહારાજે તેમને કામળી અપાવી, પણ ધાબળો દીધો નહીં.

પૂનમનો દિવસ હતો. સવારના પહોરમાં મહારાજ કથા કરતા હતા તે વખતે એક હરિભક્ત મહારાજને સુંદર ઝીણી કામળી ઓઢાડવા આવ્યા, ત્યારે મુક્તાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું: 'મહારાજ ઓઢે છે તે ધાબળો ખૂબ વજનદાર, જાડો અને બરછટ છે. ચામડી પર ઘસાય ત્યારે લોહીના ટશિયા ફૂટી જાય છે. માટે તમો મહારાજ આગળ તે ધાબળો માગજો.'

ગુણાતીતાનંદ સ્વામી કહે: 'ભલે.'

પેલા હરિભક્તે મહારાજને કામળી ઓઢાડી. તે વખતે ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજ આગળ ધાબળો માગ્યો. મહારાજે 'ના' પાડી. આ જોઈ

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૮૦ની સાલના પ્રસંગો છે.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું: 'મહારાજ! આ નિર્ગુણાનંદ[૮] જડભરત જેવા છે. તેમને ધાબળો ગમ્યો છે. માટે આપ આપો તો સારું.'

મહારાજ હસી પડ્યા. મહારાજે ઊભા થઈને: 'લ્યો, અમારા જડભરત!' એમ કહીને ગુણાતીતાનંદ સ્વામીને ધાબળો ઓઢાડ્યો.

## ધર્મકુળની સાથે મિલન

માગશરના કૃષ્ણપક્ષમાં મહારાજને હરિભક્તે આવીને ખબર આપ્યા: 'મહારાજ! ધર્મકુળનાં કુટુંબીજનો પધારી રહ્યાં છે.'

મહારાજ ઘોડીએ સવાર થઈને કારિયાણીથી સમઢિયાળાને રસ્તે ધાર આગળ ખીજડા નીચે (હાલ ત્યાં ઓટો છે) સુવાસિની ભાભીને લેવા હરિભક્તોને લઈને સામા ગયા. સુવાસિની ભાભી (રામપ્રતાપભાઈનાં ધર્મ-પત્ની), વરિયાળીબાઈ (ઇચ્છારામનાં ધર્મપત્ની), રઘુવીરજીભાઈ, અયોધ્યા-પ્રસાદજી વગેરે અયોધ્યાથી આવ્યાં.

સુવાસિની ભાભીના આનંદનો પાર ન રહ્યો. હર્ષનાં આંસુ તેમને આવવાં લાગ્યાં. તેમને થયું: 'અરે! આ સ્વપ્ન તો નથી?'

ભાભીનો આનંદ માય નહીં. મહારાજ અક્ષર ઓરડીમાં આથમણી કોર જમવા બેઠા. સુવાસિની ભાભીએ વર્ષો પછી પીરસવાનો ફરી લહાવો લીધો.

ભાભીની ભક્તિ ફળી. તેમની સેવાના ફળરૂપે મહારાજ ફરી પ્રાપ્ત થયા. તેમનાં આંસુ બત્રીસ વર્ષે સુકાયાં.

પછી મહારાજ કુંડળ, સારંગપુર થઈને ગઢડા પધાર્યા.

## 'આ ગારો નહીં પણ ચંદન છે'

વરતાલ ફૂલદોલ કર્યો. તે વખતે વરતાલ મંદિરના બાંધકામનું કામ ચાલતું હતું. બધા સંતો અને હરિભક્તો આ કાર્ય કરતા. મહારાજ ખુરશી નખાવી ત્યાં બેસતા. સૌને બળ, પ્રેરણા અને માર્ગદર્શન આપતા. સૌની સેવા-ભાવના જોઈ મહારાજ રાજી થયા. મહારાજે કહ્યું: 'તમો સૌએ ખૂબ દાખડો કર્યો છે. માટે આવો, મળીએ.'

આથી, ભક્તિપ્રિયાનંદે કહ્યું: 'મહારાજ! અમારું શરીર ગારાવાળું છે.'

---

૮. ગુણાતીતાનંદ સ્વામીનું બીજું નામ નિર્ગુણાનંદ હતું.

મહારાજ હસીને કહેઃ 'એ ગારો નથી પણ એ તો ચંદન છે. માટે આવો, જેનાં ગારાવાળાં અંગ હોય તેને મળીએ.'

કામ કરનારા બધા સંતો અને હરિભક્તોને મહારાજ ભેટ્યા.

ગુણાતીતાનંદ સ્વામી દૂર ઊભા હતા. મહારાજે કહ્યું: 'સ્વામી! આવો તમને મળીએ.'

સ્વામીએ કહ્યું: 'મહારાજ! મારું ગારાવાળું અંગ નથી.'

તેમની સરળ અને નિર્દોષ પ્રકૃતિ જોઈ, ગારાવાળું શરીર ન હોવા છતાં મહારાજ તેમને મળ્યા. અહીં મહારાજે સ્વયં મસ્તક પર ઈંટો ઊંચકી.

## [૨૩] વરતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ પધરાવ્યા

વરતાલમાં મંદિર તૈયાર થયું. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને મૂર્તિ-પ્રતિષ્ઠા માટેનું મુહૂર્ત નક્કી કરી, વરતાલ પ્રતિષ્ઠા કરવા પધારવા આમંત્રણ મોકલ્યું. મહારાજે મયારામ ભટ્ટ આગળ મુહૂર્ત જોવરાવ્યું. સંવત ૧૮૮૧ના કાર્તિક સુદ બારશે મૂર્તિપ્રતિષ્ઠા કરવાનું નક્કી થયું. મહારાજે અક્ષરાનંદ સ્વામી સાથે પત્ર મોકલ્યો. મૂર્તિપ્રતિષ્ઠાની તિથિ લખી, સાથે બીજી ભલામણો લખી.

કંકોત્રીઓ મહારાજના નામે અને ગામોગામ લખી મોકલી. મહારાજ ગઢડેથી વરતાલ પધાર્યા. પાંચ દિવસનો યજ્ઞ કરી, ધામધૂમથી વિધિપૂર્વક શ્રીલક્ષ્મીનારાયણની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. સાથે સાથે, પોતાને હાથે પોતાની મૂર્તિનું 'હરિકૃષ્ણ' નામ આપીને સૌ પ્રથમ વરતાલમાં પ્રતિષ્ઠા કરી. આ એમના ભગવાનપણાનો એક અદ્વિતીય પ્રસંગ છે.

પ્રતિષ્ઠા થઈ ગયા પછી મંદિરના બાંધકામમાં મદદ કરનાર દરેક કડિયા અને શિલ્પકારને મહારાજે શિરપાવ આપ્યો.

### સુરતમાં પધરામણી

વરતાલમાં પ્રતિષ્ઠા વખતે મહારાજે સુરતના અતિશય પ્રેમી હરિભક્તોની વિનંતી માન્ય રાખી, સુરત પધારવાની 'હા' પાડી.

પોતે આપેલા વચન પ્રમાણે તેઓ કાર્તિક વદ બીજે વરતાલથી સુરત જવા નીકળ્યા. શોભારામ શાસ્ત્રી, નિત્યાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી

આ પ્રકરણમાં આ.સં. ૧૮૮૧ની સાલના પ્રસંગો છે.

એવા ભણેલા સંતો ને કેટલાક મોટેરા હરિભક્તોને લઈને મહારાજ સુરત જવા નીકળ્યા. માર્ગમાં બોચાસણ રાત રહ્યા. ભરૂચમાં નર્મદાતીરે સ્નાન કર્યું. વહાણમાં બેસી નર્મદા પાર કરી વિચરણ કરતાં કરતાં તાપી નદીને કાંઠે આવ્યા. તાપી નદી ઊતરીને તાપીના આરે પારસીના રૂસ્તમ બાગમાં આવીને ઊતર્યા.

કાર્તિક વદ સાતમનો દિવસ હતો. સુરતના હરિભક્તો સામા આવ્યા. તેમને મહારાજે કહ્યું: 'અમો કાલે સુરત આવીશું. ત્યાં સુધીમાં વરતાલથી પરમહંસોનો સંઘ આવી જશે.'

પગે લાગીને હરિભક્તો શહેરમાં પાછા ગયા. મહારાજનું સામૈયું કરવાની તૈયારીઓ હરિભક્તો કરવા લાગ્યા. સાંજે પારસી ભક્ત ખાન અરદેશરજીએ મહારાજ પર પત્ર લખી મોકલ્યો: 'અમો સામૈયું લઈ આપને ગામમાં પધરાવવા આવીશું. તો આપ અમારું આમંત્રણ સ્વીકારશો.'

સાંજે નિષ્કુળાનંદ સ્વામીએ રૂસ્તમ બાગમાં સુંદર હિંડોળો આંબલીની ડાળે બાંધી મહારાજને ઝુલાવ્યા. પછી મહારાજે સૌ સંતો તથા હરિભક્તોની સભા કરી કહ્યું:

''હરિભક્તોએ પરસ્પર એકબીજાનું માહાત્મ્ય સમજવું. તમે સૌ ધ્રુવ, પ્રહ્‌લાદ, અંબરીષ જેવા ભક્તો છો. માટે કોઈએ કોઈનો અભાવ ન લેવો. કોઈએ કોઈની ઈર્ષ્યા ન કરવી. સંપ, સુહૃદભાવ અને નિર્દોષભાવ પરસ્પર રાખવો. આવો મહિમા સમજશો તો ક્યારેય સત્સંગમાં વિક્ષેપ નહીં આવે.

હે સંતો! તમો સૌ બરોબરિયાપણું આવવા દેશો નહીં. નિયમ-ધર્મ સારધાર પાળજો. વર્તન શુદ્ધ રાખજો. કોઈ પણ સાધુએ હરિભક્ત આગળ કાંઈ માગવું નહીં. પુસ્તક, ચપ્પુ, કાતર, દોરા, સોય, કાંઈ પણ જોઈતું હોય તો પોતે માગવું નહીં. પોતે જે મંડળમાં હોય તે સદ્‌ગુરુની કે મહંતની પાસે જઈને તેમની પાસે માગવું. તેઓ જેમની પાસે માગવા જેવું હશે, તેમની પાસેથી મંગાવીને જરૂરી વસ્તુ અપાવશે. સાધુએ તો રાત-દા'ડો કથા, વાર્તા, ભજન, સેવા અને સમાગમમાં કાળ પસાર કરવો.''

બીજે દિવસે પારસી અરદેશર કોટવાલ, તેમના ભાઈ પીરૂશા કોટવાલ, ભાલચંદ્ર શેઠ, હરગોવિંદ પટેલ, મહેતા જગજીવનભાઈ, શેઠ લક્ષ્મીચંદ મારફતિયા, દયારામ, માણેકચંદભાઈ વગેરે મોટેરા હરિભક્તો વિલાયતી બૅન્ડવાજાં અને હરિભક્તોનો સંઘ લઈ મહારાજને તેડવા આવ્યા. મહારાજને

મેનામાં બેસાર્યા. ધામધૂમથી શહેરમાં પધરાવ્યા.

એકાદશીને દિવસે સુરતના વિદ્વાન શાસ્ત્રીઓને બોલાવી શાસ્ત્રાર્થ કરાવ્યો. મહારાજના પરમહંસોનો વિજય થયો. તોયે મહારાજે પ્રતિપક્ષી બ્રાહ્મણોને દાન-દક્ષિણા અને પોષાક આપ્યાં.

સુરત જિલ્લાના જજ ઍન્ડરસને મહારાજને પોતાને ત્યાં પધારવા આમંત્રણ આપ્યું. મહારાજ તેમની વાડીમાં, બંગલે પધરામણીમાં ગયા. તેણે ટોપી ઉતારી મહારાજનું અભિવાદન કર્યું. ગુલાબનો હાર મહારાજને પહેરાવી, હાથમાં ફૂલનો ગજરો આપ્યો. મહારાજ પર અત્તર છાંટી, અરબસ્તાની સૂકા મેવાનો થાળ ધર્યો. મહારાજે થોડી વાતો કરી ઉપદેશ દીધો.

સાથે મિ. ઍરન પણ હતા. તેમણે દાદાખાચર અને મુક્તાનંદ સ્વામીને સંબોધીને કહ્યું: 'તમારા લોકોના ડભાણના યજ્ઞ વખતે (સં. ૧૮૬૬માં) સ્વામિનારાયણ મહારાજને હું મળ્યો હતો. તે વખતે તેઓ યુવાન અને પાતળિયા જણાતા હતા. આજે ઘણાં વર્ષો પછી સ્વામિનારાયણનાં દર્શન થયાં. તેમની સારી સંભાળ રાખજો. તેમના જેવા મહાપુરુષની આ દેશમાં બહુ જરૂર છે.'

તે વખતે ઍન્ડરસનની વાડીમાં બાજુના બંગલામાં જેવન સાહેબ રહેતા હતા. તેમણે પણ મહારાજને પોતાને ત્યાં પધારવા કહ્યું. મહારાજ તેમને બંગલે પધાર્યા. તેણે મહારાજને અત્તરની શીશી અને વિલાયતી રૂમાલ આપ્યો. તેને ઉપદેશ દઈ, તેનું ઘર પાવન કરી, મહારાજ ઉતારે પધાર્યા.

અરદેશર કોટવાલે મહારાજને ઘણા પ્રશ્નો પૂછ્યા. મહારાજે સુંદર ઉત્તર આપી તેમને ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો.

પીરૂશા કોટવાલની વિનંતીથી તેમની વાડીમાં તથા પીરૂશાના અને અરદેશરજીના ઘરે પધરામણી કરી.

માગશર સુદ બીજને દિવસે મહારાજ પાછા શહેર બહાર રૂસ્તમ બાગમાં પધાર્યા. આજથી આ રૂસ્તમ બાગ 'નારાયણ બાગ' તરીકે ઓળખાતો થયો. મહારાજે ત્યાં સભા કરી સુરતના હરિભક્તોને ઉપદેશ દીધો.

છેવટે અરદેશર કોટવાલે ઊભા થઈને મહારાજને પ્રાર્થના કરી: 'હે મહારાજ! મારા માટે તો આપ ખોદાઈ છો. આપ અહુરમઝદ છો. આપના હિંદુધર્મમાં જેમ ભરતજીને પૂજા કરવા યાદીરૂપે રામચંદ્ર ભગવાને ચાખડી

આપી હતી, તેમ આપની પ્રસાદીની કાંઈક વસ્તુ મને આપો, જેથી રોજ તમને યાદ કરીને હું તમારી પૂજા કરું.'

તેમની શુદ્ધ હૃદયની પ્રાર્થના સાંભળી મહારાજે અરદેશરજીને પોતાની પાઘ આપી. રંકને સોનાનો ચરુ મળે અને રાજી થાય તેટલા અરદેશરજી રાજી થયા. (આજ સુધી એ પાઘ અરદેશરના વંશજોએ સાચવી રાખેલી છે.)

તે વખતે સુરતના કરસનદાસ અને જગજીવનભાઈએ નવી પાઘ મહારાજને બંધાવી. મહારાજ સંઘ લઈ ગઢપુર જવા નીકળ્યા.

ગઢડામાં વસંતપંચમીનો સમૈયો કરી, મહારાજ આઠમને દિને દાદા-ખાચરની જાન લઈને ગઢપુરથી નીકળ્યા. પોતાના ઉત્તમ ભક્ત દાદાખાચરનો વંશવેલો ચાલુ રહે તેવા હેતુથી તેમને બીજી વાર પરણાવવા મહારાજ ભટવદર સૌની સાથે ગયા. મહા સુદ દશમે ભટવદરમાં દાદાખાચરનાં લગ્ન જસુમતી સાથે કરાવી, મહારાજ ગઢપુર પાછા પધાર્યા.

## બિશપ હેબર સાથે મુલાકાત

આ સમયમાં ઈંગ્લેન્ડથી ભારત આવેલા ખ્રિસ્તી ધર્મ-પ્રચાર મિશનના વડા રેવરંડ બિશપ હેબર કલકત્તા તરફ ઉત્તર ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે ફરતા હતા. તેઓ ગુજરાતમાં આવ્યા.

વડોદરામાં કલેક્ટર વિલિયમ્સને બિશપ હેબરને શ્રીજીમહારાજે કરેલ સમાજ-સુધારાના અને ધર્મ-સુધારાના કાર્યનો મહિમા કહ્યો. વિલિયમ્સને કહ્યું :

'સ્વામિનારાયણે ઘણું સુંદર કાર્ય કર્યું છે. તેમની ધર્મસુધારક તરીકેની અતિશય લોકપ્રિયતા અને ઉપદેશની મને વડોદરામાં આવ્યા પછી ખબર પડી. તેમનો ધર્મોપદેશ હિંદુ શાસ્ત્રોમાં કહ્યો છે તેનાથી પણ ઉચ્ચતર છે. તેઓ વિશુદ્ધ આચરણ અને સ્ત્રીઓ પ્રત્યે પવિત્ર દૃષ્ટિએ માનથી જોવાનું ઉપદેશે છે. તેઓ ચોરી અને હિંસાનો નિષેધ કરે છે. જે જે ખરાબમાં ખરાબ ગામો અને જિલ્લાઓમાં તેમણે કાર્ય કર્યું છે, તે તે પ્રદેશો આજે સૌથી સારા અને કાયદા વ્યવસ્થા રાખનારા છે.'

આટલી વાત સાંભળી ત્યાં જ બિશપ હેબરના અંતરમાં પ્રકાશ થયો. તેમના અંતરમાં મહારાજને મળવાની ઉત્કંઠા થઈ આવી. આથી, તેમણે ખેડાના કલેક્ટર થોમસ દ્વારા મહારાજને નડિયાદમાં મળવા માટે કહેવરાવ્યું.

મહારાજ તે વખતે ડભાણ બિરાજતા હતા. મીઠાઈના પડિયા અને હારતોરા આપી મહારાજે છ હરિભક્તોને વાસદ બિશપ હેબર આગળ મોકલ્યા. તેમણે સાહેબને હારતોરા કરી મીઠાઈનું નજરાણું આપ્યું. બિશપ હેબરે આ છએ સામે જોયું. વાણિયા શેઠ, કોળી ઠાકુર, રાજપૂત, રાયત અને મુસલમાન એવા છ ભક્તો કપાળમાં તિલક-ચાંદલા સાથે નમન કરી ઊભા રહ્યા. આવા પરસ્પર વિરોધી સ્વભાવ અને સંસ્કારવાળા લોકોને જોઈ બિશપ હેબર છક થઈ ગયા. તેમને કુતૂહલ થયું કે 'મુસલમાન, કાઠી, કોળી અને વાણિયા ભેગા જ કેવી રીતે થયા ?'

તેણે આશ્ચર્યથી પૂછ્યું: 'શું તમે બધા સ્વામિનારાયણના ભક્તો છો ? તમે બધા સાથે કેવી રીતે રહી શકો છો !'

ત્યારે તેમણે પ્રત્યુત્તર વાળ્યો કે – 'અમે ભલે જુદી જ્ઞાતિના હોઈએ, પણ અમે સૌ ભગવાન સ્વામિનારાયણના ભક્તો છીએ. તેમણે અમને શીખવ્યું છે કે એકબીજાને ભાઈઓ ગણવા અને સંપ-સુહૃદભાવથી રહેવું.' (બિશપ હેબર લિખિત 'નેરેટિવ ઑફ એ જર્ની થ્રૂ ધી અપર પ્રોવિન્સીસ ઓફ ઇન્ડિયા', પા.નં. ૧૦૭)

બિશપ હેબરને માટે આ વસ્તુ કલ્પના બહારની હતી. તેને ખાતરી થઈ ગઈ કે મહારાજનું કાર્ય ખરેખર મહાન હોવું જોઈએ ! આવી જાતિના લોકો ક્યારેય જંપીને અને સંપીને રહી શકે નહીં. તેનામાં ભ્રાતૃભાવ સિંચનાર પુરુષ ખરેખર મહાન હશે !

બિશપ હેબરે ઇન્તેજારીથી પૂછ્યું: 'મહારાજ ક્યારે મળવા આવશે ?'

હરિભક્તોએ કહ્યું: 'આવતીકાલે સવારે અગિયાર વાગે નડિયાદમાં મહારાજ મળવા આવશે.'

બિશપ હેબર બહુ રાજી થયા. તેઓ આતુરતાથી મહારાજની રાહ જોવા લાગ્યા.

તા. ૨૬-૩-૧૮૨૫, શનિવારનો દિવસ આવ્યો. મહારાજ ડભાણથી ઘોડી પર બેસી નડિયાદ જવા નીકળ્યા. ત્રણસો જેટલા હરિભક્તો સાથે હતા. તેમાં બંદૂકવાળા પચાસ પદાતિ હતા. કેટલાક સાધુઓ, ભક્તો અને કાઠીઓ અંગરક્ષકોની સાથે હતા.

આટલો મોટો સમૂહ જોઈ બિશપ હેબર છક થઈ ગયા. મહારાજને

આવકાર્યા. પછી તેણે નમીને મહારાજને અભિવાદન કર્યું. મહારાજ સાથે હાથ મિલાવી, પોતાની સામે કાળી સીસમની ખુરશી પર બેસાર્યા. મહારાજે સમશા (ઇશારો) કરી. બધા ભક્તો નીચે જમીન પર બેસી ગયા.

મહારાજની મૂર્તિ અને આટલા બધા શ્રદ્ધાળુ અને આત્મસમર્પણ કરે તેવા ભક્તોનો સમૂહ જોઈને બિશપ હેબરને મનમાં થયું: 'મારા અંગરક્ષકો મારી સંભાળ લે છે, પરંતુ તેઓ મને ઓળખતા નથી કે મારી પરવા કરતા નથી. જ્યારે આ મહારાજના અંગરક્ષકો, વગર પગારે, સ્વેચ્છાથી આત્મ-સમર્પણ કરનાર ભક્તો છે. અમારા બે વચ્ચે ધાર્મિક ઉન્નતતાની દૃષ્ટિએ કેવો વિશાળ ભેદ છે !'

પછી બિશપ હેબરે કહ્યું: 'મહારાજ ! આપને વાંધો ન હોય તો આપનો સિદ્ધાંત સમજાવો.'

મહારાજે પોતાનો સિદ્ધાંત સમજાવતાં કહ્યું: 'પરમેશ્વર તો એક જ છે. તેણે સમગ્ર સૃષ્ટિ સર્જી છે. તે જ સર્વાધાર છે અને સર્વના હૃદયમાં રહ્યા છે. સર્વવ્યાપી છે. તે પરમેશ્વરને અમે અને બધા હિન્દુઓ પરબ્રહ્મ કહીએ છીએ...'

છેવટે મરમમાં નિર્દેશ કરતાં મહારાજે કહ્યું: 'એ પરબ્રહ્મનો અવતાર



તે હું છું.'

બિશપ હેબરને થયું કે મહારાજને 'બાઈબલ'ની એક પ્રત આપું, પણ હિંદી કે ગુજરાતીમાં પ્રત હતી નહીં. મહારાજને પોતાના ધર્મ તરફ વાળીને ગુજરાતમાં પોતાના ધર્મના પ્રવર્તનની તેમની યોજના હતી, પણ તે આશા ન ફળી. આમ છતાં, તેમના મન પર મહારાજની એક અમીટ છાપ પડી. તેઓ ગુજરાતમાં ધર્મપ્રવર્તનની આશાઓ છોડી નીકળી ગયા.

## દ્વારિકાની ગોમતી વરતાલમાં

એ જમાનામાં દ્વારિકાની તીર્થયાત્રાનો મહિમા બહુ ગણાતો. ઉત્તરે બદરી-કેદાર, પૂર્વે જગન્નાથપુરી, દક્ષિણે રામેશ્વરની યાત્રા કર્યા પછી પશ્ચિમે દ્વારિકાની યાત્રા સૌએ કરવી જ જોઈએ. દ્વારિકાની યાત્રા વગર, ભલે આખા દેશનાં બધાં તીર્થોની યાત્રા પગપાળા કરી હોય તો પણ અધૂરી ગણાતી. દ્વારિકામાં, ગોમતીમાં સ્નાન કરી, બાહુ અને છાતીમાં તપ્તમુદ્રા લઈને, પછી દ્વારિકાધીશનાં દર્શન કરી આવનારની બધી યાત્રા પૂર્ણ થઈ ગણાતી.

પરંતુ દ્વારિકાની યાત્રામાં કષ્ટ બહુ હતું. માર્ગમાં ચોર-લૂંટારુનો ભય હતો. આવો કડવો અનુભવ ધર્મકુળની સાથે ગયેલા સચ્ચિદાનંદ સ્વામીને પણ થયો હતો.

આથી, વરતાલમાં શ્રીલક્ષ્મીનારાયણ પધરાવ્યા ત્યારે મહારાજે કહ્યું હતું: 'અહીં દ્વારિકાની માફક તીર્થસ્નાન થશે.'

હરિનવમીનો સમૈયો કરવા મહારાજ ચૈત્ર સુદ સાતમે વરતાલ પધાર્યા. દેશદેશથી હરિભક્તો દર્શને આવેલા. તે વખતે વરતાલમાં ધારુ તળાવ ખોદવાનું પૂર્તકર્મ ચાલતું હતું, અર્ધું તળાવ ખોદાઈ ગયું હતું. તળાવ ખોદાવવાનું કામ અક્ષરાનંદ સ્વામી કરાવતા. મહારાજે વરતાલને તીર્થ બનાવવાનો સંકલ્પ કર્યો.

એકાદશીનો સમૈયો મહારાજે ધામધૂમથી કર્યો. સૌ હરિભક્તો કથાવાર્તા સાંભળી પોતપોતાને ઉતારે જઈને સૂતા. સવારે સૌ જાગ્યા તે પહેલાં સૌને તીર્થરૂપ ગોમતી નદી અને રુક્મિણી-દ્વારિકાનાથનાં દર્શન સ્વપ્નમાં થયાં. સૌએ પરસ્પર એકબીજાને પોતાનાં સ્વપ્નની વાત કરી. સૌએ મહારાજને પણ સ્વપ્નની વાત કરી.

આ સાંભળી મહારાજે કહ્યું: 'દ્વારિકાધીશ પ્રસન્ન થઈને પોતાનો સર્વ સમાજ લઈને અહીં આવીને રહ્યા છે અને શ્રીલક્ષ્મીનારાયણ તે રુક્મિણી-દ્વારિકાધીશનું જ સ્વરૂપ છે તેમ સમજજો. તીર્થરૂપ ગોમતી તળાવ પણ હવે અહીં આવીને નિવાસ કરશે. માટે ચાલો, સૌ ધારુ તળાવ ખોદીને પૂર્ણ કરીએ. પૂનમ સુધીમાં કામ પૂરું કરી નાખો.'

સૌ હરિભક્તો મંડી પડ્યા. મહારાજ પોતે જઈને તળાવને કાંઠે ખુરશી નખાવી કામ પર દેખરેખ રાખવા બેઠા. પોતે પણ ટોપલા ઉપાડ્યા. ગાળ કાઢ્યો. સારા સારા ઘરના હરિભક્તો પણ તળાવ ખોદવાના કામમાં લાગી ગયા. સ્ત્રીઓ અને પુરુષો, વૃદ્ધ, યુવાન, બાળક, ઉચ્ચ-નીચ – સૌ વર્ણના ભક્તો કામે લાગી ગયાં. પૂનમ સુધીમાં તો બધો ગાળ નીકળી ગયો. ચારેકોર ખોદવાનું પૂરું થવા આવ્યું.

સાંજ ઢળી ગઈ હતી. મહારાજ બે ઈંટ પર ઊભા હતા. સવારથી મહેનત કરનાર દરેક બાઈ-ભાઈ હરિભક્તને મહારાજ આશીર્વાદ અને કંઈ ને કંઈ પ્રસાદી આપવા માંડ્યા. છેલ્લે વારો આવ્યો છાણીના તેજા ભક્ત અને તેમના હરિજન મંડળનો. તેઓ સૌ ઘૂંટણભરી મહારાજને પગે લાગ્યા. તેમણે સૌએ તન તોડીને સેવા કરી હતી. મહારાજે તેમની સેવાની કદર કરતાં વત્સલભાવે પૂછ્યું: 'તમને શું આપું?'

સૌના વતી હરિજનોના આગેવાન વણકર તેજા ભક્તે કહ્યું: 'મહારાજ! અમ ગરીબ પર અખંડ રાજી રહેજો. આપની મૂર્તિ અખંડ સાંભરે, આપનું ભજન અખંડ કરી શકીએ, એટલા માટે આપ જે ઈંટો પર ઊભા છો તે અમને આપો. અમે મંદિર બાંધી તેમાં આ ઈંટો સ્થાપી, મૂર્તિ પધરાવી પૂજન કરીશું; કથા-કીર્તન, ભજન કરીશું.'

'તથાસ્તુ!' કહી મહારાજે ઈંટો પરથી ઊતરીને બંને ઈંટો તેજા ભક્તને આપી પોતાની પ્રસાદીનું જળપાત્ર અને વાસણ પણ મહારાજે તેમને આપ્યું. (હરિજનોએ છાણીમાં મંદિર બાંધી આ ત્રણે વસ્તુઓ મંદિરમાં પધરાવી. તેઓ સૌને મંદિર મળ્યું. પૂજા-સેવા, કથા-વાર્તા કરવાનો અધિકાર મળ્યો. વર્ણાશ્રમના એ ચુસ્ત જમાનામાં આ એક શ્રીજીમહારાજનું ક્રાંતિકારી પગલું હતું.)

ચૈત્રી પૂનમના ઉત્સવ પછી એક દિવસે વહેલી સવારે પૂજા કરી, સાધુ, બ્રહ્મચારી, પાળા, હરિભક્તોનો સંઘ લઈ મહારાજ કીર્તન ગાતાં ગાતાં તળાવે

ગયા. તળાવને કાંઠે જઈ મહારાજે ભીમભાઈ પાળાને કહ્યું: 'તમે તીકમ લઈ આ સ્થળે સહેજ ઊંડું ખોદો. અહીંથી સાક્ષાત્ ગોમતી નદી સ્ફૂરી આવશે.'

ભીમભાઈ તો આજ્ઞા પ્રમાણે મંડી પડ્યા. પાંચ ટચકા માર્યા, ત્યાં તો શીતળ જળની ધાર છૂટી, જાણે ફુવારો ન હોય! કેટલાય હરિભક્તોને જળના તે ફુવારામાં પવિત્ર નદી ગોમતીનાં દેવીરૂપે મૂર્તિમાન દર્શન થયાં. આજે વરતાલમાં ગોમતીજીનો જન્મ થયો. સાક્ષાત્ પ્રગટ થયાં. સૌના અંતરમાં આનંદ વ્યાપી ગયો. અખૂટ જળરાશિ અને પવિત્ર તીર્થ મળ્યું. મહારાજે કહ્યું: 'જ્યાં રુક્મિણી-દ્વારિકાનાથ હોય, ત્યાં ગોમતી આવીને વસે છે.'

સૌનાં અંતરમાં આનંદ થઈ ગયો. મહારાજે વૈકુંઠાનંદ વર્ણી અને વાસુદેવાનંદ વર્ણીને આજ્ઞા કરી કે 'આજે તમો સૌ હરિભક્તોને બાહુ અને છાતીમાં તપ્તમુદ્રા આપો.' અને દાદા દવેની દીકરી જમનાને કહ્યું: 'તમો બધી બાઈઓને તપ્તમુદ્રા આપો.' સૌને તપ્તમુદ્રા અપાઈ.

સાંજ સુધીમાં તો તળાવ આખું પાણીથી ભરાઈ ગયું. મહારાજે ધારુ તળાવનું નામ ગોમતી તળાવ પાડ્યું. સૌ ગોમતીમાં નાહ્યાં અને કૃતકૃત્ય બન્યાં!

થોડા દિવસ વરતાલ રહી, મહારાજે ગઢડાની વાટ લીધી.

## કાઠિયાવાડમાં મંદિરો

વરતાલ, અમદાવાદ અને કચ્છમાં મંદિરો થયાં. આથી, બધા કાઠી હરિભક્તો પંચાળામાં ભેગા થયા. તેમને થયું: 'ગુજરાત અને કચ્છના હરિભક્તો ભાગ્યશાળી છે. મહારાજે ત્યાં મંદિરો કર્યાં. આપણા કાઠિયાવાડને વિસારી દીધો. માટે ચાલો, મહારાજને તેનું કારણ પૂછીએ.'

આમ વિચારી સૌ મહારાજ પાસે આવ્યા. તેમણે પોતાના મનની બધી મૂંઝવણ કહી. પછી તેમણે પૂછ્યું: 'મહારાજ! આપે ગુજરાત, કચ્છમાં મંદિરો કર્યાં અને કાઠિયાવાડને વિસારી દીધું, તેનું કારણ શું? આપ અમારા દેશમાં એક સુંદર મંદિર કરાવો.'

મહારાજે જવાબ આપ્યો: 'હું તમારાથી દૂર જતો નથી. ગઢડા, લોયા, પંચાળે એમ કાઠિયાવાડમાં જ ઘણુંખરું રહું છું. આમ, તમને મારાં નિત્ય દર્શન થાય છે. જ્યારે ગુજરાત-કચ્છવાળાને ત્યાં તો ઉત્સવ-સમૈયે જાઉં છું, ત્યારે જ દર્શન થાય છે. તેથી મારી મૂર્તિનાં નિત્ય દર્શન થાય એટલા માટે

ત્યાં મંદિરો કર્યાં છે. છતાં આપ સૌનો અતિશય પ્રેમ અને ભાવ છે, તેથી હું કાઠિયાવાડમાં પણ સુંદર મંદિર કરીશ.'

સૌ પ્રથમ મહારાજે ગઢડામાં જ ઘેલા નદીને કાંઠે ટેકરા ઉપર સુંદર જગ્યા જોઈ મંદિર કરવા સંકલ્પ કર્યો. હરજી ઠક્કરને બોલાવીને મંદિરની જગ્યા નક્કી કરી, પરંતુ જીવાખાચરની માલિકીની તે જગ્યા હોવાથી તેણે તે જગ્યા મહારાજને અર્પણ કરવા ના પાડી. આથી, મહારાજ ઉદાસ થઈ બીજાં ગામોમાં મંદિર માટે જગ્યા પસંદ કરવા નીકળ્યા. (આ જ ટેકરા ઉપર પાછળથી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આરસપહાણનું ત્રણ શિખરનું ભવ્ય મંદિર બાંધી, અક્ષરે સહિત પુરુષોત્તમની પ્રતિષ્ઠા કરી.)

મહારાજે કારિયાણીથી શરૂઆત કરી. કારિયાણી, વાંકિયા, કોટડા, બોટાદ, લોયા, નાગડકા, પંચાળા, ઝીંઝાવદર અને કુંડળમાં જગ્યાઓ જોઈ. મહારાજનું મન ક્યાંય ઠર્યું નહીં.

મહારાજ કુંડળથી સારંગપુર પધાર્યા. અહીં જીવાખાચરે મહારાજનું ખૂબ ભાવથી સ્વાગત કર્યું. પોતાના દરબારમાં – જ્યાં જોઈએ ત્યાં – જોઈએ તેટલી જમીન મંદિર બાંધવા પસંદ કરી લેવા તેમણે મહારાજને કહ્યું. મહારાજે સારંગપુર ગામના હરિભક્તો તથા બધા જ ગામવાસીઓને ચોરે બોલાવ્યા. સૌની સંમતિ માગી. સૌએ રાજી થઈને કહ્યું : 'મહારાજ ! અમારાં એવાં મોટાં ભાગ્ય ક્યાંથી કે અહીં મંદિર થાય ! અમે મંદિર બાંધવામાં બધો જ સહકાર આપીશું. બધી જ મદદ કરીશું. માટે કૃપા કરીને અહીં મંદિર બાંધો.'

જીવાખાચરનાં બધાં કુટુંબીજનોએ પણ ખૂબ આગ્રહથી અને ભાવથી મહારાજને સારંગપુરમાં જ મંદિર બાંધવા કહ્યું. મહારાજે સારંગપુરમાં મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો. મહારાજે પૂછ્યું : 'અહીં મંદિર બાંધવા પથ્થરો મેળવવા કોની રજા લેવી પડે ?'

જીવાખાચરે કહ્યું : 'મહારાજ ! બરવાળાના જૈન વાણિયા શેઠ ઘેલા શાહની રજા લેવી પડે. તે શેઠ બહુ શાણા અને પરમત પ્રત્યે ઉદાર દિલવાળા છે.' આટલું કહી જીવાખાચર ખૂબ મહિમા કહીને બરવાળાથી ઘેલા શાહ શેઠને બોલાવી લાવ્યા.

મહારાજે ઘેલા શાહને પૂછ્યું : 'અમે અહીં મંદિર કરીએ તો તમે રાજી છો કે નહીં ? તમો પથ્થર વગેરેની મદદ કરશો ?'

શેઠ ઘેલા શાહે ખૂબ રાજી થઈ કહ્યું: 'મહારાજ! પચીસ ગામમાં મારો અમલ ચાલે છે. હું તો અહીં મંદિર થાય તેમાં અત્યંત રાજી છું. જોઈએ તેટલા પથ્થર અપાવીશ. તેટલું જ નહીં, પણ પથ્થરો લાવવા જોઈએ તેટલાં સારાં ગાડાં આપની સેવામાં હાજર કરી દઈશ.'

મહારાજ ઘેલા શાહ પર બહુ રાજી થઈ બોલ્યા: 'નામ ઘેલો છે, પણ શેઠ બહુ ડાહ્યા છે.'

આમ, સારંગપુર મંદિર બાંધવાનું નક્કી થયું.

આ વાતની ગઢડામાં દાદાખાચર, જીવુબા અને લાડુબાને ખબર પડી. દાદાખાચર પોતાનું સમગ્ર કુટુંબ અને ગઢપુરના કેટલાક હરિભક્તોને લઈને સારંગપુર પધાર્યા. દાદાખાચર અને તેમનાં બહેનોએ અન્નજળનો ત્યાગ કર્યો. તેઓ કલ્પાંત કરવા લાગ્યાં.

મહારાજને ખૂબ આજીજી કરી કહ્યું: 'મહારાજ! અમારા કાંઈ ગુના કે અપરાધો હોય તો માફ કરો. બીજી કાંઈ પણ સજા કે પ્રાયશ્ચિત્ત આપો, પરંતુ આપે 'ગઢડું મારું છે અને હું ગઢડાનો છું' એમ કહ્યું છે, તે મુજબ ગઢડામાં જ મંદિર કરી અખંડ રહો. અમે અમારું સર્વસ્વ અર્પણ કરીએ છીએ.'

આ સાંભળી મહારાજની આંખમાં પણ પ્રેમનાં આંસુ ઊભરાઈ આવ્યાં. દાદાખાચરની નિષ્ઠા, ભક્તિ અને સ્વાર્પણની ભાવના જોઈ મહારાજે રાજી થઈને ગઢડે મંદિર કરવાની 'હા' પાડી.

આમ, મહારાજે દાદાખાચરના ભાવને વશ થઈ ગઢડે મંદિર કરવા કબૂલ્યું. આથી, જીવાખાચરને અતિશય દુઃખ થયું. તેમને બહુ ઓછું આવ્યું.

આ જોઈ આશ્વાસન આપતાં મહારાજે કહ્યું: 'જીવાખાચર! તમે દુઃખી ન થશો. અહીં તો પ્રતાપી પરમેશ્વરનું મહાન ધામ થશે. અહીં અમે અમારું ધામ જે અક્ષરબ્રહ્મ અને મુક્ત સંગાથે બિરાજીશું, એવું પ્રખ્યાત ધામ થશે અને હજારો હરિભક્તોના સંઘ અહીં જાત્રા કરવા આવશે.'

જીવાખાચરને સહેજ શાંતિ થઈ, તેમણે ખિન્ન હૃદયે મહારાજને જવાની રજા આપી. (તે જગ્યાએ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સંવત ૧૯૭૨માં મોટું ત્રણ શિખરોવાળું મંદિર બાંધી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ધર્મકુળની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી છે.)

પછી મહારાજ સારંગપુરથી ગઢડા પધાર્યા. દાદાખાચરે પોતાને રહેવાનો

આખો દરબાર તાંબાપત્ર પર લખી આપીને, મહારાજને કૃષ્ણાર્પણ કર્યો. પછી દક્ષિણાદા બારના ઓરડા જેમાં પાંચુબા રહેતાં હતાં, તે પડાવી નાંખ્યા.

જ્યોતિષ આગળ મુહૂર્ત કઢાવ્યું. સંવત ૧૮૮૧ના જેઠ સુદ એકાદશીને શનિવારે ગઢડામાં શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. લખણી કરી સૌ આગળ સેવા કરાવી. મહારાજે કહ્યું: 'અમારે સૌને સેવાનો લાભ આપી મંદિર કરવું છે.' વળી, બીજી આજ્ઞા મહારાજે કરી: 'રોજ, સવાર-સાંજ સૌ હરિભક્તો ઘેલે નહાવા જાઓ ત્યારે પાયામાં પૂરણી કરવા દરેકે એક-એક પથ્થર માથે લઈ આવવો.'

તે દિવસથી રોજ, જ્યારે પણ મહારાજ ગઢડે હોય ત્યારે ઘેલામાં નાહીને પાછા આવતી વખતે આખા સંઘની સાથે પોતે પણ એક પથ્થર માથે ઉપાડી લાવતા.

## [૨૪] શૂદ્રોને દ્વીજપણું દીધું

કાર્તિક પૂનમનો સમૈયો મહારાજે વરતાલ કર્યો. તે વખતે વડોદરાના રાજા સયાજીરાવ ગાયકવાડ બીજાનું આમંત્રણ લઈ નારૂપંત નાના મહારાજને વડોદરે પધારવા માટે તેડવા આવ્યા. નારૂપંત નાનાએ મુક્તાનંદ સ્વામીને કહ્યું: 'તમો ગયે વર્ષે ચાતુર્માસ વડોદરે રહ્યા ત્યારે પણ મહારાજને વડોદરે લાવવા તેમણે કહ્યું હતું, તમો લાવ્યા નહીં. તેથી આ વર્ષે હું જાતે પત્ર લઈને આવ્યો છું; માટે મહારાજને વિનંતી કરો કે વડોદરે પધારે.'

મહારાજે આમંત્રણ સ્વીકાર્યું. આમ, સયાજીરાવ ગાયકવાડ બીજાના આમંત્રણથી મહારાજ વડોદરા જવા નીસર્યા.

માર્ગમાં છાણી ગામનું પાદર આવ્યું. ગામને પાદર હરિભક્તોનો સંઘ ઊભો હતો. તેણે વિનંતી કરી, મહારાજને વૃક્ષ નીચે પધરાવ્યા. સૌ હરિભક્તો એક પછી એક હારબંધ મહારાજને પગે લાગી હારતોરા કરવા લાગ્યા.

બન્યું હતું એવું કે ગોપાળાનંદ સ્વામી થકી છાણીના વણકર તેજાભાઈ સત્સંગી થયા હતા. તેમના થકી ધીરે ધીરે કેટલાય ઉપેક્ષિત જાતિના વણકરો અને હરિજનો સત્સંગી થયા હતા. તેઓ નાહી-ધોઈ, પૂજાપાઠ કરતા. તિલક-ચાંદલો કરતા. કથાવાર્તા અને ભજન-કીર્તન કરતા. ચાળ્યાં-ગાળ્યાં

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૮૨ની સાલના પ્રસંગો છે.

વગરનું અન્નજળ બ્રાહ્મણ, વાણિયાના ઘરનું પણ લેતા નહીં. તેથી તેજા ભક્ત અને બીજા હરિજન ભક્તોની ગ્રામજનો ઠેકડી ઉડાડતા. મહારાજ માટે પણ હાંસીયુક્ત શબ્દો બોલતા. તેમાં આજે મહારાજ અહીંથી પસાર થવાના હતા, આથી, ગામના કેટલાક આગેવાન બ્રાહ્મણો, મહાજનો અને બાવા, સંન્યાસીઓએ ઢંઢેરો પિટાવ્યો કે 'કોઈ ઊંચા વર્ણના માણસે સ્વામિનારાયણનાં દર્શને જવું નહીં.'

કોઈ બ્રાહ્મણ-વાણિયો દર્શને આવ્યો નહીં. બધા જ વણકરો અને હરિજનો જ દર્શન કરનારા હતા. આ જોઈ મહારાજે મરમમાં કહ્યું: 'ગામમાં કોઈ બ્રાહ્મણ, વાણિયા નથી ? કેમ બ્રાહ્મણ, વાણિયા નથી આવ્યા ?'

તેજા ભક્તે બધી વાત મહારાજને કરી. મહારાજે તેમની વાત સાંભળી કહ્યું: 'જાઓ, બ્રાહ્મણોના જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે, તેવાં વિશુદ્ધ તમારાં વર્તન થશે !'

હરિજનોને સદ્‌વર્તન અને ભગવાનના આશરાના બળ સંબંધી વાતો કરી મહારાજ વડોદરે પધાર્યા. બન્યું પણ એમ જ ! ઉચ્ચ ગણાતા બ્રાહ્મણો જેવા વિશુદ્ધ આચાર, વિચારવાળા આદર્શ ભક્ત તેઓ બન્યા !

## 'શિક્ષાપત્રી' લખી

કાર્તિક વદ ત્રીજને દિવસે, શ્રીજીમહારાજને લેવા મહારાજા સયાજીરાવના પાટવીકુંવર છાણી સુધી સામે ગયા. સુંદર શણગારેલા હાથી પર સોનાની અંબાડીમાં મહારાજને બેસાર્યા. પાયદળ, હળદળ, સાંઢણીઓનું દળ, ગજદળ, ઢોલ-નગારાં, શરણાઈ, નોબત વગડાવી, ચતુરંગિણી સેના સાથે આખા વડોદરા શહેરમાં મહારાજની સવારી કાઢી. સડકોની બંને બાજુએ, બારીએ, મેડીએ, ઝરૂખે એમ ચારેકોર માનવ-મહેરામણ મહારાજનાં દર્શને ઊમટ્યો. શહેર આખામાં મહારાજને ફેરવીને મસ્તુબાગમાં, દેવઘરમાં મહારાજને પધરાવ્યા. મહારાજનાં ચરણારવિંદની પૂજા કરી. મહારાજને વસ્ત્રો, આભૂષણો વગેરે ધરાવ્યાં.

મહારાજ અહીં ત્રણ દિવસ રહ્યા. મહારાજા સયાજીરાવને ઘણો ઉપદેશ દીધો. સૌને અપરંપાર સુખ દઈ મહારાજ વરતાલ પાછા પધાર્યા.

વરતાલમાં કાર્તિક વદિ એકાદશીથી મહારાજ પ્રાગજી દવે આગળ



ભાગવતના દશમ, પંચમ અને એકાદશ સ્કંધની કથા સાંજે વંચાવતા. તે વખતે રોજ સવારે મહારાજે નારાયણ મહોલમાં એકાંતમાં બેસી 'શિક્ષાપત્રી' લખવાની શરૂ કરી. તે સંવત ૧૮૮૨ના વસંત પચંમીને દિવસે લખાઈ રહી. નીતિ, નિયમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, પૂજારીતિ, સંત, શાસ્ત્ર, સેવા, સમાગમની વિક્તિ તેમાં લખી.

મહારાજ 'શિક્ષાપત્રી'નું પુસ્તક લઈને સભામંડપમાં આવ્યા. દરેક વિદ્વાન સંતે શિક્ષાપત્રી જોઈ. પછી સવિત્રાનંદ આદિક લહિયા સાધુઓ આગળ

'શિક્ષાપત્રી'ની કેટલીક પ્રતો તૈયાર કરાવી દરેક સંતને એક પ્રત આપી. દરેક ગામમાં એક પ્રત મોકલી. સૌને 'શિક્ષાપત્રી'નો નિત્ય પાઠ અથવા શ્રવણ અને પૂજન કરવાની મહારાજે આજ્ઞા કરી.

## ધોલેરામાં મૂર્તિપ્રતિષ્ઠા

વસંત પંચમીનો સમૈયો વરતાલમાં ધામધૂમથી કર્યો. સમૈયા પર મછિયાવ અને અમદાવાદના હરિભક્તોએ એકી સાથે હઠભરી પ્રાર્થના કરી કે 'હે મહારાજ ! અમારે ગામ પધારી આપ ફૂલદોલનો ઉત્સવ કરો.'

મહારાજ તેમના પ્રેમ આગળ વશ થઈ બોલ્યા: 'તથાસ્તુ !'

મહારાજ ડભાણ, મહેમદાવાદ થઈ આગળ ચાલ્યા. પોતાનું અને આખા સંઘનું બીજું સ્વરૂપ ધારણ કરી, એકી સાથે અમદાવાદ અને મછિયાવ પહોંચ્યા. બેય ઠેકાણે ફૂલદોલનો ઉત્સવ કર્યો. રંગે રમ્યા. સૌના મનોરથ પૂરા કર્યા. પછી મછિયાવથી નીકળી, તે સ્વરૂપ અદૃશ્ય કરી દીધું. અમદાવાદથી નીકળી, ભાલ દેશમાં કમિયાળામાં હરિનવમીનો સમૈયો કર્યો.

અહીં ધોલેરાથી અદ્‌ભુતાનંદ સ્વામી અને પૂંજાભાઈએ આવી મહારાજને પ્રાર્થના કરી: 'મહારાજ ! ધોલેરા મંદિર લગભગ તૈયાર થઈ ગયું છે. આપ પધારીને મૂર્તિપ્રતિષ્ઠા કરો. બાકીનું કામ અમો પછીથી પૂરું કરાવી લઈશું.'

મહારાજ તેમની વિનંતી માન્ય રાખી ધોલેરા પધાર્યા.

ધોલેરામાં નારાયણ જોશી આગળ મુહૂર્ત જોવરાવ્યું. તેમણે વૈશાખ સુદ તેરસનું મુહૂર્ત કાઢી આપ્યું. એટલે અદ્‌ભુતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીની પ્રાર્થનાથી મહારાજ મહિનો દિવસ ધોલેરા રહ્યા. ગામોગામ કંકોત્રી લખાવી, સૌને ધોલેરા પ્રતિષ્ઠા પર આવવા આમંત્રણ મોકલ્યું. મહારાજે ગઢડાથી રાધાકૃષ્ણની મૂર્તિ મંગાવી.

સંવત ૧૮૮૨ના વૈશાખ સુદ તેરસે ધામધૂમથી વિધિપૂર્વક મૂર્તિપ્રતિષ્ઠા કરી. રાધાકૃષ્ણની મૂર્તિને 'મદનમોહન' નામ આપ્યું. બ્રાહ્મણોને દાન દીધાં.

પછી પ્રતિષ્ઠા ઉપર આવેલા સૌ હરિભક્તોને 'શિક્ષાપત્રી' પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી.

બીજે દિવસે નૃસિંહ ચૌદશનો ઉપવાસ કરી, મહારાજ ગઢડે જવા નીસર્યા.

## [૨૫] મહંતો નીમ્યા

સંવત ૧૮૮૩માં પ્રબોધિની એકાદશીનો સમૈયો મહારાજે વરતાલ કર્યો. સમૈયો કરીને મહારાજ ગઢડા પધાર્યા. એક દિવસ મહારાજ સભા કરીને બેઠા. હરિભક્તોએ મહારાજને હારતોરા ધરાવ્યા. પછી મહારાજે સૌને શાંત પાડીને કહ્યું: 'આપણે જે જે મંદિરો કર્યાં છે, તે દરેક મંદિર માટે મહંત નીમવા જોઈએ. મહંત મમત્વ રાખીને મંદિર સાચવે. અમે દરેક મંદિર માટે મહંતનો નિરધાર કરી રાખ્યો છે, તે તમને કહીએ છીએ.'

એમ કહી મહારાજે આગળ ચલાવ્યું: 'આ વરતાલ મંદિરના મહંત અક્ષરાનંદ સ્વામી, ભુજ મંદિરના મહંત વૈષ્ણવાનંદ સ્વામી, ગઢડાના વિરક્તાનંદ સ્વામી, અમદાવાદના મહંત સર્વજ્ઞાનંદ સ્વામી, ધોલેરાના અદ્‌ભુતાનંદ સ્વામી.' એમ જાહેર કરી, આ દરેક સદ્‌ગુરુને મહંત કર્યાનો હાર પહેરાવ્યો.

બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું: 'મહારાજ ! જૂનાગઢમાં જોઈ વિચારીને મહંત નીમવા પડશે, કારણ કે ત્યાં દ્વેષીઓનું બહુ જોર છે. માટે વારંવાર ફેરવણી કરવી પડે નહીં તેવા મહંત નીમજો.'

મહારાજે કહ્યું: 'સ્વામી ! જૂનાગઢના મહંત તો એવા નીમશું કે ફેરવણી કરવી નહીં પડે.'

ત્યારબાદ થોડા વખત પછી ચૈત્ર પૂનમને સમૈયે વરતાલમાં મહારાજે સભામાં કહ્યું: 'લ્યો, આજે જૂનાગઢના મહંત નીમીએ. ભાદરાવાળા નિર્ગુણાનંદને બોલાવો.'

ત્યાં ગુણાતીતાનંદ સ્વામી સભામાં પધાર્યા. એટલે મહારાજે ઊભા થઈ, પોતાના ગળામાંથી બધા હાર કાઢીને ગુણાતીતાનંદ સ્વામીને પહેરાવ્યા અને કહ્યું: 'આ અમારા જૂનાગઢના મહંત.' એમ કહી ગુણાતીતાનંદ સ્વામીને પોતાનો પોષાક આપ્યો અને માથે પાઘ મૂકી આશીર્વાદ આપ્યા.

### 'અમારું અક્ષરધામ'

પછી સભામાં બેઠેલા કુરજી દવેને સંબોધીને મહારાજે કહ્યું: 'કુરજી ! રામાનંદ સ્વામી ભુજથી પીપલાણા પધાર્યા ત્યારે તમે વધામણી લઈને લોજ

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૮૩ની સાલના પ્રસંગો છે.

આવ્યા હતા. ત્યારે સૌએ તમને કાંઈ ને કાંઈ ભેટ આપી હતી. તે વખતે અમે તમને કહ્યું હતું કે અમારી પાસે હમણાં કાંઈ નથી પણ અમે તમને અમારું અક્ષરધામ આપીશું... તે લ્યો, આ ગુણાતીતાનંદ સ્વામી અમારું અક્ષરધામ છે. તે તમને સોરઠના હરિભક્તોને ભેટ આપીએ છીએ.'

પછી ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે કહ્યું કે સાધુ તો પાંચ રાખીએ, પચીસ રાખીએ... એમ કરતાં કરતાં બસો સાધુ જૂનાગઢ રાખવાનું નક્કી કર્યું. અને સોરઠના હરિભક્તોને ઉદ્દેશીને મહારાજે કહ્યું: 'સોરઠના હરિભક્તોને અમારું સર્વસ્વ આપ્યું છે. માટે આ ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિ સાચવીને જે સેવા કરશે, તેની સો જન્મની કે હજાર જન્મની કસર આ ને આ જન્મે ટાળી નાખીશું.'

સોરઠના હરિભક્તો અને જૂનાગઢના હરિભક્તો સૌ રાજી થઈ ગયા.

## 'શિક્ષાપત્રી' લોપવી નહીં

મહારાજ બરવાળા પધાર્યા. એક પ્રેમી ભક્તે મહારાજને પ્રેમથી આમંત્ર્યા અને પોતાનું ઘર સાંકડું હોવાથી, મોટાભાઈના ડેલામાં મહારાજને પૂરા વિશ્વાસથી પધરાવ્યા. તેમણે મહારાજને ઢોલિયો ઢાળી દઈને કહ્યું: 'મહારાજ ! આપ અહીં બિરાજો. હું હમણાં થોડી વારમાં બજારમાં જઈ સીધું-સામાન લઈ આવું. પછી બ્રહ્મચારી પાસે રસોઈ કરાવી આપને ભોજન કરાવું.'

મહારાજે કહ્યું: 'ભલે.'

પેલા હરિભક્ત સીધું-સામાન લેવા ગયા. બજારમાં સહેજ વાર થઈ.

એટલામાં તેનો મોટોભાઈ ડેલામાં દાખલ થયો. તેને મહારાજ વિષે ભાવ નહીં. તેને સાધુ-સંતો પ્રત્યે તિરસ્કાર હતો. તેણે ઊંચે સાદે કહ્યું: 'તમો કોણ છો ? કોની રજાથી આ ડેલામાં દાખલ થયા છો ?'

મહારાજે તેને શાંત પાડીને બધું કહ્યું પણ તે માન્યો નહીં. તેણે તો કહ્યું: 'આ મારું ઘર છે. મારી રજા સિવાય મારો નાનો ભાઈ તો શું, પણ મારી સ્ત્રી પણ કોઈને બેસારી શકે નહીં. માટે તમે ડેલો ખાલી કરો.'

'હા ભાઈ ! અમે આ ચાલ્યા,' કહી મહારાજ હરિભક્તો સાથે ડેલામાંથી બહાર નીકળ્યા.

મહારાજે કહ્યું: 'ચાલો, આપણે નાવડા જઈએ. માલિકની રજા વિના

તેના સ્થાનમાં જવું નહીં – એ 'શિક્ષાપત્રી'ની આજ્ઞા આપણે લખી અને આપણે જ તોડી,[૯] તો દુઃખ આવ્યું. માટે ભલા થઈને કોઈ શિક્ષાપત્રીની આજ્ઞા લોપશો નહીં.'

આ પ્રસંગથી સૌને શિક્ષાપત્રીની મહત્તા સમજાઈ ગઈ. મહારાજ બરવાળાના પાદર પહોંચ્યા ત્યાં પેલા હરિભક્ત સીધું લઈને આવ્યા. તેને બધી ખબર પડી. તેણે મહારાજની માફી માગી, બધું સીધું મહારાજને ચરણે ધરી દીધું. મહારાજે તેને ક્ષમા આપીને શિક્ષાપત્રી પાળવાની આજ્ઞા કરી અને નાવડાની વાટ લીધી.

## [૨૬] સંતોને પગરખાં પહેરાવ્યાં

મહારાજ હરિનવમીનો સમૈયો કરવા વરતાલ જવા નીકળ્યા.

બપોરને વખતે ગામ ભોળાદની સીમમાં મહારાજ સંતોના સંઘ સાથે વિસામો કરવા થોભ્યા.

ચૈત્ર માસનો તાપ તપતો હતો. સંતો પોતાનાં ગાતરિયાં પાસેના એક કૂવામાં ભીનાં કરી આવ્યા. વળી, તુંબડામાં પાણી ભરી જમીન પર છાંટી, જમીન ઠંડી કરી. પછી ઝાડ નીચે, ઉપર અને ચારે બાજુ ભીનાં ગાતરિયાં બાંધી ઓરડી જેવું બનાવ્યું. છાંયડોય થયો અને ઠંડક પણ થઈ. મહારાજને અંદર ગોદડું પાથરી પોઢાડ્યા.

મહારાજને સૂતાં સૂતાં વિચાર આવ્યો: 'આવા તાપમાં સંતો ઉઘાડે પગે ચાલે છે, વળી કેટલાક સંતોને તો પગે ફોલ્લા પડ્યા છે. તેમના પગ કેટલા બળતા હશે !'

મહારાજના હૃદયમાં લાગી આવ્યું. સહેજ નમતો પહોર થયો એટલે મહારાજ જાગ્યા અને સંતોને કહ્યું: 'આજથી તમારે પગમાં ચામડાનાં પગરખાં પહેરવાં. મારી આજ્ઞા છે, માટે તમો સૌ જોડા પહેરજો.' આમ, સંતોને જોડા પહેરવાની આજ્ઞા કરી મહારાજ આગળ ચાલ્યા.

ત્યાં વારણાને રસ્તે બૂટદેવીનું મંદિર આવ્યું. ત્યાં વરખડાના ઝાડ નીચે મહારાજ સભા કરી બેઠા. મહારાજે જોરભાઈને કહ્યું: 'કાંઈ હોય તો લાવો,

---

૯. શિક્ષાપત્રી શ્લોક ૩૩.

આ પ્રકરણમાં આ.સં. ૧૮૮૪ની સાલના પ્રસંગો છે.

અમારે ટીમણ કરવાં છે.'

જોરભાઈએ કહ્યું: 'કમિયાળાના ગઢવી ખીમરાજની પત્નીએ આપેલી બશેર સાકર છે, કહો તો એ આપું.'

મહારાજ કહે: 'લાવો સાકર.' મહારાજે સાકરની પોટલી લીધી. તેમાંથી ખોબો ભરીને સુરાખાચરને આપી.

સુરાખાચરે મહારાજનો પ્રતાપ જોવા રમૂજમાં કહ્યું: 'આમ આખા સંઘમાં દરેકને ખોબો ખોબો સાકર આપો.'

મહારાજ કહે: 'ભલે.'

મહારાજે સૌને ખોબો ખોબો સાકર આપી, પોતે ખાધી, તોય છેલ્લે હતી તેટલી બશેર જેટલી વધી.

## જૂનાગઢ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા

મહારાજ વરતાલ પધાર્યા. હરિનવમીનો સમૈયો ધામધૂમથી કર્યો. ગુજરાતના હરિભક્તોને સુખ આપી ગઢપુર પધાર્યા. મહારાજે ગઢપુર મંદિરનું કામ ઝડપથી કરવાની આજ્ઞા કરી હતી.

ફરતાં ફરતાં મહારાજ જૂનાગઢ પધાર્યા.

અહીં જૂનાગઢમાં આ.સં. ૧૮૮૪ના વૈશાખ વદ બીજને ગુરુવારે મહારાજે ધામધૂમથી રણછોડ-ત્રિકમ, રાધારમણ દેવ અને સિદ્ધેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા કરી. આ પ્રસંગે જૂનાગઢના નવાબે કહ્યું: 'મહારાજ! આપે આવું મોટું મંદિર બાંધ્યું છે, તો આપ અથવા આપના જેવા ફકીરને અહીં રાખજો.'

આના પ્રત્યુત્તરમાં મહારાજે કહ્યું: 'અમારું સ્વરૂપ આ સાધુરૂપે અહીં રાખ્યું છે. આ સાધુ અમારા જેવા જ છે. માટે એમનાં દર્શન, સેવા, સમાગમ કરજો.' એમ કહી ગુણાતીતાનંદ સ્વામી સામે નિર્દેશ કર્યો.

## [૨૭] ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા

ગઢપુર મંદિર માટે મહારાજે પોતે જ કહ્યું હતું કે 'મારા જ જેવી, મારા જ જેવા ઘાટવાળી મૂર્તિ બનાવજો.'

આથી, નારાયણજીભાઈએ કહ્યું: 'મહારાજ! આપ પ્રત્યક્ષ, સામે બેસો,

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૮૫ની સાલના પ્રસંગો છે.

તો મૂર્તિનાં બધાં અંગો અને ઘાટ આપના જેવાં ઘડી શકાય.'

મહારાજે તેમની વિનંતી માન્ય રાખી.

મહારાજ વાસુદેવ નારાયણના ઓરડાની પશ્ચિમે ઓસરીમાં, ઉજાસમાં ઢોલિયો ઢળાવી બેસતા. નારાયણજીભાઈ મહારાજની મૂર્તિ સામું જોતાં જાય અને પથ્થરને ઘાટ આપી મૂર્તિ ઘડતાં જાય. ઘણી વાર મહારાજ પ્રસન્ન થઈ નારાયણજીભાઈને થાળ આપતા.

ચાતુર્માસના દિવસો હતા. ગઢડાનું મંદિર તૈયાર થઈ ગયું હતું. મહારાજ ગઢડામાં બિરાજતા હતા. મહારાજે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો.

ભાદરવો મહિનો બેઠો. મહારાજ વાસુદેવ નારાયણના ઉત્તરાદા બારના ઓરડે સભા કરીને બેઠા હતા, ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ આવીને પગે લાગીને કહ્યું: 'મહારાજ ! મંદિર તૈયાર થઈ ગયું છે અને મૂર્તિઓ પણ તૈયાર થઈ ગઈ છે. માટે હવે મૂર્તિઓ પધરાવો તો સારું.'

આ સાંભળી મહારાજે પાસે બેઠેલા ગોપાળાનંદ સ્વામી આગળ મુહૂર્ત જોવરાવ્યું, ત્યારે તેમણે કહ્યું: 'મહારાજ ! આસો સુદ બારસનું મુહૂર્ત સારું છે.'

મહારાજે આ મુહૂર્ત માન્ય રાખ્યું. ગામોગામ કંકોત્રીઓ લખાવી સાધુઓ અને હરિભક્તોને તેડાવ્યા. ઉમરેઠના વેદિયા વિપ્રોને તેડાવ્યા.

ગોપીનાથજીની મૂર્તિને પોતાના સ્વરૂપ તરીકે ઓળખાવીને મહારાજે દાદાખાચરને કહ્યું: 'આ મૂર્તિમાં હું રહ્યો છું, આ મૂર્તિમાં રહીને હું તમારી બધી સેવા અંગીકાર કરીશ.' એમ કહી મૂર્તિને બાથમાં લઈને ભેટ્યા તથા મૂર્તિને માથે પોતાના બંને હાથ મૂક્યા.

સંવત ૧૮૮૫ના આસો સુદ બારસે ધામધૂમથી ગોપીનાથ મહારાજ અને રાધિકાજીની મૂર્તિઓ પધરાવી. બાજુમાં વાસુદેવ નારાયણની મૂર્તિ પધરાવી. આથમણા દેરામાં ધર્મ-ભક્તિની મૂર્તિ પધરાવી. ઉગમણા દેરામાં સૂર્યનારાયણ તથા કૃષ્ણ, બળદેવ અને રેવતીજી પધરાવ્યાં.

આજે દાદાખાચરનો મનોરથ પૂરો થયો.

## ભાવનગરમાં પધરામણી

વરતાલમાં ફૂલદોલનો ઉત્સવ કરી, વિચરણ કરતાં કારિયાણી, રોહિશાળા, વરતેજમાં હરિભક્તોને સુખ આપીને મહારાજ ભાવનગર પધાર્યા. ભાવનગર

શહેરના હરિભક્તોએ મહારાજનું ધામધૂમથી સામૈયું કર્યું. મહારાજની ઘેર ઘેર પધરામણી થઈ.

સાંજે સભા થઈ ત્યારે મહારાજ પાસે સુરતના આત્મારામ દરજી આવ્યા. તેણે ઘણી ચીવટ અને હેતથી બનાવેલી એક સુંદર ડગલી મહારાજને ભેટ ધરી. સુંદર બુટ્ટા, ભરત-ગૂંથણથી સુશોભિત એ ડગલી હતી. મહારાજે પણ ડગલી જોઈને ખૂબ વખાણી. સૌ હરિભક્તો, સભાજનો એ ડગલી જોઈ ચકિત થઈ ગયા.

જોતજોતાંમાં વાત શહેરમાં ફેલાઈ ગઈ. ભાવનગરના રાજા વજેસિંહને કાને ડગલીની વાત પહોંચી. તેમણે હરિભક્ત દ્વારા એ ડગલી જોવા મંગાવી. તેમણે પોતાના રાજના દરજીઓને દેખાડીને કહ્યું: 'તમે આવી ડગલી મારે માટે બનાવો તો સો સોનામહોરો આપું.'

પણ બધા દરજીઓએ કહ્યું: 'આવું સુંદર જરી અને ભરતકામ અમારાથી થાય નહીં.'

એટલે મહારાજા વજેસિંહે પસાયતાને મોકલીને આત્મારામ દરજીને પોતાની સભામાં બોલાવ્યા. તેમણે આત્મારામને કહ્યું: 'આવી સુંદર ડગલી મને બનાવી આપો. હું તમને મોં માગ્યું ઇનામ આપીશ.'

આત્મારામે ઉત્તર આપ્યો: 'મહારાજા સાહેબ! ઘણા દિવસોના પ્રયત્નથી આ ડગલી બની છે. આમાં મેં હેતના ટેભા લીધા છે. અક્ષરધામ રૂપી સર્વશ્રેષ્ઠ ઇનામ મને મળી ગયું છે. આ તો શ્રીજીમહારાજની પ્રેરણાથી અને તેમને માટેના અનહદ પ્રેમથી બની છે. એવી ડગલી બીજી હવે થાય નહીં.'

મહારાજા વજેસિંહજી મર્મ સમજી ગયા. તેમણે નિરાશ થઈને ડગલી હરિભક્ત સાથે પાછી મહારાજ પર મોકલી દીધી.

બીજા દિવસે મહારાજા વજેસિંહજીએ પોતાના મહેલમાં શ્રીજીમહારાજની પધરામણી કરાવી. વજેસિંહજીએ મહારાજનું પૂજન કર્યું. હારતોરા પહેરાવ્યા.

પછી મહારાજે તેમને કહ્યું: 'ભાવનગર રાજ્યના તાબાના ગઢડામાં અમે મંદિર કરી, ગોપીનાથ દેવ સ્થાપ્યા છે, તેમાં અને ભવિષ્યમાં જે જે ગામમાં મંદિર થાય તેમાં કોઈ વિઘ્ન ન કરે અને રાજ્ય તરફથી સહકાર મળે તેવી વ્યવસ્થા કરી આપો.'

મહારાજા વજેસિંહ વિવેકી હતા. તેમણે કહ્યું: 'મહારાજ! આપના

પ્રતાપે તો હું રાજ ભોગવું છું. આપના પ્રતાપે મારું રાજ સમૃદ્ધ છે. આપ અમારા તાબાનાં ગામોમાં મંદિરો કરો તેથી રાજની શોભા અને સંપત્તિ વધે છે. માટે હું આપને હુકમનામું લખી આપું છું.'

તેમણે તરત જ કારભારીને બોલાવી હુકમનામું લખી આપ્યું: 'ભગવાન સ્વામિનારાયણ આપણા રાજ્યમાં જ્યાં જ્યાં મંદિરો કરે, ત્યાં કોઈએ કાંઈ હરકત ન કરવી. વિઘ્ન ઊભું ન કરવું. સૌ પ્રજાજનોએ સહકાર આપવો. અમારું રાજ્ય પણ બનતી બધી જ મદદ કરશે.'

આવો હુકમ લખીને, સહીસિક્કા કરીને મહારાજનાં ચરણોમાં મૂક્યો.

મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. વજેસિંહજી મહારાજને દરવાજા સુધી વળાવવા આવ્યા. મહારાજ ત્યાંથી ગઢડે જવા નીસર્યા.

## ગુણગ્રાહક થવું

ગઢડામાં મહારાજ સંતોને બપોરે પીરસતા હતા. સાધુ અને હરિભક્તોને જુદાં જુદાં પકવાન, ફરસાણ અને શાકભાજી પીરસ્યાં. 'જય' બોલાવીને સૌ જમવાની તૈયારીમાં જ હતા; ત્યાં એક સંત ગામડે ફરીને આવ્યા. મહારાજે બધું પીરસી દીધું હતું. હવે શું કરવું ?

મહારાજે તે સંતને કહ્યું: 'તમે પત્તર લઈ પંગતમાં ફરી, સૌની પાસેથી થોડું થોડું ભિક્ષારૂપે માગી લો.'

પરમહંસ સૌની પાસેથી પત્તર લઈને નીકળ્યા. સૌએ પોતાના પત્તરમાંથી સારામાં સારી ચીજ થોડી થોડી આપી. સંતનું પત્તર પકવાનથી ભરાઈ ગયું. મહારાજે બે પંગત વચ્ચે ઊભા રહી, સંતનું પત્તર હાથમાં લઈ વાત કરી: 'જુઓ, સૌની પાસે નમીને ગ્રહણ કર્યું તો આખું પત્તર સારાં સારાં પકવાનથી ભરાઈ ગયું. તેમ તમે સૌ નિર્માની થઈને, સૌમાંથી એક એક પણ સારો ગુણ ગ્રહણ કરો, તો જીવન આખું સદ્‌ગુણોથી ભરાઈ જાય.'

શ્રાવણી પૂનમે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાવતાં મહારાજે શુકમુનિને કહેલું: 'આ ગુણાતીતાનંદની મોટાઈ કાંઈ આસને કરીને નથી. તેમની મોટાઈ તો અનાદિની છે. તેઓ અમારે રહેવાનું ધામ છે. અમારી મૂર્તિને અખંડ ત્રણે અવસ્થામાં તેમણે ધારી રાખી છે.' એમ ઘણો મહિમા કહ્યો.

## [૨૮] પોતાની છાપ કરાવી

મહારાજે ચાતુર્માસ ગઢડામાં રહીને કર્યો. અન્નકૂટનો ઉત્સવ કરીને મહારાજ સારંગપુર ચાલ્યા. ત્યાં રાત રહી, મહારાજ સુંદરિયાણા અને ધંધૂકા થઈ ખસતા પધાર્યા. ત્યાં નદીને તીરે રાત રહ્યા. નીરવ રાત્રી હતી. મધરાતે બિલ્લી પગે વાઘ આવ્યો. ઉતારાથી લગભગ વીસેક ડગલાં દૂર હશે ત્યાં તેણે ત્રાડ નાખી. ભગુજીએ બંદૂક ઊંચી કરી, પણ ત્યાં તો મહારાજે પથારીમાં બેઠા થઈ વાઘની સામે હાકોટો કર્યો. બ્રહ્માંડ ભેદાઈ જાય તેવો નાદ થયો. વાઘના ગાત્ર ગળી ગયાં. વાઘ ડરીને ઊભી પૂંછડીએ પાછો ભાગ્યો.

બીજે દિવસે કમિયાળા, વરસડ અને સીંજીવાડા થઈને મહારાજ વરતાલ પધાર્યા. અહીં મહારાજે છેલ્લો પ્રબોધિની એકાદશીનો સમૈયો કર્યો.

બીજે દિવસે સભામાં જૂનાગઢના નારાયણજી સુતારને મહારાજે કહ્યું : 'મૂર્તિમાં મન ચોંટી ગયું છે ને ! અમારા સ્વરૂપની એવી સુંદર છાપ બનાવો કે સૌ સંતો અને હરિભક્તોને સહેજે સહેજે મૂર્તિ ઈદં સાંભરે અને પ્રેમથી પૂજે.'

નારાયણજી સુતારે કહ્યું : 'ભલે મહારાજ ! આપની દયાથી એ કામ થશે. ધાતુના બીબામાં કોતરીને છાપ તૈયાર કરીને રામનવમી ઉપર ગઢડે લઈ આવીશ.'

આ સાંભળી મહારાજ બહુ રાજી થયા, પણ તે વખતે કોઈને આ ભવિષ્યવાણીનો મર્મ સમજાયો નહીં.

## ગવર્નર માલ્કમ સાથે મુલાકાત

સંવત ૧૮૮૬ના પોષ સુદ બીજથી મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો. દરેક વસ્તુમાંથી વૃત્તિ પાછી ખેંચી લીધી. મહારાજે ઉદાસી ગ્રહણ કરી. ખાવા-પીવાનું ઓછું કરી નાખ્યું, શરીર સુકાતું ચાલ્યું. હરિભક્તોના મનમાં ચિંતા પેઠી. મહારાજ ગઢડાથી ક્યાંય જતા નહીં. અક્ષર ઓરડીમાં આરામ કરતા. ત્રીસ સાધુ દિવસના અને ત્રીસ સાધુ રાતના ઊભે પગે મહારાજની સેવામાં રહેતા. ઉપરાંત ભગુજી, મૂળજી, સુરાખાચર વગેરે કેટલાય હરિભક્તો સેવામાં ખડે પગે રહેતા.

---

આ પ્રકરણમાં આ.સં. ૧૮૮૬ની સાલના પ્રસંગો છે.

તે વખતે ભારતમાં ઇંગ્લેન્ડની ઈસ્ટ ઇન્ડિયા કંપનીના મુંબઈના ગવર્નર તરીકે સર જહૉન માલ્કમ હતા. ગવર્નર જહૉન માલ્કમ કાઠિયાવાડમાં આવવાના હતા. તેને બિશપ હેબર અને અંગ્રેજ અમલદારો દ્વારા મહારાજનો મહિમા જાણવા મળ્યો. તેને મહારાજે કરેલ ધર્મ-સુધારણા અને સમાજ-સુધારણાનાં કાર્યોની ઝાંખી થઈ. તેણે મહારાજને મળવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

મહા મહિનો હતો. ગવર્નરના સેક્રેટરીએ મહારાજ પર પત્ર લખી જણાવ્યું કે નામદાર ગવર્નર સર જહૉન માલ્કમ આપને મળવા આતુર છે.

મહારાજની તબિયત નાદુરસ્ત હતી. તેથી મહા વદ તેરસે પત્રનો ઉત્તર લખી મોકલ્યો કે હાલ તુરત મળવાનું શક્ય નથી.

ગવર્નરના સેક્રેટરી થોમસ વિલિયમ્સને મહારાજના પત્રનો જવાબ આપ્યો અને મહારાજની તબિયત સારી થઈ જાય તેવી આશા વ્યક્ત કરી.

ફાગણ મહિનો બેઠો. કાઠિયાવાડના કામચલાઉ પોલિટિકલ એજંટ બ્લેન સાહેબે મહા વદ ૧૪ના દિવસે મહારાજને નિમંત્રણ આપતો પત્ર લખ્યો. તેમાં તેમણે લખ્યું કે –

'ગવર્નર સાહેબ તેમના કાફલા સાથે કાઠિયાવાડમાં આવ્યા છે. તેમની ઇચ્છા છે કે આપને રાજકોટમાં મળી શકાય તો અવશ્ય મળવું. આપનાથી આવી શકાશે કે કેમ તે કૃપા કરી જણાવશો.'

મહારાજે ગવર્નર સાહેબ અને બ્લેન સાહેબનો ભાવ જોઈ મંદવાડ બાજુએ મૂકી દીધો. યોગશક્તિ ધારણ કરી મહારાજ સાજા થયા. મહારાજે પત્ર લાવનાર ખેપિયાને હા પાડી.

ફાગણ સુદ બીજને દિવસે મહારાજ મેનામાં બેસી, ગઢડેથી સંતો તથા હરિભક્તોનો સંઘ લઈને રાજકોટ જવા નીકળ્યા.

સંવત ૧૮૮૬ના ફાગણ સુદ પાંચમે (તા. ૨૭ ફેબ્રુઆરી, ૧૮૩૦) સવારે દીવાન રોડ પર પોલિટિકલ એજન્ટના બંગલે, રાજકોટમાં શ્રીજીમહારાજ અને ગવર્નર જહૉન માલ્કમની મુલાકાત થઈ. ધર્મસત્તા અને રાજસત્તાનું મિલન થયું. ગવર્નર માલ્કમ સાહેબ, તેમના સેક્રેટરી થોમસ વિલિયમ્સન, પોલિટિકલ એજન્ટ બ્લેન સાહેબ અને બીજા ત્રણ અમલદારો શ્રીજીમહારાજને મળ્યા. મહારાજની સાથે મુકુંદ બ્રહ્મચારી, શુકાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, સુરાખાચર, સોમલોખાચર, દાદાખાચર, લાધા ઠક્કર, હીરજી ઠક્કર, દેવાભક્ત

અને ભીમભાઈ હતા.

ગવર્નર તરફથી લશ્કરી દળોએ અને સિપાહીઓએ મહારાજનું બંદૂકના ભડાકા કરીને, બૅન્ડવાજાં વગાડી સ્વાગત કર્યું. મહારાજ બંગલામાં પધાર્યા એટલે ગવર્નરે આગળ જઈ, મહારાજના હાથમાં હાથ મિલાવી અભિવાદન કર્યું. પછી હાથ જોડ્યા અને દીવાનખંડમાં લઈ ગયા. મહારાજને હારતોરા પહેરાવ્યા, અત્તર છાંટ્યું અને શાલ-દુશાલ ઓઢાડ્યાં. મહારાજને ખુરશી પર બેસાર્યા. પછી ગવર્નર સાહેબે મહારાજને સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો વિશે પૂછ્યું. મહારાજે તેમને ઘણો ઉપદેશ કર્યો.

પછી ગવર્નરે પૂછ્યું: 'અમારા રાજ્યમાં ધર્મપ્રચારના કાર્યમાં આપને રાજ તરફથી કાંઈ તકલીફ તો પડતી નથી ને?'

મહારાજે કહ્યું: 'ના, અમારે ખાસ કંઈ તકલીફ પડતી નથી. તમો ધર્મ, ગાય તથા બ્રાહ્મણોનું રક્ષણ કરજો, તો તમારું રાજ ઘણા કાળ સુધી રહેશે.'

ત્યારબાદ શિક્ષાપત્રીના નિયમો અંગે વાત કરીને સતીપ્રથા વિશે કહેતાં મહારાજે કહ્યું: 'સતી થવું એ આત્મહત્યા કરવા જેવું છે. અમારો તો મત છે કે તીર્થના માહાત્મ્યે કે પતિના માહાત્મ્યે કરીને પણ આત્મઘાત તો ક્યારેય કરવો નહીં. ધણી મરી જાય તો પરમેશ્વરને પતિભાવે સેવવા, પણ આત્મઘાત



તો કોઈ રીતે કરવો નહીં. અને બાળહત્યા તો કરાય જ નહીં.’

છેવટે ગવર્નર સાહેબે ધર્મના સિદ્ધાંતનું પુસ્તક માગ્યું અને કહ્યું: ‘અમારું અને અમારા શત્રુનું સારું કરજો.’

મહારાજે રાજી થઈને તેમને આશીર્વાદ આપ્યા અને ‘શિક્ષાપત્રી’નું પુસ્તક ભેટ આપ્યું.

લગભગ બે કલાકની મુલાકાત પછી તેઓ છૂટા પડ્યા. ગવર્નરે અને અમલદારોએ માથેથી ટોપી ઉતારી, વાંકા વળીને મહારાજને નમસ્કાર કર્યા. બંગલાના દરવાજા સુધી ગવર્નર સાહેબ સૌ અમલદારની સાથે મહારાજને વિદાય આપવા આવ્યા. મહારાજ ઉતારે પધાર્યા.

બપોરનું ભોજન લઈને રાજકોટથી ગઢડા પાછા જવા ચાલી નીકળ્યા. ગઢડા જઈ પાંચ-સાત દિવસ પછી મહારાજે ફરીથી મંદવાડ ગ્રહણ કરી લીધો.

## છેલ્લો મંદવાડ

ફાગણ સુદ પૂનમ ગઈ. મહારાજ વરતાલ હુતાશનીના સમૈયા પર ગયા નહીં. હરિભક્તોને મહારાજ વગર સમૈયામાં આનંદ આવ્યો નહીં. સંતો તથા હરિભક્તો સમૈયા પછી વીખરાઈ જવાને બદલે ગઢડે મહારાજને દર્શને ગયા.

મહારાજે સૌને બોલાવ્યા. મુકુંદાનંદ વર્ણીને મોકલીને રામપ્રતાપભાઈ, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવ્યા. અખંડાનંદ, વાસુદેવાનંદ, વૈષ્ણવાનંદ વગેરે બ્રહ્મચારીઓને બોલાવ્યા. ભગુજી, મૂળજી, રતનજી, મિયાંજી વગેરે પાર્ષદોને બોલાવ્યા. દાદાખાચર, સુરાખાચર, સોમલાખાચર, જીવાખાચર વગેરે રાજાઓને બોલાવ્યા. દીનાનાથ ભટ્ટ, મયારામ ભટ્ટ, બેચર ભટ્ટ, તુલસી દવે, પ્રાગજી દવે વગેરે બ્રાહ્મણોને બોલાવ્યા. લાધા ઠક્કર, હીરજી ઠક્કર, પૂંજા શેઠ, ઠક્કરજી, લવજી શેઠ, ભગા શેઠ, મૂળજી શેઠ વગેરે શેઠિયાઓને બોલાવ્યા. જીવુબા, લાડુબા, રાજબા વગેરે બાઈભક્તોને બોલાવ્યાં. સમગ્ર સભા ભરાઈને બેઠી.

મહારાજે કહ્યું: ‘તમે સૌ મને સાક્ષાત્ પરમેશ્વર તરીકે જાણો છો. મને રાજી કરવા ઇચ્છો છો, આજે મારી વાત સાંભળો. મારી પોતાની ઇચ્છાથી મેં

આ પૃથ્વી પર દેહ ધર્યો. મારે કરવાનાં બધાં કામ કરી લીધાં છે. મંદિર, શાસ્ત્ર, સંત વગેરે કરીને શુદ્ધ સંપ્રદાય પણ સ્થાપી દીધો છે. મારું કાર્ય હવે પૂરું થયું. મને અહીં ક્યાંય ગમતું નથી. હવે મારી ઇચ્છા અંતર્ધાન થઈ સ્વધામ પધારવાની છે. આ મૃત્યુલોક છે, નાશવંત દેહ છે, માટે હું હવે અક્ષરધામમાં જઈશ.'

આ શબ્દો સાંભળતાં જ સૌને માથે જાણે વીજળી પડી હોય તેવું દુઃખ થયું. કેટલાંયનાં શરીર ધ્રૂજવાં લાગ્યાં. કેટલાંકને તો આ શબ્દો સાંભળી મૂર્છા આવી ગઈ. બીજાં સૌ ધ્રુસકે ધ્રુસકે, ચોધાર આંસુએ રોવાં લાગ્યાં.

મહારાજે સૌ પર કરુણાદૃષ્ટિ કરી. અંતરમાં પ્રેરણા કરી ધીરજ આપી. મધુર હાસ્ય કરી સૌને વશ કરી લીધા. સૌને ધીરજના શબ્દો કહી સાંત્વન આપ્યું, પણ મનમાં તો ધામમાં જવાનું નક્કી જ કરી લીધું હતું.

## પ્રતિજ્ઞા લેવરાવી

મહારાજે હવે ધામમાં જવાનો સંકલ્પ દૃઢ કરી લીધો હતો. તે કાંઈ ખાય-પીએ નહીં. કોઈક વાર બાજરાની રાબ અથવા ખીચડી કે રોટલો ગ્રહણ કરે. વનમાંથી આવ્યા તે વખતે હતું તેવું શરીર સુકાઈ ગયું હતું.

ભાયાત્માનંદ સ્વામી મહારાજ પાસે આવ્યા. ભાયાત્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું : 'આ મરવાનો શો ઢોંગ કર્યો છે ? ખાઈ-પીને આનંદ કરો, અને અમને આનંદ આપો. જો તમો ધામમાં જશો, તો અમે તમારી પછવાડે મરીશું. જેમ થોડાં વર્ષો પહેલાં પીતાંબર નામના એક બ્રાહ્મણ ગુરુએ દેહ મૂક્યો ત્યારે તેના સત્તાવીશ શિષ્યો તેમની પાછળ ચિતા પર ચડીને બળી મૂઆ હતા. તેવી રીતે અમે મરીશું. તમારી પાછળ લોહીની નદિયું ચાલશે. માટે ધામમાં જવાનો સંકલ્પ મૂકી દ્યો.'

ત્યારે મહારાજે કહ્યું : 'જો હું સર્વોપરી ભગવાન હોઈશ તો કોઈની નસકોરી ફૂટવા નહીં દઉં. આયુષ્ય આવી રહ્યું હશે તે પણ આવરદા વધારીને જિવાડીશ.'

મહારાજે થોડી વાર અટકીને કહ્યું : 'મારી પછવાડે કોઈએ મરવું નહીં. ઝેર ખાઈને, ગળે ટૂંપો ખાઈને કે કોઈ પણ પ્રકારે આત્મઘાત ન કરવો. જે આત્મઘાત કરશે તે મારું ધામ નહીં પામે અને ગુરુદ્રોહી અને વચનદ્રોહી કહેવાશે. જેણે જેણે મરવાનો સંકલ્પ કર્યો હોય તે સૌ મારા પગ પકડીને પ્રતિજ્ઞા

લો કે અમે તમારી પછવાડે મરીશું નહીં.' આમ કહી બધા સંત-હરિભક્તોને પોતાના પગે હાથ લગાડી પ્રતિજ્ઞા લેવરાવી.

એક દિવસ સાંજે ગઢડા મંદિરમાં સુખશૈય્યામાં આવીને મહારાજ બિરાજ્યા. મોટેરા સંતો તથા હરિભક્તોને બોલાવીને પાસે બેસાર્યા. સૌ સંતો તથા હરિભક્તોને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનો આદેશ આપ્યો. સમગ્ર સત્સંગની ખબર રાખવાની તેમને આજ્ઞા કરી. સૌને વર્ષોવર્ષ એક માસ જૂનાગઢ રહી, ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાની પણ ખાસ આજ્ઞા કરી.

પછી મહારાજે કહ્યું: 'અમે બાંધેલ મંદિરોમાં ધર્મ, ભક્તિ અને હરિકૃષ્ણની (અમારી) મૂર્તિઓ પધરાવજો. સુરત, ધોળકા, ખંભાત, મૂળી વગેરે શહેરોમાં મંદિર બાંધી, પધરાવવા માટે અમે મૂર્તિઓ આપી છે. તો ત્યાં સારાં મંદિરો બાંધી મૂર્તિઓ પધરાવજો. મંદિરો બાંધવાના કામમાં નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી, તમો મદદ કરજો. સૌ સાધુઓ અને હરિભક્તો સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો.' એમ આજ્ઞા કરી મહારાજ અક્ષર ઓરડીએ આવી પોઢી ગયા.

મહારાજનો મંદવાડ વધતો જતો હતો. દેહની સ્થિતિ કથળતી હતી. યોગઐશ્વર્યથી જ ક્રિયા કરતા હતા.

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને બોલાવીને કહ્યું: 'તમો જૂનાગઢ જાઓ, ભાદરાવાળા નિર્ગુણાનંદને અહીં મોકલો.'

બ્રહ્માનંદ સ્વામી સંકેત સમજી ગયા, પણ મહારાજની આજ્ઞા એટલે શું થાય ? ગયા વિના છૂટકો નહોતો. જોડના સાધુઓને લઈને નીકળ્યા. તેમણે ભારે હૈયે સાધુઓને કહ્યું: 'મહારાજનાં ધરાઈને દર્શન કરી લ્યો. ફરી નહીં થાય.'

સાધુઓએ દર્શન કરી લીધાં. તેઓ થોડે દૂર ગયા ત્યાં હરણિયાં આડાં ઊતર્યાં. અપશુકન થયાં ! હૈયું હાથ ન રહ્યું. તેમણે કહ્યું: 'મહારાજ નક્કી દેહ મૂકી દેશે. મારા પગ પાછા પડે છે. જેને ફરી દર્શન કરવાં હોય તે કરી આવો. મારે તો આજ્ઞા છે તે જઈશ. જેને રોકાવું હોય તે રોકાઈ પણ જજો.'

જોડના કેટલાક સાધુઓ ફરીથી દર્શન કરી પાછા આવ્યા. બ્રહ્માનંદ સ્વામી ખિન્ન હૃદયે આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં ચોથને દિવસે સવારે બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ પહોંચ્યા.

## 'અમારે સાજા થાવું છે!'

આ બાજુ બ્રહ્માનંદ સ્વામી વગર સૂનું સૂનું લાગતું હતું. બ્રહ્માનંદ સ્વામી રમૂજ કરી મહારાજને હસાવતા. પરાણે થોડું ઘણું અન્ન જમાડતા, પણ હવે કોણ કરે? મહારાજ તો બીજે દિવસે સવારે ઊઠ્યા નહીં, માથે સુધી ચોફાળ ઓઢીને સૂઈ રહ્યા. વળી, મહારાજે આગલે દિવસે વાળું પણ કરેલું નહીં. તેથી નિત્યાનંદ સ્વામી સવારે હાથમાં રૂપાના વાડકામાં બાજરાની રાબ લઈ ઉઠાડવા ગયા. ત્રણ-ચાર સાદ પાડીને મહારાજને ઉઠાડ્યા. મહારાજ તો માથે સુધી ઓઢીને સીધા સૂઈ જ રહ્યા. ન હાલે કે ન ચાલે.

આથી, નિત્યાનંદ સ્વામીએ વાડકાનો કર્યો ઘા ને ધબ દેતા ભોંય પર પડી રોવા લાગ્યા. મહારાજ ચોફાળ ફેંકી દઈ બેઠા થયા અને બોલ્યા: 'તમે બધા શીદ રોવો છો? કોઈ મરી ગયું છે?'

નિત્યાનંદ કહે: 'દુઃખ તો થાય જ ને! તમે ખાઓ-પીઓ નહીં ને ઉદાસી બતાવો એટલે.'

મહારાજે કરુણા કરી કહ્યું: 'જાઓ, ઊનાં પાણી કરો, અમારે નાવાં છે. થાળ કરાવો, અમે જમીશું. આજ અમારે સાજા થવું છે.'

પછી મહારાજ ઊને પાણીએ નાહ્યા. શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં. મુખ પર પ્રસન્નતા બતાવી. બ્રહ્મચારી થાળ લાવ્યા તે જમ્યા. સાંજે સભામાં પધાર્યા. નગારાં-ઝાલર વગડાવ્યાં. દાદાખાચરે સૌને સાકર વહેંચી ધામધૂમ કરી. સૌનાં ચિત્તમાં પ્રફુલ્લિતતા આવી ગઈ.

પણ! પણ રાત પડી અને મહારાજે ફરીથી મંદવાડ ગ્રહણ કર્યો. ઉદાસી ગ્રહણ કરી અંતર્વૃત્તિ કરી ગયા. સૌના મનમાં ફરીથી ઉચાટ વ્યાપી ગયો.

## કાકાભાઈને દર્શન

મહારાજના દેહમાં તાવ અને માંદગી વધવા લાગી. હરિભક્તો સૌ ઊંડા ઊતરી ગયા. ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, રાજસ્થાન, ખાનદેશ વગેરે ઠેકાણેથી હરિભક્તો મહારાજની ખબર કાઢવા આવવા લાગ્યા.

આ બાજુ, ગામ રોજકામાં કાકાભાઈ વૃદ્ધ થયા હતા. તેઓ પણ માંદા પડ્યા. માંદગીમાં તેમની પરિસ્થિતિ ગંભીર હતી. કાકાભાઈને લાગ્યું કે હવે

દેહ રહેશે નહીં. તેથી તેમણે એક સારી ઘોડી અને રૂપાની તાંસળી પોતાના નોકર સાથે ગઢડે મહારાજ પર ભેટ મોકલી. સાથે મોકલ્યો એક પત્ર. પત્રમાં લખ્યું હતું: 'હે જીવનપ્રાણ! હે ભક્તવત્સલ ભગવાન! આપનાથી બની શકે તો મને હવે છેલ્લાં દર્શન આપો. આપનાથી ન આવી શકાય તેમ હોય તો અંતકાળે તેડવા આવજો. સેવકને દૃષ્ટિમાં રાખજો.'

પત્ર લઈને નોકર ગઢડે ગયો. કાકાભાઈના વતી દંડવત્ પ્રણામ કરી, તેણે રૂપાની તાંસળી અને ઘોડી મહારાજને અર્પણ કરી અને પત્ર મહારાજનાં ચરણમાં મૂક્યો. મહારાજે પત્ર વંચાવ્યો.

મહારાજે જાણ્યું કે 'કાકાભાઈનો બહુ ભાવ છે. તેમને બહુ તાણ છે. વળી, થોડા દિવસ મંદવાડ કોરે મૂકીને રોજકે જઈશું તો સૌની ઉદાસીનતા ઓછી થશે.'

આમ વિચારી મહારાજે કહ્યું: 'હવે અમે સાજા છીએ, અમારે રોજકે જવું છે.'

પછી ગઢપુરથી મેનો તૈયાર કરાવી, મેનામાં બેસી, સંત તથા હરિભક્તો સાથે મહારાજ રોજકે પધાર્યા. કાકાભાઈને દર્શન દીધાં. કાકાભાઈની આંખોમાં હર્ષનાં આંસુ આવ્યાં. મહારાજ બે દિવસ રોજકે રહ્યા. કાકાભાઈનાં કુટુંબી-જનોએ મહારાજને સારી રીતે રાખ્યા.

મહારાજે કહ્યું: 'હવે અમે ગઢપુર પાછા જઈએ છીએ.'

તેથી કાકાભાઈએ કહ્યું: 'મહારાજ! આ હાડ-ચામનો દેહ હવે નરકના કુંડ જેવો લાગે છે. તેમાંથી છોડાવી, મને આપના ધામમાં લઈ જાઓ.'

મહારાજ કહે: 'હવે ચિંતા કરશો નહીં. થોડા દિવસોમાં અક્ષરધામની પ્રાપ્તિ થશે.'

મહારાજે કાકાભાઈને આશીર્વાદ આપ્યા. કાકાભાઈએ પોતાનાં ઘરવાળાંના હાથનાં રૂપાનાં કડલાં મહારાજને આપ્યાં ને કહ્યું: 'આમાંથી દ્રવ્ય મેળવીને સૌ સંતો તથા પાર્ષદોને રસોઈ કરાવી જમાડજો.'

મહારાજ ગઢપુર પાછા જવા નીકળ્યા. મહારાજને હરતાં-ફરતાં જોઈ હરિભક્તો રાજી થયા.

કાકાભાઈ ધામમાં સિધાવ્યા. મહારાજે ગઢપુર આવી ફરી મંદવાડ ગ્રહણ કર્યો.

## 'મીઠા વ્હાલા કેમ વિસરું ?'

જેઠ સુદ ચોથનો દિવસ હતો. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ મંદિરમાં પ્રદક્ષિણા ફરતા હતા. ત્યાં શિખરનો એક ભાગ તૂટીને પગ પાસે પડ્યો. અપશુકન થયાં ! તેમને મનમાં 'અમંગળ થશે' તેની ખાતરી થઈ.

ત્યાં તો ભારે હૃદયે બ્રહ્માનંદ સ્વામી મંદિરમાં પ્રવેશ્યા. તેમણે ગુણાતીતાનંદ સ્વામીને મહારાજના સર્વ સમાચાર કહ્યા અને કહ્યું : 'આપ હમણાં જ ગઢડે જાઓ, મહારાજે આપને બોલાવ્યા છે. મહારાજ આપની રાહ જુએ છે.'

તરત જ સભામંડપની ખીંટીએથી ઝોળી લઈ, જોડિયા સાધુ સાથે ગુણાતીતાનંદ સ્વામી ચાલી નીકળ્યા. પવનવેગે ચાલવા માંડ્યું. એક દિવસમાં ચાલીસ ગાઉ ચાલ્યા. એમ ચાલતાં ચાલતાં જેઠ સુદ છઠની સવારે ગઢડે પહોંચી ગયા.

ગુણાતીતાનંદ સ્વામી સીધા જ અક્ષર ઓરડીએ ગયા. સુરાખાચરે અંદર જઈ મહારાજને ખબર આપ્યા કે 'ગુણાતીતાનંદ સ્વામી આવ્યા છે.'



આ સાંભળી મહારાજ તરત જ ઢોલિયા પર બેઠા થઈ ગયા અને બોલ્યા: 'સ્વામી આવ્યા? તેમને અહીં બોલાવો.'

સુરાખાચરે ગુણાતીતાનંદ સ્વામીને અંદર મોકલ્યા. સ્વામી દંડવત્ કરી મહારાજને પગે લાગ્યા. મહારાજ તેમને બેઠાં બેઠાં ભેટ્યા. પછી સ્વામી મહારાજના ઈશારાથી પગ આગળ પલંગની પાંગતે બેસી ગયા. મહારાજ સ્વામી સામું પ્રેમદૃષ્ટિથી જોઈ રહ્યા. પછી થોડી વારે બોલ્યા:

*'મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો,*
*તરસ્યાને જેમ પાણીડું વહાલું, ભૂખ્યાને ભોજન હો.'*

પછી મહારાજ આરામ કરે એ વિચારે સ્વામીએ રજા લીધી. મહારાજ માથે સુધી ઓઢીને પોઢી ગયા. હવે મહારાજ રોજ શિરા-પૂરીના થાળમાંથી થોડું જમતા અને બાકીનું ગુણાતીત સ્વામીને આપી દેતા. સૌને થોડી શાંતિ વળી.

## સ્વધામગમન

સંવત ૧૮૮૬ના જેઠ સુદ દશમને બુધવારનો દિવસ ઊગ્યો. મહારાજ ઊઠ્યા, મુકુંદવર્ણીએ સ્નાન કરાવ્યું, પછી સૌના આગ્રહથી મહારાજ થોડું જમ્યા. અક્ષર ઓરડીની બહાર આવી સૌને દર્શન દીધાં. ગાયો, સોનામહોરોનાં દાન દીધાં. પછી મહારાજ પાછા અક્ષર ઓરડીમાં આરામ કરવા ગયા. મહારાજે પહેલાં ગોપાળાનંદ સ્વામીને બોલાવ્યા. પોતાની આ લોકમાંથી પાછા જવાની મરજી જણાવી.

પછી ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા, તેમની સાથે પણ એકાંત કરીને પછી કહ્યું: 'સ્વામી! અમારે હવે આ લોકમાં રહેવા વિચાર નથી, પરંતુ તમો અમારા સ્વરૂપનો પૂરેપૂરો મહિમા ફેલાવજો. અવતારીનો ભેદ સૌને સમજાવજો. સૌ સત્સંગીઓને સુખ આપજો અને અલૌકિક આનંદ કરાવજો. સોરઠ દેશના હરિભક્તોને અમારી મૂર્તિનું સુખ મળ્યું નથી. તે હવે તમ દ્વારા આપીશું.' આટલું કહી મહારાજ અંતર્વૃત્તિ કરી ગયા. આરામ કરવાની ઈચ્છા દર્શાવી.

મધ્યાહ્ન થયું. મહારાજે દર્ભનું આસન મંગાવ્યું. મુકુંદવર્ણી લઈ આવ્યા. તેના પર સ્વસ્તિક આસન વાળીને મહારાજ સ્વરૂપનું ધ્યાન કરવા બેઠા. અંતર્વૃતિ કરી સ્વતંત્ર થકા દેહનો એકાએક ત્યાગ કરી ગયા. સૌ સંતો

તથા હરિભક્તોને મહારાજ ધામમાં ગયાના ખબર મળ્યા. જાણે વીજળી માથે પડી હોય તેમ સૌને લાગ્યું. બાઈ-ભાઈ-સંતો સૌ આક્રંદ કરવાં લાગ્યાં. કેમેય કોઈ શાંત રહે નહીં. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ સૌને ધીરજ આપી.

પછી સૌ સંતો તથા હરિભક્તોએ ઉન્મત્તગંગાના જળથી મહારાજને સ્નાન કરાવ્યું. ધોળું પીતાંબર, ધોળો વાઘો, ધોળું શેલું અને ધોળી પાઘો પહેરાવી, ઘરેણાં અને પુષ્પના હાર પહેરાવ્યાં. સૌએ આરતી ઉતારી. કેસર-ચંદનનું તિલક કરી, મધ્યે કુમકુમનો ચાંદલો કર્યો. પછી સુંદર વિમાનમાં મહારાજને પધરાવી, અબીલ, ગુલાલ, પુષ્પ, રૂપિયા નાણું વગેરે ઉડાડતાં ધૂન્ય-ભજન કરતાં મહારાજની પાલખી, લક્ષ્મીવાડીમાં હાલ જ્યાં મંદિર છે ત્યાં સૌ લઈ આવ્યા. ત્યાં જ સુખડનાં કાષ્ઠની ચિતા તૈયાર કરી, બ્રાહ્મણો આગળ શાસ્ત્રોક્તવિધિથી શ્રીફળ, ઘી, જવ, તલ આદિ હવન કરીને અગ્નિ-સંસ્કાર કર્યો.

## ‘હું તો તમારામાં અખંડ રહ્યો છું’

અગ્નિ જ્વાળાઓ ઊંચે ઊંચે જઈ રહી હતી. સૌનાં અંતરમાં ખાલીપણું વર્તાતું હતું. સૌ શૂન્યમનસ્ક થઈ ગયા હતા. દાદાખાચરને મનમાં થવા લાગ્યું: ‘હવે નિત્ય નવું સુખ કોણ આપશે?’ આ વિચાર આવતાં જ તેઓ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા. સૌએ સમજાવ્યા પણ છાના રહ્યા નહીં. પછી ગોપાળાનંદ સ્વામીએ ધીરજ આપતાં કહ્યું: ‘તમો ધીરજ નહીં રાખો તો કોઈને ધીરજ નહીં રહે. માટે તમે બેઠકે જાઓ. જ્યાં મહારાજ બેસતા, ત્યાં જઈ બેસો.’

દાદાખાચર બેઠકે ગયા પણ ત્યાં તો ચમત્કાર! તેમણે મહારાજને સભા કરીને બેઠેલા જોયા. ગળામાં ગુલાબનો હાર અને મહારાજ સભા મધ્યે વાતો કરે એવાં દર્શન થયાં. મહારાજે દાદાખાચરને ધીરજ દેતાં કહ્યું: ‘રુઓ છો શા માટે? હું દર્શન આપીશ.’ એમ કહી પોતાના કોટમાંથી ગુલાબનો હાર દાદાખાચરને આપ્યો.

વિધિ પૂરો થયો. સાંજ પડી. અંધકારના ઓળા ઊતરતા હતા. લક્ષ્મી-વાડીમાં ગુણાતીતાનંદ સ્વામી દિશાએ જઈને એક હાથમાં તુંબડી લઈ પાછા આવતા હતા. પાણીના ધોરિયા આગળ લીલી ધ્રો[૧૦] જોઈ તેમને વિચાર

૧૦. એક પ્રકારનું ઝીણું ઘાસ.

આવ્યો: 'આ ધ્રોનું જીવન જળ છે. તેથી તે લીલીછમ પ્રફુલ્લિત છે, પણ આપણું જીવન તો મહારાજ હતા તે તો હવે ગયા.' આટલા વિચારમાત્રથી તેમને મૂર્છા આવી. તેઓ બેભાન થઈ પડી ગયા. તુંબડી દૂર જઈ પડી.

તરત જ મહારાજ દિવ્ય સ્વરૂપે પધાર્યા. સ્વામીનો હાથ ઝાલી જાગ્રત કર્યા. સ્વામીને ઊભા કર્યા અને મહારાજ બોલ્યા: 'આ શું? હું ક્યાં ગયો છું? હું તો તમારામાં અખંડ રહ્યો છું.' એમ ત્રણ વખત કહ્યું અને પોતાના પ્રગટપણાનો મર્મ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

---

## શ્રીજીમહારાજનો પૃથ્વી પર નિવાસ

| | | વર્ષ | માસ | તિથિ |
|---|---|---|---|---|
| (૧) | આ.સં.* ૧૮૩૭, ચૈત્ર સુદ ૯ થી આ.સં. ૧૮૪૯ અષાઢ સુદ ૧૦, ધર્મ-ભક્તિને ઘેર છપૈયા, અયોધ્યામાં રહ્યા. | ૧૧ | ૩ | ૧ |
| (૨) | આ.સં. ૧૮૪૯, અષાઢ સુદ ૧૦ થી આ.સં. ૧૮૫૬, શ્રાવણ વદ ૬, તપશ્ચર્યા અને વનવિચરણ કર્યું. | ૭ | ૧ | ૧૧ |
| (૩) | આ.સં. ૧૮૫૬, શ્રાવણ વદ ૬ થી આ.સં. ૧૮૫૬ જેઠ વદ ૧૨, લોજમાં મુક્તાનંદ સ્વામી પાસે રહ્યા. | ૦ | ૧૦ | ૬ |
| (૪) | આ.સં. ૧૮૫૬, જેઠ વદ ૧૨ થી આ.સં. ૧૮૫૮, માગશર સુદ ૧૩, રામાનંદ સ્વામી પાસે રહ્યા. | ૧ | ૫ | ૧૬ |
| (૫) | આ.સં. ૧૮૫૮, માગશર સુદ ૧૩ થી આ.સં. ૧૮૮૬, જેઠ સુદ ૧૦, સત્સંગમાં વિચરી સંપ્રદાય સ્થાપ્યો. | ૨૮ | ૫ | ૨૭ |
| | આ પૃથ્વી પર કુલ રહ્યા. | ૪૯ | ૨ | ૧ |

---

* આ.સં. એટલે કે આષાઢી સંવતના નવા વર્ષનો પ્રારંભ દર અષાઢ મહિનાથી થાય છે.

# ગ્રંથસૂચિ

શ્રીજીના પ્રસાદીના પત્રો, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર, ભક્ત-ચિંતામણિ, શ્રીહરિચરિત્રચિંતામણિ, અક્ષરાનંદ સ્વામીની વાતો, ભાયાત્માનંદ સ્વામીની વાતો, શ્રીસ્વામિનારાયણ ચરિત્ર, સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઈતિહાસ, ભગવાન શ્રી સ્વામિનારાયણ (ભાગ ૧ થી ૫) હ. ત્રિ. દવે, ગુણાતીતાનંદ સ્વામીનું જીવનચરિત્ર - હ. ત્રિ. દવે, સ્વામી સહજાનંદ - કિ. ઘ. મશરૂવાળા, શ્રી સ્વામિનારાયણ - એમ. સી. પારેખ.